મસ્લકે આ'લા હઝરત ઝિંદાબાદ !

مَنْ يُّرِدِ اللّٰهُ بِهٖ خَيْرًا يُّفَقِّهْهُ فِى الدِّيْنِ

# بہارِ شریعت

# બહારે શરીઅત

## (ભાગ-૯)


:: ઉર્દૂમાં મૂળ લેખક ::

હઝરત અલ્લામા હકીમુલ ઉમ્મત, ફક઼ીહે આ'ઝમ, ફખ્રે સુન્નિય્યત **હઝરત મૌલાના શાહ અબુલ્ ઉલા અમજદઅલી** આ'ઝમી, ક઼ાદરી રઝવી رحمۃ اللہ علیہ

:: અનુવાદકો ::

હઝરત અલ્લામા સૈયદ અલ્હાજ પીર ક઼મરુદ્દીન એ. પીરઝાદા સાહબ (કારંટવી)

મર્હૂમ હાજી ડોસુભાઈ કે. પહોંચીયા, નક્શબંદી, મુજદ્દિદી (મોડાસ્વી)



**પ્રકાશક**

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ,
પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨,
૨૮૦૨૯૨ મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

**Email : anjuman2006@hotmail.com**

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡكَ یَا رَسُوۡلَ اللّٰہ ﷺ

وَعَلٰی آلِكَ وَاَصۡحَابِكَ یَا حَبِیۡبَ اللّٰہ ﷺ

સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન


કિતાબનું નામ : **બહારે શરીઅત**

(ભાગ નવમો)

ઉર્દૂમાં મૂળ લેખક : *હઝરત અલ્લામા હકીમુલ ઉમ્મત, ફકીહે આ'ઝમ, ફખ્રે સુન્નિયત* મૌલાના શાહ અબુલ્ ઉલા અમજદઅલી આ'ઝમી, કાદરી રઝવી رحمۃ اللہ علیہ

અનુવાદકો : (૧) હઝરત અલ્લામા સૈયદ અલ્હાજ પીર કમરુદીન એ. પીરઝાદા સાહબ (કારંટવી)

(૨) મર્હૂમ હાજી ડોસુભાઈ કે. પહોંચીયા નકશબંદી, મુજદ્દિદી (મોડાસ્વી)

પેજીસ : ૧૨૧ ★ કિંમત : ★ નકલ : ૨૦૦૦

પ્રકાશન વર્ષ : ૬ રજબુલ મુરજ્જબ, હિ.સ.૧૪૩૦

અંગ્રેજી તા. ૨૯–જુન–૨૦૦૯, વાર : સોમવાર

પ્રાપ્તિસ્થાન : સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)

મુ.પો. દયાદરા, તાલુકા & જિલ્લા : ભરૂચ પિન.૩૯૨૦૨૦,

ફોન : (૦૨૬૪૨) (ઓફિસ)૨૮૦૦૧૧, (ઘર) ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨

મો. ૯૪૨૭૪૬૪૪૧૧, Email : anjuman2006@hotmail.com

પ્રકાશક

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,

તાલુકા & જિલ્લા : ભરૂચ પિન.૩૯૨૦૨૦, ફોન : (૦૨૬૪૨) (ઓફિસ)૨૮૦૦૧૧,

(ઘર) ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨, મો. ૯૪૨૭૪૬૪૪૧૧

# બહારે શરીઅત ભાગ-૯

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પેજ નં |
|---|---|---|
| ૧ | આઝાદ કરવાનું બયાન | ૧ |
| ૨ | મુદબ્બિર, મકાતિબ અને ઉમ્મે વલ્દનું બયાન | ૧૦ |
| ૩ | કસમનું બયાન | ૧૩ |
| ૪ | કફ્ફારાનું બયાન | ૧૯ |
| ૫ | મન્નતનું બયાન | ૨૩ |
| ૬ | મકાનમાં જવા અને રહેવા વિગેરેના સંબંધે કસમનું બયાન | ૨૮ |
| ૭ | ખાવા પીવાના સોગંદનું બયાન | ૩૦ |
| ૮ | વાતચીત કરવા સંબંધે સોગંદનું બયાન | ૪૨ |
| ૯ | તલાક આપવા અને આઝાદ કરવાની યમીન | ૪૬ |
| ૧૦ | ખરીદ વેચાણ તથા નિકાહ વિગેરેના સોગંદ | ૪૭ |
| ૧૧ | નમાઝ, રોઝા તથા હજની કસમનું બયાન | ૫૦ |
| ૧૨ | લિબાસ સંબંધે સોગંદનું બયાન | ૫૧ |
| ૧૩ | મારવા સંબંધે સોગનું બયાન | ૫૨ |
| ૧૪ | દેણની અદાયગી વિગેરે સંબંધે સોગંદનું બયાન | ૫૪ |
| ૧૫ | હદોનું બયાન (શરઈ સજાનું બયાન) | ૫૫ |
| ૧૬ | કયાં હદ વાજિબ છે અને કયાં નથી | ૬૫ |
| ૧૭ | ઝિનાની ગવાહી આપીને રૂજૂઅ કરવું | ૬૭ |
| ૧૮ | શરાબ પીવાની હદનું બયાન | ૬૯ |

| ક્રમ | વિષય | પેજ નં |
|---|---|---|
| ૧૯ | હદે કઝફનું બયાન | ૭૫ |
| ૨૦ | તઅઝીરનું બયાન | ૮૦ |
| ૨૧ | ચોરીની હદ (સજા)નું બયાન | ૮૬ |
| ૨૨ | કઈ વસ્તુઓમાં હાથ કાપવામાં આવશે ને કઈમાં નહી ? | ૮૯ |
| ૨૩ | હાથ કાપવાનું બયાન | ૯૧ |
| ૨૪ | લુટફાટ (ધાડ)નું બયાન | ૯૨ |
| ૨૫ | કિતાબુલ અસીર | ૯૩ |
| ૨૬ | ગનીમતનું બયાન | ૯૭ |
| ૨૭ | ઈસ્તીલાએ કુફફાર | ૧૦૪ |
| ૨૮ | મુસ્તામિનનું બયાન | ૧૦૫ |
| ૨૯ | ઉશર તથા ખિરાજનું બયાન | ૧૦૭ |
| ૩૦ | જઝિયાનું બયાન | ૧૦૮ |
| ૩૧ | મુરતદનું બયાન | ૧૧૧ |


નોંધ : હવે પછી ઈન્શાઅલ્લાહ બહારે શરીઅત ભાગ - ૧૦ નો અનુવાદ આપના સમક્ષ રજુ થશે, ઈન્તેઝાર કરો.

## ગુઝારીશ : બે બોલ

અલ્લાહનો લાખ લાખ શુક્ર તથા એહસાન છે કે બહારે શરીઅત ભાગ-૯ નો ગુજરાતી અનુવાદ આપના હાથોમાં મુકવા ભાગ્યશાળી થયા છીએ.

આ ભાગની અનુક્રમણિકા વાંચવાથી આપને તેમાં વર્ણવેલ વિષયોની મહત્વતા સમજવામાં આવશે.

સુજ્ઞ વાંચકો ! બહારે શરીઅત ભાગ-૯ નો અનુવાદ અમે આપની સમક્ષ પેશ કર્યો છે. તેમાં લગભગ ૩૧ વિષયોની છણાવટ કરવામાં આવી છે જેના વાંચનથી આપના ઈલ્મમાં વધારો થશે. આમાં જે શરઈ ગુનાહોની શિક્ષાઓ સજાઓ દર્શાવી છે તેનો અમલ આપણા દેશમાં થઈ શકે તેમ નથી જ્યાં ઈસ્લામી રાજ્ય હોય ત્યાં તેનો અમલ થઈ શકે છે.

આ ભાગમાં ઘણા શબ્દો ફિકહી શબ્દો અને શરઈ શબ્દો છે જેનો સીધે સીધો અનુવાદ કરવું બહુ જ મુશ્કેલ છે માટે જ્યાં જ્યાં સમજ ન પડે તેને કોઈ સારા આલિમે દીન મુફ્તી સાહેબ પાસેથી જાણકારી મેળવી લેવી એવી અમારી નમ્ર અરજ છે.

કોઈ જગ્યાએ ભૂલ જણાય તા અમારા ધ્યાન પર લાવશો તો અમે તેને બીજી એડીશનમાં સુધારી લઈશું ઈન્શા અલ્લાહ અને અમારી આ મહેનત અને કોશીશ પસંદ પડી હોય તો અમારા માટે જરૂર-જરૂર "સઆદતે દારૈન" માટે દુઆ કરવા અરજ છે. જઝાકલ્લાહ

તા. ૧/૮/૨૦૦૧

ફક્ત
દુઆજોયાં -સંપાદકો, અનુવાદકો.
૧. મૌલાના હાજી કમરૂદ્દીન એ. પીરઝાદા
૨. હાજી ડોસુભાઈ કે. પહોંચીયા (નકશબંદી, મુજદ્દિદી)

# બહારે શરીઅત

## ભાગ નવમો

બિસ્મિલ્લાહિર્રહમા નિર્રહીમ
નહમદોહુ વનુસલ્લી અલા રસૂલેહિલ કરીમ

### આઝાદ કરવાનું બયાન

ઈત્ક (અર્થાત ગુલામ આઝાદ કરવા) ના મસ્અલાઓની હિન્દુસ્તાનમાં જરૂરત પડતી નથી કેમકે, અહીંયા ન લોંડી(દાસી) છે ન ગુલામ (દાસ) છે. ન તેમને આઝાદ કરવાનો પ્રસંગ સાંપડે છે. એવી જ રીતે તે ફિકાહ ના બીજા પણ કેટલાક એવા પ્રકરણો છે જેમની વર્તમાન કાળમાં અહીંના મુસલમાનોને જરૂરત નથી. એ કારણે ખ્યાલ થતો હતો કે એવા મસાઈલનો આ કિતાબમાં ઉલ્લેખ કરવામાં ના આવે પરંતુ તે વસ્તુઓને બિલકુલ છોડી દેવું પણ ઠીક નથી કે, તેનાથી કિતાબ અધુરી (ત્રુટીપુર્ણ) રહી જશે. અતઃ અમારી આ કિતાબ માં અક્સર બયાનોમાં **બાંદી-ગુલામ** ના વિશિષ્ટ મસાઈલનો થોડો થોડો ઉલ્લેખ છે. તો કોઈ કારણ નથી કે આ સ્થળે બિલકુલ વિમુખતા કરવામાં આવે, માટે સંક્ષિપ્તમાં કેટલીક વાતો બયાન કરીશું કે તેના પ્રકાર તથા અહેકામ પર થોડીક ખબર થઈ જાય. ગુલામ આઝાદ કરવાની ફઝીલત કુરઆન શરીફ તથા હદીસ શરીફ થી સાબિત છે. અલ્લાહ અઝ્ઝ જલ્લ ફરમાવે છે. : **"ફક્કો રકબતિન અવઈત્આમુન ફી યૌમિન ઝી મસ્ગબતિન"**.

આ બાબતે કસરત થી હદીસો છે. કેટલીક હદીસોનો ઉલ્લેખ કરવામાં આવે છે.

**હદીસ-(૧)** : 'સહીહૈન' માં હઝરત અબુ હુરૈરહ રદિયલ્લાહો અન્હો થી રિવાયત છે હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું : "જે શખ્સ મુસલમાન ગુલામને આઝાદ કરશે તેના દરેક અવયવના બદલામાં અલ્લાહ તઆલા તેના દરેક અવયવને જહન્નમથી આઝાદ (મુક્ત) કરશે. સઈદ બિન મરજાના રદિયલ્લાહો અન્હો કહે છે, મેં આ હદીસ અલી બિન હુસૈન (ઈમામ જૈનુલ આબેદીન) રદિયલ્લાહો અન્હોને સંભળાવી. તેમણે પોતાનો એક એવો ગુલામ આઝાદ કર્યો જેની કીંમત અબ્દુલ્લાહ બિન જાફર દસ હજાર આપતા હતા. (બુખારી, મુસ્લિમ)

**હદીસ-(૨)** : સહીહૈનમાં અબૂઝર રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે, કહે કે : "મેં હુઝૂરને અરજ કરી કે કઈ ગરદન ને આઝાદ કરવું અધિક ઉત્તમ છે ?" આપે ફરમાવ્યું : "જેની કમિંત વધારે હોય અને અધિક સુંદર હોય." મેં કહ્યું : "જો આમ ન કરી શકું તો." આપે ફરમાવ્યું કે, "કામ કરવા વાળાની મદદ કરો અથવા જે કામ કરવું ન જાણતો હોય તેનું કામ કરીદો." મેં કહ્યું : "અને જો આ પણ ન કરી શકું તો. આપે ફરમાવ્યું : **"લોકો ને કષ્ટ પહોંચાડવાથી બચો કે તેનાથી પણ તમને સદકાનો સવાબ મળશે.** (બુખારી, મુસ્લિમ)

**હદીસ-(૩)** : બયહકી શુઅબુલ ઈમાન માં બરાઅબિન આઝિબ રદિયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે. એક એઅરાબી (ગ્રામિણ) એ હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ખિદમતમાં હાજર થઈને અરજ કરી, મને એવો અમલ શીખવાડો જે મને જન્નતમાં દાખલ કરે. આપે ફરમાવ્યું : "જો કે તમારા શબ્દો ઓછા છે પરંતુ જે વાતનો સવાલ કર્યો છે તે બહુ મોટી છે. (તે અમલ આ છે) કે, **"જીવ ને આઝાદ કરો અને ગરદન છોડાવો."** અરજ કરી આ બંને એક જ છે

ફરમાવ્યું : "એક નથી, જીવ ને આઝાદ કરવું એ છે કે તુ તેને એકલો આઝાદ કરી દે. અને ગરદન છોડાવવું એ છે કે તેની કીમતમાં મદદ કરે.

**હદીસ-(૪)** : અબૂ દાઉદ તથા નિસાઈ વાસલેહ બિન અસકઅ રદિયલ્લાહો અન્હોથી રાવી કહે છે અમે હુઝૂર ની ખિદમતમાં એક શખ્સ સંબંધે પૂછવા માટે હાજર થયા. જેણે કતલના કારણે પોતાના ઉપર જહન્નમ વાજિબ કરી લીધી હતી. આપે ફરમાવ્યું : "તેના તરફથી આઝદ કરો,તેના દરેક અવયવના બદલામાં અલ્લાહ તઆલા તેના દરેક અવયવને જહન્નમ થી આઝદ કરશે.

**હદીસ-(૫)** : 'બયહકી' શુઅબુલ ઈમાનમાં, સમોરહ બિન જુન્દબ રદિયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે, હુઝૂરે ફરમાવ્યું : અફઝલ સદકો એ છે કે ગરદન છોડાવવામાં ભલામણ કરવામાં આવે.

## ફિકહી મસાઈલ

ગુલામના આઝાદ થવાના કેટલાક સ્વરૂપો છે. એક એકે તેના માલિકે કહી દીધું કે તુ આઝાદ છે અથવા તેના જેવા બીજા કોઈ શબ્દ થી આઝાદી સાબિત થાય છે. બીજું એકે ઝીરહમ મહરમ તેનો માલિક થઈ જાય તો માલિકીમાં આવતાંજ આઝાદ થઈ જશે. ત્રીજું એ કે **'હર્બી કાફિર'** મુસલમાન ગુલામ ને દારૂલ ઈસ્લામ થી ખરીદીને દારૂલ હર્બમાં લઈ ગયો તો ત્યાં પહોંચતાં જ આઝાદ થઈ ગયો. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧)** : આઝાદ કરવાના ચાર પ્રકાર છે, વાજિબ, મન્દૂબ, મુબાહ, કુફ્ર, કતલ તથા ઝિહાર તથા કસમ અને રોઝો તોડવાના કફ્ફારામાં આઝાદ કરવું વાજિબ છે. પરંતુ કસમમાં અખત્યાર છે કે, ગુલામ આઝાદ કરે અથવા દસ (૧૦) મિસ્કીનોને ખાણું ખવડાવે અથવા કપડા પહેરાવે આવું ન કરી શકે તો ત્રણ રોઝા રાખી લે. બાકીના ત્રણમાં જો ગુલામ આઝાદ કરવા પર શક્તિ હોય તો એજ નિશ્ચિત છે. **'મન્દુબ'** તે છે કે અલ્લાહ માટે આઝાદ કરે. તે સમયે કે શરઅ તરફથી તેના પર એ જરૂરી ન હોય. મુબાહ એ છે કે નિય્યત વગર આઝાદ કર્યો. કુફ્ર તે છે જે બૂતો અથવા શયતાનના નામ પર આઝાદ કર્યો કે ગુલામ અત્યારે પણ આઝાદ થઈ જશે પરંતુ તેનું આ ફેલ (કાર્ય) કુફ્ર થયું. એટલા માટે કે તેમના નામ પર આઝાદ કરવું આદરની દલીલ છે અને તેમનું આદર કુફ્ર છે. (આલમગીરી, જવહરહ)

**મસ્અલા-(૨)** : આઝાદ કરવા માટે માલિકનું આઝાદ હોવું, (જે ગુલામ ના હોય તે) આકિલ (જે પાગલ ન હોય તે) બાલિગ હોવું (નાબાલિગ ના હોય તે) શરત છે. અર્થાત ગુલામ જો કે માઝૂન (જેને ઈઝન-છુટ્ટી-આપવામાં આવી હોય) અથવા મકાતિબ હોય, આઝાદ કરી શકતો નથી, અને ગાંડા અથવા બાળકેં પોતાના ગુલામને આઝાદ કર્યો તો આઝાદ થયો નહીં, બલ્કે જવાનીમાં પણ જો કહે કે મેં બચપનમાં તેને આઝાદ કરી દીધો હતો અથવા હોશમાં કહે કે જનૂન માં (ગાંડપણ)ની હાલત માં મેં આઝાદ કરી દીધો હતો અને તેનું મજંનૂન હોવું ખબર હોય તો આઝાદ થયો નહીં. બલ્કે જો બાળક એમ કહે કે જ્યારે હું બાલિગ થઈ જાઊં તો તુ આઝાદ છે તો આવું કહેવાથી પણ બાલિગ થવા પર આઝાદ થશે નહીં. (આલમગીરી)

**મસ્અલા-(૩)** : જો નશામાં અથવા મજાકમાં આઝાદ કર્યો અથવા ભૂલથી જીભથી નીકળી ગયું કે તુ આઝાદ છે, તો થઈ ગયો, અથવા તે જાણતો ન હતો કે મારો ગુલામ છે અને આઝાદ કરી દીધો તો પણ આઝાદ થઈ ગયો. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૪)** : આઝાદ કરવા માટે જો મિલ્ક અથવા મિલ્કના કારણ પર અવલંબિત કર્યુ, દા.ત. જે ગુલામ કે અત્યારે તેની માલિકીમાં નથી તેને કહે કે, જો હું તારો માલિક થઈ જાવું અથવા તને ખરીદું તો તુ આઝાદ છે. આ સ્વરૂપમાં જ્યારે તેની માલિકીમાં આવશે આઝાદ થઈ જશે, અને જો વારસદર ના મૃત્યું પ્રતિ સંબંધ કર્યો અર્થાત જે

ગુલામ વારસદારની માલિકી માં છે તેને કહ્યું કે જો મારો વારસદાર મૃત્યું પામે તો તુ આઝાદ છે તો આઝાદ ન થશે કે વારસદારનું મૃત્યુ માલિકપણાનું કારણ નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૫)** : જીભથી કહેવું શરત નથી બલ્કે લખવાથી અને ગુંગો હોય તો ઈશારો કરવાથી પણ આઝાદ જઈ જશે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૬)** : તલાકની જેમ આમાં પણ કેટલાક શબ્દો (સહીહ) સ્પષ્ટ છે, કેટલાક કિનાયા (સાંકેતિક), સરીહમાં નિય્યતની જરૂરત નથી બલ્કે જો કોઈ બીજી નિય્યતથી કહ્યા તો પણ આઝાદ થઈ જશે. સહીહ ના કેટલાક શબ્દો આ પ્રમાણે છે. (૧) તુ આઝાદ છે. (૨) 'હુર્ર' છે. અય આઝાદ, અય હુર્ર મેં તને આઝાદ કર્યો. હાં જો તેનું નામ જ આઝાદ છે અને તેને આઝાદ કહ્યો અથવા નામ હુર્ર છે અને તેને હુર્ર કહીને બોલાવ્યો તો આઝાદ થયો નહીં અને જો નામ આઝાદ છે અને અય હુર્ર કહીને બોલાવ્યો અથવા નામ હુર્ર છે અને અય આઝાદ કહીને પોકાર્યો તો આઝાદ થઈ જશે. આ શબ્દો પણ શરીહ ના હુકમ માં છે. નિય્યત ની જરૂરત નથી. મેં તને તારા પર સદકો કર્યો અથવા તને તારા નફસ ને બખ્શીશ કર્યો, મેં તને તારા હાથોમાં વેચ્યો. આમાં તેની પણ જરૂરત નથી કે ગુલામ કબૂલ કરે. અને જો એમ કહ્યું કે મેં તને તારા હાથોમાં આટલામાં વેચ્યો તો હવે કબૂલની જરૂરત હશે જો કબૂલ કરશે તો આઝાદ થશે અનેએટલા (પૈસા) આપવા પડશે. આઝાદીને કોઈ એવા અંશ પ્રત્યે સંબંધિત કરી જે પૂરાથી ભાવાર્થ છે દા.ત. તારૂં મસ્તક, તારી ગરદન તારી જીભ આઝાદ છે તો આઝાદ થઈ ગયો અને જો હાથ અથવા પગને આઝાદ કહ્યું તો આઝાદ ન થયો અને જો ત્રીજો ભાગ, ચોથાઈ ભાગ, અર્ધો વિગેરેને આઝાદ કર્યુ તો એટલું આઝાદ થઈ ગયું. જો ગુલામને કહ્યુ આ મારો બેટો છે અથવા લોંડીને કહ્યું આ મારી બેટી છે. જો કે વયમાં વધારે હોય અથવા ગુલામને કહ્યું આ મારો બાપ અથવા દાદો છે અથવા દાસીને કહ્યું કે આ મારી માં છે. જો કે તેમનું વય એટલું ન હોય કે બાપ અથવા દાદ અથવા માં થવાના યોગ્ય હોય તો આ સઘળા સ્વરૂપોમાં આઝાદ છે. જો કે એ નિય્યત થી ન કહ્યું હોય અને જો કહ્યું : અય મારા પુત્ર, અય મારા ભાઈ, અય મારી બહેન, અય મારા બાપ તો નિય્યત વગર આઝાદ નથી કિનાયા (સંકેત) ના કેટલાક શબ્દો આ છે. તુ મારી મિલ્ક નથી. તારા પર મને રાહ નથી. તુ મારી મિલ્ક (માલીકી પણા)માં થી નીકળી ગયો. આમાં વગર નિય્યતે આઝાદી થશે નહીં. જો કહ્યું તુ આઝાદ ના મિસ્લ (અનુરૂપ) છે તો તેમાં પણ નિય્યત ની જરૂરત છે. (આલમગીરી, દુર્રે મુખ્તાર વિગેરે)

**મસ્અલા-(૭)** : તલાક શબ્દ થી આઝાદ થશે નહી. જોકે નિય્યત હોય અર્થાત આ આઝાદી માટે કિનાયા પણ નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૮)** : 'ઝીરહમ મહરમ' અર્થાત એવો નિકટના સંબંધવાળો કે જો તેમનામાંથી એક પુરૂષ હોય અને એક સ્ત્રી હોય તો નિકાહ હમેશ માટે હરામ થાય. જેવો કે બાપ, માં, પુત્ર, પુત્રી, ભાઈ, બહેન, કાકો, ફોઈ, મામો, માસી, ભાણેજ, ભાણજી તે પૈકી કોઈનો માલિક હોય તો તત્કાળ આઝાદ થઈ જશે અને જો તેમના કોઈ ભાગનો માલિક થયો તો એટલો આઝાદ થઈ ગયો. તેમાં માલિકના આકિલ, બાલિગ હોવાની પણ શરત નથી. બલ્કે બાળક અથવા ગાંડોપણ ઝીરહમ મહરમ નો માલિક હોય તે આઝાદ થઈ જશે. (દુર્રે મુખ્તાર વિગેરે)

**મસ્અલા-(૯)** : જો આઝાદીને કોઈ શરત પર વિલંબિત કરી. દા.ત. જો તુ ફલાણું કામ કરે તો આઝાદ છે અને તે શરત પામવામાં આવી તો ગુલામ આઝાદ છે. જ્યારે કે શરત પામવાના સમયે તેની મિલ્કમાં હોય અને જો તેવી શરત પર વિલંબિત કર્યુ જે અત્યારે મોજુદ છે, દા.ત. જો હું

તારો માલિક થઈ જવું તો આઝાદ છે. તો તત્કાળ આઝદ થઈ જશે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૦)** : દાસી હામેલા (ગર્ભવતી) હતી તેને આઝાદ કરી તો તેના પેટમાં જે બાળક છે તે પણ આઝાદ છે. અને જો કેવળ પેટના બાળક ને આઝાદ કર્યુ તો એજ આઝાદ થશે. દાસી આઝાદ થશે નહી. પરંતુ જ્યાં સુધી બાળક પૈદા ન થાય દાસીને વેચી સકતો નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૧)** : લોંડી (દાસી) ની ઔલાદ જે પતીથી થશે તે તે દાસીના માલિકની મિલ્ક થશે અને જે ઔલાદ મૌલા (દાસીના માલિક) થી થશે તે આઝાદ થશે. (આમ્મકુતુબ)

**મસ્અલા-(૧૨)** : એ આગળ માલૂમ થઈ ગયું છે કે જો કોઈ ભાગને આઝદ કર્યો તો તેટલોજ આઝાદ થશે. આ તે હાલત માં છે જ્યારે તે ભાગ નિશ્ચિત હોય. દા.ત. અર્ધો, ત્રીજો, ચોથાઈ અને જો અનિશ્ચિત હોય, દા.ત. તારો એક ભાગ આઝાદ છે તો આ હાલતમાં પણ આઝાદ થશે. પરંતુ જો કે ભાગ અનિશ્ચિત છે માટે માલિક થી નિશ્ચિત કરાવવામાં આવશે કે તારો ભાવાર્થ શું છે. જેટલું તે બતાવે એટલું જ આઝાદ ઠરશે અને બંને સ્વરૂપોમાં અર્થાત કેટલુક નિશ્ચિત અથવા અનિશ્ચિત માં જેટલું બાકી છે તેમાં સઆયત (મુલ્યાંકન) કરાવીશું અર્થાત તે ગુલામની તે દિવસે જે કીમત બજારના ભાવથી થાય તે કીમતનો જેટલો ભાગ ગૈર આઝાદ શુદાના મુકાબિલ થાય એટલો જ મજુરી વિગેરે કરીને વસૂલ કરે. જ્યારે કીમતનો તે ભાગ વસૂલ થઈ જાય તે સમયે પૂરો આઝાદ થઈ જશે. (આમ્મકુતુબ)

**મસ્અલા-(૧૩)** : તે ગુલામ જેનો કોઈ ભાગ આઝાદ થઈ ગયો છે તેના અહકામ એ છે કે તેને ન વેચી શકીયે છીયે નતે બીજાનો વારસ થશે, ન તેનો કોઈ વારસ થાય, ન બેથી વધારે નિકાહ કરી શકે, ન મૌલાની ઈજાઝત વગર નિકાહ કરી શકે. ન તે મામલાઓમાં ગવાહી આપે શકે જેમનામાં ગુલામની ગવાહી લેવામાં આવતી નથી. ન હેબા કરી શકે, ન સદકો આપી શકે. પરંતુ થોડીક માત્રાની ઈજાઝત છે. અને ન કોઈને કરજ આપી શકે ન કોઈની કિફાલત કરી શકે અને ન મૌલા તેનાથી ખિદમત લઈ શકે. ન તેને પોતાન કબ્જા માં રાખી શકે છે. (રદ્દુલ મુહતાર, આલમગીરી)

**મસ્અલા-(૧૪)** : જે ગુલામ બે શખ્સોની ભાગીદારીમાં છે તેઓમાંથી એકે પોતાનો ભાગ આઝાદ કરી દીધો તો બીજાને અખત્યાર છે કે જો આઝાદ કરનાર માલદાર છે (અર્થાત મકાન તથા ખાદિમ તથા ગૃહસ્થી સામાન અને શરીર ના વસ્ત્રો ઉપરાંત તેના પાસે એટલો માલ હોય કે પોતાના ભાગીદારના ભાગની કીમત અદા કરી શકે) તો તેનાથી પોતાના ભાગનો તાવાન લે અથવા તે પોતાના ભાગનું મુલ્ય કરાવે અને તે પણ થઈ શકે છે કે તેને મુદબ્બીર કરી દે. પરંતુ આ સ્વરૂપ માં પણ એ સમયે સઆયત (મુલ્યાંકન) કરાવવામાં આવે અને મૌલાના મૃત્યુથી પહેલા જો સઆયત થી કીમત દા કરી દીધી તો અદા કરતાં જ આઝાદ થઈ ગયો. નહી તો તેના મૃત્યુ પછી જો તૃત્યાંસ માલના અંદર હોય તો આઝાદ છે.

(દુર્રે મુખ્તાર વિગેરે)

**મસ્અલા-(૧૫)** : જ્યારે એક ભાગીદારે આઝાદ કરી દીધો તો બીજા ને તેને વેચવા અથવા હેબા કરવા અથવા મહેરમાં આપવાનો હક નથી.

(આલમગીરી)

**મસ્અલા-(૧૬)** : ભાગીદારના આઝાદ કરવા પછી તેણે સઆયત શરૂ કરાવી દીધી તો હવે તાવાન લઈ શકતો નથી, હાં, જો ગુલામ સઆયત દરમિયાન મૃત્યુ પામ્યો તો બાકી નો હવે તાવાન લઈ શકે છે. (આલમગીરી)

**મસ્અલા-(૧૭)** : તાવાન લેવાનો હક તે સમયે છે કે તેણે ભાગીદારની ઈજાઝત વગર આઝાદ કરી દીધો અને ઈજાઝત પછી આઝાદ કર્યો તો તાવાન લઈ શકતો નથી. (આલમગીરી)

**મસ્અલા-(૧૮) :** કોઈએ પોતાના બે ગુલામોને સંબોધીત કરીને ને કહ્યું : તમારા માંનો એક આઝાદ છે. તો તેણે બયાન કરવું પડશે, જેને બતાવે કે મેં આને મુરાદ લીધો. તે આઝાદ થઈ જશે અને બયાનથી પહેલાં એકને વેચ્યો અથવા ગીરવી મુકયો અથવા મકાતિબ અથવા મુદબ્બર કર્યો તો બીજો આઝાદ થવા માટે નિશ્ચિત થઈ ગયો. અને જો ન બયાન આપ્યું ન તે પ્રકારનો કોઈ અધિકાર કર્યો અને એક મરી ગયો તો જે બાકી છે તે આઝાદ થઈ ગયો અને જો મૌલા પોતે મરી ગયો તો વારિસને બયાન કરવાનો હક નથી બલ્કે દરેક માંથી અર્ધો અર્ધો આઝાદ અનેઅર્ધા બાકી છે. બંને સઆયત કરે. (આલમગીરી)

**મસ્અલા-(૧૯) :** ગુલામને કહ્યું આટલા માલ પર આઝાદ છે અને એજ મજલિસમાં અથવા જે મજલિસમાં તેની ખબર પડી, કબૂલ કરી લીધું તો એજ સમયે આઝાદ થઈ ગયો. એવું નહીં કે જ્યારે અદા કરશે તે સમયે આઝાદ થશે અને જો એમ કહ્યું કે તુ આટલું અદા કરે તો આઝાદ છે તો આ ગુલામ માઝૂન (ઈજાઝત આપેલ) થઈ ગયો. અર્થાત તેને વેપારની ઈજાઝત થઈ ગઈ અને આ સ્વરૂપમાં કબૂલ કરવાની હાજત નથી. બલ્કે જો ઈન્કાર કરી દે તો પણ માઝૂન રહેશે અને જ્યાં સુધી એટલા અદા કરી દે. મૌલા તેને વેચી શકે છે.

(દુર્રે મુખ્તાર)

## મુદબ્બર, મકાતિબ અને ઉમ્મે વલ્દનું બયાન :

અલ્લાહ અજ્જ વ જલ્લ ફરમાવે છે:"**વલ્લઝીના યબ્તગૂનલ-કિતાબ વ મિમ્મા મલકત ઐમાનોકુમ ફ કાતેબૂહુમ ઈલ અલિમ્તુમ ફીહિમ ખૈરા. વ આતુહુમ મિમ્માલિલ્લાહીલ્લઝી આતાકુમ.**"

(તરજુમો : જે લોકો ના તમે માલિક છો (તમારા લોંડી ગુલામ) તેઓ કિતાબત ઈચ્છે તો તેમને મકાતિબ કરી દો. જો તેમનામાં ભલાઈ નિહાળો અને તે માલમાંથી જે ખુદાએ તમને આપ્યો છે થોડુંક તેમને આપો.)

**હદીસ-(૧) :** અબૂ દાઉદ અમ્રબિન શુંઅય્યબ તે તેમના બાપથી અને તે તેમના દાદાથી રાવી કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે. મકાતિબ પર જ્યાં સુધી એક દિરહમ પણ બાકી છે. ગુલામે છે.

**હદીસ-(૨) :** અબૂદાઉદ તથા તિરમિઝી તથા ઈબ્ને માજા ઉમ્મે સલમા રદિયલ્લાહો અન્હાથી રાવી કે હુઝૂર ઈરશાદ ફરમાવે છે. જ્યારે તમારામાં કોઈના મકાતિબ પાસે પૂરો બદલ કિતાબત જમા થઈ જાય તો તેનનાથી પરદો કરે.

**હદીસ-(૩) :** ઈબ્ને માજા તથા હાકિમ ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહો અન્હોમા થી રાવી કે ફરમાવે છે, જે કનીઝ (દાસી) ને બાળક તેના મૌલાથી પૈદા થાય તે મૌલાના મૃત્યુ પછી આઝાદ છે.

**હદીસ-(૪) :** દારોકુતની તથા બયહકી ઈબ્ને ઉમર રદિયલ્લાહો અન્હોમા થી રાવી કે ફરમાવે છે મુદબ્બર વેચવામાં આવે નહીં. ન હબા (બખ્શીશ) કરવામાં આવે. તેત્રીજા ભાગના માલથી આઝાદ છે.

## ફિકહી મસાઈલ

મુદબ્બર તેને કહે છે જેના સંબંધે મૌલા એ કહ્યું કે, તુ મારા મૃત્યુ પછી આઝાદ છે. અથવા એમ કહ્યું કે જો હું મૃત્યુ પામું અથવા જ્યારે હું મરૂં ત્યારે તુ આઝાદ છે સારાંશ કે આ પ્રકારના તે શબ્દો જેનાથી મૃત્યુ પછી નું આઝાદ થવું સાબિત થાય છે

**મસ્અલા-(૧) :** મુદબર ના બે પ્રકાર છે, મુદબરે મુતલક, મુદબરે મુકય્યદ. મુદબર મુતલક તે જેમાં કોઈ એવા કાર્યનો ઉમેરો ન કરવામાં આવ્યો હોય જેનું હોવું જરૂરી ન હોય. અર્થાત મુતલકન મૃત્યુ પર આઝદ થવું ઠેરવ્યુ. દા.ત. જો હું મરૂં તો તુ આઝાદ છે અને જો કોઈ નિશ્ચિત સમય પર અથવા વસફ સાથે મૃત્યુ પર આઝાદ થવું કહ્યું તો મુકય્યદ (બંધન કર્તા) છે. દા.ત. આ વર્ષે મરૂં અથવા આ બીમારીમાં મરૂં કે તે વર્ષે અથવા તે બીમારી થી મરવું જરૂરી નથી. અને જો કોઈ એવો

સમય નિયુક્ત કર્યો કે સંભવત ગુમાન તેનાથી પહેલા મરી જવાનું છે. દા.ત. વૃધ્ધ શખ્સ કહે કે આજ થી સો વર્ષ પર મરૂં તો તુ આઝાદ છે. તો તે મુદબ્બર મુતલક જ છે કે તે સમયની કેદ બેકાર છે. કેમકે સંભવત ગુમાન (ધારણા) એજ છે કે અત્યાર થી સો વર્ષ સુધી જીવતો રહેશે નહીં. (આલમગીરી)

**મસ્અલા-(૨)** : જો એમ કહ્યું કે જે દિવસે મૃત્યુ પામું તો તુ આઝાદ છે, તો જો કે રાતમાં મરે તે આઝાદ થશે કે દિવસથી મુરાદ અહીંયા સર્વથા સમય છે. હા, જો તે કહે છે દિવસથી મારી મુરાદ સવારથી સૂર્યાસ્ત સુધીનો સમય છે. અર્થાત રાત સિવાય તો આ નિય્યત તેની માનવામાં આવશે પરંતુ હવે તે મુદબર મુકય્યદ થશે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૩)** : મુદબ્બર કરવા પછી હવે પોતાના તે કોલ ને પાછો લઈ શકતો નથી મુદબ્બર મુતલકને ન વેચી શકો છો ન હેબા કરી શકો છો. ન ગીરવી મુકી શકો છો. ન સદકો કરી શકો છો. (આલમગીરી)

**મસ્અલા-(૪)** : મુદબ્બર ગુલામ જ છે અર્થાત પોતાના મૌલા ની મિલ્કમાં છે. તેને આઝાદ કરી શકે છે. મકાતિબ બનાવી શકે છે. તેનાથી ખિદમત લઈ શકે છે. મજૂરી પર આપી શકે છે. પોતાની વિલાયતથી તેનો નિકાહ કરી શકે છે અને જો લોંડી મુદબ્બરા છે તો તેનાથી વતી (સમાગમ) કરી શકે છે તેનો બીજાથી નિકાહ કરી શકે છે અને મુદબ્બરાથી જો મૌલાની ઔલાદ થઈ તો તે ઉમ્મે વલ્દ થઈ ગઈ. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૫)** : જ્યારે મૌલા (ગુલામનો માલિક) મરી ગયો તો તેના ત્રીજા ભાગના માલથી મુદબ્બર આઝાદ થશે. અર્થાત જો આ તૃત્યાંસ માલ છે અથવા તેનાથી ઓછો તો બિલ્કુલ આઝાદ થઈ ગયો અને જો તૃત્યાંસથી વધારે કીમત છે તો તૃત્યાંસ જેટલો આઝાદ થઈ ગયો. બાકીના માટે સઆયત કરે અને જો તના સિવાય મૌલા પાસે બીજું કાંઈ ન હોય તો તેનું તૃત્યાંસ આઝાદ, બાકી બે તૃત્યાંસમાં સઆયત કરે. આ તે સમયે છે કે વારસદારો ઈજાઝત ન આપે અને જો ઈજાઝત આપી દે અથવા તેનો કોઈ વારસ જ નથી તો કુલ આઝાદ છે અને જો મૌલા પર દેણ છે કે આ ગુલામ દેણમાં ડુબેલ છે તો કુલ કીમતમાં સઆયત કરીને કરજદારોને અદા કરી દે. (દુર્રે મુખ્તાર વિગેરે)

**મસ્અલા-(૬)** : મુદબ્બર મુકય્યદ (બંધન કર્તા)નો મૌલા મર્યો અને એજ વસફ પર મૌત ઘટિત થઈ. દા.ત. જે બીમારી અથવા સમયમાં મરવા પર તેનું આઝાદ થવું કહ્યું હતું એજ થયું તો તૃત્યાંસ માલથી આઝદ થઈ જશે. નહીં તો આઝાદ થશે નહી અને એવા મુદબ્બરને વેચાણ કે ભેટ તથા સદકો વિગેરે કરી શકો છો. (આલમગીરી)

**મસ્અલા-(૭)** : મૌલાએ કહ્યું તુ મારા મૃત્યુથી એક મહીના પહેલા આઝાદ છે, તેના કહેવા પછી એક મહીનાની અંદર મૌલા મરી ગયો તો આઝાદ થયો નહી અને જો એક મહીના અથવા વધુ પર મર્યો તો ગુલામ પુરો આઝાદ થઈ ગયો. જો કે મૌલાના પાસે તેના સિવાય કોઈ માલ ન હોય (આલમગીરી)

**મસ્અલા-(૮)** : મૌલએ કહ્યું તુ મારા મૃત્યુ ના એક દિવસ પછી આઝાદ છે તો મુદબ્બર થયો નહી, માટે આઝાદ પણ થશે નહી. (આલમગીરી)

**મસ્અલા-(૯)** : મુદબ્બર લોંડી ને બાળક પૈદા થયું તો તે પણ મુદબ્બર છે જ્યારે કે મુદબ્બરા સર્વથા હોય અને જો મુકય્યદા હોય તો નહી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૦)** : મુદબ્બરા દાસીને બાળક પૈદા થયું અને તે બાળક મૌલા નું હોય તો તે હવે મુદબ્બરા રહી નહી. બલ્કે ઉમ્મે વલ્દ થઈ ગઈ કે મૌલાના મૃત્યુ પછી બિલ્કુલ આઝાદ થઈ જશે. જો કે તેના પાસે તેના સિવાય કાંઈ માલ ન હોય. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૧)** : ગુલામ જો નેકચલન (સદાચારી) હોય અને જાહેરમાં માલૂમ પડતું હોય

કે આઝાદ થયા પછી મુસલમાનો ને કષ્ટ પહોંચાડશે નહી, તો એવો ગુલામ જો મૌલા થી કિતાબતના અકદની દરખાસ્ત કરે તો તેની દરખાસ્ત કબૂલ કરી લેવું બહેતર છે. અકદે કિતાબતનો એ અર્થ છે કે આકા પોતાના ગુલામથી માલની એક માત્રા મુકર્રર કરીને એમ કહી દે કે આટલો અદા કરી દે તો આઝાદ છે અને ગુલામ તેનો સ્વીકાર પણ કરી લે હવે તે મકાતિબ થઈ ગયો. જ્યારે કુલ અદા કરી દેશે આઝાદ થઈ જશે અને જ્યાં સુધીથી થોડું પણ બાકી છે ગુલામ જ છે. (જવહરહ વિગેરે)

**મસ્અલા-(૧૨)** : મકાતિબે જે કાંઈ કમાયું તેમા તસર્રૂફ કરી શકે છે, જ્યાં ઈચ્છે વેપાર માટે જઈ શકે છે, મૌલા તેને પરદેશ જવાથી રોકી શકતો નથી જો કે અકદે કિતાબતમાં એ શરત લગાવી દીધી હોય કે પરદેશ જશે નહી. કે આ શરત રદ બાતિલ છે. (મબ્સૂત)

**મસ્અલા-(૧૩)** : અકદે કિતાબતમાં મૌલાને અખત્યાર છે કે મુઆવઝા અત્યારે જ અદા કરવું શરત કરી દે. અથવા તેના હપ્તા મુકર્રર કરી દે. અને પ્રથમ સૂરતમાં જો એ જ સમયે અદા ન કર્યુ અને બીજી સૂરતમાં પ્રથમ હપતો અદા કર્યો નહી તો મકાતિબ રહ્યો નહી. (મબ્સૂત)

**મસ્અલા-(૧૪)** : ના બાલિગ ગુલામ જો એટલો નાનો છે કે ખરીદવું-વેચવુ જાણતો નથી તો તેનાથી અકદે કિતાબત થઈ શકતી નથી અને જો એટલી તમીઝ છે કે ખરીદ તથા વેચાણ કરી શકે તો થઈ શકે છે. (જવહરહ)

**મસ્અલા-(૧૫)** : મકાતિબને ખરીદવા, વેચવા, પ્રવાસ કરવાનો અખત્યાર અને મૌલાની ઈજાઝત વગર પોતાનો અથવા પોતાના ગુલામનો નિકાહ કરી શકતો નથી અને મકાતિબા દાસી પણ મૌલાની ઈજાઝત વગર પોતાનો નિકાહ કરી શકતી નથી. અને તેમને હેબા અને સદકો કરવાનો પણ અખત્યાર નથી. હા, થોડીક વસ્તુ તસદ્દુક કરીશકે છે, જેવું કે એક રોટી અથવા થોડુંકનમક અને કિફાલત અને કરજનો પણ અખત્યાર નથી. (જવહરહ)

**મસ્અલા-(૧૬)** : મૌલાએ પોતાના ગુલામનો નિકાહ પોતાની દાસી થી કરી દીધો પછી બંનેથી અકદે કિતાબત કર્યો. હવે તેમને બાળક પૈદા થયું તો બાળક પણ મકાતિબ છે અને આ બાળક જે કાંઈ કમાસે તેની માંને મળશે અને બાળકનો નફકો (ભરણ પોષણ) તેની માં પર છે. અને તેની માંનો નફકો તેના બાપ પર છે. (જવહરહ)

**મસ્અલા-(૧૭)** : મકાતિબા દાસીથી મૌલા વતી કરી શકતો નથી, જો વતી કરશે તો અકર લાઝિમ થશે નહી. અને જો દાસીને મૌલાથી બાળક પૈદા થાય તો તેને અખત્યાર છે કે અકદે કિતાબત બાકી રાખે અને મૌલાથી અકર લે અથવા અકદે કિતાબત થી ઈન્કાર કરીને ઉમ્મે વલ્દ થઈ જાય. (જવહરહ)

**મસ્અલા-(૧૮)** : મૌલાએ મકાતિબનો માલ નષ્ટ કરી નાખ્યો તો તાવાન લાઝિમ થશે. (જવહરહ)

**મસ્અલા-(૧૯)** : ઉમ્મે વલ્દ ને પણ મકાતિબા કરી શકે છે અને મકાતિબેને આઝાદ કરી દીધો બદલે કિતાબત શાકિત થઈ ગયું. (જવહરહ)

**મસ્અલા-(૨૦)** : ઉમ્મે વલ્દ તે દાસીને કહે છે જેને બાળક પૈદા થાય અને મૌલાએ ઈકરાર કર્યો કે આ મારૂં બાળક છે. ભલે બાળક પૈદા થયા પછી તેણે ઈકરાર કર્યો અથવા ગર્ભના સમયમાં ઈકરાર કર્યો હોય કે આ હમલ મારાથી છે અને આ સૂરતમાં એ જરૂરી છે કે ઈકરારના સમય થી છ મહિનાની અંદર બાળક પૈદા થાય. (દુર્રે મુખ્તાર, જવહરહ)

**મસ્અલા-(૨૧)** : બાળક જીવતુ પૈદા થયું કે મુર્દા (મરેલું) બલ્કે કાચુ (અધુરા મહિને) પૈદા થયું જેના કેટલાક અવયવો બની ગયા છે. સૌનો એક હુકમ છે અર્થાત જો મૌલા ઈકરાર કરે તો દાસી ઉમ્મે વલ્દ છે. (જવહરહ)

**મસ્અલા-(૨૨)** : ઉમ્મે વલ્દ ને જ્યારે બીજું બાળક પૈદા થાય તો તે મૌલાનું જ ઠેરવવામાં

આવશે. જ્યારે કે તેના અધિકારમાં હોય. હવે તેના માટે ઈકરારની હાજત થશે નહી અલબત્ત જો મૌલા ઈન્કાર કરી દે અને કહી દે કે આ મારૂં નથી તો હવે તેનો નસબ મૌલથી થશે નહી. અને તેનો બેટો કહેવાશે નહી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૨૩)** : ઉમ્મે વલ્દથી સોહબત (સમાગમ) કરી શકે છે, ખિદમત લઈ શકે છે, તેને ઈજારા પર આપી શકે છે. અર્થાત બીજાઓના કામકાજ મજૂરી પર કરે અને જે મજૂરી મળે પોતાના માલિકને આપે. ઉમ્મે વલ્દનો કોઈ શખ્સ સાથે નિકાહ કરી શકે છે પરંતુ તેના માટે ઈસ્તબરા (ગર્ભથી ના હોવું) જરૂરી છે અને ઉમ્મે વલ્દને ન વેચી શકે છે ન બક્ષીસ આપી શકે છે, ન ગીરવી મુકી શકે છે. ન તે ખૈરાત કરી શકે છે, બલ્કે કોઈ પણ પ્રકારે બીજાની માલિકી પણામાં આપી શકતો નથી. (જવહરહ)

**મસ્અલા-(૨૪)** : મૌલાના મૃત્યુ પછી ઉમ્મે વલ્દ બિલ્કુલ આઝાદ થઈ જશે તેના પાસે બીજો માલ હોય કે ન હોય. (આમ્મએ કુતુબ)

## કસમ નું બયાન

અલ્લાહ અઝઝ વ જલ્લ ફરમાવે છે : **"વલા તજઅલૂલ્લાહ ઉરદતન લેઐમાનેકુમ અન તબ્રૂ વતત્તલકૂ વતુસ્લેહૂ બૈનન્નાસે વલ્લાહો સમીઉન અલીમ."**

(તરજુમો : અલ્લાહને પોતાની કસમો (સોગંદ) નું નિશાન ન બનાવી લો કે નેકી અને પરહેઝગારી અને લોકોમાં સુલેહ કરાવવાની ખાઈલો (અર્થાત તે કાર્યના ન કરવાની કસમ ખાવ નહી) અને અલ્લાહ સાંભળનાર, જાણનાર છે.

અને ફરમાવે છે : **"ઈન્નલ્લઝીના યશ્તરૂના બેઅહદિલ્લાહે વ ઐમાનેહિમ સમનન કલીલન ઊલાએકા લા ખલાકા લહુમ ફીલ આખેરતે વલા યોકલ્લમો હોમુલ્લાહો વલા યન્ઝોરો ઈલૈયહીમ યોમલ કેયામતે વલા યોઝકકીહિમ વલહુમ અઝાબુન અલીમ ૦"**

(તરજુમો : જે લોકો અલ્લાહના સોગંદ અને પોતાની કસમોના બદલે થોડી પૂજી લે છે. તેમનો આખેરત માં કોઈ ભાગ નથી. અને અલ્લાહ ન તેમનાથી વાત કરે ન તેમના પ્રત્યે દ્રષ્ટિ કરે. કિયામત ના દિવસે અને ન તેમને પાક કરે અને તેમના માટે દર્દનાક અઝાબ છે) અને ફરમાવે છે: **"વ ઔફૂ બેઅહદિલ્લાહે ઈઝા આહદતુમ વલા તન્કોદૂલ-અયમાન બઅદ તૌકીદહા વ કદ જઅલ્તુમુલ્લાહો અલૈકુમ કફીલા ઈન્નલ્લાહા યઅલમો માતફઅલૂન ૦"**

(તરજુમો : અલ્લાહનો વાયદો પૂરો કરો જ્યારે પરસ્પર કરાર કરો અને કસમો ને મજબૂત કરવા પછી તોડો નહી જો કે તમે અલ્લાહ ને પોતાના ઉપર જામીન કરી ચુકયા છો. જે કાંઈ તમે કરો છો અલ્લાહ જાણે છે.)

અને ફરમાવે છે : **"વલા તત્તખેઝૂ અયમાનકુમ દખલમ બનૈકુમ ફતઝિલ્લ કદમુન બઅદા સુબૂતેહા ૦"**

તરજુમો : પોતાના સોગંદો કસમો પરસ્પર નિર્રથક બહાના ન બનાવો કે, કયાંક જામ્યા પછી પગ લપસી જાય નહી.

અને ફરમાવે છે : **"વલા યાતિલે ઉલૂલ-ફદલે મિન્કુમ વસ્સઅતે... થી ... વલ્લાહો ગફૂરૂર્રહીમ."**

(તરજુમો : તમારા માંથી ફઝીલત વાળા અને વિશાળતા વાળા તે વાતના સોગંદ ન ખાય કે, સગાં સંબંધીઓ અને મિસ્કીનો (નિર્ધનો) અને અલ્લાહની રાહમાં હિજરત કરવાવાળા ઓને ન આપીશું. શું તમે તેને દોસ્ત નથી રાખતા કે અલ્લાહ તમારી મગફિરત કરે અને અલ્લાહ બખ્શનાર મહેરબાન છે.)

**હદીસ (૧)** : સહીહૈન માં અબ્દુલ્લાહ બિન ઉમર રદિયલ્લાહો અન્હોમા થી રિવાયત છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે અલ્લાહ તઆલા તમને બાપના સોગંદ ખાવાની મનાઈ કરે છે. જે શખ્સ સોગંદ ખાય તો અલ્લાહની

કસમ સોગંદ ખાય. અથવા ચૂપ ચાપ રહે.
(બુખારી-મુસ્લિમ)

**હદીસ (૨)** : સહીહ મુસ્લિમ શરીફમાં અબ્દુર્રહમાન બિન સમોરહ રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે, મૂર્તિઓની અન પોતાના બાપદાદાઓની સોગંદ ખાવ નહી.

**હદીસ (૩)** : સહીહૈન માં અબૂ હુરૈરહ રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે. હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે : જે શખ્સ લાત તથા ઉઝઝા (મૂર્તિઓ ના નામ છે) ના સોગંદ ખાય અર્થાત ઈસ્લામ ના આગમન પૂર્વે ની આદત ના કારણે આ શબ્દો તેની જીભ પર જારી થઈ જાય) તે **"લાઈલાહા ઈલ્લલ્લાહ"** કહી લે અને જે પોતાના સાથી ને કહે આવો જુગાર રમીએ (તેના કફફારા રૂપે) તે સદકો કરે. (બુખારી-મુસ્લિમ)

**હદીસ (૪)** : સહીહૈન માં સાબિત બિન દહહાક રદિયલ્લાહો અન્હો થી રિવાયત છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું : જે શખ્સ ગૈરૂમિલ્લતે ઈસ્લામ પર જુઠા સોગંદ ખાય.(અર્થાત એમ કહે કે જો આ કરે તો યહુદી અથવા ઈસાઈ થઈ જાય અથવા એમ કહે કે જો આ કામ કર્યુ હોય તો યહુદી અથવા ઈસાઈ છે.) તો તે એ વોજ છે જેવું તેણે કહ્યું (અર્થાત કાફિર છે) અને ઈબ્ને આદમ પર તે વસ્તુની નઝર (મન્નત) નથી જેનો તે માલિક નથી. અને જે શખ્સ પોતાને જે વસ્તુથી કતલ કરશે તેના સાથે જ કિયામત ના દિવસે અઝાબ આપવામાં આવશે. અને મુસલમાન પર લાનત કરવું એવું છે જેવું તેને કતલ કરી દેવું અને જે શખ્સ જુઠો દાવો એટલા માટે કરે છે કે પોતાના માલને અધિક કરે. અલ્લાહ તઆલા તેના માટે ઘટાડામાં વૃધ્ધિ કરશે.

**હદીસ (૫)** : અબૂ દાઉદ તથા નિસાઈ તથા ઈબ્ને માજા બુરીદહ રદિયલ્લાહો અન્હો થી રિવાયત કરે છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવ્યું કે, જે શખ્સ એમ કહે (કે જો મેં આકામ કર્યુ છે અથવા કરૂં) તો ઈસ્લામ થી છુટો છું, તે જો જુઠો છે, તો જેવું કહ્યું એવોજ છે અને જો સાચો છે તો પણ ઈસ્લામ પ્રત્યે સલામત પાછો ફરશે નહી.

**હદીસ (૬)** : ઈબ્ને જરીર અબૂ હુરૈરહ રદિયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું: જુઠા સોગંદથી માલ તો વેચાઈ (ધંધો-વેપાર) જાય છે. અને બરકત હટી જાય છે.

**હદીસ (૭)** : દયલમી તેમના થી જ રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું : યમીન ગમુસ (જુઠી સોગંદ) માલને નષ્ટ કરી નાંખે છે અને આબાદીને વેરાન કરી નાખે છે.

**હદીસ (૮)** : તિરમિઝી તથા અબૂદાઉદ તથા નિસાઈ તથા ઈબ્ને માજા તથા દારોમી અબ્દુલ્લાહ બિન ઉમર રદિયલ્લાહો અન્હો થી રિવાયત કરે છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું : જે શખ્સ કસમ ખાય અને તેના સાથે ઈન્શાઅલ્લાહ કહી લે તો **હાનિસ** થશે નહી. (એટલે સોગંદ તોડનાર પર કફફારો થશે નહી.)

**હદીસ (૯)** : બુખારી તથા મુસ્લિમ તથા અબૂ દાઉદ તથા ઈબ્ને માજા અબૂ મૂસા અશઅરી રદિયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું છે : ખુદાના સોગંદ ઈન્શાઅલ્લાહ તઆલા હું કોઈ સોગંદ ખાઉ અને તેના ગૈર માં ભલાઈ નિહાળું તો તે કામ કરીશ જે બેહતર છે અને સોગંદ નો કફફારો આપી દઈશ.

**હદીસ (૧૦)** : ઈમામ મુસ્લિમ તથા ઈમામ અહમદ તથા તિરમિઝી અબૂ હુરૈરહ રદિયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે : જે શખ્સ કસમ ખાય અને બીજી વસ્તુ તેનાથી બેહતર જુવે તો કસમ નો કફફારો આપી દે અને તે કામ કરે.

**હદીસ (૧૧)** : સહીહૈનમાં તેમનાથી જ રિવાયત છે હુઝૂરે ફરમાવ્યું : ખુદાના સોગંદ જે શખ્સ પોતાના અહલ સંબંધે કસમ ખાય અને તેના પર કાયમ રહે તો અલ્લાહની નઝદીક અધિક ગુનેહગાર છે. તેની સરખામણીમાં કે કસમ તોડીને કફ્ફારો આપી દે.

**હદીસ (૧૨)** : કસમ તેના પર ભાર ગ્રસ્ત થશે (લાગુ પડશે) જે કસમ ખવડાવવાળાની નિય્યતમાં હોય.

## ફીકહી મસાઈલ

કસંમ ખાવું જાઈઝ છે પરંતુ જ્યાં સુધી બની શકે કમી બેહતર છે અને વાત વાતમાં કસમ ખાવી જોઈએ નહી. અને કેટલાક લોકો એ કસમને તકીયા કલામ (ટેવ) બનાવી લીધી છે. કે ઈચ્છા-અનિચ્છા એ જીભ પર આવી જાય છે અને તેનો પણ ખયાલ રાખતા નથી કે વાત સાચી છે કે જૂઠી. આ બહુજ દુષિત છે અને ગેર ખુદાની કસમ મકરૂહ છે. અને તે શરઅન કસમ પણ નથી અર્થાત તેના તોડવાથી કફ્ફારો લાઝિમ નથી. (તબ્યીન વિગેરે)

**મસ્અલા (૧)** : કસમના ત્રણ પ્રકાર છે (૧) ગમૂસ (૨) લગ્વ (૩) મુન અકદહ. જો કોઈ એવી વસ્તુ સંબંધે કસમ ખાધી જે થઈ ગઈ છે અથવા હવે છે અથવા થઈ નથી અથવા હવે નથી પરંતુ તે કસમ જુઠી છે. દા.ત. કસમ ખાધી કે ફલાણો શખ્સ આવ્યો અને તે હજુ સુધી આવ્યો નથી અથવા કસમ ખાધી કે આવ્યો નથી અને તે આવી ગયો છે અથવા કસમ ખાધી કે ફલાણો શખ્સ આ કામ કરી રહ્યો છે. અને વાસ્તવમાં તે તે સમયે કરી રહ્યો નથી અથવા કસમ ખાધી કે આ પત્થર નથી, તાત્પર્ય એ કે આવી રીતે જૂઠી કસમ ની બે સૂરતો છે. જાણી જોઈને જૂઠી કસમ ખાધી અર્થાત દા.ત. જેના આગમન સંબંધે જુઠી કસમ ખાધી હતી. તે પોતે પણ જાણે છે કે આવ્યો નથી તો એવી કસમને ગમૂસ કહે છે. અને જો પોતાના ખ્યાલથી તો તેણે સાચી કસમ ખાધી હતી પરંતુ હકીકતમાં તે જૂઠી છે. દા.ત. જાણ તો હતો કે આવ્યો નથી અને કસમ ખાધી કે આવ્યો નથી અને હકીકતમાં તે આવી ગયો છે તો એવી કસમ ને "લગ્વ" કહે છે અને જો ભવિષ્ય માટે કસમ ખાધી દા.ત. ખુદાની કસમ હૂં આ કામ કરીશ અથવા ન કરીશ તો તેને મુનઅકદહ કહે છે. જ્યારે કે દરેક સારી રીતે જાણી લીધું તો હવે દરેક ના અહકામ સાંભળો.

**મસ્અલા (૨)** : "ગમૂસ" કસમમાં સખ્ત ગુનેહગાર થયો ઈસ્તિગફાર તથા તૌબા ફરજ છે. પરંતુ કફ્ફારો લાઝિમ નથી. અને લગ્વ કસમમાં ગુનોહ પણ નથી અને કસમે મુનઅકદહમાં જો કસમ તોડશે તો કફ્ફારો આપવો પડશે અને કેટલાક સ્વરૂપોમાં ગુનેહગાર પણ થશે.

(દુર્રે મુખ્તાર, આલમગીરી વિગેરે)

**મસ્અલા (૩)** : કેટલીક કસમો એવી છે કે તેમનું પૂરા કરવું જરૂરી છે. દા.ત. કોઈ એવા કામ ના કરવાની કસમ ખાધી જે નું કસમ વગર કરવું જરૂરી હતું અથવા ગુનાહ થી બચવાની કસમ ખાધી તો તે સૂરતમાં કસમ સાચી કરવું જરૂરી છે. દા.ત. ખુદાના સોગંદ ઝોહર પઢીશ અથવા ચોરી અથવા ઝિના કરીશ નહી. બીજું એ કે તેનું તોડવું જરૂરી છે જેવું કે ગુનોહ કરવા અથવા ફરજો તથા વાજીબો ન કરવાના સોગંદ ખાધા. જેવું કે સોગંદ ખાધા કે નમાઝ ન પઢીશ અથવા ચોરી કરીશ અથવા માં-બાપ થી વાત-ચીત કરીશ નહી. તોસોગંદ તોડી નાખે. ત્રીજું એ કે તેનું તોડવું મુસ્તહબ છે દા.ત. એવી વાત ના સોગંદ ખાધા કે તેના ગૈરમાં બેહતરી છે. તો એવા સોગંદ ને તોડીને તે કરે જે બેહતર છે. ચોથું એ કે મુબાહ ના સોગંદને તોડીને તે કરે જે બેહતર છે. ચોથું એકે મુબાહ ના સોગંદ ખાધા અર્થાત કરવું કે ન કરવું બંને સમાન છે. તેમાં સોગંદનું બાકી રાખવું અફઝલ છે. (મબસૂત)

**મસ્અલા (૪)** : મુનઅકદા જ્યારે તોડશે કફ્ફારો લાઝિમ થશે. જો કે તેનું તોડવું શરએ જરૂરી ઠેરવ્યું હોય.

**મસ્અલા (૫)** : મુનઅકદહ ત્રણ પ્રકારના છે. (૧) યમીનફોર (૨) મુરસલ (૩) મૌકૂફ. જો કોઈ ખાસ કારણે અથવા કોઈ વાતના જવાબમાં સોગંદ ખાધા જેનાથી તે કામનું તત્કાળ કરવું અથવા ન કરવું સમજવામાં આવે છે તેને યેમીન ફોર કહે છે. એવા સોગંદ માં જો તત્કાળ તે વાત થઈ ગઈ તો સોગંદ તૂટી ગયા. અને જો થોડીક વાર પછી થાય તો તેની કાંઈ અસર નથી. દા.ત. ઔરત ઘરથી બહાર જવાનો નિર્ણય કરી રહી છે. તેણે કહ્યું જો તુ ઘરથી બહાર નીકળી તો તેને તલાક છે. તે સમયે ઔરત થોભી ગઈ પછી બીજા સમયે ગઈ તો તલાક થઈ નહી. અથવા એક શખ્સ કોઈને મારવા ઈચ્છતો હતો તેણે કહ્યું જો તેં તેને માર્યો તો તારી ઔરત ને તલાક છે. તે સમયે તેણે માર્યો નહી તો તલાક થઈ નહી જો કે કોઈ બીજા સમયમાં મારે અથવા કોઈ એ તેને નાસ્તા માટે કહ્યું કે મારા સાથે નાસ્તો કરી લો તેણે કહ્યું ખુદાના સોગંદ નાસ્તો કરીશ નહી. અને તેના સાથે નાસ્તો કર્યો નહી તો સોગંદ તુટયા નહી. જોકે ઘેર જઈને એજ દિવસે નાસ્તો કર્યો હોય. અને મુવકકત તે છે જેના માટે કોઈ સમય એક દિવસ, બે દિવસ અથવા ઓછા વત્તા મુકર્રર કરી દિધા તેમાં જો નિશ્ચિત સમયની અંદર સોગંદના વિરૂધ્ધ કર્યુ તો સોગંદ તુટી ગયા. નહી તો તુટયા નહી દા.ત. સોગંદ ખાધા કે તે ઘડામાં જે પાણી છે તેને આજે પીશે અને આજે ન પીધું તો સોગંદ તુટી ગયા અને કફ્ફારો આપવો પડશે અને પીધું તો સોગંદ પુરા થઈ ગયા અને જો તે સમયના પુરા થતા પહેલા તે શખ્સ મરી ગયો. તેનું પાણી ફેંકી દીધું તો સોગંદ તુટયા નહી અને જો સોગંદ ખાવાના સમયે તે ઘડામાં પાણી હતું જ નહીં પરંતુ સોગંદ ખાનારાને એ ખબર ન હતી કે તેમાં પાણી નથી તો પણ સોગંદ તુટયા નહી અને જો તેને ખબર હતી કે તેમાં પાણી નથી અને સોગંદ ખાધા તો સોગંદ તુટી ગયા, અને જો સોગંદ માં કોઈ સમય મુકર્રર કર્યો નહી અને અટકળથી તત્કાળ કરવું અથવા ન કરવું સમજવામાં આવતું ન હોય તો તેને મુરસલ કહે છે. કોઈ કામ ને કરવાના સોગંદ ખાધા અને કર્યુ નહી દા.ત. સોગંદ ખાધા કે ફલાણા ને મારીશ અને માર્યો નહી ત્યાં સુધી કે બંને માંથી એક મરી ગયો તો સોગંદ તુંટી ગયા. અને જ્યાં સુધી બંને જીવતા હોય તો જો કે માર્યો નહી સોગંદ તુટયા નહી અને ન કરવા ના સોગંદ ખાધા તો જ્યાં સુધી કરશે નહી સોગંદ તુટશે નહી. દા.ત. સોગંદ ખાધા કે હું ફલાણાંને મારીશ નહી અને માર્યો તો સોગંદ તુટી ગયા. નહી તો તુટયા નહી. (જવહરહ વિગેરે)

**મસ્અલા (૬)** : ભૂલ થી સોગંદ ખાઈ લીધા દા.ત. કહેવા ઈચ્છતો હતો કે પાણી લાવો અથવા પાણી પીશ અને જીભથી નીકળી ગયુંકે ખુદાના સોગંદ પાણી પીશ નહી અથવા તે સોગંદ ખાવા ઈચ્છતો ન હતો, બીજાએ સોગંદ ખાવા માટે મજબૂર કર્યો તો એજ હુકમ છે જે ઈરાદ પૂર્વક અને મજબૂર કર્યા વગર સોગંદ આપવાનો છે. અર્થાત તોડશે તો કફ્ફારો આપવો પડશે, સોગંદ તોડવું અખત્યારથી હોય કે બીજાના મજબુર કરવાથી, ઈરાદપૂર્વક હોય અથવા ભૂલચૂકથી દરેક સ્વરૂપમાં કફ્ફારો છે બલ્કે જો બેહોશી અથવા ગાંડપણમાં સોગંદ તોડવું થયું તો પણ કફ્ફારો વાજિબ છે. જ્યારે કે હોશમાં સોગંદ ખાધા હોય અને જો બેહોશી અથવા ગાંડપણમાં સોગંદ ખાધા તો સોગંદ નથી કે આકિલ હોવું શરત છે અને તે આકિલ નથી. (તબય્યન)

**મસ્અલા (૭)** : સોગંદ માટે કેટલીક શરતો છે કે જો તે હોય તો કફ્ફારો નથી, સોગંદ ખાનાર મુસલમાન, આકિલ (ગાંડો નહી) બાલિગ હોય, કાફિરની કસમ કસમ નથી અર્થાત જો કુફ્રના સમયમાં સોગંદ ખાધા પછી મુસલમાન થયા તો તે સોગંદ તોડવાથી કફ્ફારો વાજિબ થશે નહી. અને **મઆજ અલ્લાહ** (અલ્લાહની પનાહ) સોગંદ ખાધા પછી મૂરતદ (ધર્મ ભ્રષ્ટ) થઈ ગયો તો

સોગંદ બાતલ થઈ ગયા અર્થાત જો ફરીથી મુસલમાન થયો અને સોગંદ તોડી નાંખ્યા તો કફ્ફારો નથી આઝાદ હોવું શરત નથી અર્થાત ગુલામના સોગંદ, સોગંદ છે તોડવાથી કફ્ફારો વાજિબ થશે પરંતુ કફ્ફારો માલી (આર્થિક) આપી શકતો નથી કે કોઈ વસ્તુનો માલિક જ નથી, હા, રોઝાથી કફ્ફારો અદા કરી શકે છે પરંતુ મૌલા તેને રોઝો રાખવાથી રોકી શકે છે. માટે જો રોઝાની સાથે કફ્ફારો અદા ન કર્યો હોય તો આઝાદ થવા પછી કફ્ફારો આપે (૪) અને સોગંદમાં પણ શરત છે કે તે વસ્તુ જેના સોગંદ ખાધા અકલન શકય હોય અર્થાત થઈ શકતું હોય, જો કે સંભવ હોય અને (૫) એ પણ શરત છે કે તે સોગંદ અને જે વસ્તુના સોગંદ ખાધા બંનેને એક સાથે કહયુ હોય વચ્ચે અંતર હશે તો સોગંદ થશે નહી દા.ત. કાંઈ એ તેને કહેવડાવ્યું કે કહે ખુદાના સોગંદ, તેણે કહયું ખુદાના સોગંદ, તેણે કહયું ફલાણું કામ કરીશ, તેણે કહયું તો આ સોગંદ થયા નહી.

(આલમગીરી, રદદુલ મુહતાર)

**મસ્અલા-(૮)** : અલ્લાહ અઝઝ વ જલ્લના જેટલા નામ છે. તે પૈકી જે નામની સાથે સોગંદ ખાસે સોગંદ થઈ જશે ભલે બોલચાલમાં તે નામની સાથે સોગંદ ખાતા હોય કે નહી. દા.ત. અલ્લાહના સોગંદ, ખુદાના સોગંદ, રહેમાનના સોગંદ, રહીમના સોગંદ, પરવર દિગારના સોગંદ. એવી જ રીતે ખુદાની જે સિફતના સોગંદ ખાવામાં આવતા હોય તેના સોગંદ ખાધા તો સોગંદ થઈ ગયા. દા.ત. ખુદાની ઈઝઝત તથા જલાલ ના સોગંદ, તેની કિબ્રીયાઈ ના સોગંદ, તેની બુઝુર્ગીના સોગંદ અથવા વડાઈના સોગંદ, તેની અઝમતના સોગંદ, તેની કુદરત તથા કુવ્વતના સોગંદ, કુરઆનના સોગંદ, કલામુલ્લાહના સોગંદ. આ શબ્દો થી પણ કસમ (સોગંદ) થઈ જાય છે. હલફ કરૂં છું. કસમ ખાઉ છું. હું શહાદત આપુ છું. ખુદા ગવાહ છે. ખુદા ને ગવાહ બનાવીને કહું છું. મારા પર કસમ છે. લાઈલાહા ઈલ્લલ્લાહ હું આ કામ કરીશ નહીં. જો આમ કરે અથવા કર્યુ હોય તો યહુદી છે કે નસરાની અથવા કાફિર અથવા કાફિરો નો શરીક, મરતી વેળા ઈમાન નસીબ ન થાય. બે ઈમાન મરે. કાફિર થઈને મરે અને આ શબ્દો બહુજ સખત છે કે જો જૂઠા સોગંદ ખાધા અથવા સોગંદ તોડયા તો કેટલીક સૂરતોમાં કાફિર થઈ જશે. જે શખ્સ આ પ્રકારના જૂઠા સોગંદ ખાય તેના સંબંધે હદીસમાં ફરમાવ્યું તે એવો જ છે જેવું તેણે કહ્યું અર્થાત યહુદી થવાના સોગંદ ખાધા તો યહુદી થઈ ગયો. એવી જ રીતે જો કહ્યું ખુદા જાણે છે કે મેં એવું કર્યુ નથી અને તે વાત તેણે જૂઠી કહી છે તો અકસર ઉલ્મા ના નજદીક કાફિર છે.

(આલમગીરી, દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૯)** : આ શબ્દો કસમ નથી જો કે તેમના બોલવાથી ગુનેહગાર થશે. જ્યારે કે પોતાની વાતમાં જૂઠો છે. જો આવું કરૂં તો મારા પર અલ્લાહનો ગઝબ થાય. તેની લાનત પડે. તેનો અઝાબ (કોપ) થાય, ખુદાનો કહેર તુટે. મારા પર આકાશ ફાટી પડે. મને ધરતી ગળી જાય. મારા પર માર પડે. ખુદાનો ફિટકાર થાય. રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની શફાઅત પ્રાપ્ત થાય નહી. મને ખુદાના દીદાર નસીબ ન થાય. મરતી વેળા કલમો નસીબ ન થાય.

**મસ્અલા-(૧૦)** : જે શખ્સ કોઈ વસ્તુને પોતાના ઉપર હરામ કરે. દા.ત. કહે કે ફલાણી વસ્તુ મારા પર હરામ છે તો આવું કહી દેવાથી તે વસ્તુ હરામ થશે નહી. કે અલ્લાહે જે વસ્તુ ને હલાલ કરી તેને કોણ હરામ કરી શકે છે પરંતુ તેના વર્તવાથી કફ્ફારો લાઝિમ થશે. અર્થાત એ પણ કસમ છે.

(તબ્યીન)

**મસ્અલા-(૧૧)** : તારાથી વાત કરવું હરામ છે આ યમીન છે વાત કરશે તો કફ્ફારો લાઝિમ થશે.

(આલમગીરી)

**મસ્અલા-(૧૨)** : જો તે ખાઉં તો સુવ્વર ખાઉં

અથવા મુરદાર ખાઉં. આ કસમ નથી અર્થાત કફ્ફારો લાઝિમ થશે નહી. (મબસૂત)

**મસ્અલા-(૧૩)** : ગેર ખુદાની કસમ કસમ નથી. દા.ત. તમારી કસમ, પોતાની કસમ, તમારા જીવની કસમ, પોતાના જીવની કસમ, તમારા મસ્તકની કસમ, પોતાના મસ્તકની કસમ, આંખોની કસમ, જવાનીની કસમ, માં-બાપ ની કસમ, ઔલાદની કસમ, મઝહબની કસમ, દીન ની કસમ, ઈલ્મની કસમ, કા'બાની કસમ, અર્શે ઈલાહીની કસમ, રસૂલલ્લાહની કસમ.

**મસ્અલા-(૧૪)** : ખુદા તથા રસૂલની કસમ આ કામ કરીશ નહી. આ કસમ નથી જો કહ્યું મે સોગંદ ખાધા છે કે આ કામ કરીશ નહી અને ખરેખર કસમ ખાધી છે તો કસમ છે અને જૂઠ કહ્યું તો કસમ નથી. જૂઠ બોલવાનો ગુનોહ થયો અને જો કહ્યું ખુદાના સોગંદ કે આનાથી વધીને કઈ સોગંદ નથી અથવા તેના થી બુઝુર્ગ કોઈ નામ નથી અથવા તેના થી વધીને કોઈ નથી, હું આ કામને કરીશ નહી. તો આ કસમ થઈ ગઈ અને દરમિયાનનો શબ્દ તફાવત કરનાર ઠેરવવામાં આવશે નહી. (આલમગીરી)

**મસ્અલા-(૧૫)** : જો આ કામ કરૂં તો ખુદાથી મને જેટલી ઉમ્મીદો છે સૌથી નાઉમ્મીદ થાઉં. આ કસમ છે અને તોડવા પર કફ્ફારો લાઝિમ. (આલમગીરી)

**મસ્અલા-(૧૬)** : જો આ કામ કરૂં તો કાફિરો થી બદતર થઈ જાઉં. તો કસમ છે અને જો કહ્યું કે આ કામ કરે તો કાફિરને તેના પર સન્માન થાય. તો આ કસમ નથી. (આલમગીરી)

**મસ્અલા-(૧૭)** : જો કોઈ કામના કેટલાક સોગંદ ખાધા અને તેના વિરૂધ્ધ કર્યુ તો જેટલા સોગંદ છે તેટલાજ કફ્ફારા લાઝિમ થશે. દા.ત. કહ્યું કે **'વલ્લાહ' 'બિલ્લાહ'** હું આ કરીશ નહી. અથવા કહ્યું ખુદાના સોગંદ પરવર દિગાર ના સોગંદ તો આ બે કસમો છે. કોઈ કામ સંબંધે સોગંદ ખાધા કે હું તેને કયારેય કરીશ નહી. પછી ફરીથી બીજીવાર એજ મજલિસમાં સોગંદ ખાઈને કહ્યું કે હું તે કામને કયારેય કરીશ નહી. પછી તે કામ કર્યુ તો બે કફ્ફારા લાઝિમ થશે. (આલમગીરી)

**મસ્અલા-(૧૮)** : વલ્લાહ તેનાથી એક દિવસ કલામ (વાત) કરીશ નહી. ખુદાના સોગંદ તેનાથી મહિના ભર કલામ કરીશ નહી, ખુદાના સોગંદ તેનાથી વર્ષ ભર વાત કરીશ નહી. પછી થોડી વાર પછી વાત કરી તો ત્રણ કફ્ફારા આપે અને એક દિવસ પછી વાત કરી તો બે કફ્ફારા આપે અને મહિના ભર પછી વાત કરી તો એક કફ્ફારો અને વર્ષ ભર પછી વાત કરી તો કાંઈ નથી. સોગંદ ખાધા કે ફલાણી વાત હું કરીશ નહી. ન એક દિવસ ન બે દિવસ તો આ એકજ કસમ છે જેની મુદત બે દિવસ સુધી છે. (આલમગીરી)

**મસ્અલા-(૧૯)** : બીજાના સોગંદ દેવડાવવાથી સોગંદ થતા નથી. દા.ત. કહ્યું : તમને ખુદાના સોગંદ આ કામ કરી દો, તો તેના કહેવાથી તેના પર કસમ પડશે નહી. અર્થાત ન કરવાથી કફ્ફારો લાઝિમ નથી. એક શખ્સ કોઈના પાસે ગયો તેણે ઉઠવા ઈચ્છયું, તેણે કહ્યું ખુદાની કસમ ન ઉઠશો. અને તે ઉભો થઈ ગયો તો તે કસમ ખાવાવાળા ઉપર કફ્ફારો નથી. (આલમગીરી)

**મસ્અલા-(૨૦)** : એકે બીજાને કહ્યું તમે ફલાણાના ઘેર કાલે ગયા હતા. તેણે કહ્યું : હા, ગયો હતો. પછી તે પૂછવાવાળાએ કહ્યું ખુદાની કસમ તમે ગયા હતા. તેણે કહ્યું હા, ગયો હતો. તો તેનું 'હા' કહેવું કસમ છે. એકે બીજાને કહ્યું કે જો તમોએ ફલાણા શખ્સથી વાતચીત કરી તો તમારી ઔરત પર તલાક છે. તેણે જવાબમાં કહ્યું પરંતુ 'તમારી ઈજાઝત થી.' તો તેના કહેવાનો હેતુ એ થયો કે જો તેની ઈજાઝત વગર વાત કરશે તો ઔરત ને તલાક છે. માટે ઈજાઝત વગર વાત કરવાથી ઔરતને તલાક થઈ જશે. (આલમગીરી)

**મસ્અલા-(૨૧)** : એકે બીજાને કહ્યું ખુદાના સોગંદ તમે આ કામ કરશો. જો તેનાથી ખૂદ કસમ ખાવું મુરાદ છે તો કસમ થઈ ગઈ અને જો કસમ ખવડાવવું હેતુ છે અથવા ન પોતે ખાવું હેતુ છે ન ખવડાવવું તો કસમ નથી. અર્થાત જો બીજાએ તે કામને કર્યુ નહી તો કોઈ પર કફફારો નથી.. (આલમગીરી)

**મસ્અલા-(૨૨)** : એકે બીજાને કહ્યું ખુદાના સોગંદ તમારે આ કામ કરવું પડશે. ખુદાની કસમ તમારે આ કામ કરવું પડશે. બીજાએ કહ્યું : હા, જો પહેલા નો હેતુ કસમ ખાવુ છે અને બીજાનો પણ હા કહેવાથી કસમ ખાવું હેતુ છે તો બંને ની કસમ થઈ ગઈ. અને જો પહેલાનો હેતુ કસમ ખવડાવવું છે અને બીજાનો હેતુ 'હા' કહેવાથી કસમ ખાવું નથી બલ્કે વાયદો કરવું છે, તો કોઈની કસમ થઈ નહી. (આલમગીરી)

**મસ્અલા-(૨૩)** : એકે બીજાને કહ્યું ખુદાના સોગંદ હું તમારા ત્યાં દઅવતમાં આવીશ નહી. ત્રીજા એ કહ્યું શું મારા ત્યાં પણ આવશો નહી. તેણે કહ્યું : હા. તો આ 'હા' કહેવુ પણ કસમ છે. અર્થાત ત્રીજાના ત્યાં જવાથી પણ કસમ તુટી જશે. (આલમગીરી)

## કફફારાનું બયાન

અલ્લાહ અઝઝ વ જલ્લ ફરમાવે છે : **"લા યોઆખેઝોકોમુલ્લાહો બિલ્લગ્વે ફી અયમાનેકુમ વલાકિંયોઆખેઝોકુમ બેમા ક-સ-બ-ત કોલૂબોકુમ વલ્લાહો ગફૂરૂન-હલીમ."**

(તરજુમો : અલ્લાહ એવા સોગંદમાં તમારાથી પકડ કરશે નહી જે ગેર સમજથી થઈ જાય. હા, તેમના પર પકડ કરે છે જે તમારા દિલોએ કામ કર્યા અને અલ્લાહ બક્ષનાર અને ઈલ્મવાળો છે.)

અને ફરમાવે છે : **"કદ ફરદલ્લાહો લકુમ તહિલ્લત અયમાનેકુમ વલ્લાહો મૌલાકુમ વહુવલ-અલી મુલ હકીમ."**

(તરજુમો : બેશક અલ્લાહે તમારી કસમોનો કફફારો મુકર્રર કર્યો છે, અને અલ્લાહ તમારો મૌલા છે અને તે ઈલ્મવાળો અને હિકમતવાળો છે.

અને ફરમાવે છે : **"લા યોઆખેઝોકોમુલ્લાહો બિલ્લગ્વે ફી અયમાનેકુમ વલાકિંયો આખેઝોકુમ બેમા અકકદતોમુલઅયમાન ફકફફારતોહુ ઈત્આમો અશરતે મસાકીના મિન અવસતે મા તુત્એમૂના અહલીકુમ અવ કિસ્વતોહુમ અવ તહરીરો રકબતિન ફમનલમ યજિદ ફ-સિયામો સલાસતે ઐયામિન ઝાલિકા કફફારતો અયમાનેકુમ ઈઝા હલફતુમ વહફઝ ઐમાનકુમ કઝાલેકા યોબૈયનુલ્લાહો લકુમ આયાતેહિ લઅલ્લકુમ તશ્કોરૂન."**

(તરજુમો : અલ્લાહ તમારી ગલત ફહમીની કસમો પર તમારા થી પકડ કરતો નથી. હા, તે કસમો પર પકડ કરે છે જેને તમે મજબૂત કરી તો એવી કસમોનો કફફારો (૧૦) દસ મિસ્કીનો (ગરીબો)ને ભોજન આપવું છે. પોતાના ઘરવાળા ઓને જે ખવડાવો છો તેના મધ્ય કક્ષાના માંથી અથવા તેમને કપડું આપવું અથવા એક ગુલામ આઝાદ કરવું અને જે આમાંથી કોઈ વાત પર શક્તિ ધરાવતો ન હોય તે ત્રણ દિવસના રોઝા રાખે આ તમારી કસમો નો કફફારો છે, જ્યારે કસમ ખાવ અને પોતાની કસમોનું રક્ષણ કરો એવી રીતે જ અલ્લાહ પોતાની નિશાનીઓ તમારા માટે બયાન કરે છે કે જેથી તમે શુક્ર કરો.) એ તો સમજાઈ ગયું કે કસમ તોડવાથી કફફારો લાઝિમ થાય છે. હવે એ જાણવાની જરૂરત છે કે કસમ તોડવાનો કફફારો શું છે. અને તેના શું સ્વરૂપો છે. માટે હવે તેના અહકામની તફસીલ સાંભળો.

**મસ્અલા-(૧)** : કસમનો કફફારો ગુલામ આઝાદ કરવો અથવા દસ મિસ્કીનોને ખાણું ખવડાવવું અથવા તેમને કપડાં પહેરાવવું છે. અર્થાત એ અખત્યાર છે કે આ ત્રણે વાતોમાંથી જે ઈચ્છે કરે.

**મસ્અલા-(૨)** : ગુલામ આઝાદ કરવા અથવા ગરીબો ને ખાવા ખવડાવવામાં તે તમામ વાતોની જે કફફારએ ઝિહારમાં મજકૂર થઈ, અહીંયાં પણ રિઆયત કરે. દા.ત. કયા પ્રકારનો ગુલામ આઝાદ

કરવામાં આવે કે કફફારો અદા થાય અને કેવા ગુલામના આઝાદ કરવાથી અદા થશે નહી. અને મસાકીન (ગરીબો)ને બંને ટાઈમ પેટ ભરીને ખવડાવવું પડશે અને જે મિસ્કીનોને સવારના સમયે ખવડાવ્યું તેમનેજ સાંજે પણ ખવડાવે. બીજા (૧૦) દસ મિસ્કીનોને ખવડાવવાથી અદા થશે નહી. અને એમ થઈ શકે છે કે દસે ને એકજ દિવસે ખવડાવી દે અથવા દર રોજ એક એક ને અથવા એકને જ દસ દિવસ સુધી બંને સમય ખવડાવે. અને મિસ્કીનો જેમને ખવડાવ્યુ તેમાં કોઈ બાળક ન હોય અને ખવડાવવામાં અબાહત તથા તમલીક (માલીક બનાવી દેવું) બંને સૂરતો થઈ શકે છે. અને એમ પણ થઈ શકે છે કે, ખવડાવવાના બદલે દરેક મિસ્કીન ને અર્ધો સાઅ ઘઉં અથવા એક સાઅ જવ અથવા તેમની કીમત નો મલિક બનાવી દે. અથવા દસ દિવસ સુધી એકજ મિસ્કીનને દરરોજ સદકએ ફિત્ર જેટલું આપી દે. અથવા કેટલાકને ખવડાવે અને કેટલાકને આપી દે. તાત્પર્ય તેના તમામ સ્વરૂપો ત્યાંથી જ જાણીલો. તફાવત એટલો છે કે ત્યાં ૬૦ મિસ્કીન હતા અહીંયાં દસ છે.

**મસ્અલા-(૩)** : કપડાંથી તે કપડું ભાવાર્થ છે જે બહુધા શરીર ને ઢાંકી શકે અને તે કપડું એવું હોય જેને મધ્યમ દરજ્જાના લોકો પહેરતા હોય અને ત્રણ મહિના કરતા અધિક સમય સુધી પહેરી શકાય. માટે એટલું કપડું છે જે બહુધા શરીરને ઢાંકવા માટે પુરતુ નથી. દા.ત. કેવળ પાજામો અથવા ટોપી અથવા નાનુ ખમીશ, એવી જ રીતે એવું હલકું કપડું આપવું જેને મધ્યમ કક્ષાના લોકો પહેરતા ન હોય, અપુરતુ છે. એવીજ રીતે એવું કમજોર કપડું આપવું જે ત્રણ મહીના સુધી ઉપયોગમાં લઈ શકાતુ ન હોય, જાઈઝ નથી.

(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૪)** : કપડાની જે માત્રા હોવી જોઈએ તેનું અર્ધુ આપ્યું અને તેની કીમત અર્ધા સાઅ ઘઉં અથવા એક સાઅ જવ બરાબર છે તો જાયઝ છે. એવી જ રીતે એક કપડું દસ મિસ્કીનો ને આપ્યું તો જે વહેંચાઈને દરેકને એટલું મળે કે જેની કીમત સદકએ ફિત્રના બરાબર છે તો જાયઝ છે. એવી જ રીતે જો મિસ્કીન ને પાઘડી આપી અને તે કપડું એટલું છે જેની માત્રા મજકૂર થઈ અથવા તેની કીમત સદકએ ફિત્રની બરાબર છે તો જાયઝ છે. નહી તો નથી. (મબસૂત વિગેરે)

**મસ્અલા-(૫)** : નવું કપડું હોવું જરૂરી નથી. જુનું પણ આપી શકાય છે જ્યારે કે ત્રણ મહિના કરતા વધારે ઉપયોગ કરી શકાતું હોય અને નવું હોય પરંતુ કમજોર હોય તો જાયઝ નથી.

(રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૬)** : ઔરતોને જો કપડું આપ્યું તો માથા પર બાંધવાનો રૂમાલ અથવા દુપટ્ટો પણ આપવો પડશે. કેમકે તેણીએ **માથું ઢાંકવું ફરજ છે.**

(રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૭)** : પાંચ મિસ્કીનોને ખાણું ખવડાવ્યું અને પાંચને કપડાં આપ્યા. જે ખાણું કપડાથી સસ્તુ છે અર્થાત દરેક મિસ્કીન નું કપડું એક ભોજન થી અધિક અથવા બરાબરનું છે તો જાયઝ છે. અર્થાત આ કપડાં પાંચ આહારના પ્રતિનિધિ થઈ ને કુલ ભોજન આપવું ઠરશે. અને જો કપડું ભોજનથી સસ્તુ છે તો જાયઝ નથી. પરતું જ્યારે કે ભોજનના મિસ્કીનોને માલિક બનાવી દીધા હોય તો તે પણ જાયઝ છે અર્થાત આ ભોજન પાંચ મિસ્કીનોના કપડાં બરાબર થયા તો તેણે દસે ને કપડાં આપ્યા.

(રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૮)** : જો એક મિસ્કીન ને દસે કપડાં એક દિવસમાં એક સાથે અથવા જુદી જુદી રીતે આપી દીધા તો કફફારો અદા થયો નહી. અને દસ દિવસમાં આપ્યાં અર્થાત દરરોજ એક કપડું તો થઈ ગયો. (મબસૂત)

**મસ્અલા-(૯)** : મિસ્કીનને કપડું અથવા અનાજ અથવા કીમત આપી. પછી તે મિસ્કીન મરી ગયો અને તેના પાસે તે વસ્તુ વારસ તરીકે પહોંચી

અથવા તેણે તેને બક્ષીસ કરી દીધી અથવા તેણે તેનાથી તે વસ્તુ ખરીદી લીધી તો આ સઘળા સ્વરૂપોમાં કફફારો સહીહ થઈ ગયો. (આલમગીરી)

**મસ્અલા-(૧૦)** : પાંચ સાઅ ઘઉં દસ મિસ્કીનોને સમક્ષ મુકી દીધા અને તેમણે લૂટી લીધા તો કેવળ એક મિસ્કીનને આપવું ઠરશે. (આલમગીરી)

**મસ્અલા-(૧૧)** : કફફારો અદા થવા માટે નિય્યત શરત છે. વગર નિય્યતે અદા થશે નહી. હા જો તે વસ્તુ જે મિસ્કીનોને આપી અને આપતી વખતે નિય્યત કરી નહી, પરંતુ તે વસ્તુ હજુ મિસ્કીનની પાસે મોજૂદ છે અને હવે નિય્યત કરી લીધી તો અદા થઈ ગયો. જેવું કે ઝકાતમાં ફકીરને આપવા પછી નિય્યયત કરવામાં એજ શરત છે કે હજુ તે વસ્તુ ફકીરના પાસે બાકી હોય તો નિય્યત કામ કરશે નહી તો નહી. (તહતાવી)

**મસ્અલા-(૧૨)** : જો કોઈ કફફારામાં ગુલામ પણ આઝાદ કર્યો અને મિસ્કીનો ને ભોજન પણ કરાવ્યું અને કપડા પણ આપ્યા, ભલે એક જ સમય માં આ સઘળા કામ થયા અથવા આગળ-પાછળ તો જેની કીમત વધારે છે તે કફફારો ઠરશે અને જો કફફારો આપ્યો જ નથી તો કેવળ તેનો મુવાખિજો થશે. જે ઓછી કીમતનો છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૩)** : ઘઉં, જવ, ખુરમા (સુકી ખજૂર) મુનક્કા (સુકી દ્રાક્ષ) ઉપરાંત જો કોઈ બીજું અનાજ આપવા ઈચ્છે તો અર્ધો સાઅ ઘઉં અથવા એક સાઅ જવની કીમતનું હોવું જરૂરી છે. તેમાં અર્ધો સાઅ અથવા એક સાઅ હોવાનો એતબાર નથી. (જવહરહ)

**મસ્અલા-(૧૪)** : રમઝાનમાં જો કફફારાનું ખાણું ખવડાવવા ઈચ્છે તો સાંજે અને સહેરી બંને સમયે ખવડાવે અથવા એક મિસ્કીન ને ૨૦ દિવસ સુધી સાંજનું ખાણું ખવડાવે. (જવહરહ)

**મસ્અલા-(૧૫)** : જો ગુલામ આઝાદ કરવા અથવા દસ મિસ્કીનોને ખાણું અથવા કપડાં આપવા પર શક્તિમાન ન હોય તો સતત ત્રણ રોઝા રાખે. (આમ્મ કુતુબ)

**મસ્અલા-(૧૬)** : આજિઝ થવું તે સમયનું વિશ્વાસ પાત્ર છે જ્યારે કફફારો અદા કરવા ચાહે છે. દા.ત. જે સમયે સોગંદ (કસમ) તોડ્યા હતા તે સમયે માલદાર હતો પરંતુ કફફારો અદા કરવાના સમયે મોહતાજ છે, તો રોઝા થી કફફારો અદા કરી શકે છે. અને જો તોડતા સમયે મુફલીસ હતો અને હવે માલદાર છે તો રોઝાથી અદા કરી શકતો નથી. (જવહરહ વિગેરે)

**મસ્અલા-(૧૭)** : પોતાનો તમામ માલબક્ષીસ કરી દીધો અને કબજો પણ આપી દીધો, તે પછી કફફારા ના રોઝા રાખે પછી બક્ષીસથી રજૂઅ કર્યુ તો કફફારો અદા થઈ ગયો. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૮)** : જ્યારે ગુલામ પોતાની મિલ્કમાં છે અથવા એટલો માલ ધરાવે છે કે મિસ્કીનોને ભોજન અથવા કપડાં આપી શકે જોકે પોતે કરજદાર અથવા દેવાદાર હોય તો આજિઝ (વિવશ) નથી. અર્થાત એવી હાલતમાં રોઝાથી કફફારો અદા થશે નહી. હા, જો કરજ અને દેણ અદા કરવા પછી કફફારાના રોઝા રાખે તો થઈ જશે. અને **'મબસૂત'**માં ઈમામ સરખસી રહમતુલ્લાહ અલયહે ફરમાવ્યું કે, જો કુલ માલ દેણ (દેવા) મા ડુબેલો હોય તો દેણ અદા કરવાથી પહેલા પણ રોઝાથી કફફારો અદા કરી શકે છે. અને જો ગુલામ માલીકી પણામાં છે પરંતુ તેની હાજત છે તો રોઝા થી કફફારો અદા થશે નહી. (જવહરહ)

**મસ્અલા-(૧૯)** : એક સાથે ત્રણે ત્રણ રોઝા રાખ્યા નહી, અર્થાત વચ્ચે અંતર કરી દીધુ તો કફફારો અદા થયો નહી. જો કે કોઈ મજબૂરી ના કારણે છુટી ગયો હોય ત્યાં સુધી કે ઔરતને હૈઝ આવી ગયૂ તો પહેલાના રોઝાનો એતબાર થશે નહી. અર્થાત હવે પાક થવા પછી લગાતાર ત્રણ રોઝા રાખે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૨૦)** : રોઝાઓથી કફ્ફારો અદા થવા માટે એ પણ શરત છે કે ખતમ (પુરા) થવા સુધી માલ પર શક્તિ ન હોય. અર્થાત દા.ત. જો બે રોઝા રાખવા પછી એટલો માલ મળી ગયો કે, કફ્ફારો અદા કરે તો હવે રોઝાઓથી થઈ શકતો નથી. બલ્કે જો ત્રીજો રોઝો પણ રાખી લીધો છે અને સૂર્યાસ્ત પહેલા માલ પર શક્તિમાન થઈ ગયો તો રોઝા અપુરતા છે. જો કે માલ પર શક્તિમાન થવું એવી રીતે થયું કે તેના મુરસ (જેનો વારસો હોય તે) નો ઈન્તેકાલ થઈ ગયો અને તેને તરકો એટલો મળશે જે કફ્ફારા માટે કાફી છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૨૧)** : કફ્ફારાનો રોઝો રાખ્યો હતો અને ઈફતારીથી પહેલા માલ પર શક્તિમાન થઈ ગયો તો તે રોઝા ને પુરો કરવું જરૂરી નથી. હા. પુરો કરવું બહેતર છે અને તોડી નાખે તો કઝા જરૂરી નથી. (જવહરહ)

**મસ્અલા-(૨૨)** : પોતાની માલિકીમાં માલ હતો પરંતુ તેને ખબર નથી અથવા ભૂલી ગયો છે અને કફ્ફારામાં રોઝા રાખ્યા, પાછળથી યાદ આવ્યું તો કફ્ફારો અદા થયો નહી. એવી જ રીતે જો મુરસ (પૂર્વજ) મરી ગયો અને તેને તેના મરવાની ખબર નથી અને કફ્ફારામાં રોઝા રાખ્યા, પછી તેને તેના મૃત્યુની ખબર પડી તો કફ્ફારો માલથી અદા કરે. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૨૩)** : તેના પાસે પોતે અત્યારે માલ નથી પરંતુ તેનું બીજાઓ પર દેણ છે તો જો વસૂલ કરી શકે છે તો વસૂલ કરીને કફ્ફારો અદા કરે. રોઝા ના કાફી છે. એવી રીતે જો ઔરત ના પાસે માલ નથી પરંતુ પતિ પર મહેરનું દેણ બાકી છે અને ,પતિ મહેરનું દેણ આપવા પર શક્તિમાન છે અર્થાત જો ઔરત લેવા ઈચ્છે તો લઈ શકે છે તો રોઝાઓથી કફ્ફારો અદા થશે નહી અને જો તેની માલિકીમાં માલ છે પરંતુ ગાયબ છે, અહીયા મોજૂદ નથી તો રોઝાઓથી કફ્ફારો થઈ શકે છે. (આલમગીરી)

**મસ્અલા-(૨૪)** : ઔરત માલથી કફ્ફારો અદા કરવાથી વિવશ હોય અને રોઝા રાખવા ઈચ્છતી હોય તો પતિ તેને રોઝો રાખવાથી રોકી શકે છે. (જવહરહ)

**મસ્અલા-(૨૫)** : તે રોઝાઓમાં રાતથી નિય્યત શરત છે,અને એ પણ જરૂરી છે કે કફ્ફારાની નિય્યતથી હોય, સર્વથા રોઝાની નિય્યત કાફી નથી. (મબસૂત)

**મસ્અલા-(૨૬)** : કસમના બે કફ્ફારા તેના માથે હતા તેણે છ રોઝા રાખી લીધા અને તે નિશ્ચિત ન કર્યુ કે આ ત્રણ ફલાણાંના છે અને આ ત્રણ ફલાણાંના તે બંને કફ્ફારામાં દરેક મિસ્કીનને બે ફિતરા બરાબર આપ્યું અથવા બે કપડાં આપ્યા તો એક જ કફ્ફારો અદા થયો. (મબસૂત)

**મસ્અલા-(૨૭)** : તેના માથે બે કફ્ફારા હતા અને ફકત એક કફ્ફારામાં ભોજન ખવડાવી શકે છે. તેણે પહેલા ત્રણ રોઝા રાખી લીધા પછી બીજા કફ્ફારા માટે ખાણું ખવડાવ્યું તો રોઝા ફરીથી રાખે કે ખવડાવવા પર શક્તિમાન હતો. તે સમયે રોઝાથી કફ્ફારે અદા કરવું જાયઝ ન હતું. (મબસૂત)

**મસ્અલા-(૨૮)** : બે કફ્ફારા હતા એક ના માટે ખાણું ખવડાવ્યું અને એક ના માટે કપડાં આપ્યા અને નિશ્ચિત ન કર્યુ તો બંને અદા થઈ ગયા. (મબસૂત)

**મસ્અલા-(૨૯)** : પાંચ મિસ્કીન ને ખાણું ખવડાવ્યું હવે પોતે ફકીર(નિર્ધન) થઈ ગયો કે બાકીના પાંચ ને ખવડાવી શકતો નથી તો એ જ ત્રણ રોઝા રાખી લે. (આલમગીરી)

**મસ્અલા-(૩૦)** : તેના માથે કસમનો કફ્ફારો છે અને મોહતાજ છે કે ન ભોજન આપી શકે છે ન કપડું અને તે શખસ એટલો વૃધ્ધ છે કે ન હવે રોઝો રાખી શકે છે ન ભવિષ્યમાં રોઝો રાખવાની આશા છે તો જો કોઈ ઈચ્છે કે તેના તરફથી **દસ મિસ્કીનો** ને ભોજન ખવડાવી દે અર્થાત તેની ઈજાઝતથી કફ્ફારો અદા થઈ જશે. એમ નથી થઈ શકતુ કે

તેના માથે કેમ કે ત્રણ રોઝ હતા તો દરેક રોઝાના બદલામાં એક મિસ્કીન ને ખાણું ખવડાવે. (આલમગીરી)

**મસ્અલા-(૩૧)** : મરી જવાથી કસમનો કફફારો સાકિત થશે નહી. અર્થાત તેના પર લાઝિમ છે કે, વસીયત કરી જાય અને ત્રીજા ભાગના માલથી કફફારો અદા કરવું વારસદાર પર લાઝિમ થશે. અને તેણે પોતે વસીયત કરી નહી અને વારસદારો આપવા ઈચ્છે તો આપી શકે છે. (આલમગીરી)

**મસ્અલા-(૩૨)** : કસમ તોડવાથી પહેલા કફફારો નથી અને આપ્યો તો અદા થયો નહી અર્થાત જો કફફારો આપવા પછી કસમ તોડી તો હવે ફરીથી આપે કે જે પહેલા આપ્યું છે તે કફફારો નથી, પરંતુ ફકીર પાસેથી આપેલું પાછું લઈ શકતો નથી. (આલમગીરી)

**મસ્અલા-(૩૩)** : કફફારો એજ મિસ્કીનોને આપી શકે છે જેમને ઝકાત આપી શકે , અર્થાત પોતાના બાપ, માં, ઔલાદ વિગેરે જે કે જેમને ઝકાત આપી શકતો નથી, કફફારો પણ આપી શકતો નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૩૪)** : કસમના કફફારાની કીમત મસ્જિદમાં ખરચ કરી શકતો નથી. ન મુર્દાના કફનમાં લગાવી શકે છે. અર્થાત જ્યાં જ્યાં ઝકાત ખરચ કરી શકતો નથી ત્યાં કફફારાની કીમત આપી શકતો નથી. (આલમગીરી)

## મન્નતનું બયાન

અલ્લાહ તઆલા ફરમાવે છે :**"વમા અન્ફકતુમ મિન ન-ફ-કતિન અવ નઝરતુમ મિન નઝરિન ફઈન્નલ્લાહા યઅલ્મોહુ વમા લિઝ્ઝાલેમીના મિન અન્સાર."**

(તરજુમો : જે કાંઈ તમે ખરચ કરો અથવા મન્નત માનો અલ્લાહ તેને જાણે છે અને ઝાલિમોનો કોઈ મદદગાર નથી.)

અને ફરમાવે છે : **"યૂફૂના બિન્નઝરે વયખાફૂના યૌમેન કાના શર્રોહુ મુસ્તતીરા."**

(તરજુમો : નેક લોકો તે છે જે પોતાની મન્નત પૂરી કરે છે અને તે દિવસથી ડરે છે જેની બુરાઈ પ્રસરેલી છે.)

**હદીસ-(૧)** : ઈમામ બુખારી તથા ઈમામ અહમદ તથા હાકિમ ઉમ્મુલ મોઅમિનીન સિદ્દીકા રદિયલ્લાહો અન્હા થી રિવાયત કરે છે. **રસૂલુલ્લાહ** સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું: જે (શખ્સ) એ મન્નત માને કે અલ્લાહની ઈતાઅત કરશે તો તેની ઈતાઅત કરે અર્થાત તે મન્નત પૂરી કરે અને જે તેની ના ફરમાની કરવાની મન્નત માને તો તેની નાફરમાની કરે નહી અર્થાત મન્નત પુરી કરે નહી.

**હદીસ-(૨)** : સહીહ મુસ્લિમ શરીફમાં ઈમરાન બિન હસીન રદિયલ્લાહો અન્હો થી રિવાયત છે કે હુઝુરે ફરમાવ્યું : તે મન્નત ને પુરી ન કરે જે અલ્લાહની નફરમાની સંબંધે હોય અને ન તેને જેનો બંદો માલિક નથી.

**હદીસ-(૩)** : અબૂ દાઉદ સાબીત બિન દહહાક રદિયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે, એક શખ્સે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ના જમાનામાં મન્નત માની હતી કે, **'બવ્વાના'**માં એક ઉંટની કુરબાની કરશે. હુઝૂરની ખિદમતમાં હાજર થઈને તેણે પુછયું, આપે ફરમાવ્યું : શું ત્યાં ઈસ્લામના આગમન પૂર્વની મૂર્તિઓમાંથી કોઈ મૂર્તિ છે જેની પૂજા કરવામાં આવતી હોય ? લોકોએ અરજ કરી, નહી. આપે ફરમાવ્યું : શું ત્યાં જાહીલીયત ની ઈદોમાંથી કોઈ ઈદ છે ? લોકો એ અરજ કરી, નહી. આપે ફરમાવયું : પોતાની મન્નત પૂરી કર. એટલા માટે કે ગુનાહોના સંબંધે જે મન્નત છે તેને પુરી કરવામાં આવે નહી અને ન તે મન્નત જેનો ઈન્સાન માલિક નથી (તે પણ પુરી કરવામાં આવે નહી).

**હદીસ-(૪)** : નિસાઈએ ઈમરાન બિન હસીન રદિયલ્લાહો અન્હો થી રિવાયત કરી, કહે છે મેં અલ્લાહના રસૂલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ને ફરમાવતા સાંભળ્યા છે કે મન્નત ના બે પ્રકાર

છે. જેણે ઈતાઅતની મન્નત માની તે અલ્લાહ માટે છે અને તેને પુરી કરવામાં આવે અને જેણે ગુનોહ કરવાની મન્નત માની તે **શયતાન**ના કારણે છે અને તેને પુરી કવામાં આવે નહી.

**હદીસ-(૫)** : સહીહ બુખારી શરીફમાં અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદિયલ્લાહો અન્હોમાથી રિવાયત છે કે હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ખુતબો ફરમાવતા હતા (સંબોધન કરી રહ્યા હતા) કે એક શખ્સને ઉભેલો જોયો. તેના સંબંધે પૂછયું, લોકોએ અરજ કરી તે અબૂ ઈસરાઈલ છે. તેણે મન્નત માની છે કે ઉભો રહેશે, બેસસે નહી અને પોતાના ઉપર છાંયડો કરશે નહી અને વાત કરશે નહી અને રોઝો રાખશે. આપે ફરમાવ્યું કે તેને હુકમ કરી દો કે વાત કરે અને છાંયડામાં જાય અને બેસે અને પોતાના રોઝાને પુરો કરે.

**હદીસ-(૬)** : અબૂ દાઉદ તથા તિરમિઝી તથા નિસાઈ ઉમ્મુલ મોઅમિનીન સિદીકા રદિયલ્લાહો અન્હા થી રિવાયત કરે છે કે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે, ગુનાહની મન્નત નથી (અર્થાત તેનું પુરૂ કરવું નથી) અને તેનો કફફારો એજ છે જે કસમ નો કફફારો હતો.

**હદીસ-(૭)** : અબૂ દાઉદ તથા ઈબ્ને માજા અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદિયલ્લાહો અન્હોમાથી રાવી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું : જેણે કોઈ મન્નત માની અને તેનો ઉલ્લેખ કર્યો નહી (અર્થાત ફકત એટલું કહ્યું કે મારા પર નઝર (મન્નત) છે અને કોઈ વસ્તુને નિશ્ચિત ન કર્યુ દા.ત. એ ન કહ્યું આટલા રોઝા રખીશ અથવા આટલી નમાઝ પઢીશ અથવા આટલા ફકીર ખવડાવીશ વિગેરે વિગેરે તો તેનો કફફારો કસમનો કફફારો છે. અને જેણે ગુનાહની મન્નત માની તો તેનો કફફારો છે. અને જેણે એવી મન્નત માની જેની તાકાત ધરાવતો નથી તો તેનો કફફારો કસમનો કફફારો જ છે અને જેણે એવી મન્નત માની જેની તાકાત ધરાવે છે તો તેને પુરી કરે.

**હદીસ-(૮)** : સિહાહ સિત્તામાં ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહો અન્હો થી મરવી છે કે **સઅદ બિન** આબાદહ રદિયલ્લાહો અન્હોએ નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ને ફતવો પૂછયો કે તેમની માંના માથે મન્નત હતી અને પુરી કરવાથી પહેલા તેમનો ઈન્તેકાલ થઈ ગયો. હુઝુરે ફતવો આપ્યો કે તેઓ તેને પુરી કરે.

**હદીસ-(૯)** : અબૂ દાઉદ તથા દારોમી જાબિર બિન અબ્દુલ્લાહ રદિયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે એક શખ્સે મક્કાના વિજયના દિવસે હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ખિદમતમાં હાજર થઈને અરજ કરી યા રસૂલુલ્લાહ! મેં મન્નત માની હતી કે, જો અલ્લાહ તઆલા આપના માટે મક્કાને ફતેહ કરશે તો હું **બયતુલ મુકદસ**માં બે રકઅત નમાઝ પઢીશ. આપે ફરમાવ્યું કે અહીંજ પઢીલો. ફરીથી તેણે એજ સવાલ પૂછયો. આપે ફરમાવ્યું કે અહીંયા જ પઢી લો. ફરી સવાલનુ પુનરાવર્તન કર્યુ. હુઝૂરે જવાબ આપ્યો હવે તમે જે ઈચ્છો કરો.

**હદીસ-(૧૦)** : અબૂ દાઉદ ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહો અન્હોમા થી રિવાયત કરે છે કે ઉકબા બિન આમિર રદિયલ્લાહો અન્હોના બહેને મન્નત માની હતી કે પયદલ (પગપાળા) હજ્જ કરશે અને તેનામાં એટલી તાકાત ન હતી. હુઝૂરે ફરમાવ્યું કે, **તારી બહેન ની તકલીફથી અલ્લાહને શું ફાયદો છે. તેણી સવારી પર હજ કરે અને કસમનો કફફારો આપી દે.**

**હદીસ-(૧૧)** : રઝીને મોહમ્મદ બિન મુનતશિરથી રિવાયત કરી કે એક શખ્સે એ મન્નત માની હતી કે જો ખુદાએ દુશ્મનથી નજાત (મુક્તિ) આપી તો હું પોતાને કુરબાન કરી દઈશ. આ સવાલ હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદિયલ્લાહો અન્હોમા પાસે રજુ થયો, તેમણે ફરમાવ્યું કે **મસરૂક** (આપના શાગિર્દ છે) થી પુછો. મસરૂકને પુછયું

તો એ જવાબ આપ્યો કે, **પોતાને ઝુબહ ન કર,** એટલા માટે કે જો તુ મોમિન છે તો મોમિનનું કતલ કરવું લાઝિમ આવશે અને જો કાફિર છે તો જહન્નમમાં જવા માટે ઉતાવળ કેમ કરે છે ? એક ઘેટું ખરીદીને જુબ્હ કરી ને મિસ્કીનો ને આપી દે.

## ફિકહી મસાઈલ

મન્નત ના કેટલાક સ્વરૂપોમાં પણ કફ્ફારો થાય છે એટલા માટે તેનો અહીંયા ઉલ્લેખ કરવામાં આવે છે. તે પછી કસમ ના બાકી સ્વરૂપો બયાન કરવામાં આવશે અને તે બયાનમાં જ્યાં કફ્ફારો કહેવામાં આવશે તેનાથી એજ કફ્ફારો મુરાદ છે જે કસમ તોડવામાં હોય છે. રોઝાના બયાનમાં અમોએ મન્નત ની શરતો લખી દીધી છે. તે શરતોને ત્યાં થી જાણી લો.

**મસ્અલા-(૧) :** મન્નત ના બે સ્વરૂપો છે એક એ કે તેના કરવા ને કોઈ વસ્તુના હોવા પર આધારિત રાખે. દા.ત. મારૂ ફલાણું કામ થઈ જાય તો હું રોઝો રાખીશ અથવા ખૈરાત કરીશ. બીજું એ કે એવું ન થાય દા.ત. મારા પર અલ્લાહ માટે આટલા રોઝા રાખવું છે. અથવા મેં આટલા રોઝાની મન્નત માની. પ્રથમ સ્વરૂપ અર્થાત જેમાં કોઈ વસ્તુના હોવા પર તે કામને આધારિત કર્યુ હોય તેના બે સ્વરૂપો છે. જો એવી વસ્તુ પર આધારિત કર્યુ કે તેના હોવાની ઈચ્છા છે. દા.ત. જો મારો છોકરો તંદુરસ્ત થઈ જાય અથવા પરદેશ થી આવી જાય અથવા હું રોજીએ લાગી જાઉ તો આટલા રોઝા રાખીશ. અથવા આટલી ખૈરાત કરીશ. એવા સ્વરૂપમાં જ્યારે શરત જોવામાં આવી અર્થાત બીમાર સારો થઈ ગયો, અથવા છોકરો પરદેશથી આવી ગયો અથવા રોજી મળી ગઈ તો એટલા રોઝા રાખવું અથવા ખૈરાત કરવું જરૂરી છે. એમ નથી થઈ શકતુ કે આ કામ ન કરે અને તેના બદલા માં કફ્ફારો આપી દે અને જો એવી શરત પર આધારિત કર્યુ જેનું થવું ઈચ્છતો નથી. દા.ત. જો હું તમારાથી વાત કરૂં અથવા તમારા ઘેર આવું તો મારા પર આટલા રોઝા છે કે તેનો હેતુ છે કે હું તમારા ત્યાં આવીશ નહી. તમારાથી વાત કરીશ નહી, આવા સ્વરૂપમાં જો શરત જોવામાં આવી અર્થાત ત્યાં ગયો અથવા તેનાથી વાત કરી તો અખત્યાર છે કે જેટલા રોઝા કહ્યાં હતા તે રાખી લે અથવા કફ્ફારો આપે.

(દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૨) :** મન્નતમાં એવી શરતનો ઉલ્લેખ કર્યો જેનું કરવું ગુનોહ છે અને તે શખ્સ બદકાર છે, જેનાથી સમજાય છે કે તેનો વિચાર તે ગુનોહ કરવાનો છે અને પછી તે ગુનોહ કરી લીધો તો મન્નત ને પુરૂં કરવું જરૂરી છે અને તે શખ્સ નેકબખ્ત (સદાચારી) છે જેનાથી માલુમ પડે છે કે આ મન્નત તે ગુનાહથી બચવા માટે છે પરંતુ તે ગુનોહ તેનાથી થઈ ગયો તો અખત્યાર છે કે મન્નત પૂરી કરે અથવા કફ્ફારો આપે. (રદદુલ મુહતાર)

**મસ્અલા-(૩) :** જે મન્નતમાં શરત હોય તેનો હુકમ તો જાણી લીધો કે એક સૂરતમાં મન્નત પુરી કરવું છે અને એક સૂરતમાં અખત્યાર છે કે મન્નત પુરી કરે અથવા કફ્ફારો આપે અને જો શરતનો ઉલ્લેખ ન હોય તો મન્નત પુરી કરવું જરૂરી છે. હજ અથવા ઉમરા અથવા રોઝા અથવા નમાઝ અથવા ખૈરાત અથવા એતેકાફ જેની મન્નત માની હોય તે કરે. (આલમગીરી)

**મસ્અલા-(૪) :** મન્નતમાં જો કોઈ વસ્તુ ને નિશ્ચિત ન કરી. દા.ત. કહ્યું જો મારૂ આ કામ થઈ જશે તો મારા પર મન્નત છે. એમ નથી કહ્યું કે નમાઝ અથવા રોઝા અથવા હજ્જ વિગેરે તો જો દિલમાં કોઈ વસ્તુને નિશ્ચિત કરી હોય તો જે નિય્યત કરી તે કરે અને જો દિલમાં પણ કાંઈ મુકર્રર ન કર્યુ તો કફ્ફારો આપે. (બહર)

**મસ્અલા-(૫) :** મન્નત માની અને જીભથી મન્નતને નિશ્ચિત ન કરી પરંતુ દિલમાં રોઝાનો ઈરાદો કર્યો છે તો જેટલા રોઝાઓનો ઈરાદો છે એટલા રાખી લે અને જો રોઝાનો ઈરાદો છે પરંતુ

એ મુકર્રર કર્યુ નથી કે કેટલા રોઝા, તો ત્રણ રોઝા રાખે. અને જો સદકાની નિય્યત કરી અને મુકર્રર કર્યુ નહી તો દસ મિસ્કીનોને ફિત્રના સદકા જેટલું આપે. એવી જ રીતે જો ફકીરોને ખવડાવવાની મન્નત માની તો જેટલા ફકીર ખવડાવવાની નિય્યત હતી એટલાને ખવડાવે અને સંખ્યા તે વખતે દિલમાં પણ ન હોય તો દસ ફકીર ખવડાવે અને બંને ટાઈમ ખવડાવવાની નિય્યત હતી તો બન્ને ટાઈમ ખવડાવે અને એક ટાઈમનો ઈરાદો છે તો એક ટાઈમ અને કાંઈ ઈરાદો ન હોય તો બંને સમય ખવડાવે અથવા સદકએ ફિત્રની માત્રામાં તેમને આપે. અને ફકીર ખવડાવવાની મન્નત માની તો એક ફકીરને ખવડાવે અથવા ફિત્રાની માત્રામાં આપી દે. (બહર, આલમગીરી વિગેરે)

**મસ્અલા-(૬)** : મન્નત માની કે જો બીમાર સારો થઈ જાય તો હું તે લોકોને ખાણું ખવડાવીશ અને તે લોકો માલદાર હોય તો મન્નત સહીહ નથી. અર્થાત તેનું પુરૂ કરવું તેના પર જરૂરી નથી. (બહર)

**મસ્અલા-(૭)** : નમાઝ પઢવાની મન્નત માની અને રકઅતો નિશ્ચિત કરી નહી તો બે રકઅત પઢવું જરૂરી છે અને એક અથવા અર્ધી રકઅતની મન્નત માની તો પણ બે પઢવી જરૂરી છે. ત્રણ રકઅતની મન્નત છે ચાર પઢે અને પાંચ ની છે તો છ પઢે. (આલમગીરી)

**મસ્અલા-(૮)** : બે વુઝૂ નમાઝ પઢવાની મન્નત માની તો સહીહ થઈ નહી અને કિરઅત વગર અથવા નગ્ન હાલતમાં નમાઝ પઢવાની મન્નત માની તો મન્નત સહીહ છે તો કિરઅતની સાથે અને કપડું પહેરીને નમાઝ પઢે. (આલમગીરી)

**મસ્અલા-(૯)** : આઠ રકઅત ઝોહરની મન્નત માની તો આઠ વાજિબ થશે નહી, બલ્કે ચાર જ પઢવી પડશે અને જો એમ કહ્યું કે મને અલ્લાહ તઆલા ૨૦૦ રૂપિયા આપે દે તો મારા પર તેમના દસ રૂપિયાની ઝકાત છે તો દસ રૂપિયા ઝકાતના ફરજ થશે નહી, બલ્કે એજ પાંચ જ ફરજ રહેશે. (આલમગીરી)

**મસ્અલા-(૧૦)** : ૧૦૦ રૂપિયા ખૈરાત કરવાની મન્નત માની અને તેની પાસે તે સમયે તેટલા રૂપિયા નથી તો જેટલા છે એટલા નીજ ખૈરાત વાજિબ છે. હા, જો તેની પાસે સાધન સામગ્રી છે કે વેચે તો ૧૦૦ રૂપિયા થઈ જશે તો ૧૦૦ની ખૈરાત જરૂરી છે અને સામાન વેચવાથી પણ ૧૦૦ રૂપિયા થશે નહી તો જે કાંઈ નકદ છે તે અને તમામ સામાનની જે કીમત થાય તે સઘળું ખૈરાત કરી દે. મન્નત પુરી થઈ ગઈ અને જો તેની પાસે કાંઈ ન હોય તો કાંઈ વાજિબ નથી. (આલમગીરી)

**મસ્અલા-(૧૧)** : એ મન્નત માની કે જુમ્આના દિવસે આટલા રૂપિયા ફલાણા ફકીરને ખૈરાત આપશે અને જુમેરાતે જ ખૈરાત કરી અથવા તેના સિવાય બીજા ફકીરને આપી દિધા, મન્નત પુરી થઈ ગઈ. અર્થાત ખાસ એ જ ફકીરને આપવું જરૂરી નથી. ન જુમ્આના દિવસે આપવું જરૂરી, એવી જ રીતે જો મક્કા મોઅઝઝમા અથવા મદીના તૈયબાહ ના ફકીરો પર ખૈરાત કરવાની મન્નત માની તો ત્યાં જ ફકીરો ને આપવું જરૂરી નથી બલ્કે અહીંયા ખૈરાત કરી દેવા થીં પણ મન્નત પૂરી થઈ જશે. એવીજ રીતે જો મન્નતમાં કહ્યુ કે આ રૂપિયા ફકીરો પર ખૈરાત કરીશ તો ખાસ તેમને જ રૂપિયા ખૈરાત કરવુ જરૂરી નથી એટલા જ બીજા રૂપિયા આપી દીધા મન્નત પુરી થઈ ગઈ. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૨)** : જુમ્આના દિવસે નમાઝ પઢવાની મન્નત માની અને જુમેરાતે પઢી લીધી મન્નત પુરી થઈ ગઈ અર્થાત જે મન્નત માં શરત ન હોય તેમાં સમયના નિર્ધારણનો એતબાર નથી. અર્થાત જે સમય મુકર્રર કર્યો છે તેનાથી પહેલા પણ અદા કરી શકે છે અને જેમાં શરત છે તેમાં જરૂરી છે કે શરત જોવામાં આવે શરત પામ્યા વગર અદા કર્યુ તો મન્નત પુરી થઈ નહી. શરત પામવા પર

ફરીથી કરવું પડશે. દા.ત. કહ્યું જો બીમાર સારો થઈ જાય તો દસ રૂપિયા ખૈરાત કરીશ, અને સારો થવા થી પહેલા જ ખૈરાત કરી દીધા તો મન્નત પુરી થઈ નહી. સારા થવા પછી ફરીથી કરવી પડશે. બાકી જગ્યા અને રૂપિયા, અને ફકીરોની વિશેષતા બંનેમાં બેકાર છે. ભલે શરત હોય કે ન હોય. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા-(૧૩)** : જો મારૂં આ કામ થઈ જાય તો દસ રૂપિયા ની રોટી ખૈરાત કરીશ તો રોટી ખૈરાત કરવું લાઝિમ નથી અર્થાત કોઈ બીજી વસ્તુ અનાજ વિગેરે દસ રૂપિયાનું ખૈરાત કરી શકે છે અને એમ પણ થઈ શકે છે કે દસ રૂપિયા રોકડા આપી દે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૪)** : દસ રૂપિયા દસ મિસ્કીન પર ખૈરાત કરવાની મન્નત માની અને એક જ ફકીરને દસ રૂપિયા આપી દીધા તો મન્નત પુરી થઈ ગઈ. (આલમગીરી)

**મસ્અલા-(૧૫)** : એમ કહ્યું કે મારા પર દસ મિસ્કીનોનું ખાણું છે તો જો દસ મિસ્કીનોને આપવાની નિય્યત ન હોય તો એટલું ખાણું જે દસ માટે કાફી હોય એક મિસ્કીન ને આપવાથી મન્નત પુરી થઈ જશે. (આલમગીરી)

**મસ્અલા-(૧૬)** : ઉંટ અથવા ગાય ઝુબ્હ કરીને તેના ગોસ્તને ખૈરાત કરવાની મન્નત માની અને તેના બદલે સાત બકરીઓ ઝુબ્હ કરીને માંસ ખૈરાત કરી દીધું તો મન્નત પુરી થઈ ગઈ આ માંસ માલદારોને આપી શકતો નથી. આપશે તો એટલી ખૈરાત કરવો પડશે નહી તો મન્નત પુરી થશે નહી. (આલમગીરી)

**મસ્અલા-(૧૭)** : પોતાની ઔલાદ ને ઝુબ્હ કરવાની મન્નત માની તો એક બકરી ઝુબ્હ કરી દે મન્નત પુરી થઈ જશે અને જો પુત્ર ને મારી નાખવાની મન્નત માની છે તો મન્નત સહીહ થઈ નહી. અને જો પોતાને અથવા પોતાના બાપ, માં, દાદા, દાદી અથવા ગુલામને ઝુબ્હ કરવાની મન્નત માની તો તે મન્નત થઈ નહી. તેના માથે કાંઈ લાઝિમ નથી. (દુર્રે મુખ્તાર, આલમગીરી)

**મસ્અલા-(૧૮)** : મસ્જિદમાં ચિરાગ સળગાવવા અથવા તાખુ ભરવા અથવા ફલાણા બુઝુર્ગના મઝાર પર ચાદર ચઢાવવા અથવા અગીયારમીની નિયાઝ દેવડાવવી અથવા ગૌસે આઝમ રદિયલ્લાહો અન્હોનો તોશો અથવા શાહ અબ્દુલ હક રદિયલ્લાહો અન્હોનો તૌશો કરવા અથવા હઝરત જલાલ બુખારીનું કુન્ડુ કરવા અથવા મોહર્રમની નિયાઝ અથવા શરબત અથવા સબીલ લગાવવા અથવા મીલાદશરીફ કરવાની મન્નત માની તો તે શરઈ મન્નત નથી. પરંતુ આ કામ મના નથી. કરે તો સારૂં છે. હા, અલબત એ વાત નું ધ્યાન રહે કે કોઈ વાત શરીઅત વિરૂધ્ધની તેના સાથે મેળવે નહી દા.ત. તાક (ગોખલો) ભરવામાં રાતજગો થાય છે જેમાં કુટુંબ અને સગા સંબંધીની સ્ત્રીઓ ભેગી થઈને ગાય-વગાડે છે કે તે હરામ છે અથવા ચાદર ચઢાવવા માટે કેટલાક લોકો ઢોલ- તાંસા સાથે જાય છે આ નાજાઈઝ છે. અથવા મસ્જિદમાં ચિરાગ સળગાવવામાં કેટલાક લોકો આટાનો ચિરાગ બાળે છે. આ અમસ્તો માલ નષ્ટ કરવું અને નાજાઈઝ છે. માટીનો ચિરાગ કાફી છે અને ઘી ની પણ જરૂરત નથી. હેતુ રોશની છે, તે તેલથી પ્રાપ્ત થાય છે, રહ્યું એકે મીલાદ શરીફમાં ફર્શ તથા રોશનીની સારી વ્યવસ્થા કરવું અને મિઠાઈ વહેચવું અથવા લોકોને આમંત્રણ આપવું અને તેના માટે તારીખ નક્કી કરવું અને પઢવા વાળાઓનું સુમધુર કંઠે પઢવું આ સઘળી વાતો જાઈઝ છે. અલબત ગલત અને જૂઠી રિવાયતોનું પઢવું મના છે. પઢનાર અને સાંભળનાર બંને ગુનેહગાર થશે.

**મસ્અલા-(૧૯)** : અલમ (નિશાન) અને તાઝીયા બનાવવું, અને પરી, વાઘ બનાવવું અને મોહર્રમમાં બાળકોને ફકીર બનાવવું અને બધી પહેરાવવું અને મરશિયાની મજલિસ કરવા અને તાઝીયાઓ પર નિયાઝ દેવડાવવું વિગેરે ખુરાફાત

જે રાફઝીઓ અને તાજીયાદારો કરે છે તેમની મન્નત સખત જહાલત છે. એવી મન્નત માનવી જોઈએ નહી અને માની હોય તો પુરી કરે નહી. અને તે સૌથી બદતર શૈખસદ્દુનો મુરઘો અને કળાહી છે.

**મસ્અલા-(૨૦)** : કેટલીક જાહિલ સ્ત્રીઓ છોકરાઓના નાક, કાન છેદાવવા અને બાળકોની ચોટીઓ રાખવાની મન્નત માને છે અથવા બીજી જાતની એવી મન્નતો માને છે જેનો જવાઝ (જાયઝ હોવું) કોઈ પ્રકારે સાબિત નથી, પ્રથમ તો એવી વાહિયાત મન્નતોથી બચે અને માની હોય તો પુરી કરે નહી. અને શરીઅતના મામલામાં પોતાના ખોટા ખ્યાલોને દખલ ન આપે. ન એ કે અમારા પુર્વજો આમજ કરતા આવ્યા છે અને એ કે પુરી ન કરીશું તો બાળક મરી જશે. બાળક મરવાનું હશે તો આ નાજાઈઝ મન્નતો બચાવી લેશે નહી. મન્નત માનો તો નેક કામ, નમાઝ, રોઝા, ખૈરાત, દુરૂદ શરીફ, કલમા શરીફ, કુરઆન શરીફ પઢવા, ફકીરોને ભોજન આપવા, કપડાં પહેરાવવા વિગેરેની મન્નત માનો અને પોતાના ત્યાંના કોઈ સુન્ની આલિમને પૂછી પણ લો કે આ મન્નત ઠીક છે કે નહી. વહાબીને પૂછશો નહી કે તે ગુમરાહ, બેદીન છે. તે સહીહ મસ્અલો બતાવશે નહી બલ્કે વચ્ચે વચ્ચેથી જાઈઝ કામને નાજાઈઝ કહી દેશે.

**મસ્અલા-(૨૧)** : મન્નત અથવા કસમમાં ઈન્શા અલ્લાહ કહ્યું તો તેનું પુરૂ કરવું વાજિબ નથી. એ શરતે કે ઈન્શાઅલ્લાહ નો શબ્દ કલામ થી જોડા જોડ હોય અને જો અંતર થઈ ગયું, દા.ત. કસમ ખાઈને ચુપ થઈ ગયો અથવા વચ્ચે કોઈ બીજી વાત કહી, પછી ઈન્શાઅલ્લાહ કહ્યું તો કસમ બાતલ થઈ નહી. એવી જ રીતે દરેક કલામ (કથન) જે કલામ કરવાથી થાય છે. દા.ત. તલાક, ઈકરાર વિગેરે આ સૌ ઈન્શાઅલ્લાહ કહી દેવાથી બાતલ થઈ જાય છે. હા, જો એમ કહ્યું કે મારી ફલાણી વસ્તુ જો ખુદા ચાહે તો વેચી દઉ, તો અહીંયા તેને વેચવાનો અખત્યાર રહેશે અને વકાલત સહીહ છે, અથવા એમ કહ્યું કે મારા મૃત્યુ પછી મારો એટલો માલ ઈન્શાઅલ્લાહ ખૈરાત કરી દેજો તો વસિયત સહીહ છે અને જે કામ દિલથી સંબંધિત છે તે બાતલ થતા નથી. દા.ત. નિય્યત કરી કે કાલે ઈન્શા અલ્લાહ રોઝો રાખીશ તો એ નિય્યત દુરૂસ્ત છે. (દુર્રે મુખ્તાર)

## મકાનમાં જવા અને રહેવા વિગેરેના સંબંધે કસમનું બયાન

અહીંયાં એક નિયમ યાદ રાખવો જોઈએ કે જેનો કસમમાં દરેક જગ્યા લેહાઝ જરૂરી છે. તે એકે કસમના તમામ શબ્દો થી તે અર્થ લેવામાં આવશે જેનામાં લોક પરિભાષામાં ઉપયોગ કરતા હોય. દા.ત. કોઈએ સોગંદ ખાધા કે કોઈ મકાનમાં જશે નહી અને મસ્જિદમાં અથવા કાબામાં ગયો તો કસમ તુટી નહી. જો કે તે પણ મકાન છે, એવી જ રીતે હમામ માં જવાથી પણ કસમ તુટસે નહી. (આલમગીરી)

**મસ્અલા-(૧)** : કસમમાં શબ્દોની ગણના થશે તેની ગણના થશે નહી કે આ કસમ થી ગરજ શું છે અર્થાત તે શબ્દોની બોલચાલમાં જે અર્થ છે તે મુરાદ લેવામાં આવશે, કસમ ખાવાવાળાની નિય્યત અને હેતુનો એતબાર થશે નહી. દા.ત. કસમ ખાધી કે ફલાણા માટે એક પૈસાની કોઈ વસ્તુ ખરીદીશ નહી. અને એક રૂપિયાની ખરીદી તો કસમ તુટી નહી. જો કે તે કથનથી હેતુ એ થાય છે કે પૈસાની ખરીદીશ ન રૂપિયાની પરંતુ કેમકે શબ્દથી એ સમજવામાં આવતુ નથી માટે તેનો એતબાર નથી. અથવા કસમ ખાધી કે દરવાજા બહાર જઈશ નહી અને દીવાલ કુદીને અથવા સીડી લગાવી ને બહાર ચાલ્યો ગયો તો કસમ તુટી નહી. જો કે તેનાથી ભાવાર્થ એ છે કે ઘરથી બહાર જઈશ નહી. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૨)** : કસમ ખાધી કે આ ઘરમાં જઈશ નહી પછી તે મકાન સાવ પડી ગયું હવે તેમાં ગયો તો કસમ તુટી નહી. એવી જ રીતે જો પડવા

પછી ફરીથી ઈમારત બનાવવામાં આવી અને હવે ગયો તો પણ કસમ તુટી નહી અને જો કેવળ છત પડી ગઈ છે દીવાલો ઉભી છે તો કસમ તુટી ગઈ. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૩)** : કસમ ખાધી કે આ મસ્જિદમાં જઈશ નહી પછી તે મસ્જિદ શહીદ થઈ ગઈ અને ગયો તો કસમ તુટી ગઈ. એવી જ રીતે જો પડી જવા પછી ફરીથી બની તો જવાથી કસમ તુટી જશે. (આલમગીરી)

**મસ્અલા-(૪)** : કસમ ખાધી કે આ મસ્જિદમાં જઈશ નહી અને તે મસ્જિદમાં કોઈ વધારો કરવામાં આવ્યો અને તે શખ્સ તે ભાગમાં ગયો જે હવે વધારવામાં આવ્યો તો કસમ તુટી નહી અને જો એમ કહ્યું કે ફલાણાં મહોલ્લાની મસ્જિદમાં જઈશ નહી અથવા તે મસ્જિદ જે લોકોના નામથી મશહૂર છે તે નામનો ઉલ્લેખ કર્યો તો તે હિસ્સામાં જે વધારવામાં આવ્યો છે જવાથી પણ કસમ તુટી જશે. (આલમગીરી)

**મસ્અલા-(૫)** : કસમ ખાધી કે તે મકાનમાં જશે નહી અને તે મકાન વધારવામાં આવ્યું તો તે ભાગમાં જવાથી કસમ તુટી નહી અને જો એ કહ્યું ફલાણાના મકાનમાં જશે નહી તો કસમ તુટી જશે. (આલમગીરી)

**મસ્અલા-(૬)** : સોગંદ ખાધા કે તે મકાનમાં જશે નહી પછી તે મકાનની છત (ધાબા) અથવા દીવાલ પર કોઈ બીજા મકાન પરથી અથવા સીડી લગાવીને ચઢી ગયો તો સોગંદ તુટયા નહી, કે બોલચાલમાં તેને મકાનમાં જવુ કહીશુ નહી. એવી રીતે જો મકાનની બહાર વૃક્ષ છે તેના પર ચઢયો અને જે શાખ પર છે તે મકાનની સીધમાં છે કે જો પડે તો તે મકાનમાં પડશે તો તે શાખ પર ચઢવાથી પણ સોગંદ તુટયા નહી, એવી રીતે કોઈ મસ્જિદમાં ન જવાના સોગંદ ખાધા અને તેની દીવાલ અથવા છત પર ચઢયો તો સોગંદ તુટયા નહી.

(આલમગીરી, દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા-(૭)** : સોગંદ ખાધા કે તે મકાનમાં જઈશ નહી અને તેના નીચે ભોયરૂં છે તેનાથી ઘરવાળા લાભ ઉઠાવે છે તો ભોયરામાં જવાથી સોગંદ તુટશે નહી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૮)** : બે મકાન છે અને તે બંને પર એક બાલાખાનુ છે જો બાલાખાનાનો રસ્તો આ મકાનથી હોય તો તેમાં ગળના થશે અને જો રસ્તો બીજા મકાનથી છે તો તેમાં ગણવામાં આવશે. (આલમગીરી)

**મસ્અલા-(૯)** : મકાનમાં ન જવાના સોગંદ ખાધા ભલે દરવાજાથી દાખલ થાય કે સીડી લગાવીને દીવાલથી ઉતરે અને જો સોગંદ ખાધા કે દરવાજા થી જશે નહી તો સીડી લગાવીને દીવાલ થી ઉતરવામાં સોગંદ તુટયા નહી. એવી જ રીતે જો કોઈ દીવાલ તુટી ગઈ છે ત્યાંથી મકાનની અંદર ગયો તો પણ સોગંદ તુટયા નહી. હા, જો દરવાજો બનાવવા માટે દીવાલ તોડવામાં આવી છે અને તેમાંથી ગયો તો સોગંદ તુટી ગયા. જો એમ સોગંદ ખાધા કે તે દરવાજા થી જશે નહી તો જે દરવાજો પછીથી બનાવ્યો પહેલાથી જ કોઈ બીજો દરવાજો હતો તેનાથી ગયો તો સોગંદ તુટયા નહી.

(દુર્રે મુખ્તાર, તહતાવી)

**મસ્અલા-(૧૦)** : સોગંદ ખાધા કે મકાનમાં જઈશ નહી અને તેની ચોખટ પર ઉભો રહ્યો. જો તે ચોખટ એવી રીતે છે કે તે દરવાજો બંધ કરવા પર મકાન થી બહાર હોય જેવું સામાન્યત મકાનના બહારના દરવાજા હોય છે તો સોગંદ તુટયા નહી અને જો દરવાજો બંધ કરવાથી ચોખટ અંદર રહે તો સોગંદ તુટી ગયા. સારાંશ કે મકાનામાં જવાનો એ અર્થ છે કે એવી જગ્યા એ પહોંચી જાય કે દરવાજો બંધ કરવા પછી તે જગ્યા અંદર હોય.

(દુર્રે મુખતાર વિગેરે)

**મસ્અલા-(૧૧)** : એક કદમ મકાનની અંદર મુકયો અને બીજો બહાર છે અથવા ચોખટ પર છે તો સોગંદ તુટયા નહી. જો કે અંદરનો ભાગ નીચો

હોય એવી જ રીતે જો કદમ બહાર હોય અને માથું અંદર અથવા હાથ લંબાવી ને કોઈ વસ્તુ મકાનમાંથી ઉપાડી લે તો સોગંદ તુટયા નહી. (આલમગીરી)

**મસ્અલા-(૧૨)** : મજકૂર સ્વરૂપમાં જો ચિત અથવા પટ અથવા કરવટથી સુઈ રહીને મકાનમાં ગયો, જો શરીરનો અધિકાંશ ભાગ અંદર છે તો સોગંદ તુટી ગયા. નહી તો તુટયા નહી. (આલમગીરી)

**મસ્અલા-(૧૩)** : કસમ ખાધી કે મકાનમાં જશે નહી અને દોડતો આવી રહ્યો હતો, દરવાજા પર પહોંચી ને લપસ્યો અને મકાન ની અંદર જઈ પહોંચ્યો અથવા આંધીના ધક્કાથી વિવશ મકાનની અંદર જઈ પહોંચ્યો અથવા કોઈ શખ્સ બળ જબરીએ પકડીને મકાનની અંદર લઈ ગયો તો આ હાલતોમાં કસમ તુટી નહી અને જો તેના હુકમથી કોઈ શખ્સ તેને ઉપાડીને મકાનમાં લઈ ગયો અથવા સવારી પર આવ્યો તો કસમ તુટી ગઈ. (જવહરહ, આલમગીરી) પરંતુ પ્રથમ સ્વરૂપમાં કે અખત્યાર વગર જવાનું થયું છે તેનાથી કસમ હજુ તેના માથે બાકી છે અર્થાત જો મકાનમાંથી નીકળીને પછી પોતે જાય તો કસમ તુટી જશે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૪)** : કસમ ખાધી કે આ મકાનમાં દાખલ થશે નહી અને કસમના સમયે તે મકાનની અંદર છે તો જ્યાં સુધી મકાનના અંદર છે કસમ તુટી નહી. મકાનથી બહાર આવ્યા પછી ફરી જશે તો તુટી જશે. (આલમગીરી)

**મસ્અલા-(૧૫)** : જો કસમ ખાધી કે આ ઘરથી બહાર નીકળશે નહી અને ચોખટ પર ઉભો રહ્યો પરંતુ ચોખટ દરવાજાથી બહાર છે તો કસમ તુટી ગઈ અને અંદર છે તો તુટી નહી. એવી જ રીતે જો એક પગ બહાર છે, બીજો અંદર તો તુટી નહી અથવા મકાનની અંદર વૃક્ષ છે તેના પર ચઢયો અને જે શાખ પર છે તે શાખ મકાનના બહાર છે તો પણ કસમ તુટી નહી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૬)** : એક શખ્સે બીજાને કહ્યું ખુદાના સોગંદ તારા ઘેર આજે કોઈ આવશે નહી, તો ઘરવાળાઓ સિવાય જો બીજો કોઈ આવ્યો અથવા એ સોગંદ ખાનાર પોતે તેના ત્યાં ગયો તો સોગંદ તુટી ગયા. (આલમગીરી)

**મસ્અલા-(૧૭)** : સોગંદ ખાધા કે તારા ઘરમાં કદમ મુકીશ નહી, તેનાથી **મુરાદ** ઘરમાં દાખલ થવું છે ન કેવળ કદમ મુકવું. માટે જો સવારી પર મકાનની અંદર ગયો અથવા બુટ પહેરેલ તો પણ સોગંદ તુટી ગયા અને જો દરવાજા ની બહાર સુઈ રહીને કેવળ પગ મકાનની અંદર કરી દીધા તો સોગંદ તુટયા નહી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૮)** : સોગંદ ખાધા કે મસ્જિદમાંથી નીકળશે નહી. જો પોતે નીકળ્યો અથવા તેણે કોઈને હુકમ આપ્યો તે તેને ઉપાડીને મસ્જિદથી બહાર લઈ લાવ્યો તો સોગંદ તુટી ગયા. અને જો બળજબરી એ કોઈએ મસ્જિદમાંથી ખેંચીને બહાર કરી દીધો તો તુટયા નહી જો કે દિલમાં કાઢવા પર ખૂશ થાય. બળજબરીનો અર્થ અહીંયાં કેવળ એટલો છે કે કાઢવું પોતાના અખત્યાર થી ન હોય. અર્થાત કોઈ હાથ પકડીને અથવા ઉપાડીને બહાર કરી દે. જો કે તે જવા ઈચ્છતો ન હોત તો તે બહાર કાઢી શકતો નહી અને જો તેણે ધમકી આપી અને ડરીને તે પોતે નીકળી ગયો તો સોગંદ તુટી ગયા, અને જો બળજબરીએ કાઢવા પછી ફરીથી મસ્જિદમાં ગયો અને પોતાની મેળે બહાર થયો તો સોગંદ તુટી ગયા અને મકાનમાંથી નીકળવાના સોગંદ ખાધા તો પણ એજ અહકામ છે.

(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર, આલમગીરી)

**મસ્અલા-(૧૯)** : કસમ ખાધા કે મારી સ્ત્રી ફલાણાં શખ્સ ની શાદીમાં જશે નહી, અને તે સ્ત્રી તેના ત્યાં શાદીથી પહેલા ગઈ હતી અને શાદીમાં પણ રહી તો કસમ તુટી નહી કે શાદીમાં જવું થયું નહી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૨૦)** : સોગંદ ખાધા કે તમારા પાસે આવીશ તો તેના મકાન અથવા તેની દુકાન પર જવું જરૂરી છે. ભલે મુલાકાત થાય કે ન થાય. તેની મસ્જિદમાં જવું કાફી નથી. અને જો તેના મકાન અથવા દુકાન પર ગયો નહી, ત્યાં સુધી કે તેઓ પૈકી એક મૃત્યુ પામ્યો તો તેની જિંદગીના અંતિમ સમયમાં સોગંદ તુટશે કે હવે તેના પાસે આગમન થઈ શકતુ નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૨૧)** : સોગંદ ખાધા કે હું તમારા પાસે કાલે આવીશ. જો આવવા પર શક્તિમાન થયો તો તેનાથી ભાવાર્થ એ છે કે બીમાર થયો નહી અથવા કોઈ અવરોધ દા.ત. પાગલપણું અથવા વિસ્મૃતિ અથવા બાદશાહની મનાઈ વિગેરે આવી ન પડે તો આવીશ. માટે જો વગર કારણે આવ્યોતો સોગંદ તુટી ગયા. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૨૨)** : ઔરતને કહ્યું જો મારી ઈજાઝત વગર ઘરમાંથી નીકળી તો તને તલાક છે તો દરેક વખતે નીકળવા માટે ઈજાઝતની જરૂરત છે અને ઈજાઝત એવી રીતે થશે કે ઔરત તેને સાંભળે અને સમજે. જો તેણે ઈજાઝત આપી પરંતુ ઔરતે સાંભળી નથી, અને ચાલી ગઈ તો તલાક થઈ ગઈ.એવી જ રીત જો તેણે એવી ભાષામાં ઈજાઝત આપી કે ઔરત તેને સમજતી નથી, દા.ત. અરબી અથવા ફારસીમાં કહ્યું અને ઔરત અરબી અથવા ફારસી જાણતી નથી તો તલાક થઈ ગઈ. એવી જ રીતે જો ઈજાઝત આપી પરંતુ કોઈ સંકેત થી જણાય છે કે ઈજાઝત ભાવાર્થ નથી તો ઈજાઝત નથી. દા.ત. ગુસ્સામાં ધુતકારવા માટે કહ્યું જા, તો ઈજાઝત નથી. અથવા કહ્યું જા, પરંતુ ગઈ તો ખુદા તારુ ભલુ કરશે નહી. તો આ ઈજાઝત નથી અથવા જવા માટે ઉભી થઈ, તેણે લોકોને કહ્યું છોડો તેને જવા દો તો ઈજાઝત થઈ નહી. અને જો દરવાજા પર ફકીર બોલ્યો તેણે કહ્યું ફકીરને ટુકડો આપી દે, જો દરવાજામાંથી નીકળ્યા વગર આપી શકતી નથી તો નીકળવાની ઈજાઝત છે નહી તો નથી. અને જો કોઈ સગાના ત્યાં જવાની ઈજાઝત આપી પરંતુ તે સમયે ગઈ નહી, બીજા સમયે ગઈ તો તલાક થઈ ગઈ અને જો માના ત્યાં જવા માટે ઈજાઝત લીધી અને ભાઈના ત્યાં ચાલી ગઈ તો તલાક થઈ નહી અને જો કહ્યું જો મારી ખુશી વગર નીકળી તો તને તલાક છે. તો તેમાં સાંભળવા અને સમજવાની જરૂરત નથી અને જો કહ્યું મારી જાણ વગર ગઈ તો તલાક છે. પછી ઔરત નીકળી અને પતિએ નીકળતા નિહાળી અથવા ઈજાઝત આપી પરંતુ તે સમયે ન ગઈ. પછીથી ગઈ તો તલાક થશે નહી.

(દુર્રે મુખ્તાર,રદદુલ મુહતાર)

**મસ્અલા-(૨૩)** : તેના મકાનમાં કોઈ રહે છે તેને કહ્યું ખુદાના સોગંદ તુ મારી ઈજાઝત વગર ઘરમાંથી નીકળશે નહી તો દરેક વખતે નીકળવા માટે ઈજાઝતની જરૂરત નથી. પ્રથમ વખત ઈજાઝત લઈ લીધી સોંગંધ પુરા થઈ ગયા. કોક વખત ઈજાઝત પત્ની માટે દરકાર છે. અને પત્ની ને પણ જો એક વખત ઈજાઝતે આમ આપી દીધી કે હું તને ઈજાઝત આપુ છું કે જયારે તારી ઈચ્છા થાઈ જાય. તો આ ઈજાઝત દરેક વખત માટે કાફી છે.

(રદદુલ મુહતાર)

**મસ્અલા-(૨૪)** : સોગંદ ખાધા કે ઝૈદની ઈજાઝત વગર હું નીકળીશ નહી અને ઝૈદ મરી ગયો તો સોગંદ ચાલ્યા ગયા. (રદદુલ મુહતાર)

**મસ્અલા-(૨૫)** : ઔરતને કહ્યું ખુદાના સોગંદ તુ મારી ઈજાઝત વગર નીકળશે નહી, તો દરેક વખત ઈજાઝતની જરૂરત તે સમય સુધી છે કે ઔરત તેના નિકાહમાં છે. નિકાહ તુટી જવા પછી હવે ઈજાઝતની જરૂરત નથી.

(રદદુલ મુહતાર)

**મસઅલા-(૨૬)** : જો કહ્યું મારી ઈજાઝત વગર નીકળી તો તને તલાક છે અને સ્ત્રી ઈજાઝત વગર નીકળી તો એક તલાક થઈ ગઈ. પછી હવે ઈજાઝત લેવાની જરૂરત રહી નહી કે સોગંદ પૂરા

થઈ ગયા માટે જો બીજી વખત નીકળી તો હવે ફરી તલાક પડશે નહી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૨૭)** : સોગંદ ખાધા કે જનાઝા સિવાય કાંઈ કામ માટે ઘરમાંથી નીકળશે નહી અને જનાઝા માટે નિકળ્યો, ભલે જનાઝાની સાથે ગયો કે ન ગયોતો સોગંદ તુટયા નહી, જો કે ઘરમાંથી નીકળવા પછી બીજા કામ પણ કર્યા. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૨૮)** : સોગંદ ખાધા કે ફલાણાં મોહલ્લામાં જશે નહી. અને એવા મકાનમાં ગયો જેમાં બે દરવાજા છે એક દરવાજો તે મહોલ્લામાં છે જેના સંબંધે સોગંદ ખાધા અને બીજો દરવાજો બીજા મોહલ્લામાં છે તો સોગંદ તુટી ગયા. (આલમગીરી)

**મસ્અલા-(૨૯)** : સોગંદ ખાધા કે લખનવ જઈશ નહી તો લખનવના જિલ્લામાં જે કસ્બાઓ અથવા ગામો છે તેઓમાં જવાથી સોગંદ તુટયા નહી. એવી જ રીતે સોગંદ ખાધા કે ફલાણાં ગામમાં જઈશ નહી તો આબાદીમાં જવાથી સોગંદ તુટશે. તે ગામ સંબંધે જે જમીન વસ્તી થી બહાર છે ત્યાં જવાથી સોગંદ તુટયા નહી અને જો કોઈ પ્રદેશ સંબંધે સોગંદ ખાધા, દા.ત. પંજાબ, બંગાળ, ઔધ, રોહિલા ખૈડ વિગેરે તો ગામમાં જવાથી પણ સોગંદ તુટી જશે. (આલમગીરી)

**મસ્અલા-(૩૦)** : સોગંદ ખાધા કે દિલ્હી જઈશ નહી અને પંજાબના ઈરાદા થી ઘેરથી નીકળ્યો અને દિલ્હી રસ્તામાં આવે છે જો પોતાના શહેર થી નીકળતી વેળા નિય્યત હતી કે દિલ્હી થઈને પંજાબ જઈશ નહી. પરંતુ એવા સ્થળે પહોંચીને દિલ્હી થઈને જવાનો ઈરાદો થયો કે ત્યાંથી નમાઝમાં કસર શરૂ થઈ ગઈ તો કસમ તુટી નહી. અને જો સોગંદમાં એ નિય્યત હતી કે ખાસ દિલ્હી જઈશ નહી. અને પંજાબ જવા માટે નીકળ્યો અને દિલ્હી થઈને જવાનો ઈરાદો કર્યો તો સોગંદ તુટયા નહી. (આલમગીરી)

**મસ્અલા-(૩૧)** : સોગંદ ખાધા કે ફલાણાના ઘેર જઈશ નહી તો જે ઘરમાં તે રહે છે તેમાં જવાથી સોગંદ તુટી ગયા જો કે તે મકાન તેનું ન હોય બલ્કે ભાડાનું અથવા ભલમનસાઈ થી તેમાં રહેતો હોય એવી જ રીતે તે મકાન તેની માલિકીમાં છે જોકે તેમાં રહેતો ન હોય તેમાં જવાથી પણ સોગંદ તુટી જશે.

**મસ્અલા-(૩૨)** : સોગંદ ખાધા કે ફલાણાંની દુકાનમાં જઈશ નહી, તો જો તે શખ્સની બે દુકાનો છે એકમાં પોતે બેસે છે અને એક ભાડે આપી દીધી છે તો ભાડા વાળીમાં જવાથી સોગંદ તુટયા નહી અને જો એક જ દુકાન છે જેમાં તે બેસતો પણ નથી બલ્કે ભાડે આપી દીધી છે તો હવે તેમાં જવાથી સોગંદ તુટી જશે કે આ સ્વરૂપમાં દુકાનથી ભાવાર્થ રહેઠાણ ની જગ્યા નથી બલ્કે તે જે તેની માલિકી માં છે. (આલમગીરી)

**મસ્અલા-(૩૩)** : સોગંદ ખાધા કે ઝૈદના મકાનમાં જશે નહી અને તેવા મકાનમાં ગયો જે ઝૈદ અને બીજાની ભાગીદારીમાં છે જો ઝૈદ તે મકાનમાં રહે છે તો સોગંદ તુટી ગયા અને રહેતો ન હોય તો તુટયા નહી. (આલમગીરી)

**મસ્અલા-(૩૪)** : એક શખ્સ કોઈ મકાનમાં બેઠેલો છે અને સોગંદ ખાધા કે આ મકાનમાં હવે આવીશ નહી તો તે મકાન ના કોઈ ભાગમાં દાખલ થવાથી સોગંદ તુટી જશે ખાસ એજ પટમાં માં જેમાં તે બેઠેલો છે. ભાવર્થ નથી જો કે તે કહે કે મારો આશય એ પટમું હતું, હાં, જો પટમું અથવા કમરો (રૂમ) કહ્યું તો ખાસ એજ ઓરડો મુરાદ થશે જેમાં તે બેઠેલો છે. (આલમગીરી)

**મસ્અલા-(૩૫)** : સોગંદ ખાધા કે ઝૈદના મકાનમાં જઈશ નહી અને ઝૈદના બે મકાન છે, એકમાં તે રહે છે અને બીજું ગોડાઉન છે (અર્થાત તે તેમાં વેપાર નો સામાન મુકે છે ખુદ ઝૈદનું તેમા રહેઠાણ નથી.) તો આ બીજા મકાનમાં જવાથી સોગંદ તુટશે નહી. હા, જો કોઈ સંકેત થી એ વાત

જણાય કે તે બીજું મકાન પણ મુરાદ છે તો તેમાં દાખલ થવાથી પણ સોગંદ તુટી જશે. (આલમગીરી)

**મસ્અલા-(૩૬)** : સોગંદ ખાધા કે ઝૈદના ખરીદેલા મકાનમાં જશે નહી અને ઝૈદે એક મકાન ખરીદયું પછી તેની પાસેથી તે સોગંદ ખાનારાએ ખરીદી લીધુ તો તેમાં જવાથી સોગંદ તુટશે નહી અને જો ઝૈદે ખરીદીને તેનેજ આપી દીધુ તો જવાથી સોગંદ તુટી જશે. (ખાનયહ, બહર)

**મસ્અલા-(૩૭)** : સોગંદ ખાધા કે ઝૈદના મકાનમાં જશે નહી અને ઝૈદે અર્ધુ મકાન વેચી નાખ્યું તો જો હજુ સુધી ઝૈદ તે મકાનમાં રહે છે તો જવાથી સોગંદ તુટી જશે. અને રહેતો નથી તો તુટશે નહીં અને જો સોગંદ ખાધા કે પોતાની પત્નીના મકાનમાં જઈશ નહી અને પત્ની એ મકાન વેચી નાખ્યું અને ખરીદનાર પાસેથી પતિએ તે મકાન ભાડે લીધું, જો સોગંદ ખાવું પત્નીના કારણે હતુ તો હવે જવાથી સોગંદ તુટશે નહી, અને જો તે મકાનની નાપસંદગીના કારણે હતુ તો સોગંદ તુટી ગયા. (આલમગીરી)

**મસ્અલા-(૩૮)** : સોગંદ ખાધા કે ઝૈદના મકાનમાં જઈશ નહી અને ઝૈદે લોકોને ખાવા ખવડાવવા માટે કોઈથી મકાન ઉછીનું લીધુ તો તેમાં જવાથી સોગંદ તુટશે નહી. હા, જો મકાન માલિકે પોતાનો તમામ સામાન ત્યાંથી કાઢી લીધો અને ઝૈદ રહેવાસની સામગ્રી તે મકાનમાં લઈ ગયો તો સોગંદ તુટી જશે. (આલમગીરી)

**મસ્અલા-(૩૯)** : સોગંદ ખાધા કે ઝૈદના મકાન માં જઈશ નહી. અને ઝૈદનું પોતાનું કોઈ મકાન નથી બલ્કે ઝૈદ પોતાની પત્ની ના મકાનમાં રહે છે તો તે મકાનમાં જવાથી સોગંદ તુટી જશે, અને જો ઝૈદનું પોતાનું પણ કોઈ મકાન છે તો પત્નીના મકાનમાં જવાથી સોગંદ તુટશે નહી. એવી જ રીતે જો સોગંદ ખાધા કે ફલાણી ઔરતના મકાનમાં જશે નહી અને ઔરતનું પોતાનું કોઈ મકાન નથી બલ્કે પતિના મકાનમાં રહે છે, તો તે મકાનમાં જવાથી સોગંદ તુટી જશે અને ખુદ ઔરતનું પણ મકાન છે તો પતિવાળા મકાનમાં જવાથી સોગંદ તુટશે નહી. (આલમગીરી)

**મસ્અલા-(૪૦)** : સોગંદ ખાધા કે હમામમાં નહાવા માટે જશે નહી તો જો હમામના માલિક થી મુલાકાત કરવા માટે ગયો, પછી નહાઈ પણ લીધું તો સોગંદ તુટયા નહી. (ખાનિયહ)

**મસ્અલા-(૪૧)** : સોગંદ ખાધા કે ફલાણા શખ્સને આ મકાનમાં આવતા રોકીશ, તે શખ્સ તે મકાનમાં જવા ઈચ્છતો હતો તેણે રોકી દીધો, સોગંદ પૂરા થઈ ગયા. હવે ફરી કયારેક તેને જતાં નિહાળ્યો અને મના કર્યુ નહી તો તેના પર કફ્ફારો કાંઈ નથી. (બહર)

**મસ્અલા-(૪૨)** : સોગંદ ખાધા કે ફલાણાને આ ઘરમાં આવવા દઈશ નહી જો તે મકાન સોગંદ ખાનારાની માલિકીનું નથી તો જીભથી મના કાફી છે અને જો માલિકીનું છે તો જીભથી અને હાથ પગથી મના કરવું જરૂરી છે. નહીતો સોગંદ તુટી જશે. (બહર)

**મસ્અલા-(૪૩)** : ઝૈદ તથા અમ્ર પ્રવાસમાં છે ઝૈદે સોગંદ ખાધા કે અમ્રના મકાનમાં જશે નહી, અમ્ર ના ડેરા અને તંબુ અથવા જે મકાનમાં ઉતર્યો છે જો ઝૈદ ગયો તો સોગંદ તુટી ગયા. (આલમગીરી)

**મસ્અલા-(૪૪)** : સોગંદ ખાધા કે તે તંબુમાં જશે નહી અને તે તંબુ કોઈ સ્થળે ઉભો કરેલો છે, હવે ત્યાંથી ઉપાડીને બીજા સ્થળે ઉભો કરવામાં આવ્યો અને તેના અંદર ગયો તો સોગંદ તુટી ગયા. એવી જ રીતે લાકડાની નિસરણી અથવા મિમ્બર એક સ્થળેથી ઉખાડીને બીજી જગ્યા એ સ્થાપિત કરવામાં આવ્યું તો પણ એજ ઠરસે અર્થાત જેણે તેના પર ન ચઢવાના સોગંદ ખાધા છે હવે ચઢયો તો સોગંદ તુટી ગયા. (આલમગીરી)

**મસ્અલા-(૪૫)** : ઝૈદે સોગંદ ખાધા કે હું અમ્રની પાસે જઈશ નહી અને અમ્રે પણ સોગંદ ખાધા કે હું ઝૈદની પાસે જઈશ નહી. અને બંને

મકાનમાં એક સાથે ગયા તો સોગંદ તુટયા નહી. અને જો સોગંદ ખાધા કે તેની પાસે જઈશ નહી અને તેના મૃત્યુ પછી ગયો તો સોગંદ તુટયા નહી. (આલમગીરી)

**મસ્અલા-(૪૬)** : સોગંદ ખાધા કે જ્યાં સુધી ઝૈદ તે મકાનમાં છે હું તે મકાનમાં જઈશ નહી અને ઝૈદ પોતાના પરિવારને લઈને તે મકાનમાંથી ચાલ્યો ગયો પછી તે મકાનમાં આવી ગયો તો હવે તેમાં જવાથી સોગંદ તુટશે નહી. (આલમગીરી)

**મસ્અલા-(૪૭)** : સોગંદ ખાધા કે ફલાણાંના મકાનમાં જશે નહી અને તેના અસ્તબલ(ઘોડાર) માં ગયો તો સોગંદ તુટયા નહી. (બહર)

**મસ્અલા-(૪૮)** : સોગંદ ખાધા કે તે ગલીમાં જશે નહી અને તે ગલીના કોઈ મકાનમાં ગયો પરંતુ તે ગલીથી નહી બલ્કે છત પર ચઢીને અથવા બીજા કોઈ રસ્તાથી તો સોગંદ તુટયા નહી. એ શરતે કે તે મકાનમાંથી નીકળવામાં પણ ગલીમાં આવે નહી. (બહર)

**મસ્અલા-(૪૯)** : સોગંદ ખાધા કે ફલાણાના મકાનમાં જશે નહી અને મકાનના માલિકના મૃત્યુ પછી ગયા તો સોગંદ તુટયા નહી. (બહર)

**મસ્અલા-(૫૦)** : સોગંદ ખાધા કે ફલાણાં મકાનમાં અથવા ફલાણાં મહોલ્લા અથવા શેરીમાં રહેશે નહી અને તે મકાન અથવા મહોલ્લામાં અત્યારે રહે છે અને હવે પોતે તે મહોલ્લા અથવા મકાનમાંથી ચાલ્યો ગયો, બાલબચ્ચાં અને સામાન ત્યાં જ રહેવા દીધો તો સોગંદ તુટી ગયા અર્થાત સોગંદ તે સમયે પુરા થશે કે પોતે પણ ચાલ્યો જાય અને બાલબચ્ચાંને પણ લઈ જાય અને ઘરવખરીનો સામાન એટલા પ્રમાણમાં લઈ જાય જે રહેઠાણ માટે જરૂરી છે અને જો સોગંદના સમયે તેમાં નિવાસ ન હોય તો જ્યારે પોતે બાલબચ્ચાં અને ઘરવખરીનો જરૂરી સામાન લઈને તે મકાનમાં જશે સોગંદ તુટી જશે પરંતુ આ તે સમયે છે કે સોગંદ અરબી ભાષામાં હોય કેમકે અરબી ભાષામાં જો પોતે તે મકાનમાંથી ચાલ્યો ગયો અને બાલબચ્ચાં અથવા ઘરવખરીનો સામાન પણ ત્યાં જ છે તો તે મકાન તેના નિવાસનું ઠરશે જો કે તેમાં રહેવું ત્યજી દીધુ હોય અને જે મકાનમાં એકલો જઈને રહેતો હોય તે નિવાસનું મકાન નથી. અને ફારસી અથવા ઉર્દૂ માં જો પોતે મકાન નો ત્યાગ કર્યો તો એમ કહેવામાં આવશે નહી કે તે મકાનમાં રહે છે ભલે બાલબચ્ચાં ત્યાં રહેતા હોય અથવા ઘરવખરીનો તમામ સામાન તે મકાનમાં ઉપસ્થિત હોય અને તે મકાનમાં ચાલ્યો ગયો અને તે મકાનમાં તેનો નિવાસ ઠરે છે ભલે ત્યાં ન બાલબચ્ચા હોય ન સામાન અને સોગંદમાં એતબાર ત્યાંની બોલચાલ નો છે માટે અરબીનો તે હુકમ છે અને ફારસી ઉર્દૂનો આ. (આલમગીરી, બહર, દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૫૧)** : સોગંદ ખાધા કે તે મકાનમાં રહેશે નહી અને સોગંદના સમયે એજ મકાનમાં નિવાસ છે. તો જો નિવાસમાં બીજાના તાબે છે. દા.ત. બાલિગ પુત્ર બાપના મકાનમાં રહે છે અથવા સ્ત્રી કે પતિના મકાનમાં રહે છે અને સોગંદ ખાધા પછી તત્કાળ પોતે તે મકાનમાંથી ચાલ્યો ગયો અને બાળકોને અને સામાનને ત્યાં જ રહેવા દીધો તો સોગંદ તુટયા નહી. (આલમગીરી)

**મસ્અલા-(૫૨)** : સોગંદ ખાધા કે તે મકાનમાં રહેશે નહી અને નીકળવા ઈચ્છતો હતો પરંતુ દરવાજો બંધ છે. કોઈ રીતે ખૂલી શકતો નથી અથવા કોઈએ તેને કેદ કરી લીધો છે કે નીકળી શકતો નથી તો સોગંદ તુટયા નહી. પ્રથમ સ્વરૂપમાં તેની જરૂરત નથી કે દીવાલ તોડીને બહાર નીકળે અર્થાત જો દરવાજો બંધ છે અને દીવાલ તોડીને નીકળી શકે છે અને તોડીને નીકળ્યો નહી તો સોગંદ તુટયા નહી, એવી જ રીતે જો સોગંદ આપનાર સ્ત્રી છે અને રાત્રીનો સમય છે તો રાતમાં રહી જવાથી સોગંદ તુટશે નહી અને પુરૂષે સોગંદ ખાધા અને રાતનો સમય છે તો જ્યાં સુધી ચોર વિગેરેનો ડર ન હોય, ઉઝર નથી.

**મસ્અલા-(૫૩)** : સોગંદ ખાધા કે તે મકાનમાં રહેશે નહી, જો બીજા મકાનની શોધમાં છે તો મકાન ન છોડવાના કારણે સોગંદ તુટયા નહી. ભલે કેટલાય દિવસો પસાર થઈ જાય, એ શરતે કે મકાનની શોધમાં સંપૂર્ણ પ્રયત્ન કરતો હોય, એવી જ રીતે જો એ જ સમયથી સામાન કાઢવો શરૂ કરી દીધો પરંતુ સામાન વધુ હોવાને કારણે કેટલાએ દિવસ પસાર થઈ ગયા અથવા સામાન માટે મજૂર શોધયો અને મળ્યો નહી અથવા સામાન પોતે ઉપાડીને લઈ ગયો તેમાં વિલંબ થયો અને મજૂર કરતો તો જલ્દી લઈ જવાતો અને મજૂર કરવાની શકિત પણ ધરાવે છે તો આ સઘળા સ્વરૂપોમાં વિલંબ થઈ જવાથી સોગંદ તુટયા નહી. અને ઉર્દૂમાં સોગંદ છે તો તેનું મકાનમાંથી નીકળી જવું તે નિય્યતથી કે હવે તેમાં રહેવા આવીશ નહી, સોગંદ પૂર્ણ થવા માટે કાફી છે, ભલે સામાન વિગેરે લઈ જવામાં કેટલોએ વિલંબ થાય અને કોઈ કારણે વિલંબ થાય. (દુર્રે મુખ્તાર, ખાનિયહ)

**મસ્અલા-(૫૪)** : સોગંદ ખાધા કે આ શહેર અથવા ગામમાં રહેશે નહી અને પોતે ત્યાંથી તત્કાળ ચાલ્યો ગયો તો સોગંદ તુટયા નહી. જો કે બાલ બચ્ચાં અને તમામ સામાન ત્યાં છોડી ગયો હોય પછી જ્યારે પણ ત્યાં રહેવાના ઈરાદાથી આવશે સોગંદ તુટી જશે અને જો કોઈથી મળવા માટે અથવા બાલ બચ્ચાંઓ અને સામાન લેવા માટે ત્યાં આવશે તો ભલે કેટલાંએ દિવસ થોભી જાય સોગંદ તુટયા નહી. (આલમગીરી)

**મસ્અલા-(૫૫)** : સોગંદ ખાધા કે હું આખું વર્ષ આ ગામમાં રહીશ નહી અથવા આ મકાનમાં આ મહિના ભર નિવાસ કરીશ નહી અને વર્ષમાં અથવા મહિનામાં એક દિવસ બાકી હતો કે ત્યાંથી ચાલ્યો ગયો તો સોગંદ તુટયા નહી. (આલમગીરી)

**મસ્અલા-(૫૬)** : સોગંદ ખાધા કે ફલાણાં શહેરમાં રહેશે નહી અને પ્રવાસ કરીને ત્યાં પહોચ્યો, જો પંદર દિવસ થોભવાની નિય્યત કરી લીધી તો સોગંદ તુટી ગયા, અને તેનાથી ઓછામાં તુટશે નહી. (આલમગીરી)

**મસ્અલા-(૫૭)** : સોગંદ ખાધા કે ફલાણાંની સાથે તે મકાનમાં રહેશે નહી અને તે મકાનના એક ભાગમાં તે રહ્યો અને બીજામાં બીજો તો સોગંદ તુટી ગયા ભલે દિવાલ ચણીને તે મકાનના બે ભાગ જુદા જુદા કરી દેવામાં આવ્યા અને દરેકે પોતે પોતાના આવાગમનના દરવાજા અલગ અલગ કરી લીધા અને જો સોગંદ ખાનારો તે મકાનમાં રહેતો હતો તે શખ્સ બળજબરીએ તે મકાનમાંથી નીકળી ગયો તો સોગંદ તુટયા નહી. નહિ તો તુટી ગયા. જો કે તેનું મકાનમાં રહેવું તેને ખબર ન હોય અને જો મકાન ને નિશ્ચિત ન કર્યું. દા.ત. કહ્યું, ફલાણાં ની સાથે કોઈ મકાનમાં અથવા એક મકાનમાં રહેશે નહી એક જ મકાન વહેંચણી કરીને બંને બે વિવિધ ભાગોમાં હોય તો સોગંદ તુટયા નહી. જ્યારે કે વચ્ચે દીવાલ સ્થાપિત કરી દેવામાં આવી અથવા તે મકાન બહુ મોટું હોય કે એક મોહલ્લાની બરાબર હોય.

(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૫૮)** : સોગંદ ખાધા કે ફલાણાંની સાથે રહેશે નહી પછી તે સોગંદ ખાનાર પ્રવાસ કરીને તેના મકાન પર જઈને ઉતર્યો, જો પંદર દિવસ રોકાશે તો સોગંદ તુટી જશે અને ઓછામાં તુટશે નહી. (ખાનિયહ)

**મસ્અલા-(૫૯)** : સોગંદ ખાધા કે તેની સાથે ફલાણાં શહેરમાં રહેશે નહી તો તેનો એ અર્થ છે કે તે શહેરના એક મકાનમાં બંને રહેશે નહી. માટે બંને જો તે શહેરના બે મકાનોમાં રહે તો સોગંદ તુટયા નહી. હા, જો આ સોગંદથી તેની એ નિય્યત હોય કે બંને તે શહેરો માં સર્વથા રહેશે નહી, તો જો કે બંને બે મકાનમાં હોય સોગંદ તુટી ગયા. એજ હુકમ ગામમાં એક સાથે ન રહેવા ના સોગંદનો છે. (આલમગીરી)

**મસ્અલા-(૬૦)** : સોગંદ ખાધા કે ફલાણાંના સાથે એક મકાનમાં રહેશે નહી અને બંને બજારમાં એક દુકાનમાં બેસી ને કામ કરે અથવા વેપાર કરે છે તો સોગંદ તુટયા નહી. હા, જો તેની નિય્યતમાં એ પણ હોય કે બંને એક દુકાનમાં કામ કરશે નહી અથવા સોગંદ થી પહેલા કોઈ એવી વાત થઈ છે જેનાથી એમ સમજી શકાતુ હોય અથવા દુકાન માં જ રાત્રે પણ રહે છે તો સોગંદ તુટી જશે. (આલમગીરી)

**મસ્અલા-(૬૧)** : સોગંદ ખાધા કે ફલાણાના મકાનમાં રહેશે નહી અને મકાનને નિશ્ચિત કર્યુ નહી કે આ મકાન; અને તે શખ્સે તેના સોગંદ ખાવા પછી પોતાનું મકાન વેચી નાખ્યું તો હવે તેમાં રહેવાથી સોગંદ તુટશે નહી અને જો તેના સોગંદ પછી તેણે કોઈ મકાન ખરીદયુ અને તે નવા મકાનમાં સોગંદ ખાનાર રહ્યો તો સોગંદ તુટી ગયા અને જો તે મકાન તે શખ્સનું નથી બલ્કે બીજાનો પણ તેમાં ભાગ છે તો તેમાં રહેવાથી સોગંદ તુટશે નહી. અને જો સોગંદમાં મકાન ને નિશ્ચિત કરી દીધું હતું કે ફલાણાના તે મકાનમાં રહીશ નહી અને નિય્યત એ છે કે તે મકાનમાં રહેશે નહી ભલે કોઈનું પણ હોય ભલે વેચી નાખ્યું, તેમાં રહેવાથી સોગંદ તુટી જશે અને જો એ નિય્યત હોય કે કેમકે ફલાણાનું છે તે કારણે રહેશ નહી અથવા કોઈ નિય્યત ન હોય તો વેચવા પછી રહેવાથી સોગંદ તુટશે નહી. (આલમગીરી)

**મસ્અલા-(૬૨)** : સોગંદ ખાધા કે ઝૈદ જે મકાન ખરીદશે તેમાં હું રહીશ નહી અને ઝૈદે એક મકાન અમ્ર માટે ખરીદયું, સોગંદ ખાનાર તે મકાનમાં રહેશે તો સોગંદ તુટી જશે. હા, જો, તે કહે કે મારો હેતુએ હતો કે ઝૈદ જે મકાન પોતાના માટે ખરીદે હું તેમાં રહીશ નહી અને તે મકાન તો અમ્ર માટે ખરીદયું છે તો તેનો કોલ માની લેવામાં આવશે. (આલમગીરી)

**મસ્અલા-(૬૩)** : સોગંદ ખાધા કે સવાર થશે નહી તો જે જાનવર પર ત્યાંના લોકો સવાર થાય છે તેના પર સવાર થવાથી સોગંદ તુટશે માટે જો આદમીની પીઠ પર સવાર થાય તો સોગંદ તુટયા નહી, એવી જ રીતે ગાય, બળદ, ભેંસની પીઠ પર સવાર થવાથી સોગંદ તુટશે નહી, એવી જ રીતે ગર્ધભ પર સવાર થવાથી પણ સોગંદ તુટશે નહી. કેમકે હિન્દુસ્તાનમાં અને પાકિસ્તાનમાં તેમના પર લોકો સવાર થતા નથી. હા, જો સોગંદ ખાનાર તે લોકોમાંથી હોય જે તેમના પર સવાર થાય છે જેવું ગધેડાવાળા અથવા ઉંટવાળા કે તેઓ સવાર થતા રહે છે. તો સોગંદ તુટી જશે અને ઘોડા, હાથી પર સવાર થવાથી સોગંદ તુટી જશે કે તે જાનવર અહીંયા લોકોની સવારી માટે છે એવી જ રીતે જો સોગંદ ખાનાર, તે લોકો માંથી તો નથી જે ગર્ધભ અથવા ઉંટ પર સવાર થાય છે પરંતુ સોગંદ ત્યાં ખાધા જ્યાં લોકો તેમના પર સવાર થાય છે. ઉદાહરણ રૂપે અરબ શરીફ દેશના પ્રવાસમાં છે તો ગર્ધભ અને ઉંટ પર સવાર થવાથી પણ સોગંદ તુટી જશે. (મુસ્તફા દમિનલદર વિગૈરે)

**મસ્અલા-(૬૪)** : સોગંદ ખાધાકે કોઈ સવારી પર સવાર થશે નહી, તો ઘોડા, ખચ્ચર, હાથી, પાલખી, ડોલી, બહલી, રેલ્વે, એક્કા, ટાંગા, સગ્રામ વિગેરે દરેક પ્રકારની સવારી, ગાડીઓ અને નૌકા પર સવાર થવાથી સોગંદ તુટી જશે.

**મસ્અલા-(૬૫)** : સોગંદ ખાધા કે કોઈ જાનવર પર સવાર થશે નહી તો ઝીન અથવા પાલણ મુકીને સવાર થયો અથવા નગ્ન પીઠ પર દરેક હાલતમાં સોગંદ તુટી ગયા. (આલમગીરી)

**મસ્અલા-(૬૬)** : સોગંદ ખાધા કે તે ઝીન પર સવાર થશે નહી પછી તેમાં કાંઈ વધઘટ કરી તો પણ તેના પર સવાર થવાથી સોગંદ તુટી જશે. (આલમગીરી)

**મસ્અલા-(૬૭)** : સોગંદ ખાધા કે કોઈ જાનવર પર સવાર થશે નહી તો આદમી પર સવાર થવાથી

સોગંદ તુટશે નહી કે, ઉર્ફમાં આદમી (માણસ)ને જાનવર કહેતા નથી. (ફતહ)

**મસ્અલા-(૬૮)** : સોગંદ ખાધા કે અરબી ઘોડા પર સવાર થશે નહી, તો બીજા ઘોડાઓ પર સવાર થવાથી સોગંદ તુટશે નહી. (આલમગીરી)

**મસ્અલા-(૬૯)** : સોગંદ ખાધા કે ઘોડા પર સવાર થશે નહી પછી બળજબરી એ કોઈએ સવાર કરી દીધો તો સોગંદ તુટયા નહી અને જો તેણે બળજબરી કરી અને તેના મજબૂર કરવાથી તે પોતે સવાર થયો તો સોગંદ તુટી ગયા.

(આલમગીરી, દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૭૦)** : જાનવર પર સવાર છે અને સોગંદ ખાધા કે સવાર થશે નહી, તો તત્કાળ ઉતરી જાય નહી તો સોગંદ તુટી જશે. (આલમગીરી)

**મસ્અલા-(૭૧)** : સોગંદ ખાધા કે ઝૈદના તે ઘોડા પર સવાર થશે નહી પછી ઝૈદે તે ઘોડાને વેચી દીધો તો હવે તેના પર સવાર થવાથી સોગંદ તુટશે નહી. એવીજ રીતે જો સોગંદ ખાધા કે ઝૈદના ઘોડા પર સવાર થશે નહી અને તે ઘોડા પર સવાર થયો જે ઝૈદ તથા અમ્રની ભાગીદારીમાં છે તો સોગંદ તુટયા નહી. (આલમગીરી)

**મસ્અલા-(૭૨)** : સોગંદ ખાધા કે ફલાણાના ઘોડા પર સવાર થશે નહી અને તેના ગુલામના ઘોડા પર સવાર થયો. જો સોગંદ વખતે એ નિય્યત હતી કે ગુલામના ઘોડા ઉપર પણ સવાર થશે નહી અને ગુલામ પર એટલું દેણ નથી જે લીન(ગર્ક) હોય તો સોગંદ તુટી ગયા. ભલે ગુલામ પર બિલકુલ દેણ ન હોય અથવા છે પરંતુ લીન નથી અને નિય્યત ન હોય તો સોગંદ તુટયા નહી અને દેણમાં લીન હોય તો સોગંદ તુટયા નહી જોકે નિય્યત હોય. (દુર્રે મુખ્તાર)

## ખાવા પીવાના સોગંદનું બયાન

જે વસ્તુ એવી હોય કે ચાવીને ગળાથી ઉતારવામાં આવતી હોય તેના ગળાથી ઉતારવાને ખાણું (ભોજન) કહે છે, જો કે તેણે ચાવ્યા વગર ઉતારી લીધી અને પાતળી વસ્તુ વહેતીને (પ્રવાહી)ગળથી ઉતારવાને પીવું કહે છે પરંતુ કેવળ એટલી જ વાત પર આધાર કરવો જોઈએ નહી બલ્કે મહાવરાનો જરૂર ખ્યાલ કરવો પડશે કે કયાં ખાણાનો શબ્દ બોલીએ છીએ અને કયાં પીવાનો. કે સોગંદનો દારોમદાર (અવલંબન) બોલ ચાલ પર છે.

**મસ્અલા-(૧)** : ઉર્દુમાં દૂધ પીવાને પણ દૂધ ખાવું કહે છે, માટે જો સોગંદ ખાધા કે દૂધ ખાઈશ નહી તો પીવાથી પણ સોગંદ તુટી જશે અને જો કોઈ એવી વસ્તુ ખાધી જેમાં દૂધ મળેલું છે પરંતુ તેનો સ્વાદ મહસૂસ થતો નથી તો તેના ખાવથી સોગંદ તુટયા નહી.

**મસ્અલા-(૨)** : સોગંદ ખાધા કે દૂધ અથવા સિરકો અથવા સેરવો ખાશે નહી અને રોટીથી લગાવીને ખાધું તો સોગંદ તુટી ગયા અને ખાલી સિરકો પી ગયો તો સોગંદ તુટયા નહી, કે તેને ખાવું ન કહીશું બલ્કે તે પીવું છે. (બહર)

**મસ્અલા-(૩)** : સોગંદ ખાધા કે તે રોટી ખાશે નહી અને તેને સુકવીને કૂટીને પાણીમાં ઘોળીને પી ગયો તો સોગંદ તુટયા નહી કે તે ખાવું નથી પીવું છે. (બહર)

**મસ્અલા-(૪)** : જો કોઈ વસતુને મુખમાં મુકીને ઓગાળી નાખી તો તે ન ખાવું છે ન પીવું છે. દા.ત. સોગંદ ખાધા કે આ રોટી ખાશે નહી અને મુખમાં મુકીને ઓગાળી નાખી અથવા આ પાણી પીસે નહી અને તનાથી કોગળો કર્યો તો સોગંદ તુટયા નહી. (બહર)

**મસ્અલા-(૫)** : સોગંદ ખાધા કે આ [illegible] અથવા આ અખરોટ ખાશે નહી અને તેને ચાવ્યા વગર ગળી ગયો તો સોગંદ તુટી ગયા અને જો સોગંદ ખાધા કે આ અંગૂર અથવા દાડમ ખાશે નહી અને ચૂસીને અર્ક પી ગયો અને કુચો ફેંકી દીધો તો સોગંદ તુટી ગયા કે તેને ઉર્ફે આમમાં ખાવું કહે છે. એવી જ રીતે તે જો મોરસ ન ખાવાના સોગંદ ખાધા

હતા અને તેને મોઢામાં મુકીને જેમ ઓગળતી ગઈ ગળામાંથી ઉતારતો ગયા સોગંદ તુટી ગયા.

(દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૬)** : ચાખવાનો અર્થ છે કોઈ વસ્તુને મોઢામાં મુકીને તેનો સ્વાદ માલૂમ કરવો. અને ઉર્દુ મહાવરામાં મઝા ઓળખવા માટે થોડુંક ખાઈ લેવું અથવા પી લેવા ને ચાખવું કહે છે. જો અનુમાનથી એ વાત જાણી શકાય કે આ કથનમાં ચાખવાથી થોડુંક ખાઈને સ્વાદ જાણી લેવું છે તો આ ભાવાર્થ લઈશું. દા.ત કોઈ શખ્સ કાંઈ ખાઈ રહ્યો છે તેણે બીજાને બોલાવ્યો, તેણે ઈન્કાર કર્યો, તેણે કહ્યું જરા ચાખીને તો જુઓ, કેવું છે ? તો અહીયા ચાખવાનો અર્થ થોડુંક ખાઈ લેવું છે અને જો યકીન (અનુમાન) ન હોય તો સર્વથા મઝા જાણવા માટે મોઢામાં મુકવું મુરાદ થશે કે આ અર્થમાં પણ આ શબ્દ બોલવામાં આવે છે પરંતુ જો પાણી સંબંધે સોગંદ ખાધા કે તેને ચાખીશ નહી, પછી નમાઝ માટે તેનાથી કુલ્લી (કોગળા) કરી તો સદગંદ તુટયા નહી કે કુલ્લી કરવું નમાઝ માટે છે, મઝા જાણવા માટે નથી. જોકે મઝા પણ માલૂમ પડી જાય.

**મસ્અલા-(૭)** : સોગંદ ખાધા કે આ સત્તુ ખાશે નહી અને તેને ઘોળીને પીધું અથવા સોગંદ ખાધા કે આ સત્તુ પીશે નહી અને ગુંદીને ખાધા અથવા એમજ ફાંકી લીધા તો સોગંદ તુટયા નહી.

**મસ્અલા-(૮)** : કેરી વિગેરેના કોઈ વૃક્ષ સંબંધે કહ્યું તે તેમાથી કાંઈ ખાશે નહી તો તેના ફળ ખાવાથી સોગંદ તુટી જશે કે વૃક્ષ પોતે ખાવાની વસ્તુ નથી માટે તેનાથી ભાવાર્થ તેનું ફળ ખાવું છે. એવી જ રીતે ફળને નીચોવ્યું જે નીકળ્યું તે ખાધું તો પણ સોગંદ તુટી ગયા અને જો ફળને નીચોવીને તેની કોઈ વસ્તુ બનાવી લીધી જેવું કે દ્રાક્ષ થી સિરકો બનાવીએ છીએ તો તેના ખાવાથી સોગંદ તુટયા નહી, જો કે એ નિય્યત પણ હોય કે વુક્ષનો કોઈ અંશ ખાઈશ નહી અને જો તે વૃક્ષ એવું હોય જેમાં ફળ થતું ન હોય અથવા થાય છે પરંતુ ખાવામાં આવતું ન હોય તો તેની કીમત થી કોઈ વસ્તુ ખરીદી ને ખાવાથી સોગંદ તુટી જશે કે તેના ખાવાથી ભાવાર્થ તેની કીમત થી કોઈ વસ્તુ ખરીદીને ખાવું છે. (દુર્રે મુખ્તાર, બહર વિગેરે)

**મસ્અલા-(૯)** : સોગંદ ખાધા કે આ આંબાના વૃક્ષની કેરી ખાઈશ નહી અને પાકેલા ખાધા અથવા સોગંદ ખાધા કે આ વૃક્ષના અંગૂર ખાઈશ નહી અને મુનક્કા ખાધા અથવા દૂધ ખાઈશ નહી અને દહી ખાધુ તો સોગંદ તુટશે નહી.

(આમ્મતુલ કુતુબ)

**મસ્અલા-(૧૦)** : સોગંદ ખાધા કે આ ગાય અથવા બકરી થી કાંઈ ખાશે નહી તો તેનું દૂધ, દહીં અથવા માખણ અથવા ઘી ખાવાથી સોગંદ તુટશે નહી. અને માંસ ખાવાથી તુટી જશે. (બહર વિગેરે)

**મસ્અલા-(૧૧)** : સોગંદ ખાધા કે આ આટો ખાશે નહી અને તેની રોટી અથવા બીજી કોઈ બનાવેલી વસ્તુ ખાધી તો સોગંદ તુટી ગયા અને ખૂદ આટો જ ફાકી લીધો તો તુટયા નહી.

(બહર, રદદુલ મુહતાર)

**મસ્અલા-(૧૨)** : સોગંદ ખાધા કે રોટી ખાશે નહી તો તે સ્થળે જે વસ્તુની રોટી લોકો ખાય છે તેની રોટીથી સોગંદ તુટશે. દા.ત. હિન્દુસ્તાનમાં તથા પાકિસ્તાનમાં ઘઊં, જવ, જુવાર, બાજરી, મકાઈની રોટી પકાવવામાં આવે છે તો ચોખાની રોટી થી સોગંદ તુટશે નહી અને જ્યાં ચોખાની રોટી લોકો ખાતા હોય ત્યાના કોઈ શખ્સે સોગંદ ખાધા તો ચોખાની રોટી ખાવાથી સોગંદ તુટી જશે. (બહર)

**મસ્અલા-(૧૩)** : સોગંદ ખાધા કે સિરકો ખાશે નહી અને ચટણી અથવા સંકજન ખાધું જેમાં તે સિરકો મેળવેલ હતો તો સોગંદ તુટયા નહી અથવા સોગંદ ખાધા કે આ ઈંડાથી ખાશે નહી અને તેમાંથી બચ્ચુ નીકળ્યું અને તેને ખાધુ તો સોગંદ તુટયા નહી. (આલમગીરી, બહર)

**મસ્અલા-(૧૪)** : સોગંદ ખાધા કે આ વૃક્ષ થી કાંઈ ખાશે નહી અને તેની કલમ રોપી તો તે કલમના ફળ ખાવાથી સોગંદ તુટયા નહી. (રદદુલ મુહતાર)

**મસ્અલા-(૧૫)** : સોગંદ ખાધા કે આ વાછરડાનું માંસ ખાશે નહી. પછી તે જવાન થઈ ગયું તે સમયે તેનું માંસ ખાધું તો સોગંદ તુટી ગયા. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૬)** : સોગંદ ખાધા કે માંસ ખાશે નહી તો માછલી ખાવાથી સોગંદ તુટશે નહી. અને ઉંટ, ગાય, ભેંસ, ઘેટા, બકરી અને પક્ષી વિગેરે જેમનું માંસ ખાવામાં આવે છે તેમનું માંસ ખાધું તો સોગંદ તુટી જશે. ભલે સૂપવાળું હોય કે સેકેલું, અથવા કોપતા અને કાચું માંસ અથવા કેવળ સુપ ખાધો તો સોગંદ તુટયા નહી. એવી જ રીતે તે કલેજી, તિલ્લી, ફેફળા, દિલ, ગુરદા, ઓજડી, ઘેટાની ચાકના ખાવાથી પણ સોગંદ તુટશે નહી કે તે વસ્તુઓને ઉર્ફે આમમાં માંસ કહેતા નથી અને જો કોઈ સ્થળે તે વસ્તુઓની પણ માંસમાં ગણના હોય તો ત્યાં તેમના ખાવા થી પણ સોગંદ તુટી જશે. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા-(૧૭)** : સોગંદ ખાધા કે બળદનું માંસ ખાશે નહી તો ગાયના માંસથી સોગંદ તુટશે નહી અને ગાયનું માંસ ન ખાવાના સોગંદ ખાધા તો બળદનું માંસ ખાવાથી સોગંદ તુટી જશે કેમ કે બળદના માંસને પણ લોકો ગાયનું માંસ કહે છે અને ભેંસના માંસ થી તુટશે નહી. અને ભેંસના માંસના સોગંદ ખાધા તો ગાય-બળદ ના માંસથી તુટશે નહી અને મોટાનું માંસ કહ્યું તો તેમાં સૌ સામેલ છે અને બકરીનું માંસ કહ્યું તો બકરાના માંસ થી પણ સોગંદ તુટી જશે કે બંનેને બકરીનું માંસ કહે છે. એવી જ રીતે ઘેટાનું માંસ કહ્યું તો મેંઢુ પણ શામેલ છે અને દુંબો તેમાં દાખલ નથી જો કે દુંબો તેનો જ એક પ્રકાર છે અને નાનાના માંસમાં તે સૌ શામેલ છે.

**મસ્અલા-(૧૮)** : સોગંદ ખાધા કે ચરબી ખાશે નહી તો પેટમાં તથા આંતરડાઓ પર ચરબી ચોંટેલી રહે છે તેના ખાવાથી સોગંદ તુટશે. પીઠની ચરબી જે માંસની સાથે મળેલી હોય છે તેના ખાવાથી અથવા દુંબાની ચાકી ખાવાથી તુટશે નહી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૯)** : સોગંદ ખાધા કે માંસ ખાશે નહી અને કોઈ ખાસ માંસની નિય્યત છે તો કેવળ તેના સિવાય બીજું માંસ ખાવાથી સોગંદ તુટશે નહી. એવી જ રીતે સોગંદ ખાધા કે ખાણું ખાશે નહી અને ખાસ ખાણું ભાવાર્થ છે તો બીજું ખાણું ખાવથી સોગંદ તુટશે નહી. (આલમગીરી)

**મસ્અલા-(૨૦)** : સોગંદ ખાધા કે તલ ખાશે નહી તો તલનું તેલ ખાવાથી સોગંદ તુટશે નહી અને ઘઊં ન ખાવાના સોગંદ ખાધા તો ભૂનેલા (સેકેલા) ખાવાથી સોગંદ તુટી જશે અને ઘઊં ની રોટી અથવા આટા અથવા સત્તુ અથવા કાચા ઘઊં ખાવાથી સોગંદ તુટશે નહી પરંતુ જ્યારે કે તેની એ નિય્યત હોય કે ઘઊંની રોટી ખાશે નહી તો રોટી ખાવાથી પણ તુટી જશે. (બહર, આલમગીરી)

**મસ્અલા-(૨૧)** : સોગંદ ખાધા કે આ ઘઊં ખાશે નહી પછી તેને વાવ્યા, હવે જે ઉત્પાદન થયું તેના ખાવાથી સોગંદ તુટશે નહી કે આ તે ઘઊં નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૨૨)** : સોગંદ ખાધા કે રોટી ખાશે નહી તો પરાઠા, સમોસા, બિસ્કીટ, રોગની, મેંદાની રોટી, ગુલગુલા, નાન, પાઊં ખાવાથી સોગંદ તુટશે નહી કે તેમને રોટી કહેતા નથી અને તન્નુરી રોટી અથવા ચપાતી અથવા જાડી રોટી અથવા વેલણ થી બનાવેલ રોટી ખાવાથી સોગંદ તુટી જશે. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા-(૨૩)** : સોગંદ ખાધા કે ફલાણાંનું ખાણું ખાશે નહી અને તેના ત્યાંનો સિરકો અથવા નમક ખાધું તો સોગંદ તુટયા નહી. (રદદુલ મુહતાર)

**મસ્અલા-(૨૪)** : સોગંદ ખાધા કે ફલાણા શખ્સનું ખાણું ખાશે નહી અને તે શખ્સ ખાણું વેચે છે. તેણે ખરીદીને ખાઈ લીધું તો સોગંદ તુટી ગયા કે તેના ખાવાથી પણ ભાવાર્થ તેનાથી ખરીદીને ખાણું ખાવું છે અને જો ખાણું વેચવું તેનું કામ ન હોય તો ભાવાર્થ તે ખાણું છે જે તેના માલિકી પણામાં હોય માટે ખરીદીને ખાવાથી સોગંદ તુટશે નહીં.

(રદદુલ મુહતાર)

**મસ્અલા-(૨૫)** : સોગંદ ખાધા કે ફલાણી સ્ત્રીની પકાવેલી રોટી ખાશે નહી અને તે સ્ત્રીએ પોતે રોટી પકાવી છે અર્થાત તેણે તવા પર નાખીને સેકી છે તો તેના ખાવાથી સોગંદ તુટી જશે. અને જો તેણે કેવળ આટો ગુંદયો છે અથવા રોટી બનાવી છે અને કોઈ બીજા એ તવા પર નાખી અને સેકી છે તો તેના ખાવાથી સોગંદ તુટશે નહી કે આટો ગુંદવા અથવા રોટી વણવા ને પકાવવું (રાંધવું) કહેતા નથી અને જો કહ્યું ફલાણી સ્ત્રીની રોટી ખાઈશ નહી તો તેમાં બે સ્વરૂપો છે જો એ મુરાદ છે કે તેની પકાવેલી રોટી ખાઈશ નહી તો એજ હુકમ છે જે બયાન કરવામાં આવ્યો અને એ ભાવાર્થ છે કે તેની માલિકીમાં જે રોટી છે તે ખાઈશ નહી તો જો કે કોઈ બીજા એ આટો ગુંદયો અથવા રોટી પકાવી હોય પરંતુ જ્યારે તેની માલિકી છે તો ખાવાથી સોગંદ તુટી જશે.

(દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા-(૨૬)** : સોગંદ ખાધા કે આ ખાણું ખાશે તો તેમાં બે સૂરતો છે. કોઈ સમય મુકર્રર (નિશ્ચિત) કરી દીધો છે અથવા નહી. જો સમય મુકર્રર કર્યો નથી તો પછી ખાણું બીજા કોઈએ ખાઈ લીધું અથવા મરી ગયો અથવા સોગંદ ખાનાર મરી ગયો તો સોગંદ તુટી ગયા અને જો સમય મુકર્રર કરી દીધો છે. દા.ત. આજે તેને ખાશે અને દિવસ ગુજરવાથી પહેલા સોગંદ ખાનાર મરી ગયો અથવા ખાણું નષ્ટ થઈ ગયું તો સોગંદ તુટયા નહી.

(આલમગીરી)

**મસ્અલા-(૨૭)** : સોગંદ ખાધા કે ખાણું ખાશે નહી તો તે ખાણું મુરાદ છે જેને આદત અનુસાર ખાઈએ છીએ માટે જો મુરદારનું માંસ ખાધું તો સોગંદ તુટયા નહી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૨૮)** : સોગંદ ખાધા કે સિરી (મુંડી) ખાશે નહી અને તેની આ નિય્યત હોય કે બકરી, ગાય, મુરઘી, માછલી વિગેરે કોઈ જાનવર નું માથું ખાશે નહી તો જે વસ્તુનું માથું ખાશે સોગંદ તુટી જશે અને જો નિય્યત કાંઈ ન હોય તો ગાય અને બકરીનું માથું ખાવાથી સોગંદ તુટશે. અને ચકલી, તીડ, માછલી વિગેરે જાનવરોનું માથું ખાવાથી તુટશે નહી. (આલમગીરી વિગેરે)

**મસ્અલા-(૨૯)** : સોગંદ ખાધા કે ઈંડુ ખાશે નહી અને નિય્યત કાંઈ ન હોય તો માછલીના ઈંડા ખાવાથી સોગંદ તુટશે નહી. (આલમગીરી)

**મસ્અલા-(૩૦)** : મેવો ન ખાવાના સોગંદ ખાધા તો મુરાદ, સેબ (સફરજન), નાસપતી, અંગૂર, અનાર, આમ, અમરૂદ વિગેરે છે, જેમને ઉર્દૂ આમ (લોકભાષા) માં મેવો કહે છે. ખીરા, કાકડી, ગાંજર વિગેરે ને મેવો કહેતા નથી.

**મસ્અલા-(૩૧)** : મિઠાઈથી મુરાદ અમરતી, જલેબી, પેંડા, બાલુશાહી, ગુલાબજાંબુ, કલાકંદ, બરફી, લાડુ વિગેરે જેમને લોકભાષામાં મિઠાઈ કહે છે, હા, જે બાજુએ કેટલાક ગામોમાં ગોળને મિઠાઈ કહે છે માટે જો તે ગામવાળા એ મિઠાઈ ન ખાવાના સોગંદ ખાધા તો ગોળ ખાવાથી સોગંદ તુટી જશે અને જ્યાંનો એ મુહાવરો (બોલચાલ) નથી ત્યાંવાળાના સોગંદ તુટશે નહી. અરબીમાં હલવા દરેક મીઠી વસ્તુને કહે છે ત્યાં સુધીકે અંજીર અને ખજૂરને પણ પરંતુ હિન્દુસ્તાનમાં એક ખાસ પ્રકારે બનાવેલ વસ્તુને હલવો કહે છે કે સોજી, મેંદા, ચાવલના આટા વિગેરેથી બનાવે છે અને અહી બરૈલીમાં તેને મિઠાઈ બોલે છે. તાત્પર્ય જે જગ્યાની જે બોલચાલ હોય ત્યાં તેની જ ગણના છે. સાલન સામાન્યત હિન્દુસ્તાનમાં માંસ ને કહે

છે જેનાથી રોટી ખાવામાં આવે છે અને કેટલાક સ્થળે મેં દાળને પણ સાલન કહેતા સાંભળ્યું છે અને અરબી ભાષામાં તો સિરકા ને પણ લોકો સાલન કહે છે, આલૂ, રતાળૂ, અડવી, તુરાઈ, ભીંડા, સાગ, કદ્દૂ, શલજમ, ગોબી અને બીજી સબજીઓને તરકારી કહે છે જેને માંસમાં નાખે છે અથવા એકલા પકાવે છે અને કેટલાક ગામોમાં જ્યાં હિન્દુઓ અધિકતાથી રહે છે માંસને પણ લોકો તરકારી કહે છે.

**મસ્અલા-(૩૨)** : સોગંદ ખાધા કે ખાણું ખાશે નહી (જમસે નહી) અને કોઈ એવી વસ્તુ ખાધી છે જેને ઉર્ફ (ઉપનામ) માં ભોજન કહેતા નથી. દા.ત. દૂધ પી લીધું અથવા મિઠાળ ખાઈ લીધી તો સોગંદ તુટયા નહી.

**મસ્અલા-(૩૩)** : સોગંદ ખાધા કે નમક (મીઠું) ખાશે નહી અને એવી વસ્તુ ખાધી જેમાં નમક પડેલું છે તો સોગંદ તુટયા નહી, જો કે નમકનો સ્વાદ મહસૂસ થતો હોય અને રોટી વિગેરેને નમક લગાવીને ખાધી તો સોગંદ તુટી જશે અને હા, જો તેના કથન થી એમ સમજવામાં આવતું હોય કે નિમકીન ભોજન ભાવાર્થ છે તો પ્રથમ સ્વરૂપમાં પણ સોગંદ તુટી જશે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૩૪)** : સોગંદ ખાધા કે મિરચ (મરચું) ખાશે નહી અને માંસ વિગેરે કોઈ એવી વસ્તુ ખાધી જેમાં મરચું છે અને મિરચ નો સ્વાદ મહસૂસ થાય છે તો સોગંદ તુટી ગયા. તેની જરૂરત નથી કે મિરચ ખાય તો સોગંદ તુટે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૩૫)** : સોગંદ ખાધા કે પ્યાઝ (ડુંગરી) ખાશે નહી અને કોઈ એવી વસતુ ખાધી જેમાં ડુંગરી પડેલી છે તો સોગંદ તુટયા નહી. જો કે ડુંગરી નો સ્વાદ જણાતો હોય. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૩૬)** : જે ભોજન સંબંધે સોગંદ ખાધા કે તેને ખાશે નહી અથવા પાણી સંબંધે કે તેને પીશે નહી. જો તે એટલું છે કે એક મજલિસ (બેઠક) માં ખાઈ શકે છે અને એક પ્યાલામાં પી શકે છે તો જ્યાં સુધી તમામ ખાય પીયે નહી તો સોગંદ તુટશે નહી. દા.ત. સોગંદ ખાધા કે આ રોટી ખાઈશ નહી અને રોટી એવી છે કે એક મજલિસમાં પૂરી ખાઈ શકે છે તો તે રોટી નો ટુકડો ખાવાથી સોગંદ તુટશે નહી. એવી જ રીતે સોગંદ ખાધા કે આ ગ્લાસનું પાણી પીશે નહી તો એક ઘુંટ પીવાથી સોગંદ તુટયા નહી અને જો આહાર એટલો છે કે એક બેઠકમાં ખાઈ શકતો નથી તો તેમાંથી થોડુંક પણ ખાવાથી સોગંદ તુટી જશે. દા.ત. સોગંદ ખાધા કે આ ગાય નું માંસ ખાશે નહી અને એક બોટી ખાઈ લીધી, સોગંદ તુટી ગયા. એવી જ રીતે સોગંદ ખાધા કે આ માટલાનું માણી પીશે નહી અને માટલું પાણી થી ભરેલું છે તો એક ઘૂટથી પણ સોગંદ તુટી જશે અને જો એમ કહ્યું કે આ રોટી મારા માટે હરામ છે તો જો કે એક બેઠકમાં એ રોટી ખાઈ શકતો હોય પરંતુ તેનો ટુકડો ખાવાથી પણ કફ્ફારો લાજિમ થશે. એવી જ રીતે કહ્યું આ પાણી મારા માટે હરામ છે અને એક ઘૂંટ પી લીધું તો કફ્ફારો વાજિબ થઈ ગયો જો કે તે એક પ્યાસનું પણ ન હોય. (આલમગીરી)

**મસ્અલા-(૩૭)** : સોગંદ ખાધા કે આ રોટી ખાશે નહી અને કુલ ખાઈ ગયો. થોડીક રહેવા દિધી તો સોગંદ તુટી ગયા કે રોટીનો થોડોક ભાગ રહેવા દેવાથી પણ ઉર્ફે આમ માં એજ કહેવામાં આવશે કે રોટી ખાધી. હા, જો તેની એ નિય્યત હતી કે કુલ રોટી ખાશે નહી તો થોડીક રહેવા દેવાથી સોગંદ તુટ્યા નહી. (આલમગીરી)

**મસ્અલા-(૩૮)** : સોગંદ ખાધા કે આ અનાર (દાડમ) ને ખાશે નહી અને સઘળું ખાઈ ગયો. એક-બે દાણા રહેવા દીધા તો સોગંદ તુટી ગયા અને જો એટલા વધારે રહેવા દીધા કે ટેવ અનુસાર એટલા રહેવા દેવામાં આવતા નથી તો સોગંદ તુટયા નહી. (આલમગીરી)

**મસ્અલા-(૩૯)** : સોગંદ ખાધા કે હરામ ખાશે નહી અને ચોરી કરેલા યા છીનવી લીધેલા રૂપિયાથી

કોઈ વસ્તુ ખરીદીને ખાધી તો સોગંદ તુટયા નહી પરંતુ ગુનેહગાર થયો અને જે વસ્તુ ખાધી જોતે ચોરી કરેલી છે તો સોગંદ તુટી ગયા. (આલમગીરી)

**મસ્અલા-(૪૦)** : સોગંદ ખાધા કે ઝૈદની કમાણી ખાશે નહી અને ઝૈદને કોઈ વસ્તુ વારસામાં મળી તો તેના ખાવાથી સોગંદ તુટશે નહી. અને જો ઝૈદે કોઈ વસ્તુ ખરીદી અથવા ભેટ અથવા સદકામાં કોઈ વસ્તુ મળી અને ઝૈદે તેને સ્વીકાર કરી લીધો તો તેના ખાવાથી સોગંદ તુટી જશે અને જો ઝૈદથી મેં કોઈ વસ્તુ ખરીદીને ખાધી તો તુટશે નહી અને જો ઝૈદ મરી ગયો અને તેની કમાણી નો માલ ઝૈદના વારસદારના ત્યાં ખાધો અથવા સોગંદ ખાનાર પોતેજ વારસ છે અને ખાઈ લીધું તો સોગંદ તુટી ગયા. (આલમગીરી)

**મસ્અલા-(૪૧)** : કોઈની પાસે રૂપિયા છે સોગંદ ખાધા કે તેમને ખાશે નહી, પછી તે રૂપિયાના પૈસા બનાવી લીધા અથવા અશરફીઓ બનાવી લીધી, પછી તે પૈસાઓ અથવા અશરફીઓથી કોઈ વસ્તુ ખરીદીને ખાધી તો સોગંદ તુટી ગયા. અને જો તે પૈસાઓ અથવા અશરફીઓથી જમીન ખરીદી પછી તેને વેચીને ખાધું તો સોગંદ તુટશે નહી. (આલમગીરી)

**મસ્અલા-(૪૨)** : સોગંદ તે વખતે સહીહ (સાચા) થશે કે જે વસ્તુના સોગંદ ખાધા હોય તે ભવિષ્યમાં જોવામાં આવી શકે. અર્થાત બુદ્ધિગત શકય હોય જો કે ટેવ અનુસાર અશકય હોય, દા.ત. એ સોગંદ ખાધા કે હું આકાશ પર ચઢીશ અથવા આ મહીને સોનુ બનાવીને આપીશ તો સોગંદ થઈ ગયા અને એજ સમયે તુટી પણ ગયા. એવી જ રીતે સોગંદ બાકી રહેવાની પણ એ શરત છે કે તે કામ અત્યારે પણ શકય હોય માટે જો હવે શકય ન રહ્યું તો સોગંદ જતા રહ્યા. દા.ત. સોગંદ ખાધા કે હું તમારા રૂપિયા કાલે અદા કરીશ. અને કાલ આવવાથી પહેલા જ મરી ગયો તો જો કે સોગંદ સહીહ થઈ ગયા હતા પરંતુ હવે સોગંદ રહ્યા નહી કે તે રહ્યો જ નથી. આ કાયદાને જાણ્યા પછી હવે એ જુઓ કે જો સોગંદ ખાધા કે હું આ કૂઝાનું પાણી આજે પીઈશ અને કુઝામાં પાણી નથી અથવા હતું પરંતુ રાત આવવાથી પહેલા તેમાનું પાણી વેરાઈ ગયું અથવા તેણે વેરી દીધું તો સોગંદ તુટયા નહી. કે પ્રથમ હાલતમાં સોગંદ સહી થયા નહી અને બીજામાં સહીહ તો થયા પરંતુ બાકી રહ્યા નહી. એવી જ રીતે જો કહ્યું હું આ કૂઝાનું પાણી પીઈશ અને તેમાં પાણી તે સમયે નથી તો સોગંદ તુટયા નહી પરંતુ જ્યારે કે ખબર છે કે પાણી નથી અને પછી સોગંદ ખાધા તો ગુનેહગાર થયો. જો કે કફફારો લાઝિમ નથી અને જો પાણી હતું અને વેરાઈ ગયું અથવા ઠાલવી દેવડાવ્યું તો સોગંદ તુટી ગયા અને કફફારો લાઝિમ.

(દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર, બહર)

**મસ્અલા-(૪૩)** : પત્નીને કહ્યું જો તેં કાલે નમાઝ પઢી નહી તો તને તલાક છે અને સવારે ઔરત ને હૈજ આવી ગયું તો તલાક થઈ નહી. એવી જ રીતે પત્ની ને કહ્યું કે જે રૂપિયા તેં મારા ખિસ્સામાંથી લીધા છે જો તેમાં મુકશે નહી તો તલાક છે અને જોયું તો રૂપિયા ખિસ્સામાંજ મોજૂદ છે, તલાક થઈ નહી. (દુર્રે મુખ્તાર)

## વાતચીત કરવા સંબંધે સોગંદનું બયાન

**મસ્અલા-(૧)** : એમ કહ્યું કે તમારાથી અથવા ફલાણાથી વાત કરવું મારા પર હરામ છે અને કાંઈ પણ વાત કરી તો કફફારો લાઝિમ થઈ ગયો.

(દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૨)** : સોગંદ ખાધા કે આ બાળકથી વાતચીત કરીશ નહી. અને તેના જવાન અથવા વૃધ્ધ થવા પછી વાતચીત કરી તો સોગંદ તુટી ગયા. અને કહ્યું કે બાળકથી વાત કરીશ નહી અને જવાન અથવા વૃધ્ધથી વાત કરી તો સોગંદ તુટયા નહી. (દુર્રે મુખ્તાર, આલમગીરી)

**મસ્અલા-(૩)** : સોગંદ ખાધા કે ઝૈદથી વાત કરશે નહી અને ઝૈદ સુઈ રહ્યો તો, તેણે પોકાર્યો

(બોલાવ્યો) જો બોલાવવાથી જાગી ગયો તો સોગંદ તુટી ગયા અને જાગૃત થયો નહી તો તુટયા નહી અને જો જાગી રહ્યો હતો અને તેણે સાદ પાડયો જો એટલો જ અવાઝ હતો કે સાંભળી શકે, જો કે બહેરા હોવા અથવા કામમાં મશ્ગુલ હોવા અથવા શોર (કોલાહલ) ના કારણે સાંભળ્યું નહી તો સોગંદ તુટી ગયા અને જો છેટે હતો અને એટલા અવાઝથી પોકાર્યો કે સાંભળી શકતો નથી તો સોગંદ તુટયા નહી. અને ઝૈદ કોઈ સભામાં બેઠો હતો તેણે તે સભા ને સલામ કરી તો સોગંદ તુટી ગયા. હા જો નિય્યત એ હોય કે ઝૈદ સિવાય બીજાઓને સલામ કરવી છે તો તુટયા નહી અને નમાઝ નો સલામ કલામ (વાત) નથી માટે તેનાથી સોગંદ તુટશે નહી ભલે ઝૈદ જમણી તરફ હોય કે ડાબી તરફ, એવી જ રીતે જો ઝૈદ ઈમામ હતો અને તે મુકતદી, તેણે તેની ભૂલ પર સુબ્હાનલ્લાહ કહ્યું અથવા લુકમો આપ્યો તો સોગંદ તુટયા નહી. અને જો તે નમાઝમાં ન હતો અને લુકમા આપ્યો અથવા તેની ભૂલ પર સુબ્હાનલ્લાહ કહ્યું તો સોગંદ તુટી ગયા. (બહર)

**મસ્અલા-(૪) :** સોગંદ ખાધા કે ઝૈદથી વાત કરીશ નહી અને કોઈ કામ માટે તેને કહેવું છે, તેણે કોઈ બીજાને સંબોધિત કરીને કહ્યું અને હેતુ ઝૈદને સંભળાવવું છે તો સોગંદ તુટયા નહી. એવી જ રીતે જો ઔરતને કહ્યું કે તેં જો મારી શિકાયત પોતાના ભાઈને કરી તો તને તલાક છે. ઔરત નો ભાઈ આવ્યો તેની સમક્ષ ઔરતે બાળકથી પોતાના પતિની શિકાયત કરી અને હેતુ આશય ભાઈને સંભળાવવું છે તો તલાક થઈ નહી. (બહર)

**મસ્અલા-(૫) :** સોગંદ ખાધા કે હું તારાથી પહેલા વાત કરીશ નહી. અને રસ્તામાં બંનેની મુલાકાત થઈ બંને એ એક સાથે સલામ કર્યા તો સોગંદ તુટયા નહી બલ્કે ચાલ્યા ગયા કે હવે આરંભમાં સલામ કરવામાં વાંધો નથી. એવી જ રીતે જો ઔરતને કહ્યું કે જો હું તારાથી પહેલા સલામ કરૂં તો તને તલાક છે. અને ઔરતે પણ સોગંદ ખાધા કે હું તારાથી વાતની પહેલ કરીશ નહી તો પુરૂષે ઔરત થી વાત કરવી જોઈએ કે તેના સોગંદ પછી જ્યારે ઔરતે સોગંદ ખાધા તો હવે પુરૂષનું વાત કરવું પહેલ ન હશે. (બહર)

**મસ્અલા-(૬) :** વાત ન કરવાના સોગંદ ખાધા તો પત્ર મોકલવા અથવા કોઈની સાથે કાંઈ કહેવડાવી મોકલવાથી અથવા ઈશારો કરવાથી સોગંદ તુટશે નહી. (આલમગીરી)

**મસ્અલા-(૭) :** એકરાર તથા બશારત અને ખબર આપવું આ સઘળું લખવાથી થઈ શકે છે અને ઈશારા થી નહી દા.ત. સોગંદ ખાધા કે તમને ફલાણી વાતની ખબર આપીશ નહી અને લખીને મોકલી દીધું તો સોગંદ તુટી ગયા અને ઈશારાથી બતાવ્યું તો તુટયા નહી અને જો સોગંદ ખાધા કે તમારો આ ભેદ કોઈને જાહેર કરીશ નહી અને ઈશારા થી બતાવી દીધું તો સોગંદ તુટી ગયા જાહેર કરવું ઈશારાથી પણ થઈ શકે છે. (દુર્રે મુખ્તાર, બહર)

**મસ્અલા-(૮) :** સોગંદ ખાધા કે ઝૈદથી વાત કરશે નહી અને ઝૈદે દરવાજા પર આવી સાંકળ ખખડાવી તેણે કહ્યું 'કોણ છે ?' અથવા 'કોણ ?' તો સોગંદ તુટયા નહી અને જો કહ્યું : 'આપ કોણ સાહેબ છો ?' અથવા 'તમે કોણ છો ?' તો તુટી ગયા. એવી જ રીતે જો ઝૈદે સાદ પાડયો અને તેણે કહ્યું, હા, અથવા કહ્યું હાજર છું અથવા તેણે કાંઈ પુછયું તેણે જવાબમાં હા, કહ્યું તો સોગંદ તુટી ગયા. (આલમગીરી)

**મસ્અલા-(૯) :** સોગંદ ખાધા કે પત્ની થી વાત કરશે નહી અને ઘરમાં પત્ની સિવાય બીજું કોઈ નથી તે ઘરમાં આવ્યો અને કહ્યું આ વસ્તુ કોણે મુકી છે અથવા કહ્યું તે વસ્તુ કયાં છે તો સોગંદ તુટી ગયા અને જો ઘરમાં કોઈ બીજું પણ છે તો તુટયા નહી અર્થાત જ્યારે તેની નિય્યત પત્નીને પુછવાની ન હોય. (આલમગીરી)

**મસ્અલા-(૧૦)** : વાત ન કરવાના સોગંદ ખાધા અને એવી ભાષામાં વાત કરી જેને સંબોધિત સમજ તો નથી તો પણ સોગંદ તુટી ગયા. (આલમગીરી)

**મસ્અલા-(૧૧)** : સોગંદ ખાધા કે ઝૈદ થી વાત કરશે નહી જ્યાં સુધી ફલાણો શખ્સ ઈજાઝત ન આપે અને તેણે ઈજાઝત આપી પરંતુ તેને ખબર નથી અને વાત કરી લીધી તો સોગંદ તુટી ગયા અને જો ઈજાઝત આપવાથી પહેલા તે શખ્સ મૃત્યુ પામ્યો તો સોગંદ બાતિલ થઈ ગયા અર્થાત હવે વાત કરવાથી સોગંદ તુટશે નહી. કે સોગંદ જ રહ્યા નહી અને જો એમ કહ્યું હતું કે ફલાણા ની મરજી વગર વાત કરીશ નહી અને તેની મરજી હતી પરંતુ તેને ખબર નહતી અને વાત કરી લીધી તો સોગંદ તુટયા નહી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૨)** : સોગંદ ખાધા કે ફલાણા ને પત્ર લખીશ નહી અને કોઈને લખવા માટે ઈશારો કર્યો તો જો આ સોગંદ ખાનાર ઉમરાવો (હોદ્દેદારો) પૈકી છે તો સોગંદ તુટી ગયા કે એવા લોકો પોતે લખતા નથી બલ્કે બીજાઓથી લખાવે છે અને તે લોકોની આદત એ હોય છે કે ઈશારાથી હુકમ કરે છે. (દુર્રે મુખ્તાર, બહર)

**મસ્અલા-(૧૩)** : સોગંદ ખાધા કે ફલાણાંનો પત્ર વાંચશે નહી અને પત્રને જોયો અને જે કાંઈ લખ્યું છે તેને સમજ્યો તો સોગંદ તુટી ગયા કે પત્ર વાંચવાથી એજ હેતુ છે, જીભથી વાંચવું આશય નથી, આ ઈમામ મોહમ્મદ રદિયલ્લાહો અન્હો નો કૌલ છે અને ઈમામ અબૂ યુસુફ રદિયલ્લાહો અન્હો ફરમાવ છે કે જ્યાં સુધી જીભ થી ઉચ્ચાર કરશે નહી સોગંદ તુટશે નહી અને એજ બીજા કૌલ પર ફતવો છે. (બહર) પરંતુ અહીંયાનો સામાન્ય મહાવરો એ જ છે કે પત્ર જોયો અને લખેલા ને સમજ્યો તો તે કહે છે મેં વાંચ્યો માટે અહીયા ની બોલચાલમાં સોગંદ તુટવા પર ફતવો હોવો જોઈએ અલ્લાહ ને ખબર અહીંની બોલચાલમાં એ શબ્દ કે ઝૈદનો પત્ર વાંચીશ નહી, એક બીજા અર્થ માટે પણ બોલવામાં આવે છે તે એ કે ઝૈદ અભણ શખ્સ છે તેના પાસે જ્યારે કયાંકથી પત્ર આવે છે તો કોઈની પાસે વંચાવે છે તો જો આ વાંચવું આશય છે તો તેમાં જોવું અને સમજવું સોગંદ તુટવા માટે કાફી નથી બલ્કે વાંચી ને સંભળાવવાથી તુટશે.

**મસ્અલા-(૧૪)** : સોગંદ ખાધા કે કોઈ ઔરતથી વાત કરશે નહી અને બાળકી થી વાત કરી તો સોગંદ તુટયા નહી અને જો સોગંદ ખાધા કે કોઈ ઔરત થી નિકાહ કરશે નહી અને નાની છોકરી થી નિકાહ કર્યા તો તુટી ગયા. (બહર)

**મસ્અલા-(૧૫)** : સોગંદ ખાધા કે ફકીરો અને મિસ્કીનો થી વાત કરશે નહી અને એક થી વાત કરી લીધી તો સોગંદ તુટી ગયા અને જો નિય્યત છે કે તમામ ફકીરો અને મિસ્કીનોથી વાત કરશે નહી તો તુટયા નહી એવીજ રીતે જો સોગંદ ખાધા કે બની આદમ (આદમ જાતિ) થી વાત કરશે નહી તો એકથી વાત કરવામાં સોગંદ તુટી જશે અને નિય્યતમાં તમામ ઔલાદે આદમ છે, તો તુટશે નહી. (આલમગીરી)

**મસ્અલા-(૧૬)** : સોગંદ ખાધા કે ફલાણાથી એક વર્ષ વાત કરીશ નહી તો તે સમયથી એક વર્ષ અર્થાત બાર મહિના સુધીમાં વાત કરવાથી સોગંદ તુટી જશે અને જો કહ્યું કે એક મહિનો વાત કરશે નહી તો જે સમયથી સોગંદ ખાધા છે તે સમયથી એક મહિનો અથવા ત્રીસ દિવસ ભાવાર્થ છે. અને જો દિવસમાં સોગંદ ખાધા કે એક દિવસ વાત કરશે નહી તો જે સમયથી સોગંદ ખાધા છે તે સમયથી બીજા દિવસના એજ સમય સુધી વાત કરવાથી સોગંદ તુટશે અને જો રાતમાં સોગંદ ખાધા કે એક રાત વાત કરશે નહી તો તે સમયથી બીજા દિવસના પછી વાળી રાતના એજ સમય સુધી ભાવાર્થ છે. માટે વચ્ચેનો દિવસ પણ સામેલ છે અને જો રાતમાં કહ્યું કે ખુદાના સોગંદ ફલાણાથી એક દિવસ વાત કરશે નહી તો તે સમયથી સૂર્યાસ્ત સુધી વાત

કરવાથી સોગંદ તુટી જશે અને જો દિવસમાં કહ્યું કે ફલાણા શખ્સ થી એક રાત વાત કરશે નહી તો તે સમયથી સૂર્યોદય સુધી વાત કરવાથી સોગંદ તુટી જશે અને એક મહિના સુધી અથવા એક દિવસના રોઝા અથવા એ'તેકાફના સોગંદ ખાધા તો તેને અખત્યાર છે જ્યારે ઈચ્છે એક મહિના અથવા એક દિવસનો એ'તેકાફ કરી લે. અને જો કહ્યું આ વર્ષે વાત કરશે નહી તો વર્ષ પુરૂ થવામાં જેટલા દિવસ બાકી છે તે ગણનામાં લેવામાં આવશે અર્થાત તે સમયથી ઝિલહિજ્જાના અંત સુધી. એવી જ રીતે જો કહ્યું કે આ મહિનામાં વાત કરીશ નહી તો જેટલા દિવસ તે મહિનામાં બાકી છે તે લેવામાં આવશે અને જો એમ કહ્યું કે આજે દિવસમાં વાત કરીશ નહી તો તે સમયથી સૂર્યાસ્ત સુધી અને જો રાતમાં કહ્યું કે આજ રાતમાં વાત કરીશ નહી તો રાતનો જેટલો ભાગ બાકી છે તે મુરાદ લેવામાં આવશે અને જો કહ્યું આજે અને કાલે અને પરમ દિવસે વાત કરશે નહી તો વચ્ચેની રાતો પણ દાખલ છે. અર્થાત રાતમાં વાત કરવાથી પણ સોગંદ તુટી જશે અને જો કહ્યું કે ન આજે વાત કરીશ ન કાલે અને ન પરમ દિવસે તો રાતોમાં વાત કરી શકે છે કે તે એક સોગંદ નથી બલ્કે ત્રણ સોગંદ છે કે ત્રણ દિવસો માટે અલગ છે. (બહરૂલ રાઈક)

**મસ્અલા-(૧૭)** : સોગંદ ખાધા કે વાત કરશે નહી તો કુર્આન મજીદ પઢવા અથવા સુબ્હાનલ્લાહ કહેવા અથવા બીજો કોઈ વઝીફો અથવા કિતાબ પઢવાથી સોગંદ તુટશે નહી. અને જો સોગંદ ખાધા કે કુર્આન મજીદ પઢશે નહી તો નમાઝમાં અથવા નમાઝ થી બહાર પઢવાથી સોગંદ તુટી જશે અને જો આ સૂરતમાં બિસ્મિલ્લાહ પઢી અને નિય્યતમાં તે બિસ્મિલ્લાહ છે જે સૂરએ નમલનું જુઝ (ભાગ) છે તો સોગંદ તુટી ગયા, નહિ તો તુટયા નહી.

(દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૮)** : સોગંદ ખાધા કે કુર્આનની ફલાણી સૂરત પઢશે નહી અને તેને અવ્વલથી આખર સુધી દેખતો ગયો અને જે કાંઈ લખ્યું છે તેને સમજયો તો સોગંદ તુટયા નહી અને જો સોગંદ ખાધા કે ફલાણી કિતાબ પઢશે નહી અને એ કર્યુ તો ઈમામ મોહમ્મદ રહમતુલ્લાહે અલયહે ની નઝદીક તુટી જશે અને આપણા ત્યાં ઉર્ફ આમથી એજ ઉચિત છે. (રદદુલ મુહતાર)

**મસ્અલા-(૧૯)** : સોગંદ ખાધા કે ઝૈદ થી વાત કરશે નહી. જ્યાં સુધી ફલાણી જગ્યા પર છે તો ત્યાથી ચાલ્યા ગયાં પછી સોગંદ ખતમ થઈ ગયા. માટે જો ફરી પાછો આવ્યો અને વાત કરી તો કાંઈ વાંધો નથી કે હવે સોગંદ બાકી રહ્યા નહી.

(રદદુલ મુહતાર)

**મસ્અલા-(૨૦)** : સોગંદ ખાધા કે તેને કચેરીમાં લઈ જઈને સોગંદ આપીશ પ્રતિ વાદીએ જઈને તેના હકનો સ્વીકાર કરી લીધો, સોગંદની નોબતજ આવી નહી તો સોગંદ તુટયા નહી. એવી જ રીતે જો સોગંદ ખાધા કે તારી શિકાયત ફલાણાથી કરીશ. પછી બંનેમાં સુલેહ થઈ ગઈ અને શિકાયત કરી નહી તો સોગંદ તુટયા નહી અથવા સોગંદ ખાધા કે તેનું કરજ આજે અદા કરી દેશે અને તેણે માફ કરી દીધું તો સોગંદ જતા રહ્યા.

(દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર, બહર)

**મસ્અલા-(૨૧)** : સોગંદ ખાધા કે ફલાણા ના ગુલામ અથવા તેના મિત્ર અથવા તેની ઔરતથી વાત કરશે નહી અને તેણે ગુલામને વેચી નાખ્યો અથવા બીજી કોઈ રીતે તેના માલિકીપણા માંથી નીકળી ગયો અને મિત્રથી અદાવતથઈ ગેઈ અને ઔરતને તલાક આપી દીધી તો હવે વાત કરવાથી સોગંદ તુટશે નહી ગુલામમાં ભલે એમ કહ્યું કે ફલાણાના તે ગુલામ અથવા ફલાણાના ગુલામથી બંનેનો એક જ હુકમ છે અને જો સોગંદના સમયે તે તેનો ગુલામ હતો અને વાત કરવાના સમયે પણ છે અથવા સોગંદના સમયે તે તેનો ગુલામ ન હતો અને હવે છે, બંને સ્વરૂપોમાં સોગંદ તુટી જશે.

(આલમગીરી, દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૨૨)** : જો કહ્યું ફલાણાની તે ઔરતથી અથવા ફલાણાની ફલાણી ઔરતથી અથવા ફલાણાના તે મિત્રથી અથવા ફલાણાના મિત્રથી વાત કરીશ નહી અને તલાક અથવા અદાવત પછી વાત કરી તો સોગંદ તુટી ગયા. અને જો ન ઈશારો હોય ન નિર્ધારિણ કર્યુ હોય અને તેણે હવે કોઈ ઔરતથી નિકાહ કર્યો અથવા કોઈથી મિત્રતા કરી તો વાત કરવાથી સોગંદ તુટી જશે. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૨૩)** : સોગંદ ખાધા કે ફલાણાના ભાઈઓ થી વાત કરીશ નહી અને તેનો એકજ ભાઈછે તો જો તેને ખબર હતી કે તેનો એક જ ભાઈ છે તો વાતથી સોગંદ તુટી ગયા. નહી તો તુટયા નહી. (આલમગીરી)

**મસ્અલા-(૨૪)** : સોગંદ ખાધા કે તે કપડા-વાળાથી વાત કરશે નહી. તેણે કપડાં વેચી નાખ્યા પછી તેણે વાત કરી તો સોગંદ તુટી ગયા. અને જેણે કપડાં ખરીદયા તેનાથી વાત કરી તો તુટયા નહી. (આલમગીરી)

**મસ્અલા-(૨૫)** : સોગંદ ખાધા કે હું તેના પાસે ફટકીશ નહી તો આ એજ હુકમ ધરાવે છે જેવું કે એમ કહ્યું કે હું તેનાથી વાત કરીશ નહી. (આલમગીરી)

**મસ્અલા-(૨૬)** : કોઈએ પોતાની પત્નીને પરાયા શખ્સથી વાત કરતાં નિહાળી. તેણે કહ્યું તુ હવે કોઈ અજાણ્યા શખ્સથી વાત કરીશ તો તને તલાક છે. પછી ઔરતે કોઈ એવા શખ્સથી વાત કરી જે તે ઘરમાં રહે છે પરંતુ મહરમ પૈકી નથી અથવા કોઈ ગૈર મહરમ સગાથી વાત કરી તો તલાક થઈ ગઈ. (આલમગીરી)

**મસ્અલા-(૨૭)** : કેટલાક લોકો કોઈ સ્થળે બેઠેલ વાત કરી રહ્યા હતા, તેઓ પૈકી એકે કહ્યું જે શખ્સ હવે બોલે તેની પત્નીને તલાક છે. પછી પોતે જ બોલ્યો તો તેની પત્ની ને તલાક થઈ ગઈ. (આલમગીરી)

**મસ્અલા-(૨૮)** : સોગંદ ખાધા કે ઝૈદથી વાત કરીશ નહી. પછી ઝૈદે તેને ખૂશીની કોઈ ખબર સાંભળાવી તેણે કહ્યું : **અલહમ્દો લિલ્લાહ**, અથવા રંજની વાત સંભળાવી તેણે કહ્યું : **ઈન્ના લિલ્લાહ** તો સોગંદ તુટયા નહી અને ઝૈદની છીંક પર **યરહમુકુમુલ્લાહ** કહ્યું તો સોગંદ તુટી ગયા. (આલમગીરી)

**મસ્અલા-(૨૯)** : સોગંદ ખાધા કે જ્યાં સુધી શબે કદર ન ગુજરી જાય વાત કરીશ નહી. જો આ શખ્સ આમ લોકો પૈકી છે તો રમઝાનની સત્તાવીસમી રાત ગુજરી જવા પર વાત કરી શકે છે અને જો જાણતો હોય કે શબે કદરમાં ઈમામોનો મતભેદ છે તો જ્યાં સુધી સોગંદ પછી પૂરો રમઝાન ન ગુજરે વાત કરી શકતો નથી અર્થાત જો રમઝાનથી પહેલા સોગંદ ખાધા તો આ રમઝાનના ગુજરવા પછી વાત કરી શકે છે અને રમઝાનની એક રાત ગુજરવા પછી સોગંદ ખાધા તો જ્યાં સુધી બીજો રમઝાન ગુજરી જાય નહી વાત કરી શકતો નથી. (આલમગીરી)

## તલાક આપવા અને આઝાદ કરવાની 'યમીન'

**મસ્અલા-(૧)** : જો કહ્યું કે પ્રથમ જે ગુલામ ખરીદું તે આઝાદ છે તો આ કહેવા પછી જેને પ્રથમ ખરીદયો આઝાદ થઈ જશે. અને બે ગુલામ એક સાથે ખરીદયા તો કોઈ આઝાદ થશે નહી. કે તેમનામાંથી કોઈ પ્રથમ નથી. અને જો કહ્યું કે પ્રથમ ગુલામ જેનો હું માલિક થઈશ આઝાદ છે અને દોઢ ગુલામનો માલિક થયો તો જે પૂરો છે આઝાદ છે અને અર્ધો કાંઈ નથી. એવી જ રીતે જો કપડાંઓ સંબંધે કહ્યું કે પ્રથમ થાન (તાકો) જે ખરીદું તે સદકો છે અને દોઢ થાન એક સાથે ખરીદયો તો એક પૂરા ને સદકો કરે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૨)** : જો કહ્યું કે પાછલો ગુલામ જેને હું ખરીદું આઝાદ છે તેના પછી કેટલાક ગુલામ ખરીદયા તો સૌમાં પાછલો (છેલ્લો) આઝાદ છે

અને તેનું પાછલો હોવું તે સમયે જણાસે જ્યારે તે શખ્સ મૃત્યુ પામે એટલાં માટે કે જ્યાં સુધી જીવતો છે કોઈ ને પાછલો કહી શકતા નથી અને આ અત્યારથી આઝાદ થશે. નહી બલ્કે જે સમયે તેને ખરીદયો છે એ જ સમયથી આઝાદ ઠેરવવામાં આવશે માટે જો તંદુરસ્તીમાં ખરીદયો તો તે સાવ આઝાદ છે અને મૃત્યુ રોગમાં ખરીદયો તો ત્રીજા ભાગના માલથી આઝાદથશે અને જોઆ કહેવા પછી કેવળ એક જ ગુલામ ખરીદયો છે તો આઝાદ થશે નહી કે આ પાછલો તો ત્યારે થશે જ્યારે તેનાથી પહેલા બીજે પણ ખરીદયો હોત.

(દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૩)** : જો કહ્યું પ્રથમ ઔરત જે મારા નિકાહ માં આવે તેને તલાક છે તો આ કહેવા પછી જે ઔરત થી પ્રથમ નિકાહ થશેતેને તલાક પડી જશે અને અર્ધી મહેર વાજિબ (અનિવાર્ય) થશે.

**મસ્અલા-(૪)** : જો કહ્યું કે પાછલી ઔરત જે મારા નિકાહમાં આવે તેને તલાક છે અને બે અથવા વધારે નિકાહ કર્યા તો જેનાથી છેલ્લે નિકાહ થયો નિકાહ થતાં જ તેને તલાક પડી જશે પરંતુ તેની જાણ કારી તે સમયે થશે જ્યારે તે શખ્સ મૃત્યુ પામે, કેમકે જ્યાં સુધી જીવંત છે એ નથી કહી શકાતું કે આ પાછલી છે કેમકે શકય છે કે તેના પછી બીજોનિકાહ કરી લે. માટે તેના મૃત્યુ પછી જ્યારે ખબર પડી કે આ પાછલી છે તો અર્ધી મહેર તલાક ના કારણે પામશે અને જો વતી (સંભોગ) થઈ છે તો પૂરી મહેર પણ લેશે અને તેની ઈદ્દત હેઝ થી ગણવામાં આવશે અને ઈદતમાં સોગ ન કરશે અને પતિની મિરાસ (વારસો) પામશે નહી. અને જો આ મજકૂર સૂરતમાં તેણે એક ઔરતથી નિકાહ કર્યો પછી બીજીથી કર્યો પછી પહેલીને તલાક આપી દીધી પછી તેનાથી નિકાહ કર્યો તો જો કે તેનાથી એક વખત નિકાહ અંતમાં કર્યો છે પરંતુ તેને તલાક થશે નહી બલ્કે બીજીને થશે કે જ્યારે તેનાથી પહેલા એક વખત નિકાહ કર્યો તો આ પહેલી થઈ ગઈ તેને પાછલી કહી શકતા નથી જો કે બીજી વખત નિકાહ તેનાથી અંતમાં જ થયો છે.

(બહર, દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૫)** એમ કહ્યું કે જો હું ઘરમાં જાઉં તો મારી ઔરતને તલાક છે. પછી સોગંદ ખાધા કે ઔરતને તલાક આપશે નહી. તેના પછી ઘરમાં ગયો તો ઔરતને તલાક થઈ ગઈ. પરંતુ સોગંદ તુટયા નથી અને જો પ્રથમ તલાક ન આપવાના સોગંદ ખાધા પછી એમ કહ્યું કે જો ઘરમાં જઈશ તો ઔરતને તલાક છે અને ઘરમાં ગયો તો સોગંદ પણ તુટયા અને તલાક પણ થઈ ગઈ. (આલમગીરી)

**મસ્અલા-(૬)** : કોઈ શખ્સને પોતાની પત્ની ને તલાક આપવાનો વકીલ બનાવ્યો પછી એ સોગંદ ખાધા કે પત્ની ને તલાક આપશે નહી. હવે તે સોગંદ પછી વકીલે તેની પત્ની ને તલાક આપી દીધી તો સોગંદ તુટી ગયા. એવી જ રીતે જો પત્ની ને કહ્યું તુ જો ઈચ્છે તો તને તલાક છે. તેના પછી સોગંદ ખાધા કે તલાક આપશે નહી. સોગંદ ખાધા પછી પત્ની એ કહ્યું મેં તલાક ઈચ્છી તો તલાક પણ થઈ ગઈ અને સોગંદ પણ તુટયા (આલમગીરી)

**મસ્અલા-(૭)** : સોગંદ ખાધા કે નિકાહ કરશે નહી અને બીજાને પોતાના નિકાહનો વકીલ બનાવ્યો તો સોગંદ તુટી જશે. જો કે એમ કહે કે મારો હેતુએ હતો કે પોતાની જીભથી ઈજાબ તથા કુબૂલ કરીશ નહી. (આલમગીરી)

**મસ્અલા-(૮)** : પત્ની ને કહ્યું જો તુ જણે (બાળકને જન્મ આપે) તો તલાક છે અને મરેલું અથવા કાચું બાળક પૈદા થયું તો તલાક થઈ ગઈ,હા, જો એવું કાચુ બાળક જનમ્યું જેના અવયવો બન્યા ન હોય તો તલાક થઈ નહી. (બહર)

**મસ્અલા-(૯)** : જો કહ્યું કે જો મારો ગુલામ ફલાણી વાતની ખૂશ ખબરી સંભળાવે તો તે આઝાદ છે અને વિભિન્ન પ્રકારે કેટલાએ ગુલામો એ આવીને ખબર આપી તો પ્રથમ જેણે ખબર આપી છે તે આઝાદ થશે કે ખૂશ ખબરી સંભળાવવા નો એ અર્થ

છે કે ખૂશીની ખબર આપવું જેને તે ન જાણતો હોય તો બીજા અને ત્રીજાએ જે ખબર આપી તે જાણવા પછી છે માટે આઝાદ થશે નહી. અને જૂઠી ખબર આપી તો કોઈ આઝાદ થશે નહી કે જૂઠી ખબર ને ખૂશ ખબરી કહેતા નથી. અને જો સૌએ એક સાથે ખબર આપી તો સૌ આઝાદ થઈ જશે.

(તનવીરૂલ અબસાર)

## ખરીદ-વેચાણ તથા નિકાહ વિગેરેના સોગંદ

**મસ્અલા-(૧) :** કેટલાક અકદ (કરાર) એવા પ્રકારના છે કે તેમના હક્કો તેની તરફ રજૂઅ કરે છે જેનાર્થી તે અકદ સાદર થાય અને તેમાં વકીલને તેની હાજત નથી કે એમ કહે કે હું ફલાણા તરફથી આ અકદ કરૂં છું. જેવુંકે ખરીદવું, વેચવું, ભાડે આપવું, ભાડે લેવું, અને કેટલાક ફેલ એવા છે કે જેમનામાં વકીલને મોવક્કલ તરફથી જોડવાની હાજત હોય છે. જેવુંકે મકદમો લડવું કે વકીલે કહેવું પડશે કે આ દાવો હું પોતાના ફલાણાં મોવક્કલ તરફથી કરૂં છું. અને કેટલાક ફેલ (કાર્ય) એવા હોય છે જેમો અસલ ફાયદો તેને જ થાય છે જે તે કાર્યનો પ્રસંગ છે. અર્થાત જેના પર તે ફેલ ઘટિત છે, જેવું કે ઔલાદને મારવું, આ ત્રણે પ્રકારોમાં જો પોતે કરે તો સાગદ તુટશે અને તેના હુકમથી બીજાએ કર્યુ તો તુટશે નહી. દા.ત. સોગંદ ખાધા કે આ ચીઝ હું ખરીદીશ નહી અને બીજા પાસે ખરીદાવી અથવા સોગંદ ખાધા કે ઘોડો ભાડે આપીશ નહી અને બીજાથી આ કામ લીધું અથવા દાવો ન કરીશ અને વકીલથી દાવો કરાવ્યો અથવા પોતાના પુત્રને મારીશ નહી અને બીજાને મારવાનું કહ્યું તો આ સઘળા સ્વરૂપોમાં સોગંદ તુટયા નહી. અને જે અકદ એ પ્રકારના છે કે તેમના હક્કો તેના માટે નથી જેનાથી તે અકદ સાદર થાય છે કે તે શખ્સ કેવળ મધ્યસ્થી હોય છે બલકે હક્કો તેના માટે હોય જેણે હુકમ આપ્યો છે અને જે મોઅક્કલ છે. જેવુંકે નિકાહ, ગુલામ, આઝાદ કરવું, હિબ્બા, સદકા, વસિયત, કરજ લેવું, અમાનત રાખવું, ઉછીનું આપવું, ઉછીનું લેવું અથવા જે ફેલ એવા હોય કે તેમનો લાભ અને મસલેહત હુકમ કરવાવાળા માટે છે. જેવુંકે ગુલામને મારવું, ઝુબહ કરવું, દેણનો તકાદો, દેણનો કબ્જો કરવું, કપડું પહેરવું, કપડું સિવડાવવું, મકાન બનાવડાવવું તો આ સૌ માં ભલે પોતે કરે અથવા ભીજાથી કરાવે દરેક હાલતમાં સોગંદ તુટી જશે દા.ત. સોગંદ ખાધાકે નિકાહ કરશે નહી અને કોઈને પોતાના નિકાહનો વકીલ બમાવી દીધો અને વકીલે નિકાહ કરી દીધો અથવા હિબ્બા તથા સદકા તથા વસીયત અને કરજ લેવા માટે બીજાને વકીલ બનાવ્યો અને વકીલે આ કામ પરિપૂર્ણ કર્યા, અથવા સોગંદ ખાધા કે કપડું પહેરશે નહી અને બીજાને કહયું, તેણે પહેરાવી દીધુ અથવા સોગંદ ખાધા કપડા સીવડાવશે નહી તેના હુકમથી બીજાએ સીવડાવ્યા, અથવા મકાન બનાવશે નહી અને તેના હુકથી બીજાએ બનાવ્યું તો સોગંદ તુટી ગયા. (ફતહ અલકદીર વિગેરે)

**મસ્અલા-(૨) :** સોગંદ ખાધા કે ફલાણી વસ્તુ ખરીદશે નહી અથવા વેચશે નહી અને નિય્યત એ છે કે પોતાના હાથથી ખરીદશે વેચશે નહી ન બીજાથી આ કામ કરાવશે અને બીજાથી ખરીદાવી અથવા વેચાવડાવી તો સોગંદ તૂટી ગયા કે એવી નિય્યત કરીને તેણે પોતે પોતાના ઉપર સખ્તી કરી લીધી. એવી જ રીતે જો એવી નિય્યત તો નથી પરંતુ એ સોગંદ ખાનાર તે લોકો પૈકી છે કે એવી વસ્તુ પોતાના હાથથી ખરીદતા વેચતા નથી. તો હવે પણ બીજાથી ખરીદાવડાવવા, વેચાવડાવવાથી સોગંદ તુટી જશે અને જો તે શખ્સ કયારેક પોતે ખરીદતો કયારેક બીજાથી ખરીદાવડાવે છે તો જો અકસર પોતે ખરીદે છે તો વકીલના ખરીદવાથી તુટશે નહી. અને જો અકસર ખરીદાવડાવે છે તો તુટી જશે. (બહર, આલમગીરી)

**મસ્અલા-(૩) :** સોગંદ ખાધા કે ફલાણી વસ્તુ ખરીદશે નહી, વેચશે નહી અને બીજાની તરફથી

ખરીદી અથવા વેચી તો સોગંદ તુટી ગયા.
(રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૪)** : સોગંદ ખાધા કે ખરીદશે નહી, વેચશે નહી અને ફાસિદ વિક્રય સાથે ખરીદી અથવા વેચી તો સોગંદ તુટી ગયા. જો કે કબ્જો થયો ન હોય. એવી જ રીતે જો વિક્રેતા અથવા મિસ્ત્રીએ પાછા લેવાનો અખત્યાર પોતાના માટે રાખ્યો હોય તો પણ સોગંદ તુટી ગયા હિબા અથવા ઈજારાનો પણ એજ હુકમ છે કે ફાસિદ કરવાથી પણ સોગંદ તુટી જશે. (આલમગીરી, દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૫)** : સોગંદ ખાધા કે આ વસ્તુ વેચશે નહી. અને તેને કોઈ બદલા ની શરત પર હિબા બખ્શીશ કરી દીધી અને બંને તરફથી કબ્જો પણ થઈ ગયો તો સોગંદ તુટી ગયા. (આલમગીરી)

**મસ્અલા-(૬)** : મજકૂર સ્વરૂપમાં જે બાતિલ વિક્રય દ્વારા ખરીદી અથવા વેચી અથવા વેચવા પછી સોગંદ ખાધા કે તેને વેચશે નહી અને તે વસ્તુ વિક્રેતાને પાછી આપી દીધી અથવા ખામી જાહેર થઈ અને પાછી આપી દીધી તો સોગંદ તુટયા નહી. (આલમગીરી)

**મસ્અલા-(૭)** : સોગંદ ખાધા કે વેચશે નહી અને કોઈ શખ્સે તેના હુકમ વગર વેચી નાખ્યુ અને તેણે તેને ઉચિત કરી દીધું તો સોગંદ તુટયા નહી. હા, જો તે સોગંદ ખાનાર એવો છે કે પોતે પોતાના હાથથી એવી વસ્તુ વેચતો નથી તો સોગંદ તુટી ગયા. (આલમગીરી)

**મસ્અલા-(૮)** : સોગંદ ખાધા કે વેચવા માટે અનાજ ખરીદશે નહી અને ઘરના ખરચ માટે ખરીદયું પછી કોઈ કારણસર વેચી નાખ્યું તો સોગંદ તુટયા નહી. (બહર)

**મસ્અલા-(૯)** : સોગંદ ખાધા કે મકાન વેચશે નહી અને તેને ઔરતની મહેરમાં આપ્યું, તેમા બે સુરતો છે એક એ કે તેમકાન જ મહેર હોય કે નિકાહમાં એમ કહ્યું હોય કે આ મકાન ના બદલામાં તારા નિકામાં આપી, ત્યારે તો સોગંદ તુટયા નહી અને જો રૂપિયાની મહેર બાંધી હતી. દા.ત. આટલા સો અથવા આટલાં હજાર રૂપિયા મહેરના દેણનાં બદલામાં તારા નિકાહમાં આપી અને રૂપિયાના બદલામાં તેણે મકાન આપી દીધું તો સોગંદ તુટી ગયા. (બહર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૧૦)** : સોગંદ ખાધા કે ફલાણાં પાસેથી ખરીદશે નહી અને તેનાથી એડવાન્સ વિક્રય દ્વારા કોઈ વસ્તુ ખરીદી તો સોગંદ તુટી ગયા. (બહર)

**મસ્અલા-(૧૧)** : સોગંદ ખાધા કે આ જાનવર વેચી નાખીશ અને તે ચોરાઈ ગયું તો જ્યાં સુધી તેના મરવાની ખાત્રી ન થાય. સોગંદ તુટશે નહી. (આલમગીરી)

**મસ્અલા-(૧૨)** : કોઈ વસ્તુનો ભાવ કર્યો વિક્રેતાએ કહ્યું : હું બાર રૂપિયાથી ઓછામાં આપીશ નહી, તેણે કહ્યું જો હું બાર રૂપિયામાં લઉ તો મારી ઔરત પર તલાક છે. પછી એજ વસ્તુ તેર રૂપિયામાં અથવા બાર રૂપિયામાં અને કોઈ કપડું વિગેરે રૂપિયા પર વધારો કરીને ખરીદી અર્થાત બારથી વધારે આપ્યા તો તલાક થઈ ગઈ અને જો અગિયાર રૂપિયા અને તેની સાથે કાંઈ કપડું વિગેરે આપ્યું તો તુટયા નહી. (આલમગીરી)

**મસ્અલા-(૧૩)** : સોગંદ ખાધા કે કપડું ખરીદશે નહી અને કામળો અથવા ટાટ અથવા પાથરણું અથવા ટોપી અથવા શેત્રંજી ખરીદી તો સોગંદ તુટયા નહી અને જો સોગંદ ખાધા કે નવું કપડું ખરીદશે નહી તો ઉપયોગી કપડું ધોએલું પણ ખરીદવાથી સોગંદ તુટી જશે. (બહર) પરંતુ કેટલાક કપડાં આ જમાનામાં એવા છે કે તેમને ધોવાની જરૂરત પડતી નથી તે જો એટલા ઉપયોગેલા છે કે, તેમને જુના કહેતા હોય તો જુના છે.

**મસ્અલા-(૧૪)** : સોગંદ ખાધા કે સોનું-ચાંદી ખરીદશે નહી અને તેના વાસણ અથવા ઘરેણા ખરીદયા તો સોગંદ તુટી ગયા અને રૂપિયો અથવા અશરફી ખરીદી તો તુટયા નહી. કે તેના ખરીદવાને

ઉર્ફે આમમાં સોનુચાંદી ખરીદવું કહેતા નથી એવી જ રીતે સોગંદ ખાધા કે તાંબુ ખરીદશે નહી અને પૈસા ખરીદી લીધા તો સોગંદ તુટયા નહી. (બહર)

**મસ્અલા-(૧૫) :** સોગંદ ખાધા કે જવ ખરીદશે નહી અને ઘઉં ખરીદયા તેમાં કેટલાક દાણા જવના પણ છે તો સોગંદ તુટયા નહી, એવી જ રીતે જો ઈંટ, લાકડું વિગેરે ને ન ખરીદવાના સોગંદ ખાધા અને મકાન ખરીદયું જેમાં આ બધી વસ્તુઓ છે તો સોગંદ તુટયા નહી. (આલમગીરી)

**મસ્અલા-(૧૬) :** સોગંદ ખાધા કે માંસ ખરીદશે નહી, અને જીવતી બકરી ખરીદી અથવા સોગંદ ખાધા કે દૂધ ખરીદશે નહી અને બકરી વિગેરે કોઈ જાનવર ખરીદયું જેના આંચળમાં દૂધ છે તો સોગંદ તુટયા નહી. (બહર)

**મસ્અલા-(૧૭) :** સોગંદ ખાધા કે પીતળ અથવા તાંબુ ખરીદશે નહી અને તેના વાસણ થાળી વિગેરે ખરીદયા તો સોગંદ તુટી ગયા. (બહર)

**મસ્અલા-(૧૮) :** સોગંદ ખાધા કે તેલ ખરીદશે નહી અને નિય્યત કાંઈ ન હોય તો તેલ સમજવામાં આવશે જેના ઉપયોગની ત્યાં આદત હોય. ભલે ખાવામાં અથવા માથામાં નાખવામાં. (બહર)

**મસ્અલા-(૧૯) :** સોગંદ ખાધા કે ફલાણી ઔરતથી નિકાહ કરશે નહી અને નિકાહે ફાસિદ કર્યો. દા.ત. ગવાહો વગર અથવા ઈદ્દતની અંદર તો સોગંદ તુટયા નહી, કેમકે નિકાહે ફાસિદ, નિકાહ નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૨૦) :** સોગંદ ખાધા કે છોકરા અથવા છોકરીના નિકાહ કરશે નહી. અને નાબાલિગ હોય તો પોતે કરે અથવા બીજાને વકીલ બનાવી દે. બંને સ્વરૂપોમાં સોગંદ તુટી ગયા અને નાબાલિગ હોય તો પોતે પઢાવવાથી સોગંદ તુટશે, બીજાને વકીલ કરવાથી નહી તુટે.

(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૨૧) :** સોગંદ ખાધા કે નિકાહ કરશે નહી પછી તે પાગલ અથવા વહોરો થઈ ગયો અને તેના બાપે નિકાહ કરી દીધા તો સોગંદ તુટયા નહી. (આલમગીરી)

**મસ્અલા-(૨૨) :** સોગંદ ખાધા કે નિકાહ કરશે નહી અને સોગંદ થી પહેલા ફઝૂલીએ નિકાહ કર્યા હતા અને સોગંદ પછી તેણે નિકાહ ને જાઈઝ કરી દીધા તો સોગંદ તુટયા નહી અને સોગંદ ના પછી ફઝૂલીએ નિકાહ કરી દીધો છે તો જો કોલથી જાઈઝ કરશે તો સોગંદ તુટી જશે અને ફેલથી જાઈઝ કર્યું, દા.ત. ઔરત પાસે મહેર મોકલી દીધી તો સોગંદ તુટયા નહી અને ફઝૂલી અથવા વકીલે નિકાહ ફાસિદ કર્યા છે તો સોગંદ તુટશે નહી. (આલમગીરી)

**મસ્અલા-(૨૩) :** નિકાહ ના કરવાના સોગંદ ખાધા અને કોઈએ મજબૂર કરીને નિકાહ કરાવ્યો તો સોગંદ તુટી ગયા. (ખાનિયહ)

**મસ્અલા-(૨૪) :** સોગંદ ખાધા કે આટલાથી અધિક મહેર પર નિકાહ કરશે નહી અને એટલા પર જ નિકાહ કર્યો, પાછળથી મહેરમાં વધારો કરી દીધો તો સોગંદ તુટયા નહી. (આલમગીરી)

**મસ્અલા-(૨૫) :** સોગંદ ખાધા કે ગુપ્ત નિકાહ કરશે અને બે ગવાહો સમક્ષ નિકાહ કર્યો તો સોગંદ તુટયા નહી. અને ત્રણની સમક્ષ કર્યો તો સોગંદ તુટી ગયા. (આલમગીરી)

**મસ્અલા-(૨૬) :** સોગંદ ખાધા કે ફલાણા ને કરજ આપશે નહી અને માંગ્યા વગર તેણે કરજ આપ્યું, તેણે લેવાનો ઈન્કાર કર્યો, તો પણ સોગંદ તુટી જશે, એવી જ રીતે જો સોગંદ ખાધા કે ફલાણા થી કરજ લેશે નહી. અને તેણે માંગ્યું, તેણે આપ્યુ નહી, સોગંદ તુટી ગયા. (આલમગીરી)

**મસ્અલા-(૨૭) :** સોગંદ ખાધા કે ફલાણાથી કોઈ વસ્તુ ઉછીની લેશે નહી. તેણે પોતાના ઘોડા પર તેને બેસાડી લીધો તો સોગંદ તુટયા નહી. (આલમગીરી)

**મસ્અલા-(૨૮) :** સોગંદ ખાધા કે આ કલમથી લખશે નહી અને તેને તોડીને ફરીથી બનાવી અને

લખ્યું, સોગંદ તુટી ગયા કે ઉર્ફમાં તે તુટેલાને પણ કલમ કહે છે. (રદદુલ મુહતાર)

## નમાઝ, રોઝા તથા હજની કસમનું બયાન

**મસ્અલા-(૧)** : નમાઝ ન પઢવા અથવા રોઝો ન રાખવા અથવા હજ્જ ન કરવાની કસમ (સોગંદ) ખાધી અને ફાસિદ અદા કર્યુ તો સોગંદ તુટયા નહી. જ્યારે કે શરૂથી જ ફાસિદ હોય, દા.ત. તહારત વગર નમાઝ પઢી અથવા તુલૂએ ફજર પછી ભોજન લીધુ અને રોઝા ની નિય્યત કરી અને જો શરૂઆત સેહત સાથે કરી પછીથી ફાસિદ કરી દીધું, દા.ત. એક રકઅત નમાઝ પઢીને તોડી નાખી અથવા રોઝો રાખીને તોડી નાખ્યો જો કે નિય્યત કરવાના થોડીક વાર પછી તોડી નાખ્યો તો સોગંદ તુટી ગયા. (રદદુલ મુહતાર)

**મસ્અલા-(૨)** : નમાઝ ન પઢવાના સોગંદ ખાધા અને કેયામ તથા કિરઅત તથા રૂકૂઅ કરીને તોડી નાખી તો કસમ તુટી નહી. અને સિજદો કરીને તોડી તો સોગંદ તુટી ગયા. (આલમગીરી)

**મસ્અલા-(૩)** : સોગંદ ખાધા કે ઝોહરની નમાઝ પઢશે નહી તો જ્યાં સુધી આખરી કઅદામાં 'અત્તહિયાત' ન પઢીલે સોગંદ તુટશે નહી. અર્થાત તેનાથી પહેલા ફાસિદ કરવામાં સોગંદ તુટયા નહી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૪)** :સોગંદ ખાધા કે કોઈની ઈમામત કરશે નહી અને એકલાએ નમાઝ શરૂ કરી દીધી પછી લોકોએ તેની ઈકતેદા કરી લીધી પરંતુ તેણે ઈમામતની નિય્યત કરી નહી તો મુકતદીઓની નમાઝ થઈ જશે જો કે જુમ્આની નમાઝ હોય અને તેના સોગંદ તુટયા નહી. એવી જ રીતે જો જનાઝા અથવા તિલાવતના સિજદામાં લોકોએ તેની ઈકતેદા કરી તો પણ સોગંદ તુટયા નહી અને જો સોગંદના એ શબ્દ કે નમાઝમાં ઈમામત કરીશ નહી તો જનાઝાની નમાઝમાં ઈમામતની નિય્યત થી પણ સોગંદ તુટશે નહી. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા-(૫)** : સોગંદ ખાધા કે ફલાણાની પાછળ નમાઝ પઢશે નહી અને તેની ઈકતેદા કરી પરંતુ પાછળ ઉભો થયો નહી બલ્કે બાજુમાં જમણી અથવા ડાબી તરફ ઉભા રહીને નમાઝ પઢી અથવા સોગંદ ખાધા કે ફલાણાની સાથે નમાઝ પઢશે નહી અને તેની ઈકતેદા કરી. જો કે બાજુમાં ઉભો રહ્યો નહી બલ્કે પાછળ ઉભો રહ્યો, સોગંદ તુટી ગયા. (બહર)

**મસ્અલા-(૬)** : સોગંદ ખાધા કે નમાઝ સમય ગુઝારીને પઢશે નહી અને સુઈ ગયો, ત્યાં સુધી કે સમય ખતમ થઈ ગયો. જો સમય આવવાથી પહેલા સુઈ રહ્યો અને સમય જવા પછી આંખ ખુલી તો સોગંદ તુટયા નહી, અને સમય થઈ ગયો પછી સુઈ રહ્યો તો સોગંદ તુટી ગયા. (રદદુલ મુહતાર)

**મસ્અલા-(૭)** :સોગંદ ખાધા કે ફલાણી નમાઝ જમાઅતથી પઢશે નહી અને અર્ધાથી ઓછી જમાઅતથી મળી અર્થાત ચાર અથવા ત્રણ રકઅતવાળીમાં એક રકઅત જમાઅતથી મળી અથવા કઅદામાં શરીક થયો તો સોગંદ તુટી ગયા, જો કે જમાઅતનો સવાબ પામશે. (શરહે વકાયા)

**મસ્અલા-(૮)** : ઔરતને કહ્યું જો તુ નમાઝ છોડીશ તો તેને તલાક અને નમાઝ કઝા થઈ ગઈ. પરંતુ પઢી લીધી તો તલાક થઈ નહી. કે ઉર્ફમાં નમાઝ છોડવું તેને કહે છે કે બિલ્કુલ ન પઢે. જો કે શરઅન કસદન કઝા કરી દેવાને પણ છોડવું કહે છે. (રદદુલ મુહતાર)

**મસ્અલા-(૯)** :સોગંદ ખાધા કે આ મસ્જિદમાં નમાઝ પઢશે નહી અને મસ્જિદ વધારવામાં આવી, તેણે તે ભાગમાં નમાઝ પઢી જે હવે વધારવામાં આવી છે તો સોગંદ તુટયા નહી. અને જો સોગંદમાં એમ કહ્યું ફલાણા મહોલ્લાની મસ્જિદ અથવા ફલાણા શખ્સની મસ્જિદમાં નમાઝ પઢશે નહી અને મસ્જિદમાં કાંઈ વધારો થયો. તેણે તે જગ્યાએ પઢી તો પણ સોગંદ તુટી ગયા. (બહર)

## લિબાસ સંબંધે સોગંદનું બયાન

**મસ્અલા-(૧)** : સોગંદ ખાધા કે પોતાની પત્નીના કાંતેલા સુતરનું કપડું પહેરશે નહી અને પત્નીએ સુતર કાંત્યું અને વણાઈને કપડું તૈયાર થયું, જોતે રૂ જેનું સુતર વણ્યું છે સોગંદ ખાતા સમયે પતિનું હતું તો પહેરવાથી સોગંદ તુટી ગયા. નહીતો તુટયા નહી. અને જો સોગંદ ખાધા કે ફલાણા ના કાંતેલા સુતરનું કપડું પહેરશે નહી અને થોડુક તેનું કાંતેલુ છે અને થોડુંક બીજાનું, બંનેને મેળવીને કપડું વણાવ્યું નો સોગંદ તુટશે નહી અને જો તમામ સુતર તેનું જ કાંતેલું છે બીજાના કાંતેલા દોરાથી કપડું સિવવામાં આવ્યું છે તો સોગંદ તુટી ગયા. (બહર, રદદુલ મુહતાર)

**મસ્અલા-(૨)** : અંગરખુ, અચકન, શેરવાની ત્રણેમાં તફાવત છે માટે સોગંદ ખાધા કે શેરવાની પહેરશે નહી તો અંગરખુ પહેરવાથી સોગંદ તુટયા નહી. એવી જ રીતે ખમીસ અને કુરતામાં પણ તફાવત છે માટે એકના સોગંદ ખાધા અને બીજું પહેર્યુ તો સોગંદ તુટયા નહી. જોકે અરબીમાં ખમીસ કુરતાનં કહે છે, એવી જ રીતે પાટલૂન અને પાયજામામાં પણ તફાવત છે જો કે અંગ્રેજીમાં પાટલૂન પાયજામા ને જ કહે છે. એવી જ રીતે બૂટ ના પહેરવાના સોગંદ ખાધા અને હિન્દુસ્તાની જુતા પહેર્યા સોગંદ તુટયા નહી, કે તેને બૂટ કહેતા નથી.

**મસ્અલા-(૩)** : સોગંદ ખાધા કે કપડું પહેરશે નહી અથવા ખરીદશે નહી તો મુરાદ એટલું જ કપડું છે જેનાથી સતર ઢાંકી શકે અને તેને પહેરીને નમાઝ જાઈઝ થઈ શકે, તેનાથી ઓછા, દા.ત. ટોપી પહેરવામાં સોગંદ તુટશે નહી અને અમામો બાંધ્યો અને તે એટલો છે કે તેનાથી સતર ઢંકાઈ જશે તો સોગંદ તુટી ગયા અથવા કાલીન પહેરી લેવા અથવા ખરીદવાથી સોગંદ તુટશે નહી. અને પોસ્તીનથી તુટી જશે અને જો સોગંદ ખાધા કે કુરતુ પહેરશે નહી અને તે સૂરતમાં કુરતાને તહબંદની જેમ બાંધી લીધું અથવા ચાદરની જેમ ચોઢી લીધું તો સોગંદ તુટયા નહી. અને જો કહ્યું કે આ કુરતુ પહેરશે નહી તો કોઈ પ્રકારે પહરે સોગંદ તુટી જશે. (બહર, રદદુલ મુહતાર)

**મસ્અલા-(૪)** : સોગંદ ખાધા કે ઝેવર પહેરશે નહી તો ચાંદી-સોના ના દરેક પ્રકારના ઘરેણાં અને મોતી અથવા જવાહિરના હાર અને સોનાની વીંટી પહેરવાથી સોગંદ તુટી જશે અને ચાંદીની વીંટીથી તુટશે નહી જ્યારે કે એક નંગની હોય અને કેટલાએ નંગની હોય તો તેનાથી પણ સોગંદ તુટી જશે. એવી જ રીતે જો તેના પર સોનાનો મુલમ્મઅ (ગિલેટ) હોય તો તુટી જશે. (દુર્રે મુખ્તાર વિગેરે)

**મસ્અલા-(૫)** : સોગંદ ખાધા કે જમીન ઉપર બેસસે નહી અને જમીન પર કોઈ વસ્તુ પાથરીને બેઠો, દા.ત. પાટીયું અથવા ચામડા અથવા પાથરણા અથવા ચટાઈ તો સોગંદ તુટયા નહી. અને જો બિછાવ્યા વગર બેસી ગયો જો કે કપડું પહેરેલ હોય જેના કારણે તેનું શરીર જમીનથી અડકયું નહી તો સોગંદ તુટી ગયા અને કપડાં ઉતારીને તે કપડા પર બેસ્યો તો સોગંદ તુટયા નહી, કેમકે તેને જમીન પર બેસવું કહીશું નહી. અને જો ઘાસ પર બેઠો તો સોગંદ તુટયા નહી જ્યારે કે અધિક હોય. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા-(૬)** : સોગંદ ખાધા કે તે પથારી પર સુઈ રહેશે અને તેના પર બીજું પાથરણું બિછાવ્યું અને તેના પર સુઈ રહ્યો તો સોગંદ તુટયા નહી અને જો કેવળ ચાદર બિછાવી તો સોગંદ તુટી ગયા. આ ચટાઈ પર ન સુઈ રહેવાના સોગંદ ખાધા હતા તેના ઉપર બીજી ચટાઈ બિછાવીને સુઈ રહ્યો તો સોગંદ તુટયા નહી અને જો એમ કહ્યું કે બિછોના પર સુઈ રહેશે નહી તો જો કે તેના ઉપર બીજું બિછોનું બીછાવી દીધું હોય સોગંદ તુટી જશે. (દુર્રે મુખ્તાર, બહર, આલમગીરી)

**મસ્અલા-(૭)** : સોગંદ ખાધા કે તે પાટીયા પર બેસસે નહી અને તેના ઉપર બીજું પાટીયું બિછાવી

લીધું તો સોગંદ તુટયા નહી અને પાથરણું અથવા કોથળો બિછાવીને બેઠો તો તુટી ગયા. હા જો એમ કહ્યું કે આ તખ્તના તખતાઓ પર બેસસે નહી, તો તેના પર બિછાવીને બેસવાથી તુટશે નહી.

(દુર્રે મુખ્તાર, આલમગીરી)

**મસ્અલા-(૮)** : સોગંદ ખાધા કે જમીન પર ચાલશે નહી, તો બુટ અથવા મોજા પહેરીને અથવા પત્થર પર ચાલવાથી સોગંદ તુટી જશે. અને બિછોના પર ચાલવાથી તુટશે નહી.

(દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૯)** : સોગંદ ખાધા કે ફલાણાના કપડા અથવા પથારી પર સુઈ રહેશે નહી, અને શરીરનો અધિક ભાગ તેના પર કરીને સુઈ ગયો તો સોગંદ તુટી ગયા. (દુર્રે મુખ્તાર)

## મારવા સંબંધે સોગંદનું બયાન

**મસ્અલા-(૧)** : જે ફેઅલ (કાર્ય) એવું છે કે તેમાં જીવંત અને મૃતક બંને શરીક છે અર્થાત બંનેની સાથે સંબંધિત થઈ શકે છે, તો તેમાં જિંદગી તથા મત બંને હાલતોમાં સોગંદ નો એતબાર છે. દા.ત. નવડાવવું કે જીવંત ને પણ નવડાવી શકીએ છીએ અને મડદાને પણ. અને જે ફેઅલ (કાર્ય) એવું છે કે જિંદગીની સાથે ખાસ છે તેમાં ખાસ જિંદગી ની હાલતનો એતબાર થશે મૃત્યુ પછી કરવાથી સોગંદ તુટી જશે અર્થાત જ્યારે કે તે ફેઅલને કરવાના સોગંદ ખાધા અને જો તે ન કરવાના સોગંધ ખાધા અને મૃત્યુ પછી તે ફેઅલ કર્યુ તો સોગંદ તુટશે નહી. જેવું તે ફેઅલ જેમાં લિઝઝત અથવા રંજ અથવા ખૂશી થાય છે. કે જાહેરમાં તે જિંદગીની સાથે ખાસ છે. જો કે શરઅન મૃતક પણ કેટલીક વસ્તુઓથી લિઝઝત પામે છે અને તેને પણ રંજ તથા ખૂશી થાય છે પરંતુ જાહેરમાં જોનાર દૃષ્ટિઓ તેની અનુભૂતિ થી અસમર્થ છે. અને સોગંદનો આધાર શરઈ હકીકત પર નથી બલકે ઉર્ફ પર છે માટે એવા કાર્યોમાં ખાસ જિંદગી ની હાલત વિશ્વાસપાત્ર છે. આ કાયદા સંબંધે કેટલાક દષ્ટાંતો સાંભળો, દા.ત. સોગંદ ખાધા કે ફલાણાને નવડાવશે નહી અથવા ઉઠાવશે નહી અથવા કપડું પહેરાવશે નહી અને મૃત્યુ પછી તેને ગુસલ આપ્યુ અથવા તેનો જનાઝો ઉપાડયો અથવા તેને કફન પહેરાવ્યું તો સોગંદ તુટી ગયા કેમકે આ ફેઅલ તેની જિંદગી સાથે ખાસ ન હતા અને જો સોગંદ ખાધા કે ફલાણાને મારીશ અથવા તેનાથી વાત કરીશ અથવા તેની મુલાકાતે જઈશ અથવા તેને પ્યાર કરીશં અને આ ફેઅલ તેના મૃત્યુ પછી કર્યા અર્થાત તેને માર્યો અથવા તેનાથી વાત કરી તેના જનાઝા અથવા કબ્ર પર ગયો અથવા તેને પ્યાર કર્યો તો સોગંદ તુટી ગયા કે, હવે આ કાર્યોનો પ્રસંગ ન રહ્યો. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર વિગેરે)

**મસ્અલા-(૨)** : સોગંદ ખાધા કે પોતાની પત્નીને મારશે નહી અને તેના વાળ પકડીને ખેંચી અથવા તેનું ગળું દબાવી દીધું (ઘુંટી દીધુ) અથવા દાંતથી કરડી ખાધુ અથવા ચુંટલી ખણી. જો આ ફેઅલો ગુસ્સમાં થાય તો સોગંદ તુટી ગયા અને જો હસી મજાકમાં એવું થયું તો સોગંદ તુટયા નહી. એવી જ રીતે જો દિલ્લગીમાં પુરૂષનું માથું ઔરતના મસ્તકથી ટકરાયું અને ઔરતનું મસ્તક ફાટી ગયું તો સોગંદ તુટયા નહી. (આલમગીરી વિગેરે)

**મસ્અલા-(૩)** : સોગંદ ખાધા કે તને એટલું મારીશ કે મરી જાય. હજારો ઘુંસા મારીશ તો તેનાથી ભાવાર્થ અતિશ્યોક્તિ છે ન કે મારી નાખવું અથવા હજારો ઘુંસા મારવું અને જો કહ્યું કે મારતા મારતા બેહોશ કરી દઈશ અથવા એટલો મારીશ કે રડવા લાગે અથવા બરાડા પાડવા લાગે અથવા પેશાબ કરી દે તો સોગંદ તે સમયે સાચા ઠરશે કે જેટલું કહ્યું એટલુ જ મારે. અને જો કહ્યું કે તલવારથી મારીશ ત્યાં સુધી કે મરી જાય તો આ અતિશ્યોક્તિ નથી બલકે મારી નાખવાથી સોગંદ તુટી થશે. (આલમગીરી, દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૪)** : સોગંદ ખાધા કે તેને તલવારથી મારીશ અને નિય્યત કાંઈ ન હોય અને તલવાર પટ

કરીની તેને મારી દીધી તો સોગંદ પૂરા થઈ ગયા. અને તલવાર મ્યાનમાં હતી, એમ જ મ્યાન સમેત તેને મારી દીધી તો સોગંદ પુરા થયા નહી. હા જો તલવારે મ્યાનને કાપીને તે શખ્સને જખ્મી કરી દીધો તો સોગંદ પુરા થઈ ગયા. અને જો નિય્યત એ છે કે તલવારની ધાર તરફથી મારશે તો પટ કરીને મારવાથી સોગંદ પુરા થયા નહી અને જો સોગંદ ખાધા કે તેને કુહાડી અથવા તીર થી મારી નાખીશ અને તેના બેંટ (હાથા) થી માર્યુ તો સોગંદ પુરા થયા નહી. (આલમગીરી, બહર)

**મસ્અલા-(૫)** : સોગંદ ખાધા કે સો કોરડા મારીશ અને સો (૧૦૦) કોરડા ભેગા કરીને એક વખતમાં માર્યા કે સૌ તેના શરીર પર પડયા તો સોગંદ સાચા થઈ ગયા જ્યારે કે તેને ચોટ પણ વાગે અને જો કેવળ સ્પર્શ કરાવી દીધો ચોટ લાગી નહી તો સોગંદ પુરા થયા નહી. (બહર)

**મસ્અલા-(૬)** : કોઈને કહ્યું જો તુ મને મળે અને મેં તને ન માર્યો તો મારી પત્નીને તલાક છે. અને તે શખ્સ એક માઈલના અંતરથી તેના જોવામાં આવ્યો અથવા તે છત (ધાબા) પર છે અને આ તેના પર ચઢી શકતો નથી તો તલાક ઘટિત થઈ નહી. (આલમગીરી)

## દેણની અદાયગી વિગેરે સંબંધે સોગંદનું બયાન :

**મસ્અલા-(૧)** : સોગંદ ખાધા કે તેનું કરજ ફલાણા દિવસે અદા કરી દઈશ અને ખોટા રૂપિયા અથવા મોટી ગોળીનો રૂપિયો જે દુકાનદાર લેતા નથી તેણે કરજ માં આપ્યા તો સોગંદ તુટયા નહી. અને જો તે દિવસે રૂપિયા લઈને તેના મકાન પર આવ્યા પરંતુ તે મળ્યો નહી તો કાઝી પાસે દાખલ કરાવી આવે. નહી તો સોગંદ તુટી જશે. જો આ રૂપિયા તેને આપવા જ છે પરંતુ તે ઈન્કાર કરે છે, લેતો નથી તો જો તેના પાસે એટલા નિકટ મુકી દીધા કે લેવા ઈચ્છે તો હાથ લંબાવીને લઈ શકે છે. તો સોગંદ પુરા થઈ ગયા. (દુર્રે મુખ્તાર, બહર)

**મસ્અલા-(૨)** : સોગંદ ખાધા કે ફલાણા દિવસે તેના રૂપિયા અદા કરી દઈશ અને સમય પૂરો થવાથી વહેલા તેણે માફ કરી દીધા અથવા તે દિવસ આવવાથી પહેલા જ તેણે અદા કરી દીધા તો સોગંદ તુટયા નહી. એવી જ રીતે જો સોગંદ ખાધા કે આ રોટી કાલે ખાશે અને આજે જ ખાઈ લીધી તો સોગંદ તુટયા નહી. જો લેણદારે સોગંદ ખાધા કે ફલાણા દિવસે રૂપિયા વસૂલ કરી લઈશ અને તે દિવસથી પહેલા માફ કરી દીધા અથવા બક્ષીસ કરી દીધી તો સોગંદ તુટયા નહી અને જો દિવસ મુકર્રર કર્યો ન હતો તો તુટી ગયા. (દુર્રે મુખ્તાર, આલમગીરી)

**મસ્અલા-(૩)** : લેણદારે સોગંદ ખાધા કે પોતાનો હક લીધા વગર તને છોડીશ નહિ. પછી કરજદારથી પોતાના રૂપિયાના બદલે કોઈ વસ્તુ ખરીદી લીધી અને ચાલ્યો ગયો તો સોગંદ તુટયા નહી. એવીજ રીતે જો કોઈ ઔરત પર રૂપિયા હતા અને સોગંદ ખાધા કે હક લીધા વગર હઠીશ નહી. અને ત્યાંજ રહ્યો ત્યાં સુધી કે તે રૂપિયાને મહેર ઠેરવી ઔરતથી નિકાહ કરી લીધો તો સોગંદ તુટયા નહી. (બહર)

**મસ્અલા-(૪)** : સોગંદ ખાધા કે પોતાનું લીધા વગર તારાથી જુદો થઈશ નહી. તો જો તે એવા સ્થળે છે કે આ તેને દેખી રહ્યો છે અને તેના રક્ષણમાં છે તો જો કે થોડુક અંતર હોય પરંતુ જુદો થવું જોવામાં આવ્યું નહી એવી જ રીતે મસ્જિદ નો સ્થંભ દરમિયાનમાં આડરૂપ હોય અથવા એક મસ્જિદના અંદર છે અને બીજો બહાર અને મસ્જિદનો દરવાજો ઉઘાડો છે કે તેને દેખે છે તો જુદો થયો નહી. અને જો મસ્જિદની દીવાલ દરમિયાનમાં ઉપસ્થિત છે કે તેને દેખતો નથી અને એક મસ્જિદમાં છે અને બીજો બહાર તો જુદા થઈ ગયો અને સોગંદ તુટી ગયા અને જો કરજદારને મકાનમાં પુરીને બહારથી તાળુ મારી દીધુ અને દરવાજા પર બેઠો છે અને કુંચી (ચાવી) તેના પાસે

છે તો જુદો થયો નહી અને જો કરજદારે તેને પકડીને મકાનમાં બંધ કરી દીધો અને ચાવી કરજદાર પાસે છે તો સોગંદ તુટી ગયા. (બહર)

**મસ્અલા-(૫) :** સોગંદ ખાધા કે પોતાના રૂપિયા તેનાથી વસૂલ કરીશ તો અખત્યાર છે કે, પોતે વસૂલ કરે અથવા તેનો વકીલ અને ભલે પોતે તેનાથી જ લે અથવા તેના વકીલ અથવા જામીન થી અથવા તેનાથી, જેના પર તેણે હવાલે કરી દીધો હોય. દરેક રીતે સોગંદ પુરા થઈ જશે. (આલમગીરી)

**મસ્અલા-(૬) :** લેણદાર કરજદારના દરવાજા પર આવ્યો અને સોગંદ ખાધા કે, લીધા વગર હઠશે નહી અને કરજદારે આવીને તેને ધક્કો મારીને હઠાવી દીધો પરંતુ તેના ધકેલવાથી હટયો, પોતે પોતાના કદમ થી ચાલ્યો નહી અને જ્યારે તે જગ્યાએ થી હઠાવી દેવામાં આવ્યો, હવે તેના પછી લીધા વાગર ચાલ્યો ગયો તો સોગંદ તુટયા નહી કે ત્યાથી પોતે હઠયો નહી. (આલમગીરી)

**મસ્અલા-(૭) :** સોગંદ ખાધા કે હું પોતાના કુલ રૂપિયા એક સાથે લઈશ, થોડા થોડા લઈશ નહી. અને એકજ મજલિસમાં દસ-દસ અથવા પચીસ-પચીસ ગણી ગણીને આપતો ગયો અને તે લેતો ગયો તો સોગંદ તુટયા નહી, અર્થાત ગણવામાં જે સમય થયો તેનો સોગંદ માં એતેબાર નથી અને તેને થોડું થોડું લેવું કહીશું નહી. અને જો થોડા થોડા રૂપિયા લીધા તો સોગંદ તુટી જશે પરંતુ જ્યાં સુધી કે કુલ રૂપિયા પર કબ્જો ન કરી લે સોગંદ તુટશે નહી અર્થાત જેસમયે સઘળા રૂપિયા પર કબ્જો થઈ જશે તે સમયે તુટશે. તેનાથી પહેલા જો કે કેટલાએ વખત થોડા થોડા લીધા છે પરંતુ સોગંદ તુટયા ન હતા. (આલમગીરી, દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૮) :** કોઈને કહ્યું જો મારી પાસે માલ હોય તો ઔરત ને તલાક છે અને તેના માસે મકાન અને સામાન છે જે વેપાર માટે નથી તો તલાક થઈ નહી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૯) :** સોગંદ ખાધા કે આ વસ્તુ ફલાણાને બક્ષીસ કરી દઈશ અને તેણે બક્ષીસ કરી, પરંતુ તેણે સ્વીકાર કર્યો નહી તો સોગંદ સાચા થઈ ગયા. અને જો સોગંદ ખાધા કે તેને વેચીશ નહી અને તેણે કહ્યુ કે, મેં આ વસ્તુ તને વેચી પરંતુ તેણે સ્વીકાર કર્યો નહી તો સોગંદ તુટી ગયા. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૦) :** સોગંદ ખાધા કે ખૂશ્બૂ સુંઘશે નહી. અને વગર ઈચ્છાએ (આપમેળે) નાકમાં (ખુશ્બુ) ગઈ તો સોગંદ તુટયા નહી. અને ઈરાદા પૂર્વક સુંઘી તો તુટી ગયા. (બહર વિગેરે)

**મસ્અલા-(૧૧) :** સોગંદ ખાધા કે ફલાણો શખ્સ જે હુકમ આપશે બજાવી લાવીશ અને જે વસ્તુની મનાઈ કરશે તેનાથી દૂર રહીશ. અને તેણે પત્ની પાસે જવાથી મનાઈ કરી દીધી અને માન્યો નહી, જો ત્યાં કોઈ અનુમાન એવું હતું જેનાથી એ સમજવામાં આવતું હોય કે તેનાથી મના કરશે તો તેનાથી પણ રોકાઈ જશે ત્યારે તો સોગંદ તુટી ગયા. નહી તો તુટશે નહી. (આલમગીરી)

## હદોનું બયાન
## (શરઈ સજાનું બયાન)

અલ્લાહ અઝઝ વ જલ્લ ફરમાવે છે : (અર્થ) **"અને અલ્લાહના બંદા તે કે ખુદા સાથે બીજા મઅબૂદ (પૂજ્ય)ને શરીક કરતા નથી. અને તે જીવને કતલ કરતા નથી જેને ખુદાએ હરામ કર્યુ અને ઝિના (વ્યભિચાર) નથી કરતા અને જે આ કામ કરે તે સજા પામશે કિયામતના દિવસે તેના પર અઝાબ વધારવામાં આવશે અને હમેશા ઝિલ્લત (હીનતા) સાથે તેમાં રહેશે. પરતુ જે તૌબા કરે અને ઈમાન લાવે અને સારૂં કામ કરે તો અલ્લાહ તેમની બુરાઈઓ ને નેકીઓની સાથે બદલી આપશે. અને અલ્લાહ બખ્શનાર મહેરબાન છે."** અને ફરમાવે છે.

**(અર્થ) : "જે લોકો પોતાની શર્મગાહો (ગુપ્તાંગો)નું રક્ષણ કરે છે પરંતુ પોતાની પત્નીઓ અથવા**

**દાસીઓથી તેમના પર મલામત (ધિક્કાર) નથી અને જે તેના સિવાય બીજું કાંઈ ઈચ્છે તો તે હદથી વધનાર છે."** અને ફરમાવે છે.

**(અર્થ) : "ઝિનાની નિકટ ન જાવ કે તે નિર્લજતા છે અને ખરાબ માર્ગ છે."** અને ફરમાવે છે.

**(અર્થ) : "વ્યભિચારણી ઔરત અને વ્યભિચારી પુરૂષ તેમનામાં દરેકને સો કોરડા મારો અને તમને તેમના પર દયા ન આવે. અલ્લાહ ના દીન (મઝહબ)માં જો તમે અલ્લાહ અને પાછલા દિવસ (કિયામત) પર ઈમાન ધરાવો છો. અને તેમની સજા ના સમયે મુસલમાનો નું એક જૂથ હાજર હોય."** અને ફરમાવે છે.

**(અર્થ) : "પોતાની દાસીઓને વ્યભિચાર માટે મજબૂર કરો નહી. જો તે પવિત્રતા ઈચ્છે છે. (એટલા માટે મજબૂર કરો છો) કે દુનિયાની જિંદગીનો થોડોક સામાન પ્રાપ્ત કરો અને જે તેમને મજબૂર કરે તો તેના પછી કે મજબૂર કરવામાં આવી, અલ્લાહ તેમને બક્ષનાર મહેરબાન છે."**

(કુર્આન શરીફ)

**હદીસ-(૧) :** ઈબ્ને માજા અબ્દુલ્લાહ બિન ઉમર અને નસાઈ અબૂ હુરૈરહ રદિયલ્લાહો અન્હોમા થી રાવી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે, અલ્લાહની હદોમાંથી કોઈ હદને કાયમ કરવું ચાલીસ (૪૦) રાતના વરસાદથી બહેતર છે.

**હદીસ-(૨) :** ઈબ્ને માજા અબાદહ બિન સામિત રદિયલ્લાહો અન્હોથી રાવી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે, હદોને કરીબ તથા દૂર સૌમાં કાયમ કરો અને અલ્લાહનો હુકમ બજાવી લાવવામાં મલામત કરનારાની મલામત (ધિક્કાર) તમને રોકે નહી.

**હદીસ-(૩) :** બુખારી તથા મુસ્લિમ તથા અબૂ દાઉદ તથા તિરમિઝી, નસાઈ તથા ઈબ્ને માજા ઉમ્મુલ મોઅમેનીન સિદીકા રદિયલ્લાહો અન્હાથી રાવી છે કે, એક મખ્ઝુમીયા સ્ત્રીએ ચોરી કરી હતી, તેના કારણે કુરૈશને ચિંતા થઈ ગઈ હતી (કે તેણી ને કેવી રીતે હદથી બચાવવામાં આવે) પરસ્પર લોકો એ કહ્યું કે તેના સંબંધે કયો શખ્સ રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને સિફારીશ (ભલામણ) કરશે. પછી લોકોએ કહ્યું સિવાય ઉસામા બિન ઝેદ રદિયલ્લાહો અન્હોમાના જે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના મહબૂબ (પ્રિય) છે કોઈ શખ્સ ભલામણ કરવાની હિમ્મત કરી શકતો નથી. તાત્પર્યકે ઉસામા રદિયલ્લાહો અન્હોએ ભલામણ કરી, તે વાત પર હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસ્લ્લમે ઈરશાદ ફરમાવ્યો કે : તુ હદની બાબત ભલામણ કરે છે. પછી હુઝૂર ખુતબા માટે ઉભા થયા અને આ ખુતબામાં એમ ફરમાવ્યું કે "અગાઉના લોકોને એ વાતે હલાક કર્યા કે જો તેમના માંથી કોઈ શરીફ ચોરી કરતો તો તેને છોડી દેતા જ્યારે કમજોર ચોરી કરતો તો તેના પર હદ કાયમ કરતા, **કસમ છે ખુદાના જો ફાતેમા બિન્તે મોહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)(અલ્લાહની પનાહ) ચોરી કરતી તો તેનો પણ હાથ કાપી નાખતો..**

**હદીસ-(૪) :** ઈમામ અહમદ તથા અબૂ દાઉદ અબુલ્લાહ બિન ઉમર રદિયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે મેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને ફરમાવતા સાંભળ્યા કે જેની સિફારશ હદ કાયમ કરવામાં આડરૂપ થઈ જાય તેણે અલ્લાહની વિરૂદ્ધતા કરી અને જે જાણીને બાતિલના સંબંધે ઝઘડે તે હમેશા અલ્લાહ તઆલાની નારાજીમાં છે, જ્યાં સુધી તેનાથી જુદો ન થઈ જાય. અને જે શખ્સ મોમિન સંબંધે એવી વસ્તુ કહે જે તેનામાં ન હોય અલ્લાહ તઆલા તેને **'રોગતુલ ખબાલ'** માં તે સમય સુધી રાખશે જ્યાં સુધી તેના ગુનાહની સજા પૂરી ન થઈ જાય. **'રોગતુલ ખબાલ'** જહન્નમમાં એક જગ્યા છે જ્યાં જહન્નમીઓનું લોહી અને પીપ એકત્ર થશે.

**હદીસ-(૫)** : અબૂદાઉદ તથા નસાઈ અમ્ર બિન શુએબને તેમના બાપથી અને તે પોતાના દાદાથી રિવાયત કરે છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે, હદને પરસ્પર તમે માફ કરી શકો છો. (અર્થાત જ્યાં સુધી તેનો મુકદમો મારા પાસે રજૂ ન થાય, તમને દરગુજર કરવાનો અખત્યાર છે.) અને મારી સમક્ષ પહોંચ્યા પછી વાજિબ થઈ જશે (અર્થાત હવે અવશ્ય કાયમ થશે).

**હદીસ-(૬)** : અબૂદાઉદ ઉમ્મુલ મોઅમેનીન આયશા રદિયલ્લાહો અન્હા થી રિવાયત કરે છે કે, હુઝૂરે ફરમાવ્યું : અય અઈમ્મા ! ઈઝઝતદારોની ભૂલો દફે કરીદો પરંતુ હુદૂદ (સિવાય) કે તેમને દફે કરી શકતા નથી.

**હદીસ-(૭)** : બુખારી શરીફ તથા મુસ્લિમ અબૂ હુરૈરહ રદિયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે બે શખ્સોએ હુઝુરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ની ખિદમતમાં મુકદમો રજુ કર્યો. એકે કહ્યું : અમારી વચ્ચે અલ્લાહની કિતાબ અનુસાર ફેસલો ફરમાવો, બીજાએ કહ્યું : હા, યા રસુલુલ્લાહ અલ્લાહની કિતાબ અનુસાર ફેસલો કરો અને મને અરજ કરવાની ઈજાઝત આપો. આપે ફરમાવ્યું : અરજ કરો, તેણે કહ્યું : મારો છોકરો તેના ત્યાં મજુર હતો, તેણે તેની ઔરતથી ઝિના (વ્યભિચાર) કર્યો. લોકોએ મને ખબર આપી કે મારા છોકરા પર રજમ (પથ્થર મારીને મૃત્યુ દંડની સજા) છે મેં સો (૧૦૦) બકરીઓ અને એક દાસી પોતાના છોકરાના ફિદિયામાં આપી. પછી જ્યારે મેં ઈલ્મવાળાઓને પૂછયું તો તેમણે ખબર આપી કે, મારા છોકરાને ૧૦૦ કોરડા મારવામાં આવશે અને એક વર્ષ માટે દેશ નિકાલ કરવામાં આવશે. અને તેની ઔરત પર રજમ છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું : કસમ છે તેની જેના કબ્જએ કુદરતમાં મારો પ્રાણ છે. હું તમારા બંનેમાં અલ્લાહની કિતાબથી ફેસલો કરીશ. બકરીયો અને દાસી પાછી આપવામાં આવે અને તારા છોકરાને સો (૧૦૦) કોરડા મારવામાં આવશે અને એક વર્ષ માટે હદપાર (શહેર બદર) કરવામાં આવે (તેના પછી ઉનૈસ રદિયલ્લાહો અન્હોથી સંબોધિત થઈને ફરમાવ્યું) અય ઉનૈસ ! સવારે તમે તેની ઔરત પાસે જાવ તે ઈકરાર કરે તો રજમ કરી દો. ઔરતે ઈકરાર કર્યો, અને તેને રજમ કરવામાં આવ્યું.

**હદીસ-(૮)** : સહીહ બુખારી શરીફમાં ઝેદ બિન ખાલિદ રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે. કહે છે મેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને હુકમ ફરમાવતા સાંભળ્યા કે જે શખ્સ ઝિના કરે અને મુહષિન (શાદીશુદા) ન હોય તેને ૧૦૦ કોરડા મારવામાં આવે અને એક વર્ષ માટે હદપાર કરી દેવામાં આવે.

**હદીસ-(૯)** : બુખારી તથા મુસ્લિમ રિવાયત કરે છે કે અમીરૂલ મોઅમેનીન ઉમર બિન ખત્તાબ રદિયલ્લાહો અન્હોએ ફરમાવ્યું : અલ્લાહ તઆલાએ મોહમ્મદ સલ્લાહો અલયહે વસલ્લમને હક્ક (સત્ય) સાથે મબઉસ કર્યા (મોકલ્યા) અને તેમના પર કિતાબ ઉતારી અને અલ્લાહ તઆલાએ જે કિતાબ નાઝિલ કરી તેમાં રજમની આયત પણ છે. અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે રજમ કર્યુ અને હુઝુરના પછી અમોએ રજમ કર્યુ અને રજમ અલ્લાહની કિતાબમાં છે અને તે હક છે. રજમ તેના પર છે જે ઝિના કરે અને મુહષિન (શાદી શુદા) હોય. ભલે તે પુરૂષ હોય કે ઔરત, એ શરતે કે ગવાહોથી ઝિના સાબિત થાય. અથવા હમલ (ગર્ભ) હોય અથવા એકરાર હોય.

**હદીસ-(૧૦)** : બુખારી તથા મુસ્લિમ વિગેરે રિવાયત કરે છે કે યહુદીઓમાંથી એક પુરૂષ તથા સ્ત્રીએ ઝિના કર્યો હતો આ લોકો હુઝુરની ખિદમતમાં મુકદમો લાવ્યા. (કદાચ એ ખ્યાલ થી કે શકય છે કોઈ સાધારણ અને હલકી સજા હુઝૂર પ્રસ્તાવીત કરે તો કિયામતના દિવસે કહી શકાશે

કે આ ફેસલો તારા એક નબીએ કર્યો હતો. અમો તેમાં નિર્દોશ છીએ) હુઝુરે ફરમાવ્યું કે તૌરેતમાં રજમ સંબંધે શું છે ? યહુદીએ કહ્યું : અમો વ્યભિચારીઓને બદનામ અને રૂસવા કરીએ છીએ અને કોરડા મારીએ છીએ (અર્થાત તૌરેતમાં રજમનો હુકમ નથી) અબ્દુલ્લાહ બિન સલામ રદિયલ્લાહો અન્હોએ ફરમાવ્યું : તમે જૂઠા છો, તૌરેતમાં નિઃશંક રજમ છે. તૌરત લાવો. યહુદી તૌરેત લાવ્યા અને ખોલીને એક શખ્સ પઢવા લાગ્યો. તેણે રજમની આયત પર હાથ મુકીને તેના પહેલાનું અને પાછળનું વાંચવાનું શરૂ કર્યુ (રજમની આયત ને છુપાવી દીધી અને તેને વાંચી નહી.) અબ્દુલ્લાહ બિન સલામે ફરમાવ્યું તમારો હાથ હઠાવો. તેણે હાથ હઠાવ્યો તો રજમની આયત તેના નીચે ચમકી રહી હતી. હુઝુરે વ્યભિચારીઓ સંબંધે હુકમ આપ્યો તે બંનેને રજમ કરવામાં આવ્યું અને યહુદીઓને પુછયું કે જ્યારે તમારા ત્યાં રજમ ઉપસ્થિત છે તો તમોએ તેને કેમ ત્યજી દીધું છે ? યહુદીઓએ કહ્યું : કારણ એ છે કે અમારા ત્યાં જ્યારે કોઈ શરીફ તથા માલદાર વ્યભિચાર કરે છે તો તેને છોડી દેતા હતા અને કોઈ ગરીબ કરતો તો તેને રજમ કરતા. પછી અમોએ મશવરો કર્યો કે કોઈ એવી સજા નક્કી કરવામાં આવે. જે અમીર તથા ગરીબ સૌના પર જારી કરવામાં આવે. માટે અમોએ એ સજા નક્કી કરી કે તેનું મોંઢું કાળુ કરીએ અને ગધેડા પર ઉંધો બેસાડીને શેહેરમાં ફેરવીએ. હવે અમે ઈચ્છીએ છીએ કે ઝિનાની બુરાઈ તથા દુષ્ટતામાં જે હદીસો વારિદ થઈ છે તેમનામાંથી કેટલીકનો ઉલ્લેખ કરીએ.

**હદીસ-(૧૧)** : બુખારી તથા મુસ્લિમ, અબૂદાઉદ અને નસાઈ અબૂ હુરૈરહ રદિયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું ઝિના (વ્યભિચાર) કરનાર જે સમયે ઝિના કરે છે મોમિન રહેતો નથી અને ચોર જે સમયે ચોરી કરે છે મોમિન રહેતો નથી અને શરાબી જે સમયે શરાબ (દારૂ) પીએ છે મોમિન રહેતો નથી. અને નસાઈની રિવાયતમાં એ પણ છે કે જ્યારે તે કર્મોને કરે છે તો ઈસ્લામનો પટ્ટો પોતાની ગરદનથી કાઢી નાખે છે, પછી જો તૌબા કરે તો અલ્લાહ તઆલા તેની તૌબા કબૂલ કરે છે. હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદિયલ્લાહો અન્હોમા ફરમાવે છે કે, તે શખ્સથી ઈમાન અલગ થઈ જાય છે.

**હદીસ-(૧૨)** : અબૂદાઉદ તથા તિરમિઝી તથા બયહકી તથા હાકિમ તેમનાથી જ રિવાયત કરે છે કે, હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું : જ્યારે પુરૂષ ઝિના કરે છે તો તેનાથી ઈમાન નિકળીને માથા પર છાંયડાની જેમ થઈ જાય છે જ્યારે આ ફેલથી જુદો થાય છે તો તેની તરફ ઈમાન પાછું ફરે છે.

**હદીસ-(૧૩)** : ઈમામ અહમદ અમ્ર બિન આસ રદિયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે મેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને ફરમાવતા સાંભળ્યા કે જે કોમમાં ઝિના (વ્યભિચાર) જાહેર થશે તે દુકાળમાં ગિરફતાર થશે અને જે કોમમાં લાંચનું પ્રકટીકરણ થશે તે આતંક (ભય)માં સપડાશે.

**હદીસ-(૧૪)** : સહીહ બુખારીની એક લાંબી હદીસ સમોરહ બિન જુન્દુબ રદિયલ્લાહો અન્હોથી મરવી છે કે હુઝુરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે રાત્રે મેં દેખ્યું કે બે શખ્સ મારી પાસે આવ્યા અને પવિત્ર જમીન તરફ લઈ ગયા (આ હદીસમાં કેટલાક-(મુશાહેદા) નિરિક્ષણો બયાન કર્યા તેમાં એક આ વાત પણ છે) અમે એક છિદ્ર પાસે પહોંચ્યા જે તન્નુર (ભઠ્ઠી) ની જેમ ઉપરથી સાંકડું અને નીચે પહોળું છે તેમાં આગ સળગી રહે છે અને તે આગમાં કેટલાક પુરૂષ અને સ્ત્રી નગ્ન છે. જ્યારે જ્વાળા બુલંદ થાય છે તો તે લોકો ઉપર આવી જાય છે અને જ્યારે જ્વાળા ઓછી થઈ જાય છે તો તે જ્વાળાની સાથે તે પણ

અંદર ચાલ્યા જાય છે, (આ કયા લોકો છે તેમના સંબંધે ફરમાવ્યું) આ ઝાની (વ્યભિચારી) પુરૂષ અને સ્ત્રી છે.

**હદીસ-(૧૫)** : હાકિમ ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહો અન્હોમાથી રિવાયત કરે છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લહો અલયહે વસલ્લમે ફરમાવ્યું : જે વસ્તીમાં વ્યભિચાર અને વ્યાજ જાહેર થઈ જાય છે તો તેમણે પોતાના માટે અલ્લાહના અઝાબ (કોપ) ને હલાલ ઠેરવી લીધું.

**હદીસ-(૧૬)** : અબૂદાઉદ, નસાઈ તથા ઈબ્ને હબ્બાન અબૂ હુરૈરહ રદિયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે, તેમણે રસૂલૂલલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને ફરમાવતા સાંભળ્યા કે જે સ્ત્રી કોઈ કૌમમાં તેને દાખલ કરે જે તે કોમથી ન હોય (અર્થાત ઝિના કરાવ્યો અને તેનાથી ઔલાદ થઈ) તો તેને અલ્લાહની રહમત (કૃપા)નો ભાગ નથી. અને તેને જન્નતમાં દાખલ કરશે નહી.

**હદીસ-(૧૭)** : મુસ્લિમ તથા નસાઈ અબૂ હુરૈરહ રદિયલ્લાહો અન્હો થી રિવાયત કરે છે કે રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું : ત્રણ શખ્સોથી અલ્લાહ તઆલા ન કલામ કરશે ન તેમને પાક કરશે. અને ન તેમની તરફ રહમતની નઝર કરશે અને તેમના માટે દર્દનાક અઝાબ હશે. (૧) ઘરડો વ્યભિચારી (૨) જૂઠ બોલનાર બાદશાહ અને (૩) અભિમાની ફકીર.

**હદીસ-(૧૮)** : બઝઝાર, બુરૈદહ રદિયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યુ કે સાતે આકાશ અને સાતે જમીનો વૃધ્ધ વ્યભિચારી પર લાનત કરે છે અને ઝાનીની શર્મગાહ (ગુપ્તાંગ)ની દુર્ગંધ જહન્નમ વાળાઓને કષ્ટ આપશે.

**હદીસ-(૧૯)** : બુખારી તથા મુસ્લિમ, તિરમિઝી તથા નસાઈ ઈબ્ને મસઉદ રદિયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે મેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને પુછયું કે કયો ગુનોહ સૌથી મોટો છે, આપે ફરમાવ્યું કે તુ અલ્લાહ સાથે કોઈને શરીક કરે, જો કે તેણે પૈદા કર્યો છે, મેં અરજ કરી બેશક બહુ મોટો ગુનોહ છે. પછી તેના પછી કયો ગુનોહ ? આપે ફરમાવ્યૂં કે, તુ પોતાની ઔલાદને એટલા માટે કતલ કરી નાખે કે તે તારા સાથે ખાશે, મેં અરજ કરી કે પછી કયો ગુનોહ ? આપે ફરમાવ્યું : એ કે તુ પોતાના પાડોશીની સ્ત્રીથી ઝિના કરે.

**હદીસ-(૨૦)** : ઈમામ અહમદ તથા તિબરાની મિકદાદ બિન અસવદ રદિયલ્લાહો અન્હાથી રિવાયત કરે છે. હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે સહાબાઓને ફરમાવ્યું ઝિના સંબંધે તમો શું કહો છો ? લોકોએ અરજ કરી : તે હરામ છે, અલ્લાહ તથા રસૂલે તેને હરામ કર્યુ તે કિયામત સુધી હરામ રહેશે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું : દસ સ્ત્રીઓ સાથે ઝિના કરવું પોતાના પાડોશીની સ્ત્રી સાથે ઝિના કરવાથી આસાન છે.

**હદીસ-(૨૧)** : હાકિમ તથા બયહકી ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું અય કુરૈશના નવજવાનો પોતાની શર્મગાહોનું રક્ષણ કરો. ઝિના ન કરો. જે શર્મગાહોનું રક્ષણ કરશે તેના માટે જન્નત છે.

**હદીસ-(૨૨)** : ઈબ્ને અબ્બાસ પોતાની સહીહમાં અબૂ હુરૈરહ રદિયલ્લાહો અનહોથી રિવાયત કરે છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યુ સ્ત્રી જ્યારે પાંચે નમાઝો પઢે અને પવિત્રતા કરે અને પતિનું આજ્ઞાપાલન કરે તો જન્નત ના જે દરવાજાથી ઈચ્છે દાખલ થાય.

**હદીસ-(૨૩)** : બુખારી તથા તિરમીઝી સહલ બિન સઅદ રદિયલ્લાહો અન્હોથી રાવી કે હુઝૂરે ફરમાવ્યું જે શખ્સ તે ચીઝનું જે જડબાઓની વચ્ચે છે (જીભ) અને તે ચીઝ જે બંને પગોની વચ્ચે છે

(શર્મગાહ) છે જામીન થાય (કે તેમનાથી શરીઅત વિરૂદ્ધ કામ કરશે નહી) હું તેના માટે જન્નતનો જામીન છું.

**હદીસ-(૨૪)** : ઈમામ અહમદ તથા ઈબ્ને અબી દુનિયા તથા ઈબ્ને હબ્બાન તથા હાકિમ આબાદહ બિન સામિત રદિયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે, હુઝૂરે ફરમાવ્યું : **મારા માટે છ (૬) વસ્તુના જામીન થઈ જાવ, હું તમારા માટે જન્નતનો જામીન છું.** (૧) વાત બોલો તો સાચી બોલો (૨) વઅદો કરો તો પુરો કરો (૩) તમારા પાસે અમાનત મુકવામાં આવે તો અદા કરો. (૪) પોતાની શર્મગાહોની હિફાઝત કરો (૫) પોતાની નિગાહોને નીચી કરો અને (૬)પોતાના હાથોને રોકો (એટલે જુલમ ના કરો. ખોટી વસ્તુ તરફ હાથ ના વધારો.)

**હદીસ-(૨૫)** : તિરમિઝી તથા ઈબ્ને માજા ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહો અન્હોમાથી રાવી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લ્મે ફરમાવ્યું : જે શખ્સને કોમે લૂતનો અમલ (લોંડાબાજી) (સુષ્ટિ વિરૂદ્ધ કૃત્ય) કરતા જુઓ તો કર્તા અને કર્મક બંનેને કતલ કરી નાખો.

**હદીસ-(૨૬)** : તિરમિઝી તથા ઈબ્ને માજા તથા હાતિમ જાબિર રદિયલ્લાહો અન્હોથી રાવી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું : પોતાની ઉમ્મત પર સૌથી અધિક જે વસ્તુનો મને ડર છે તે લૂતની કોમનો અમલ છે. (એટલે સુષ્ટિ વિરૂદ્ધ કૃત્ય)

**હદીસ-(૨૭)** : રઝીન ઈબ્ને અબ્બાસ તથા અબૂ હુરૈરહ રદિયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું : મલઉન (ધિક્કારપાત્ર) છે તે કોમ જે કોમે લૂતનો અમલ કરે અને એક રિવાયતમાં છે કે હઝરત અલી રદિયલ્લાહો અન્હો એ બંને ને બાળી દિધા અને અબૂ બકર રદિયલ્લહો અન્હોએ તેમના પર દિવાલ તોડી પાડી.

**હદીસ-(૨૮)** : તિરમિઝી, નસાઈ તથા ઈબ્ને હબ્બાન ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહો અન્હોથી રાવી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું: અલ્લાહ તઆલા તે પુરૂષ તરફ રહમતની નજર કરશે નહી જે પુરૂષની સાથે સંભોગ કરે અથવા સ્ત્રીના પાછળના ભાગમાં સંભોગ કરે.

**હદીસ-(૨૯)** : અબૂ યઅલા ઉમર રદિયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે, હુઝૂરે ફરમાવ્યું હયા (શરમ) કરો કે અલ્લાહ તઆલા સત્ય વાત કરવાથી બયાન રોકાશે નહી અને સ્ત્રીના પાછળ ના ભાગમાં સંભોગ કરો નહી.

**હદીસ-(૩૦)** : ઈમામ અહમદ તથા અબૂ દાઉદ અબૂ હુરૈરહ રદિયલ્લાહો અન્હો થી રાવી કે હુઝૂર ફરમાવે છે જે શખ્સ ઔરત ના પાછળના ભાગમાં સંભોગ કરે તે મલઉન છે.

## ફિકહી અહકામ

"હદ" એક પ્રકારની સજા છે જેની માત્રા શરીઅત તરફથી મુકર્રર છે કે તેમાં ઓછું - વત્તુ થઈ શકતું નથી તેનાથી હેતુ લોકોને એવા કામોથી રોકવું છે જેની આ સજા છે. અને જેના પર હદ કાયમ કરવામાં આવી તે જ્યાં સુધી તૌબા ન કરે કેવળ હદ કાયમ કરવાથી પાક થશે નહી.

**મસ્અલા-(૧)** : જ્યારે હાકિમ પાસે એવો મુકદ્દમો પહોંચી જાય અને સાબિતી થઈ જાય તો સિફારીશ જાઈઝ નથી અને જો કોઈ ભલામણ કરે તો પણ હાકિમે છોડવું જાઈઝ નથી એ જો હાકિમ સમક્ષ રજુ થવાથી પહેલા તૌબા કરે તો હદ રદ થઈ જશે. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૨)** : હદ કાયમ કરવું ઈસ્લામી બાદશાહ અથવા તેના નાયબનું કામ છે. અર્થાત બાપ પોતાના બેટા પર અથવા આકા પોતાના ગુલામ પર કાયમ કરી શકતો નથી. અને શરત એ છે કે જેના પર કાયમ થાય તેની બુદ્ધિ દુરસ્ત હોય અને શરીર સલામત હોય. માટે પાગલ અને નશાવાળા અને બીમાર અને વૃદ્ધ પર સ્થાપિત કરે

નહી, બલકે પાગલ અને નશાવાળો જ્યારે હોશમાં આવે અને બીમાર જ્યારે તંદુરસ્ત થઈ જાય તે સમયે હદ સ્થાપિત કરી શકે. (આલમગીરી) હદના કેટલાક સ્વરૂપો છે તે પૈકી એક હદ ઝિના છે. એ ઝિના (વ્યભિચાર)ઔરતે મુશ્તિહાત એટલે શહવતવાળી જેમાં હદ વાજિબ થાય છે. તે એ છે કે પુરૂષનું સ્ત્રીના આગળના સ્થાન (યોની) માં હરામની રીતે સોપારી જેટલું પ્રવેશ કરવું અને તે સ્ત્રી ન તેની પત્ની હોય ન દાસી, ન આ બંનેની શંકા (બાલિગ) હોય, ન શુબ્હે ઈશ્તેબાહ હોય અને તે વતી કરનાર મુકલ્લફ હોય અને મુંગો ન હોય અને મજબૂર (વિવશ) કરવામાં આવ્યો ન હોય. (દુર્રે મુખ્તાર, આલમગીરી)

**મસ્અલા-(૩)** : ઈન્દ્રીની સોપારીથી ઓછા પ્રવેશમાં હદ વાજિબ નથી. અને જેની ઈન્દ્રીની સોપારી કપાએલી હોય તો સોપારી ની માત્રા જેટલા પ્રવેશથી હદ વાજિબ થશે. મજનુન (ગાંડા) તથા નાબાલિગે વતી કરી તો હદ વાજિબ નથી. ભલે નાબાલિગ સમજવાળો હોય. એવી જ રીતે જો મુંગો હોય અથવા મજબૂર કરવામાં આવ્યો હોય અથવા એટલી નાની છોકરી સાથે વતી કરી જે કામવાસના વાળી ન હોય. (રદદુલ મુહતાર)

**મસ્અલા-(૪)** : જે સ્ત્રીથી ગવાહ વગર નિકાહ કર્યો અથવા દાસીથી તેના માલિક ની ઈજાઝત વગર નિકાહ કર્યો અથવા ગુલામે માલિકની પરવાનગી વગર નિકાહ કર્યો અને આ સ્વરૂપોમાં વતી થઈ (સંભોગ થયો) તો હદ નથી. એવી જ રીતે કોઈએ પોતાના છોકરાની દાસી (લોંડી) અથવા ગુલામની દાસી થી સંભોગ કર્યો તો હદ નથી કે તે સૌમાં નિકાહનું શુબ્હતન અથવા માલિકીપણાનું શુબ્હ છે. અને જે સ્ત્રી ને ત્રણ તલાકો આપી ઈદ્દતની અંદર તેનાથી વતી કરી અથવા છોકરાએ બાપની દાસીથી સંભોગ કર્યો, જો તેની એ ધારણા હતી કે વતી હલાલ છે તો હદ નથી. નહી તો છે. (આલમગીરી, રદદુલ મુહતાર)

**મસ્અલા-(૫)** : હાકિમ (શાસક : ન્યાયાધિશ) સમક્ષ ઝિના તે સમયે સાબિત થશે, જ્યારે ચાર પુરૂપ એક મજલિસ (બેઠક)માં ઝિના શબ્દની સાથે શહાદત (સાક્ષી) અદા કરે. અર્થાત એમ કહે કે તેણે ઝિના કર્યો છે. જો 'વતી' અથવા સંભોગ (જેમાઅ)નો શબ્દ કહેશે તો ઝિના સાબિત થશે નહી. (દુર્રે મુખ્તાર વિગેરે)

**મસ્અલા-(૬)** : જો ચારે ગવાહ એક પછી એક આવીને મજલિસે કઝા (ન્યાય ની બેઠક) માં બેઠા અને એકે ઉઠીને કાઝી (ન્યાયાધીશ) સમક્ષ સાક્ષી આપી તો ગવાહી કબૂલ કરી લેવામાં આપશે અને જો ન્યાયાલયની બહાર સૌ એકત્ર હતા અને ત્યાંથી એકે આવીને ગવાહી આપી તો ગવાહી સ્વીકાર્ય ન થશે. અને તે ગવાહો પર તોહમત (આક્ષેપ) ની હદ લગાવવામાં આવશે. (રદદુલ મુહતાર)

**મસ્અલા-(૭)** : બે ગવાહોએ એવી ગવાહી આપી કે એણે ઝિના કર્યો છે. અને બીજા બે ગવાહો એમ કહે છે કે તેણે ઝિના નો સ્વીકાર કર્યો તો ન તેના પર હદ છે ન ગવાહો પર. અને જો ત્રણ શખ્સોએ ગવાહી આપી કે ઝિના કર્યો છે અને એકે એવી ગવાહી આપી કે તેણે ઝિનાનો ઈન્કાર કર્યો છે તો આ ત્રણે (ના કહેવા) પર હદ કાયમ કરવામાં આવશે (બહર)

**મસ્અલા-(૮)** : જો ચાર ઔરતો એ ગવાહી આપી તો ન તેના પર હદ છે, ન તેમના પર. (આલમગીરી)

**મસ્અલા-(૯)** : જ્યારે ગવાહ ગવાહી આપી દે તો કાઝી તેમને પુછશે કે, ઝિના કોને કહે છે ? જ્યારે ગવાહ તેને બતાવી દેશે અને એમ કહેકે 'અમો એ જોયું કે તેના સાથે વતી કરી, જેવું સુરમાદાનીમાં સળી હોય છે, તો તેમને પૂછવામાં આવશે કે, કેવી રીતે ઝિના કર્યો અર્થાત બળ જબરીમાં તથા મજબૂરીમાં તો થયો નહી. જ્યારે એ પણ બતાવી લેશે તો પૂછશે કે, કયારે કર્યો કે લાંબો સમય ગુજરીને સમય આપ્યો તો થઈ નહી. પછી

પૂછશે કે કઈ સ્ત્રી સાથે કર્યો કે શકય છે કે ઔરત એવી હોય જેનાથી વતી પર હદ નથી. પછી પૂછશે કે કયાં ઝિના કર્યો કે કદાચ દારૂલહર્બમાં થયો હોય તો હદ થશે નહી. જ્યારે ગવાહોનું આદિલ (જે ફાસિક ન હોય તે) હોવું કાઝીને ખબર છે તો ઠીક. નહી તો તેમની અદાલતની તપાસ કરશે અર્થાત ગુપ્ત તથા એલાનીયા અથવા તેને પૂછશે. ગુપ્ત એમકે તેમના નામ અને પુરા સરનામા લખીને ત્યાંના લોકોથી પૂછશે જો ત્યાંના વિશ્વાસપાત્ર લોકો તે વાતને લખી દે કે તે આદિલ છે, તેની ગવાહી સ્વીકારવા યોગ્ય છે તો તેના પછી જેણે એવું લખ્યું છે કાઝી તેને બોલાવીને ગવાહના સામે પૂછશે, કે શું આ શખ્સ સંબંધે તમોએ આવું લખ્યું અથવા બયાન કર્યુ છે તે એજ છે. જ્યારે તે સમર્થન કરશે તો હવે ગવાહની અદાલત સાબિત થઈ ગઈ. હવે તેના પછી તે શખ્સથી જેના વિષે ઝિનાની સાક્ષી ગુજરી કાઝી એ પુછશે કે તુ મુહષિન છે કે નહી. એહષાન નો અર્થ અહીંયા એ છે કે આઝાદ, આકિલ, બાલિગ હોય. જેણે સહીહ નિકાહ સાથે વતી કરી હોય. જો તે પોતાના મુહષિન હોવાનો એકરાર કરે અથવા તેણે તો ઈન્કાર કર્યો પરંતુ ગવાહોથી તેનું મુહષિન હોવું સાબિત થયું તો એહસાનનો અર્થ પૂછીશું અર્થાત જો ખૂદ તેણે મુહષિન હોવાનો એકરાર કર્યો તો તેને મુહષિનનો અર્થ પૂછીશું અને ગાવહોથી એહષાન સાબિત થાય તો ગવાહોથી પૂછીશુ કે જો તેનો સાચો અર્થ બતાવી દે તો રજમ નો હુકમ આપવામાં આવશે. અને જો તેણે કહ્યું મુહષિન નથી અને ગવાહો થી પણ તેનું મુહષિન સાબિત થયું નહી તો સો (૧૦૦) કોરડા મારવાનો કાઝી હુકમ આપશે.

(આલમગીરી વિગેરે)

**મસ્અલા-(૧૦)** : ગવાહોથી કાઝીએ જ્યારે ઝિનાની હકીકત પૂછી તો તેમણે જવાબ આપ્યો કે અમોએ જે બયાન આપ્યું છે, હવે તેનાથી વધારે બયાન કરીશું નહી અથવા કેટલાકોએ હકીકત બયાન કરી અને કેટલાકોએ નહી તો આ બંને સૂરતોમાં હદ નથી. અને તેના પર ન ગવાહો પર, એવી જ રીતે જ્યારે તેમને પૂછયું કે કઈ સ્ત્રી થી ઝિના કર્યો તો કહેવા લાગ્યા અમો તેને ઓળખતા નથી અથવા પ્રથમ તો એ કહ્યું કે અમે ઓળખતા નથી પછીથી કહ્યું કે ફલાણી સ્ત્રીની સાથે. તો પણ હદ નથી. (બહર)

**મસ્અલા-(૧૧)** : તેની સાબિતીનો બીજો પ્રકાર એકરાર (સ્વીકાર) છે કે કાઝી સમક્ષ ચાર વાર ચાર મજલિસોમાં હોશ ની હાલતમાં સાફ અને સ્પષ્ટ શબ્દોમાં ઝિનાનો એકરાર કરે અને ત્રણ વખત સુધી દરેક વખત કાઝી તેના એકરારને રદ કરી દે. જ્યારે ચોથી વખત તેણે એકરાર કર્યો હવે એજ પાંચ સવાલ કાઝી તેને પણ કરશે અર્થાત ઝિના કોને કહે છે ? અને કોની સાથે કર્યો ? અને કયારે કર્યો ? અને કયાં કર્યો ? અને કેવી રીતે કર્યો ? જો સઘળા સવાલોનો જવાબ ઠીક રીતે આપી દે તો હદ કાયમ કરીશું. અને જો કાઝી સિવાય કોઈ બીજા સમક્ષ એકરાર કર્યો અથવા જે સ્ત્રી સાથે બતાવે છે તે સ્ત્રી ઈન્કાર કરે છે અથવા સ્ત્રી જે પુરૂષને બતાવે છે તે પુરૂષ ઈન્કાર કરે છે અથવા તે સ્ત્રી ગુંગી અથવા પુરૂષ ગુંગો છે અથવા તે સ્ત્રી કહેછે કે મારો તેના સાથે નિકાહ થયો છે અર્થાત જે સમયે ઝિના કરવું બતાવે છે તે સમયે હું તેની પત્ની હતી અથવા પુરૂષનું ગુપ્તાંગ સાવ કપાયેલું છે અથવા સ્ત્રીનું છિદ્ર (યોની) બંદ છે, તાત્પર્ય કે જેના સાથે ઝિના નો એકરાર છે તે મુનકિર છે અથવા ખુદ એકરાર કરનારામાં યોગ્યતા ન હોય અથવા જેના સાથે બતાવે છે તેનાથી ઝિનામાં હદ ન થાય તો આ સઘળા સ્વરૂપોમાં હદ નથી. (દુર્રે મુખ્તાર વિગેરે)

**મસ્અલા-(૧૨)** : ઝિના પછી જો તે બંનેનો પરસ્પર નિકાહ થયો તો આ નિકાહ હદને દફે કરશે નહી. એવી જ રીતે જો સ્ત્રી દાસી (લોંડી) હતી અને ઝિના પછી તેને ખરીદીલીધી તો તેનાથી હદ રદ થશે નહી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૩)** : જો એક જ મજલિસમાં ચાર વખત એકરાર કર્યો તો તે એક એકરાર ઠેરવવામાં આવશે. અને જો ચાર દિવસોમાં અથવા ચાર મહિનાઓમાં ચાર એકરાર થયા તો હદ છે જ્યારે બીજી શરતો પણ જાવામાં આવે. (આલમગીરી)

**મસ્અલા-(૧૪)** : સારૂં એ છે કે કાઝી તેને એ તલ્કીન કરે (યાદી અપાવે કે) કે કદાચ તેંચુંબન કર્યુ હશે અથવા સ્પર્શ કર્યો હશે અથવા શંકા સાથે વતી કરી હશે અથવા તેં તેનાથી નિકાહ કર્યો હશે. (આલમગીરી)

**મસ્અલા-(૧૫)** : એકરાર કરનારાથી જ્યારે પૂછવામાં આવ્યું કે તેં કયી સ્ત્રી સાથે ઝિના કર્યો છે તો તેણે કહ્યું હું ઓળખતો નથી અથવા જે સ્ત્રીનું નામ લે છે તે તે સમયે અહીંયા હાજર નથી તેનાથી પૂછવામાં આવે તો એવા એકરાર પર હદ કાયમ કરીશું (બહર)

**મસ્અલા-(૧૬)** : કાઝીને જો અંગત જાણકારી છે કે, તેણે ઝિના કર્યો છે તો તેના આધારે હદ કાયમ કરી શકાતી નથી. જ્યાં સુધી ચાર પુરૂષોની ગવાહીઓ ન મળે અથવા ઝાની (વ્યભિચારી) ચાર વખત એકરાર ન કરે અને જો કયાંક બીજા સ્થળે તેણે એકરાર કર્યો અને એક્રારની ગવાહી કાઝી પાસે આવી તો તેના આધાર પર હદ નથી. (બહર)

**મસ્અલા-(૧૭)** : જ્યારે એકરાર કરી લેશે તો કાઝી પૂછશે કે તે મુહષિન છે કે નહી ? જો તે મુહષિન હોવાનો પણ એકરાર કરે તો એહષાન નો અર્થ પૂછે જો બયાન કરીદે તો રજમ છે. અને જો મુહષિન હોવાનો ઈન્કાર કર્યો અને ગવાહોથી તેના મુહસિન હોવું સાબિત થાય છે તો પણ રજમ છે. નહી તો કોરડા મારવું. (આલમગીરી)

**મસ્અલા-(૧૮)** : એકરાર કરી લીધા પછી હવે ઈન્કાર કરે છે હદ કાયમ કરવાથી પહેલા અથવા હદના દરમિયાનમાં અથવા હદના સમયમાં ભાગવા લાગ્યો અથવા કહે છે કે મેં એકરાર કર્યો ન હતો તો તેને છોડી દઈશું. હદ કાયમ કરીશું નહી. અને જો સાક્ષીથી ઝિના સાબિત થયો હોય તો રૂજૂઅ અથવા ઈન્કાર અથવા નાસવાથી મોકુફ કરીશું નહી. અને જો પોતાના મુહષિન હોવાનો એકરાર કર્યો હતો પછી તેનાથી રજૂઅ કરી લીધું તો રજમ કરીશું નહી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૯)** : ગવાહોથી ઝિના સાબિત થયો અને હદ કાયમ કરવામાં આવી રહી હતી. હદના સમયમાં નાસી ગયો તો તેને દોડીને પકડે. જો તત્કાળ મળી જાય તો બાકીની હદ કાયમ કરો. અને થોડા દિવસો પછી મળ્યો તો હદ સાકિત (રદ) છે. (આલમગીરી)

**મસ્અલા-(૨૦)** : રજમની સુરત (તરીકો) એ છે કે તેને મેદાનમાં લઈ જઈને એટલા પ્રમાણમાં પત્થર મારો કે મરી જાય. અને રજમ માટે લોકો નમાઝની જેમ સફો (કતારો) બાંધીને ઉભા હોય જ્યારે એક સફ (કતાર) મારી લે તો તે હટી જાય હવે બીજા લોકો મારે. જો રજમ માં દરેક શખ્સએ નિર્ણય કરે કે **'એવો મારો કે મરી જાય'** તો તેમાં પણ વાંધો નથી. હા, જો તે તેનો ગર્ભશીલ (ઝીરહમ) મરહમ છે તો એવો નિર્ણય કરવાની પરવાનગી નથી. અને જો એવા શખ્સને જેના પર રજમનો હુકમ થઈ ગયો છે કોઈએ તેને કતલ કરી નાખ્યો અથવા તેની આંખ ફોડી નાખી તો તેના પર ન કિસાસ છે ન દિયત પરંતુ સજા આપીશું કે તેણે કેમ પેશ કદમી કરી. હા જો રજમના હુકમ થી પહેલા એવું કર્યુ તો કિસાસ અથવા દિયત વાજિબ થશે. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા-(૨૧)** : જો ઝિના ગવાહોથી સાબિત થયો છે તો રજમમાં એ શરત છે કે પ્રથમ ગવાહ મારે. જો ગવાહ રજમ કરવાથી કોઈ કારણોસર' મજબૂર છે તો તેમની સમક્ષ કાઝી પહેલા પત્થર મારે. અને જો ગવાહ મારવાનો ઈન્કાર કરે અથવા તેઓ માંથી એકે ઈન્કાર કર્યો અથવા ચાલ્યો ગયો અથવા મરી ગયો અથવા ગવાહી પછી તેમના

હાથ કોઈ કારણો સર કાપવામાં આવ્યા તો આ સઘળી હાલતોમાં રજમ સાકિત થઈ ગયું. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૨૨)** : સૌ ગવાહો માં અથવા તેમના માં થી એક માં એવી વાત પૈદા થઈ ગઈ જેના કારણે તે હવે તેના યોગ્ય નથી કે ગવાહી કબૂલ કરવામાં આવે દા.ત. ફાસિક થઈ ગયો અથવા આંધળો થઈ ગયો અથવા મુંગો થઈ ગયો અથવા તેના પર ઝિનાના આક્ષેપની હદ મારવામાં આવી જો કે આ ખામીઓ રજમના હુકમ પછી જોવામાં આવી તો રજમ સાકિત થઈ જશે. એવી જ રીતે જો ઝાની (વ્યભિચારી) ગેર,મુહષિન હોય તો કોરડા મારવું પણ રદ છે. અને ગવાહ મરી ગયો અથવા ગાયબ થઈ ગયો તો કોરડા મારવાની હદ રદ થશે નહી. (આલમગીરી, દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૨૩)** : ગવાહો પછી બાદશાહ પત્થર મારશે, પછી બીજા લોકો. અને જો ઝિના ની સાબિતી વ્યભિચારી ના એકરારથી થઈ હોય તો પ્રથમ બાદશાહ આરંભ કરે, પછી બીજા લોકો. (આલમગીરી વિગેરે)

**મસ્અલા-(૨૪)** : જો કાઝી યે આદિલ, ફકીહએ રજમ નો હુકમ આપ્યો છે તો તેની જરૂરત નથી કે જે લોકો હુકમ આપવાના સમયે હાજર હતા તેઓ જ રજમ કરે બલકે જો કે તેમના સમક્ષ સાક્ષી (શહાદત) ન થઈ હોય રજમ કરી શકે છે અને જો કાઝી તે ગુણોનો ન હોય તો જ્યાં સુધી સાક્ષી રૂબરૂ ન થઈ હોય અથવા ફેસલાની તપાસ કરીને શરઅ અનુસાર ન જુવે ત્યાં સુધી રજમ જાઈઝ નથી. (આલમગીરી, રદદુલ મુહતાર)

**મસ્અલા-(૨૫)** : જેને રજમ કરવામાં આવ્યું તેને ગુસ્લ તથા કફન આપવું અને તેના જનાઝા ની નમાઝ પઢવું જરૂરી છે. (તનવીર)

**મસ્અલા-(૨૬)** : જો તે શખ્સ જેનો ઝિના સાબિત થયો મુહષિન ન હોય તો તેને કોરડા મારવામાં આવે જો આઝાદ છે તો ૧૦૦ કોરડા અને ગુલામ અથવા દાસી છે તો પચાસ કોરડા અને કોરડો એવા પ્રકારનો હોય જેના છેડા પર ગાંઠ ન હોય, ન તેનો છેડો સખત હોય જો એવો હોય તો તેને કુટીને મુલામય કરી લો અને મધ્યમ પ્રકારે મારો, ન ધીમે ન બહુ જોરથી, ન કોરડાને માથા થી ઉંચો કરીને મારો, ન બદન પર પડવા પછી મધ્યમ ખેંચે બલકે ઉપરની બાજુએ ઉપાડી લે અને શરીર પર એક જ જગ્યાએ ન મારો બલકે વિભિન્ન જગ્યાઓ પર, પરંતુ ચહેરા અને મસ્તક અને ગુપ્તાંગ પર ના મારો. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા-(૨૭)** : કોરડા મારવાના સમયે પુરૂષના કપડાં ઉતારી લેવામાં આવે પરંતુ લુંગી અથવા પાયજામો ન ઉતારો કે સતર ઢાંકવું જરૂરી છે. અને સ્ત્રીના કપડાં ન ઉતારવામાં આવે, હાપોસતીન અથવા રૂ ભરેલ કપડું પહેરેલું હોય તો તેને ઉતરાવી લો, પરંતુ જ્યારે તેના નીચે કોઈ બીજું વસ્ત્ર ન હોય તો તેને પણ ન ઉતારવો અને પુરૂષ ને ઉભો કરીને અને સ્ત્રીને બેસાડીને દુર્રા (કોરડા) મારો, જમીન પર સુવડાવીને ના મારો અને જો પુરૂપ ઉભો ન થાય તો તેને થાંભલાથી બાંધીને અથવા પકડીને કોરડા મારો. અને સ્ત્રી માટે જો ખાડો ખોદવામાં આવે તો જાયઝ છે. અર્થાત જ્યારે કે ઝિના ગવાહોથી સાબીત થયો હોય અને પુરૂપ માટે ન ખોદો. (આલમગીરી, દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૨૮)** : જો એક દિવસે પચાસ કોરડા માર્યા અને બીજા દિવસે ફરી પચાસ માર્યા તો કાફી છે. અને જો દરરોજ એક એક અથવા બે કોરડા માર્યા અને આમ માત્રા પુરી કરી તો કાફી નથી. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા-(૨૯)** : એવું થઈ શકતું નથી કે કોરડા પણ મારો અને રજમ પણ કરો. અને એ પણ નથી કે કોરડા મારીને કેટલા દિવસો માટે તડીપાર કરી દો. હા જો હાકિમની નજરોમાં તડીપાર કરવામાં કોઈ મસલેહત હોય તો કરી શકાય છે. પરંતુ તે

હદના અંદર દાખલ નથી બલકે ઈમામ તરફથી એક અલગ સજા છે. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા-(૩૦)** : ઝાની (વ્યભિચારી) જો બીમાર છે. તો રજમ કરી દઈશું પરંતુ ત્યાં સુધી કોરડા ન મારીશુ, જયાં સુધી સારો ન થઈ જાય, હા જો એવો બીમાર હોય કે સારો થવાની આશા ન હોય તો બીમારી ની જ હાલતમાં કોરડા મારે પરંતુ બહુ ધીમે અથવા કોઈ એવી લાકડી જેમાં ૧૦૦ ડાળીઓ હોય તેનાથી મારે કે સૌ ડાળીઓ તેના શરીર પર પડે. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા-(૩૧)** : સ્ત્રીને ગર્ભ હોય તો જયાં સુધી બાળક નો જન્મ ન થઈ જાય હદ કાયમ ન કરો અને બાળકના જન્મ પછી જો રજમ કરવું છે તો તત્કાળ કરી દો. હા જો બાળકનું પોષણ કરનાર કોઈ ન હોય તો બાળકનું વય બે વર્ષનું થયા પછી રજમ કરો અને જો કોરડા મારવાનો હુકમ હોય તો નિફાસ પછી મારવામાં આવે. સ્ત્રીને હદનો હુકમ થયો તેણે પોતે હામેલા (ગર્ભવતી) હોવાનું બયાન આપ્યું તો સ્ત્રીઓ તેની તપાસ કરે. જો તેઓ કહી દે કે ગર્ભ છે તો બે વર્ષ સુધી કેદમાં રાખવામાં આવે. જો આ દરમિયાન બાળક પેદા થઈ ગયું તો એજ કરો જે આગળ મજકૂર થયું અને જો બાળક પૈદા ન થયું તો હવે હદ કાયમ કરી દો.

(દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા-(૩૨)** : મુહસિન હોવાની સાત શરતો છે. (૧) આઝાદ હોવું (ગુલામ ન હોય તે) (૨) આકિલ હોવું (પાગલ ન હોય તે) (૩) બાલિગ હોવું (૪) મુસલમાન હોવું (૫) સહીહ નિકાહ હોવું (૬) સહીહ નિકાહ સાથે વતી થવું (૭) પતિ પત્ની બંને નો વતીના સમયમાં મજકૂર સિફતો સાથે વિશિષ્ટ હોવું, માટે જો દાસી સાથે નિકાહ કર્યો છે. અથવા આઝાદ સ્ત્રીએ ગુલામ સાથે નિકાહ કર્યો તો મુહસિન તથા મુહસીના નથી. હા જો તેના આઝાદ થયા પછી વતી ઘટિત થઈ તો હવે મુહસિન થઈ ગયા. (દુર્રે મુખ્તાર, વિગેરે)

**મસ્અલા-(૩૩)** : પુરૂષ ના ઝિના પર ચાર ગવાહ થયા અને તે કહે છે કે હું મુહષિન નથી જો કે તેની સ્ત્રીને તેના નિકાહમાં બાળક પૈદા થઈ ગયું છે તો રજમ કરવામાં આવશે અને પત્ની છે. પરંતુ બાળક પૈદા થયું નથી તો જયાં સુધી ગવાહોથી મુહષિન હોવું સાબિત ન થાય રજમ કરીશું નહી.

(બહર)

**મસ્અલા-(૩૪)** : મુરતદ થવાથી એહસાન રદ થઈ જાય છે. પછી ઈસ્લામ લાવ્યો તો જયાં સુધી દખુલ (યાની પ્રવેશ) ન થાય, મુહષિન થશે નહી. અને પાગલ અને બહોરા થવાથી પણ એહષાન જતુ રહે છે, પરંતુ તે બંનેમાં સારા થવા પછી એહષાન પાછું ફરશે. જો કે સ્વાસ્થય ની હાલતમાં વતી ન કરી હોય. (આલમગીરી)

**મસ્અલા-(૩૫)** : મુહષિન હોવાની સાબિતી બે પુરૂષ અથવા એક પુરૂષ બે સ્ત્રીઓની ગવાહી થી થઈ જશે. (આલમગીરી)

**મસ્અલા-(૩૬)** : મુહષિન રહેવા માટે નિકાહનું બાકી રહેવું જરૂરી નથી. માટે નિકાહ પછી વતી કરીને તલાક આપી દિધી તો મુહષિન જ છે. જો કે ઉમર પર્યંત (મુજર્રદ) એકલોજ રહે.

(દુર્રે મુખ્તાર)

## ક્યાં હદ વાજિબ છે અને ક્યાં નથી ?

તિરમીઝી, ઉમ્મુલ મોઅમેનીન સિદીકા રદિયલ્લાહો અન્હા થી રાવી કે, હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું જયાં સુધી શકય હોય મુસલમાનોથી હદો દફા કરો (અર્થાત જો હુદુદ ની સાબિતીમાં કોઈ શંકા હોય તે હદ કાયમ ન કરો જો કોઈ રસ્તો નિકળી શકતો હોય તો તેને છોડી દો) કે ઈમામ (ન્યાયધિશ) માફ કરવામાં ભૂલ કરે તેનાથી બહેતર છે કે સજા આપવામાં ભૂલ કરે, તિરમિઝી, વાઈલ બિન હજર રદિયલ્લાહો અન્હોથી રાવી કે, રસૂલલ્લાહ

સલ્લલ્લાહો અલયહે વસલ્લમના સમયમાં એક ઔરત થી બળજબરીએ વ્યભિચાર કરવામાં આવ્યો, હુઝૂરે તે ઔરત પર હદ લગાવી નહી અને તે પુરૂષ પર હદ કાયમ કરી જેણે તેના સાથે ઝિના કર્યો હતો. (તિરમિઝી)

**મસ્અલા-(૧)** : આગળ અમોએ બયાન કર્યુ છે કે, શંકાથી હદ રદ થઈ જાય છે. હરામવતી સંબંધે એમ કહે છે. કે મેં તેને હલાલ અનુમાન કર્યુ હતું. તો હદ રદ થઈ જશે. અને જો તેણે એવું જાહેર ન કર્યુ તો હદ કાયમ કરવામાં આવશે અને તેની ગણના કેવળ તે શખ્સ સંબંધે કરી શકાય છે. જેને એવી શંકા થઈ શકે છે અને જેને શંકા નથી થઈ શકતી તે જો દાવો કરે તો સ્વીકારકર્તા ન થશે. અને તેમાં અનુમાન (ધારણા) નું નિર્ધારણ જરૂરી છે. કેવળ વહેમ કાફી નથી. (આલમગીરી)

**મસ્અલા-(૨)** : બળાત્કાર નો દાવો કર્યો તો કેવળ દાવા થી હદ રદ થશે નહી, જ્યાં સુધી ગવાહોથી એ સાબિત ન કરે કે બળાત્કાર જોવામાં આવ્યો. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૩)** : જો ઔરતથી વતી કરવામાં આવી તેમાં મિલ્ક (માલિકીપણા) ની શંકા હોય તો હદ કાયમ થશે નહી. જો કે તેને હરામ હોવાનું ગુમાન (ધારણા) હોય. દા.ત. (૧) પોતાની ઔલાદની દાસી (૨) જે સ્ત્રીને સાંકેતિક શબ્દોથી તલાક આપી અને તે ઈદતમાં હોય જોકે ત્રણ તલાકની નિય્યત કરી હોય (૩) વેચનારનું વેચેલી દાસી થી વતી કરવું જ્યારે કે ખરીદનારે દાસી પર કબ્જો ન કર્યો હોય બલ્કે વેચાણ જો ફાસિદ થાય તો કબ્જા પછી પણ (૪) પતિ એ નિકાહમાં દાસીને મહેર નક્કી કરી અને હજુ તે દાસી ઔરત ને આપી ન હતી કે તે દાસી થી વતી કરી તો દાસીમાં કેટલાક શખ્સ શરીક છે તેમાંથી કોઈએ તેનાથી વતી કરી. (૫) પોતાના મકાતિબ ની દાસી થી વતી કરી (૬) ગુલામ માઝૂન જે પોતે તથા તેનો તમામ માલ દેણમાં ડુબેલો છે તેની દાસી થી વતી કરી. (૭) ગનીમતમાં જે સ્ત્રીઓ પ્રાપ્ત થઈ, વહેચણી થી પહેલા તેઓમાંથી કોઈથી વતી કરી, (૮) વેચનારનું તે દાસી થી વતી કરવું જેમાં ખરીદનાર ને ખયાર હતો. અથવા (૯) પોતાની દાસી થી ઈસ્તીબરા (ગર્ભની સ્વચ્છતા) પહેલા કરી, અથવા (૧૦) તે દાસી થી વતી કરી જે તેની રઝાઈ બહેન (દૂધ બહેન) છે. અથવા (૧૧) તેની બહેન તેના કબ્જામાં છે અથવા (૧૨) પોતાની તે દાસીથી વતી કરી જે મજુસી (અગ્નિપૂજક) છે. અથવા (૧૩) પોતાના પત્નીથી વતી કરી જે મુરતદ (ધર્મ ભ્રષ્ટ) થઈ ગઈ છે: અથવા કોઈ બીજા કારણોથી હરામ થઈ ગઈ. દા. ત. તેના પુત્ર થી તેનો સંબંધ થઈ ગયો અથવા તેની માં અથવા પુત્રી થી તેણે સંભોગ કર્યો. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૪)** : શુબ્હ (શંકા) જ્યારે મહલ માં હોય તો હદ નથી, જો કે તે જાણે છે કે આવતી હરામ છે બલ્કે જો કે તેને હરામ કહેતો હોય. (રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૫)** : શુબહ ફેલ તેને શુબહે ઈસ્તબાહ (શંકા કુશંકા) કહે છે કે, મહલ તો શંકાશીલ નથી પરંતુ તેણે તે વતી ને હલાલ ગુમાન કરી લીધું તો જ્યારે એવો દાવો કરશે તો બંનેમાં કોઈ પર હદ કાયમ થશે નહી, જો કે બીજાને ઈસ્તેબાહના હોય દા. ત. (૧) માં બાપ ની દાસી થી વતી કરી અથવા (૨) સ્ત્રીને સ્પષ્ટ શબ્દોમાં ત્રણ તલાકો આપી અને ઈદતના સમયમાં તેનાથી વતી કરી. ભલે એક શબ્દથી ત્રણ તલાકો આપી અથવા ત્રણ શબ્દોથી એક મજલિસમાં અથવા અનેક મજલિસોમાં (૩) પોતાની સ્ત્રીની દાસી અથવા (૪) મૌલા (આકા) ની દાસી થી વતી કરી (૫) ગીરો રાખનારે તે દાસી થી વતી કરી, જે તેના ત્યાં ગીરવી છે અથવા (૬) બીજાની દાસી એટલા માટે ઉછીની લાવ્યો હતો કે તેને ગીરવી રાખશે અને તેનાથી વતી કરી અથવા ઉમ્મુલ વલદ ને આઝાદ કરી દીધી ઈદતના સમયમાં તેનાથી વતી કરી. આ સૌમા હદ નથી, જ્યારે કે

દાવો કરે કે મારા અનુ માનમાં વતી હલાલ હતી. અને જો આ પ્રકારની વતી થઈ અને તે કહે છે કે હુ હરામ સમજતો હતો અને બીજો હાજર નથી કે તેનું ગુમાન જાણી શકાય તો જે હાજર છે તેના પર 'હદ' કાયમ કરવામાં આવશે.

(દુર્રે મુખ્તાર, આલમગીરી)

**મસ્અલા-(૬)** : ભાઈ અથવા બહેન અથવા કાકાની દાસી અથવા ખિદમત માટે કોઈ ની દાસી થોડાક સમય માટે લાવ્યો હતો અથવા નોકર તરીકે લાવ્યો હતો અથવા તેના પાસે અમાનત તરીકે હતી તેનાથી વતી કરી તો 'હદ' છે. જો કે હલાલ હોવાનો દાવો કરતો હોય. (આલમગીરી)

**મસ્અલા-(૭)** : નિકાહ પછી પ્રથમ રાત્રે જે સ્ત્રી રૂખસ્ત કરીને તેના ત્યાં લાવવામાં આવી અને સ્ત્રીઓ એ બયાન કર્યુ કે આ તારી પત્ની છે, તે સમયે તેણે વતી કરી, પાછળથી ખબર પડી કે એ પત્ની ન હતી, તો 'હદ' નથી (દુર્રે મુખતાર) અર્થાત જ્યારે કે અગાઉથી તે, તે સ્ત્રીને જેની સાથે નિકાહ થયો તેને ઓળખતો ન હોય. અને જો ઓળખતો હોય, અને બીજી સ્ત્રી તેની પાસે લાવવામાં આવી. તો એ ઔરતોનું કથન, કેવી રીતે માન્ય રાખશે, એવી જ રીતે જો ઔરતો કહે નહિં, પરંતુ સાસરીયાવાળા ઓએ જે સ્ત્રીને તેની પાસે મોકલી દીધી છે, બેશક તેમાં એજ ગુમાન થશે કે, તેણીની સાથે જ નિકાહ થયો છે, જ્યારે કે પહેલા થી તેણીને જોઈ ના હોય. અને કેટલીક ઘટનાઓ એવી બની પણ છે કે, એક ઘરમાં બે બરાતો આવી અને રૂખ્સતી વખતે બન્ને બહેનો બદલાઈ ગઈ, આની તેને ત્યાં અને તેની આને ત્યાં, આવી ગઈ, એટલા માટે આ ઈસ્તેબાહ (શંકા સ્પદ) માન્ય થશે વલ્લાહો તઆલા અઅલમો.

**મસ્અલા-(૮)** : શુબ્હે અકદ એટલે જે ઔરત થી નિકાહ થઈ શકતો નથી. તેણીથી નિકાહ કરીને વતી કરી દા.ત. બીજાની પત્ની થી નિકાહ કર્યો, અથવા બીજાની પત્ની હમણાં ઈદ્દતમાં હતી, તેણીની સાથે નિકાહ કર્યો, તો જો કે આ નિકાહ, નિકાહ જ નથી. પરંતુ હદ સાકિત (રદ) થઈ જશે. પરંતુ તેને સજા આપવામાં આવશે. એવી જ રીતે તે સ્ત્રી સાથે નિકાહ તો થઈ શકે છે, પરંતુ જે રીતે નિકાહ કર્યો છે, તે સહીહ નથી થયો, દા. ત. ગવાહો વગર નિકાહ કર્યો, કે આ નિકાહ સહીહ નથી. પરંતુ એવા નિકાહ પછી વતી કરી તો હદ સાકિત (રદ) થઈ ગઈ. (દુર્રે મુખ્તાર વિગેરે)

**મસ્અલા-(૯)** : **અંધારી રાતમાં પોતાના બિસ્તર** પર કોઈ સ્ત્રીને જોઈ અને તેને પત્ની સમજીને વતી કરી જો કે તે કોઈ બીજી સ્ત્રી હતી તો હદ નથી એવી જ રીતે જો તે શખ્સ આંધળો છે અને પોતાના બિસ્તર પર બીજી સ્ત્રીને પામ્યો અને પોતાની પત્ની સમજી ને વતી કરી ભલે દિવસનો સમય હોય તો 'હદ' નથી. (રદદુલ મુહતાર)

**મસ્અલા-(૧૦)** : **આકિલ બાલિગે પાગલ સ્ત્રી** થી વતી કરી અથવા એટલી નાની છોકરી થી વતી કરી જેના અનુરૂપથી સંભોગ કરી શકાતો હોય અથવા સ્ત્રી સુઈ રહી હતી તેનાથી વતી કરી તો કેવળ પુરૂષ પર હદ કાયમ થશે. સ્ત્રી પર નહી.

(આલમગીરી)

**મસ્અલા-(૧૧)** : **પુરૂપે ચોપાયા (ચારપગાં) જાનવરથી વતી કરી અથવા સ્ત્રીએ વાંદરાથી વતી કરાવી, તો બંને ને સજા મળશે અને તે જાનવર ને ઝુબ્હ કરીને બાળી દો, તેનાથી લાભ ઉઠાવવો મકરૂહ છે.** (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા-(૧૨)** : **લોંડા બાજી એટલે પાછળના સ્થાનમાં વતી (સૃષ્ટિ વિરૂધ્ધ કામ) કરી તો તેની સજા એ છે કે તેના ઉપર દીવાલ પાડી દો, અથવા ઉચી જગ્યાએથી તેને ઉભો કરીને પાડી દો. અને તેના પર પત્થર વરસાવો અથવા તેને કેદમાં રાખો ત્યાં સુધી કે મરી જાય.** હા, તૌબા કરે અથવા કેટલીક વખત એવું કર્યુ હોય તો ઈસ્લામી બાદશાહ તેને કતલ કર નાખે. તાત્પર્ય કે આ ફેલ (કાર્ય) બહુ જ ખબીશ (ભુંડું, ધુણાત્મક) છે બલ્કે વ્યભિચાર થી

પણ બદતર છે. એજ કારણે તેનામાં હદ નથી, કે કેટલાકોની નજરમાં હદ કાયમ કરાવાથી તે ગુનાહ થી પાક થઈ જાય છે અને **આ એટલું ભુંડું (કૃત્ય) છે કે જયાં સુધી તે શુધ્ધ તૌબા ન થાય તેમાં પાકી થશે નહી. અને લોંડાબાઝી ને હલાલ જાણનાર કાફિર છે.** એજ જમહુરનો મઝહબ છે.

(દુર્રે મુખ્તાર, બહર વિગેરે)

**મસ્અલા-(૧૩)** : કોઈની દાસી ઝુંટવી લીધી અને તેનાથી વતી કરી તેની કીમતનું તાવાન આપ્યું તો હદ નથી અને જો ઝિના પછી ઝુંટવી લીધી અને તાવાન આપ્યું તો હદ છે. એવી જ રીતે જો ઝિના પછી તે સ્ત્રી થી નિકાહ કરી લીધો તો હદ રદ થશે નહી. (દુર્રે મુખ્તાર, આલમગીરી)

## ઝિનાની ગવાહી આપીને રૂજૂઅ કરવું

**મસ્અલા-(૧)** : જે કાર્ય 'હદ' ના કારણરૂપ છે તે બહુ સમય પહેલા જોવામાં આવ્યું અને ગવાહી હવે આપે છે તો જો આ વિલંબ કોઈ ઉઝરના કારણે છે. દા. ત. બીમાર હતો અથવા ત્યાંથી કચેરી દૂર હતી અથવા તેને ડર હતો અથવા માર્ગ શંકાશીલ હતો તો આ વિલંબ હાનિકારક નથી અર્થાત ગવાહી સ્વીકારી લેવામાં આવશે અને જો ઉઝર વગર વિલંબ કર્યો તો ગવાહી નો સ્વીકાર થશે નહી, પરંતુ 'હદે કઝફ' (ઝિના ની તોહમત લગાવવાને કઝફ કહે છે.) માં જો કે કારણ વગર વિલંબ થાય ગવાહી મકબૂલ છે. અને ચોરીની ગવાહી આપી અને લાંબો સમય થઈ ગયો છે તો હદ નથી, પરંતુ ચોરથી તાવાન (દંડ) દેવડાવીશું. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૨)** : જો તે અપરાધી પોતે એકરાર કરે તો જો કે તમાદી (લાંબો સમય) થઈ ગયો છે તો હદ કાયમ થશે પરંતુ શરાબ પીવાનો એકરાર કરે અને તમાદી (સમય પસાર થઈ ગયો) હોય તો હદ નથી. (દુર્રે મુખતાર)

**મસ્અલા-(૩)** : શરાબ પીધા પછી એટલો સમય પસાર થઈ ગયો કે મોઢામાંથી વાસ ઉડી ગઈ તો તમાદી (લાંબો સમય પસાર) થઈ ગયો, અને તદઉપરાંત બીજાઓ માં તમાદી (લંબાણ) ત્યારે થશે કે એક મહીના નો સમય પસાર થઈ જાય.

(તનવીર)

**મસ્અલા-(૪)** : તમાદી (સમય લંબાણ) આરિઝ થઈ ગયા પછી ચાર ગવાહોએ ઝિના ની શહાદત (ગવાહી) આપી તો ન ઝાની (વ્યભિચારી) પર હદ છે, ન ગવાહો પર (રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૫)** : ગવાહી આપી કે તેણે ફલાણી ઔરત સાથે ઝિના કર્યો છે અને તે ઔરત કયાંક ચાલી ગઈ છે. તો પુરૂષ પર હદ કાયમ કરીશું. એવી જ રીતે જો વ્યભિચારી પોતે એકરાર કરે છે. અને એમ કહે છે કે મને ખબર નથી કે તે કોણ સ્ત્રી હતી. તો હદ કાયમ કરવામાં આવશે અને જો ગવાહો એ કહ્યું ખબર નથી કે તે કોણ સ્ત્રી હતી ? તો હદ નથી અને જો ગવહોએ બયાન કર્યુ કે તેણે ચોરી કરી, પરંતુ જેની ચોરી કરી તે ગાયબ છે, તો હદ નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૬)** : ચાર સાક્ષીઓ એ સાક્ષી પુરી કે ફલાણી સ્ત્રી સાથે તેણે ઝિના કર્યો છે, પરંતુ બે સાક્ષીઓએ એક શહેરનું નામ લીધું કે ફલાણા શહેરમાં, અને બે સાક્ષીઓએ બીજા શહેરનું નામ લીધું અથવા બે કહે છે કે, તેણે બળજબરીએ ઝિના કર્યો છે. અને બે કહે છે કે સ્ત્રી રાજી હતી. અથવા બે સાક્ષીઓએ કહ્યું કે ફલાણા મકાનમાં અને બે સાક્ષીઓએ બીજું મકાન બતાવ્યું અથવા બે એ કહ્યું મકાનની નીચેવાળા ભાગમાં ઝિના કર્યો અને બે કહે છે ઉપરના ભાગ (મેડા) ઉપર અથવા બેએ કહ્યું જુમ્આ ના દિવસે ઝિના કર્યો અને બે શનિવારનો દિવસ બતાવે છે, અથવા બે એ સવારનો સમય બતાવ્યો અને બે સાંજનો અથવા બે એક સ્ત્રીને કહે છે અને બે બીજી સ્ત્રી સાથે ઝિના થવું બયાન કરે છે, અથવા ચાર એક શહેરનું નામ

લે છે અને ચાર બીજા શહેરમાં ઝિના થવું કહે છે અને જે દિવસ-તારીખ, સમય પ્રથમના ચારે એ બયાન કર્યુ એજ બીજા ચાર પણ બયાન કરે છે તો **આ સઘળા સ્વરૂપોમાં 'હદ'** નથી, ન તેમના પર ન ગવાહો પર. (આલમગીરી)

**મસ્અલા-(૭)** : પુરૂષ અને સ્ત્રીના વસ્ત્રોમાં સાક્ષીએ એ મતભેદ કર્યો, કોઈ કહે છે ફલાણું વસ્ત્ર પહેર્યુ હતું. અને કોઈ બીજા વસ્ત્રનું નામ લે છે, અથવા વસ્ત્રોના રંગમાં મતભેદ કર્યો અથવા સ્ત્રીને કોઈ દુબળી-પાતળી બતાવે છે કોઈ જાડી અથવા કોઈ ઠીંગણી તો આ મતભેદનો એતબાર નથી અર્થાત **હદ કાયમ** થશે. (આલમગીરી)

**મસ્અલા-(૮)** : ચાર સાક્ષીઓ એ ગવાહી આપી કે તેણે ફલાણાં દિવસે ફલાણી તારીખે ફલાણાં સમયે ફલાણાં શહેરમાં ફલાણી સ્ત્રીથી ઝિના કર્યો અને ચાર કહે છે કે, એજ દિવસે તારીખે સમયે તેણે ફલાણી શખ્સને (બીજા શહેર નું નામ લઈને) ફલાણાં શહેરમાં કતલ કર્યો તો ન ઝિના ની હદ કાયમ થશે ન કિસાસ (હત્યા દંડ), આ તે સમયે છે કે બંને સાક્ષીઓ એક સાથે રજુ થાય પેશ થાય અને જો એક સાક્ષી થઈ ગઈ અને હાકિમે તેના અનુસાર હુકમ આપી દીધો, હવે બીજી સાક્ષી આવી તો બીજી બાતલ છે. (આલમગીરી)

**મસ્અલા-(૯)** : ચાર સાક્ષીઓએ ઝિનાની ગવાહી આપી હતી અને તેમનામાં એક શખ્સ ગુલામ અથવા આંધળો અથવા ના બાલિગ અથવા પાગલ છે. અથવા તેના ઉપર ઝિનાની તોહમત ની હદ કાયમ થઈ છે. અથવા કાફિર છે તો તે શખ્સ પર હદ નથી પરંતુ ગવાહો પર ઝિના ના તોહમત ની હદ કાયમ થશે અને જો તેમની સાક્ષીના આધારે હદ કાયમ કરવામાં આવી, પછી થી ખબર પડી કે તેમના માં કોઈ ગુલામ અથવા મહદૂદ ફીલકઝફ વિગેરે છે તો પણ ગવાહો પર હદ કાયમ કરવામાં આવશે અને તે શખ્સ પર જે કોરડા મારવાથી જે ચોટ આવી બલ્કે મરી પણ ગયો, તેનો કોઈ મુઆવેઝો (બદલો) નથી અને **જો રજમ કર્યો** પછીથી ખબર પડી કે, ગવાહો **માં કોઈ શખ્સ** ગવાહીના અયોગ્ય ન હતો તો **બયતુલ માલથી** દિય્યત આપીશું. (દુર્રે મુખ્તાર, બહર)

**મસ્અલા-(૧૦)** : રજમ પછી **એક ગવાહે** રજુઅ કર્યુ (ઈન્કાર કર્યો) તો કેવળ **તેના પર જ** જૂઠની હદ લાગુ કરીશું. અને તેણે **ચોથાઈ દિય્યત** આપવી પડશે. અને રજમ થી પહેલા **રજુઅ કર્યુ તો** સૌના ઉપર જૂઠની હદ કાયમ થશે **અને જો પાંચ** સાક્ષી હતા અને રજમ પછી એકે રજૂઅ કર્યુ તો તેના પર કાંઈ નથી અને તે બાકીના ચારમાંથી એકે વધુ રજૂઅ કર્યુ તો તે બંને પર જૂઠની હદ છે. અને ચોથાઈ દિય્યત બંને ભેગા મળીને આપે, જો ફરી એકે રજૂઅ કર્યુ તો તે એટલા પર પુરી ચોથાઈ દિય્યત છે. અને જો સૌ રજુઅ કરી જાય તો દિય્યતના પાંચ ભાગ કરો. દરેકને એક એક ભાગ આપો. (બહર)

**મસ્અલા-(૧૧)** : જે શખ્સે ગવાહોનો તઝકેયા (નિગ્રહ) કર્યો તે જો રજૂઅ કરી જાય અર્થાત કહે કે હું ઈરાદા પૂર્વક જૂઠ બોલ્યો હતો, ઘટના માં ગવાહો ગવાહીના યોગ્ય ન હતા તો મરજુમ ની દિય્યત તેણે આપવી પડશે. અને જો તે પોતાના કોલ પર અડગ છે. અર્થાત કહે છે કે, ગવાહ ગવાહીના યોગ્ય છે પરંતુ વાકેઆ (ઘટના) માં ગવાહીના યોગ્ય નથી તો **"બયતુલમાલ"** માંથી દિય્યત આપવામાં આવશે. અને ગવાહો પર ન દિય્યત છે, ન કઝફ (જૂઠી તોહમત) ની હદ. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૨)** : ગવાહોનો નિગ્રહ થયો અને રજમ કરી દેવામાં આવ્યો, પાછળથી ખબર પડી કે ગવાહી ના યોગ્ય ન હતા, તો બયતુલમાલમાં થી દિય્યત આપવામાં આવે. (દુરે મુખતાર)

**મસ્અલા-(૧૩)** : ગવાહો એ બયાન આપ્યું કે અમોએ ઈરાદાપૂર્વક તે તરફ નજર કરી હતી તો તેના કારણે ફાસિક થશે નહી, અને ગવાહી

મકબૂલ છે કે જો કે બીજાની શર્મગાહ (ગુપ્તાંગ) તરફ દેખવું હરામ છે પરંતુ જરૂરતના સમયે જાયઝ છે. માટે સાક્ષીની અદાયગી ની ગરજ થી જાયઝ છે. દા.ત. દાઈ અને ખતના કરનાર અને અમલ આપનાર અને તબીબ ને જરૂરતના સમયે જાયઝ છે. અને જો ગવાહો એ બયાન કર્યુ કે અમોએ મઝા લેવા માટે નજર કરી હતી, તો ફાસિક થઈ ગયા અને ગવાહી સ્વીકારવા યોગ્ય નથી.

(દુર્રે મુખ્તાર, બહર)

**મસ્અલા-(૧૪) :** પુરૂષ પોતે મુહષિન હોવાનો ઈન્કાર કરે, તો બે પુરૂષ અથવા એક પુરૂષ અને બે સ્ત્રીઓ ની ગવાહી થી એહષાન (પરણિત હોવું) સાબિત થશે. અથવા તેને બાળક પૈદા થઈ ગયું છે. તો પણ મુહષિન છે. અને જો સંભોગ થઈ ગયો છે અને પુરૂષ કહે છે કે મેં પત્ની થી સંભોગ કર્યો છે, પરંતુપત્ની ઈન્કાર કરે છે. તો પુરૂષ મુહષિન છે અને સ્ત્રી નથી. (દુર્રે મુખ્તાર)

# શરાબ પીવાની હદનું બયાન

અલ્લાહ તઆલા ફરમાવે છે. **"યા ઐ યોહલ્લઝીના આમનુ ઈન્નમલ-ખમરો વલ મયસેરો વલ-અન્સાબો વલ-અઝલામો રિજસુમ-મિન અમલિશ્શૈતાને....(થી) ફઅલમૂ અન્નમા અલા રસૂલનલ-બલાગુલ મુબીન."**

(અર્થ) અય ઈમાનવાળો શરાબ અને જુગાર અને તીરોથી ફાલ કાઢવું, આ સઘળું નાપાકી છે, શયતાન ના કામોથી છે, તેમનાથી બચો જેથી ફલાહ (ભલાઈ) પામો શયતાન તો એવું જ ઈચ્છે છે કે, શરાબ અને જુગારના કારણે તમારા અંદર અદાવત અને ઈર્ષા નાખી દે અને તમને અલ્લાહની યાદ અને નમાઝથી રોકી દે. તો શું તમે બાઝ આવનાર (અટકી જનાર) છો અને અલ્લાહ ની ઈતાઅત (તાબેદારી) કરો. અને રસૂલની ઈતાઅત કરો અને પરહેઝ કરો અને જો તમે વિમુખતા કરશો તો જાણી લો કે અમારા રસૂલ પર કેવળ સ્પષ્ટ રીતે પહોંચાડી દેવું છે." શરાબ (દારૂ) પીવો હરામ છે. અને તેના કારણે કેટલાએ ગુનાહ ઉતપન્ન થાય છે, માટે જો તેને ગુનાહો અને નિર્લજતાઓનું મૂળ કહેવામાં આવે તો ઉચિત છે. **હદીસોમાં** તેના પીવા પર બહુ જ સખત ચેતવણી આવી છે. અહીંયા કેટલીક હદીસોનો ઉલ્લેખ કરવામાં આવે છે.

**હદીસ-(૧) :** તિરમીઝી તથા અબૂ દાઉદ તથા ઈબ્ને માઝા જાબિર રદિયલ્લાહો અન્હોથી રાવી છે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું જે વસ્તુ વધુ માત્રામાં નશો લાવે તે થોડી પણ હરામ છે.

**હદીસ-(૨) :** અબૂ દાઉદ ઉમ્મે સલમા રદિયલ્લાહો અન્હાથી રાવી કે, હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે મુસકિર અને મુફતિર (અર્થાત અવયવો ને સુસ્ત કરનાર, નશો પેદા કરનાર, હવસ ભાનને કુઠિત કરનાર દા.ત. (અફીણ)થી મના કર્યુ.

**હદીસ-(૩) :** બુખારી તથા મુસ્લિમ તથા અબૂ દાઉદ તિરમિઝી તથા નસાઈ તથા બયહકી ઈબ્ને ઉમર રદિયલ્લાહો અન્હોથી રાવી કે રસુલુલ્લાહ સલ્લલલાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું દરેક નશાવાળી વસ્તુ હરામ છે અને જે શખ્સ દુનિયામાં શરાબ પીએ અને તેની નિરંતરતા કરતો મરે અને તૌબા ન કરે તે આખેરતની શરાબ પીશે નહી.

**હદીસ-(૪) :** સહીહ મુસ્લિમમાં જાબિર રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું દરેક નશાવાળી વસ્તુ હરામ છે. બેશક અલ્લાહ તઆલાએ અહદ કર્યો છે કે જે શખ્સ નશો કરશે તેને "તીનતુલ ખબાલ" પીવડાવવામાં આવશે. લોકોએ અરજ કરી કે તીનતુલ ખબાલ શું વસ્તુ છે. ફરમાવ્યું કે જહન્નમીઓનો પરશેવો અથવા તેમનો નિચોડ. સહીહ મુસ્લિમમાં છે કે તારિક બિન સુવૈદ રદિયલ્લાહો અન્હો એ શરાબી વિષે સવાલ કર્યો,

હુઝૂરે મના કર્યું. તેમને અરજ કરી અમે તેને દવા માટે બનાવીએ ફરમાવ્યું- તે દવા નથી તે તો પોતે જ બીમારી છે.

**હદીસ-(૬)** : તિરમિઝીએ અબદુલ્લાહ બિન ઉમર અને નસાઈ તથા ઈબ્ને માજા તથા દારોમીએ અબદુલ્લાહ બિન ઉમર રદિયલ્લાહો અન્હોમા થી રિવાયત કરી કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યુંકે જે શખ્સ શરાબ પીશે તેની ચાલીસ દિવસની નમાઝ કબૂલ થશે નહી. પછી જો તૌબા કરે તો અલ્લાહ તઆલા તેની તૌબા કબુલ કરશે. પછી જો પીએ તો ચાલીસ દિવસની નમાઝ કબુલ થશે નહી, તે પછી તૌબા કરે તો કબૂલ છે. ફરી જો પીએ તો ચાલીસ દિવસની નમાઝ કબૂલ થશે નહી તે પછી તૌબા કરે તો અલ્લાહ તઆલા કબૂલ કરશે પછી જો ચોથી વખત પીએ તો ચાલીસ દિવસની નમાઝ કબૂલ થશે નહી. હવે જો તૌબા કરે તો અલ્લાહ તેની તૌબા કબૂલ કરશે નહી. અને ખબાલની નહેરથી તેને પીવડાવશે

**હદીસ-(૭)** : અબૂદાઉદે વૈલમ હુમીરી રદિયલ્લાહો અન્હોથી રિવાયત કરી, કહે છે : મેં અરજ કરી યા રસૂલુલ્લાહ સલ્લલાહો અલયહે વસલ્લમ અમો ઠંડા દેશના રહેવાવાળા છીએ અને સખત થી સખત કામ કરીએ છીએ અને અમો ઘહુની શરાબ બનાવીએ છીએ જેના કારણે અમને કામ કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે. અને શર્દીની અસર થતી નથી. આપે ફરમાવ્યું : શું તેમાં નશો હોય છે ? અરજ કરી, હા. આપે ફરમાવ્યું : તો તેનાથી પરહેજ કરો. મેં અરજ કરી, લોકો તેનો ત્યાગ કરશે નહી. આપે ફરમાવ્યૂ : જો ત્યાગ ન કરે તો તેમનાથી જંગ કરો.

**હદીસ-(૮)** : દારોમીએ અબ્દુલ્લાહ બિન ઉમર રદિયલ્લાહો અન્હોમાથી રિવાયત કરી કે, હુઝૂરે ફરમાવ્યું : માં બાપની નાફરમાની કરનાર અને જુગાર રમનાર અને એહસાન (ઉપકાર) જતલાવનાર અને શરાબની નિરંતરતા કરનાર જન્નતમાં દાખલ થશે નહી.

**હદીસ-(૯)** : ઈમામ અહમદે અબૂ ઓમામા રદિયલ્લાહો અન્હોથી રિવાયત કરી કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે, અલ્લાહ તઆલા ફરમાવે છે કસમ છે મારી ઈઝઝતની મારો જે બંદો શરાબનો એક ઘુંટ પણ પીશે, હું તેને એટલું જ પીપ પીવડાવીશ અને જે બંદો મારા ડરથી તેને છોડી દેશે. તેને પાક હોજથી પીવડાવીશ

**હદીસ-(૧૦)** : ઈમામ અહમદ તથા નસાઈ તથા બઝઝાર તથા હાકિમ ઈબ્ને ઉમર રદિયલ્લાહો અનહોથી રિવાયત કરે છે કે, હુઝૂરે ફરમાવ્યું : ત્રણ શખ્સો પર અલ્લાહે જન્નત હરામ કરી દીધી છે. શરાબની નિરંતરતા કરનાર (હંમેશા દારૂ ઢીંચનાર) માં-બાપ ની નાફરમાની કરનાર અને દય્યુસ જે પોતાના ઘરમાં (પત્નીની) નિર્લજતાની વાત નિહાળે અને મના ન કરે.

**હદીસ-(૧૧)** : ઈમામ અહમદ તથા અબૂ યઅલા તથા ઈબ્ને હબ્બાન તથા હાકિમે અબૂ મૂસા અશઅરી રદિયલ્લાહો અન્હોથી રિવાયત કરે કે, હુઝૂરે ફરમાવ્યું : ત્રણ શખ્સ જન્નતમાં દાખલ થશે નહીં. શરાબની નિરંતરતા કરનાર, વંશીય (સંબંધ તોડનાર) અને જાદૂનું સમર્થન કરનાર.

**હદીસ-(૧૨)** : ઈમામ અહમદે ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહો અન્હોમા થી અને ઈબ્ને માજા એ અબૂ હુરૈરહ રદિયલ્લાહો અન્હોથી રિવાયત કરી કે, હુઝુરે ફરમાવ્યું : શરાબની નિરંતરતા કરનાર મરશે તો ખુદાને એવી રીતે મળશે જેવો બુતપરસ્ત.

**હદીસ-(૧૩)** : તિરમિઝી તથા ઈબ્ને માજાએ અનસ રદિયલ્લાહો અન્હોથી રિવાયત કરી કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે શરાબ (દારૂ) સંબંધે દસ શખ્સો પર લાનત કરી છે. (૧) દારૂ બનાવનાર, (૨) દારૂ બનાવડાવનાર, (૩) દારૂ પીનાર (૪) દારૂ ઉપાડનાર, (૫) જેના પાસે ઉપાડીને લાવવામાં આવી, (૬) પીવડાવનાર, (૭) દારૂ વેચનાર, (૮) તેના દામ (કીમત)

ખાનાર, (૯) દારૂ ખરીદનાર અને (૧૦) અને જેના માટે દારૂ ખરીદવામાં આવી. (ઉપરોક્ત દસ પ્રકારના માણસો પર હુઝૂરે લાનત ફરમાવી છે. -અનુ.)

**હદીસ-(૧૪)** : તિબ્રાની ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહો અન્હોમા થી રાવી કે હુઝૂરે ફરમાવ્યું: જે શખ્સ અલ્લાહ અને કિયામત ના દિવસ પર ઈમાન લાવે છે તે શરાબ (દારૂ) ન પીએ અને જે શખ્સ અલ્લાહ અને કિયામતના દિવસ પર ઈમાન લાવે છે તે તેવા દસ્તરખ્વાન પર ન બેસે જેના પર શરાબ પીવામાં આવે છે.

**હદીસ-(૧૫)** : હાકિમે ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહો અન્હોમા થી રિવાયત કરી કે, હુઝૂરે ફરમાવ્યું : શરાબ થી બચો કે તે દરેક બુરાઈનુ કુંચી છે.

**હદીસ-(૧૬)** : ઈબ્ને માજા તથા બયહકી અબૂ દરદા રદિયલ્લાહો અન્હો થી રાવી, કહે છે મને મારા ખલીલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે વસિયત કરી કે, ખુદા સાથે શિર્ક ન કરજો, ભલે ટુકડા કરી દેવામાં આવો, ભલે બાળી દેવામાં આવો, અને ફરજ નમાઝને ઈરાદા પૂર્વક તર્ક ન કરજો કે જે શખ્સ તેને ઈરાદા પૂર્વક છોડી દે તેનાથી જવાબદારી મુકત છે. શરાબ પીશો નહી કે, તે બુરાઈ ની ચાવી છે.

**હદીસ-(૧૭)** : ઈબ્ને હબ્બાન તથા બયહકી હઝરત ઉસ્માન રદિયલ્લાહો અન્હોથી રાવી કે ફરમાવે છે : ઉમ્મુલ ખબાઈશ (દરેક બુરાઈઓની માં શરાબ) થી બચો કે પાછલા જમાનામાં એક શખ્સ આબિદ (ઈબાદત ગુઝાર) હતો અને લોકોથી અલગ રહેતો હતો. એક સ્ત્રી તેના પર મોહિત થઈ ગઈ. તેણે તેની પાસે એક સેવિકાને મોકલી કે, સાક્ષી માટે તેને બોલાવી લાવ. તે બોલાવી લાવી. જ્યારે મકાનના દરવાજાઓમાં દાખલ થતો ગયો સેવિકા દરવાજા બંદ કરતી ગઈ જ્યારે અંદરના મકાનમાં પહોંચ્યો તો નિહાળ્યું કે એક ખૂબસૂરત સ્ત્રી બેઠી છે અને તેની પાસે એક છોકરો છે અને એક વાસણમાં શરાબ છે. તે સ્ત્રીએ કહ્યું મેં તને સાક્ષી માટે બોલાવ્યો નથી બલ્કે એટલા માટે બોલાવ્યો છે કે આ છોકરાને કતલ કર અથવા મારાથી વ્યભિચાર કર. અથવા શરાબનો એક પ્યાલો પી જો તું આ વાતોથી ઈનકાર કરીશ તો હું શોર મચાવીશ અને તને બદનામ કરી દઈશ. જ્યારે તેણે જોયું કે મારે નાછુટકે કાંઈક કરવુંજ પડશે. તેણે કહ્યું : મને એક પ્યાલો શરાબ (દારૂ) નો પીવડાવી દે. જ્યારે એક પ્યાલો પી લીધો તો કહેવા લાગ્યો વધુ આપ. જ્યારે શરાબ ખૂબ(અતિશય) પી લીધી તો વ્યભિચાર પણ કર્યો અને છોકરાને કતલ પણ કર્યો. માટે શરાબથી બચો. ખુદાના સોગંદ ઈમાન અને શરાબની આદત પુરૂષના સીનામાં એકત્ર થતી નથી. નિકટ છે કે તેમના પૈકી એક બીજાને કાઢી દે.

**હદીસ-(૧૮)** : ઈબ્ને માજા તથા ઈબ્ને હબ્બાન અબૂ માલિક અશઅરી રદિયલ્લાહો અન્હોથી રાવી કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે મારી ઉમ્મતમાં કેટલાક લોકો શરાબ પીશે અને તેનું નામ બદલીને કાંઈકે બીજું કહેશે અને તેમના માથાઓ પર વાજા વગાડવામાં આવશે અને ગાનારીઓ ગાશે. આ લોકો જમીનમાં ધસાવી દેવામાં આવશે અને તેઓ પૈકી કેટલાક લોકો બંદર (વાંદરા) અને સુવ્વર બનાવી દેવામાં આવશે.

**હદીસ-(૧૯)** : તિરમિઝી તથા અબૂ દાઉદે મુઆવિયા રદિયલ્લાહો અન્હોથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું : જે શરાબ પીએ તેને કતલ કરી નાખો. અને આ હદીસ જાબિર રદિયલ્લાહો અન્હોથી પણ રિવાયત થઈ છે. તેઓ કહે છે કે ચોથી વખત હુઝૂરની ખિદમતમાં શરાબખોર લાવવામાં આવ્યો તેને કરોડા માર્યા અને કતલ કર્યોનહી. અર્થાત કતલ કરવું મન્સુખ છે.

**હદીસ-(૨૦)** : બુખારી શરીફ તથા મુસ્લિમ અનસ રદિયલ્લાહો અન્હોથી રાવી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે શરાબ સંબંધે ડાળીઓ અને પગરખાંથી મારવાનો હુકમ આપ્યો.

**હદીસ-(૨૧)** : સહીહ બુખારીમાં સાઈબ બિન યઝીદ રદિયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે હુઝૂરના જમાનામાં અને હઝરત અબૂ બકર રદિયલ્લાહો અન્હોના ખિલાફતના ખિલાફતકાળ માં અને હઝરત ઉમર રદિયલ્લાહો અન્હોના આરંભિક સમયમાં શરાબીને લાવવામાં આવતો અમે પોતાના હાથો અને પગરખાંઓ અને ચાદરોથી તેને મારતા. પછી હઝરત ઉમર રદિયલ્લાહો અન્હોએ ચાલીસ કોરડાનો હુકમ આપ્યો. પછી જ્યારે લોકોમાં સરકશી થઈ તો એંસી (૮૦) કોરડાનો હુકમ આપ્યો.

**હદીસ-(૨૨)** : ઈમામ માલિકે સૌર બિન ઝૈદ રદિયલ્લાહો અન્હોથી રિવાયત કરી કે, હઝરત ઉમર રદિયલ્લાહો અન્હોએ શરાબની હદ સંબંધે સહાબાઓથી મશ્વરો કર્યો. હઝરત અલી રદિયલ્લાહો અન્હોએ ફરમાવ્યું કે, મારો અભિપ્રાય એ છે ૮૦ કોરડા મારવામાં આવે કેમકે જ્યારે પીશે નશો હશે અને જ્યારે નશો હશે બેહુદા બકવાસ કરશે અને જ્યારે બેહુદા બકવાસ કરશે તો આક્ષેપ કરશે, માટે હઝરત ઉમર રદિયલ્લાહો અન્હોએ ૮૦ કોરડાઓનો હુકમ આપ્યો.

## ફિકહી અહકામો

**મસ્અલા-(૧)** : મુસલમાન આકિલ, બાલિગ, નાતિક(વાકય શક્તિ ધરાવનાર) (બોલવાવાળો) બિલા ઈકરાહે શરઈ (શરઈ બળજબરી વગર) શરાબનું એક ટિંપું પણ પીએ તો તેના પર હદ કાયમ કરવામાં આવશે. જ્યારે કે તેને તેનું હરામ હોવું ખબર હોય. કાફિર અથવા પાગલ અથવા નાબાલિગ અથવા મુંગાએ પી લીધો તો હદ નથી. એવી જ રીતે જો પ્યાસથી મરી રહ્યો હતો અને પાણી ન હતુ કે પીને જીવ બચાવતો અને એટલો પીધો કે જીવ બચી જાય તો હદ નથી. અને જો જરૂરતથી વધારે પીધોતો હદ છે. એવી જ રીતે જો કોઈએ શરાબ પીવા માટે મજબૂર કર્યો અર્થાત શરઈ મજબૂરી જોવામાં આવી તો હદ નથી. શરાબની હુરમતને જાણતો હોય તે ના બે સ્વરૂપો છે. એક એ કે વાસ્તવમાં તેને ખબર હોય કે આ હરામ છે. બીજું એ કે **દારૂલ ઈસ્લામ**માં રહેતો હોય તો જો કે તેને ખબર છે કેમકે દારૂલ ઈસ્લામમાં અજ્ઞાનતા ઉઝર નથી માટે જો કોઈ હર્બીદારૂલ હર્બ થી આવીને ઈસ્લામ થી પાવન થયો અને શરાબ પીધો અને કહે છે મને ખબર ન હતી કે આ હરામ છે. તો હદ નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૨)** : શરાબ પીધી અને કહે છે હું તેને દૂધ અથવા શરબત સમજતો હતો અથવા કહે છે કે મને ખબર ન હતી કે શરાબ છે તો હદ છે. અને જો કહે છે હું તેને નબીઝ (જવ અથવા ખજુરની મદિરા) સમજયો હતો. તો હદ નથી (બહર)

**મસ્અલા-(૩)** : અંગૂરનું કાચું પાણી જ્યારે પોતે જોશ ખાવા લાગે અને તેમાં ફીણ પૈદા થઈ જાય તેને ખમર કહે છે. તેની સાથે પાણી મેળવી દીધું હોય અને પાણી ઓછું હોય તો પણ શુધ્ધ ખમરના હુકમમાં છે કે એક ટીપું પીવા પર પણ હદ કાયમ થશે. અને પાણી અધિક છે તો જ્યાં સુધી નશો થાય નહી ત્યાં સુધી હદ નથી. અને જો અંગૂરનુ પાણી પકાવી લેવામાં આવ્યું તો જ્યાં સુધી તેના પીવાથી નશો ન થાય હદ નથી અને જો ખમર નો અર્ક ખેંચ્યો તો તે અરકનો પણ એજ હુકમ છે કે, એક ટીપા પર પણ હદ છે.(રદદુલ મુહતાર)

**મસ્અલા-(૪)** : ખમર ઉપરાંત બીજી શરાબો પીવાથી હદ તે સમયે છે કે નશો આવી જાય.

(દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૫)** : શરાબ પીને હરમમાં દાખલ થયો તો હદ છે, પરંતુ જ્યારે કે હરમમાં પનાહ લીધી તો હદ નથી. અને હરમમાં પીધી તો હદ છે. દારૂલ હર્બમાં પીવાથી પણ હદ નથી. (રદદુલ મુહતાર)

**મસ્અલા-(૬)** : નશાની હાલતમાં હદ કાયમ ન કરો બલ્કે નશો ઉતરી ગયા પછી કાયમ કરો અને નશાની હાલતમાં કાયમ કરી દીધી તો નશો ઉતરી ગયા પછી ફરીથી પુનરાવર્તન કરો. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૭)** : શરાબ ખોર પકડાયો અને તેના મુખમાં હજુ વાસ મોજૂદ છે. જો કે સ્વાસ્થય થઈ ગયું હોય અથવા નશાની હાલતમાં લાવવામાં આવ્યો અને ગવાહોથી શરાબ પીવું સાબિત થઈ ગયું તો હદ છે. અને જે સમયે તેમણે તેને પકડયો હતો તે સમયે નશો હતો અને વાસ હતી પરંતુ અદાલત દૂર છે ત્યાં સુધી લાવતા નશો અને વાસ જતી રહી તો હદ છે, જ્યારે કે ગવાહ બયાન કરે કે અમોએ જ્યારે પકડયો હતો તે સમયે નશો હતો અને વાસ પણ હતી. (આલમગીરી)

**મસ્અલા-(૮)** : નશાવાળો જો હોશ આવ્યા પછી શરાબ પીવાનો પોતે એકરાર કરે અને હજુ વાસ મોજૂદ છે તો હદ છે. અને વાસ જતી રહયા પછી એકરાર કર્યો તો હદ નથી. (આલમગીરી)

**મસ્અલા-(૯)** : નશો એ છે કે વાતચીત સ્પષ્ટ ન કરી શકે અને વાતના વધુ પડતા ભાગમાં સંતુલન ન હોય, જો કે કેટલીક વાતો ઠીક પણ હોય. (આલમગીરી, દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૦)** : શરાબ પીવાની સાબિતી કેવળ મુખમાં શરાબ જેવી દુર્ગંધ આવવા બલ્કે ઉલ્ટીમાં શરાબ નીકળવાથી પણ થશે નહી. અર્થાત કેવળ એટલી વાતથી કે વાસ જોવામાં આવી અથવા શરાબની ઉલ્ટી કરી, હદ કાયમ કરી શકીશું નહી કે શકય છે કે બેઈખ્તયારી અથવા બળજબરી ની હાલતમાં પીધી હોય પરંતુ વાસ અથવા નશા ના સ્વરૂપમાં દંડ કરીશું જ્યારે કે સાબિતી ન હોય. અને તેની સાબિતી બે પુરૂષોની ગવાહીથી થશે અને એક પુરૂષ અને બે સ્ત્રીઓએ સાક્ષી આપી તો હદ કાયમ કરવા માટે આ સાબિતી થઈ નહી. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા-(૧૧)** : કાઝી સમક્ષ જ્યારે ગવાહો એ કોઈ શખ્સના શરાબ પીવાની ગવાહી આપી તો કાઝી તેમને કેટલાક પ્રશ્નો પૂછશે. ખમર કોને કહે છે? તેણે કેવી રીતે શરાબ પીધો, પોતાની ઈચ્છાથી અથવા નારાજગીની હાલતમાં, કયારે પીધો અને કયાં પીધો, કેમકે તમાદી ની હાલતમાં અથવા દારૂલ હર્બ માં પીવાથી હદ નથી. જ્યારે ગવાહ આ વાતોનો જવાબ આપી લે તો તે શખ્સ જેના ઉપર આ ગવાહી પસાર થઈ રોકી લેવામાં આવે અને ગવાહોની અદાલત સંબંધે સવાલ કરે. જો તેમનું આદિલ (ફાસિક ન હોવું) સાબિત થઈ જાય તો હદ નો હુકમ આપવામાં આવે. ગવાહોનું જાહેરી રીતે આદિલ હોવું કાફી નથી જ્યાં સુધી તેની તપાસ ન થઈ જાય. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૨)** : ગવાહો એ જ્યારે બયાન આપ્યું કે તેણે શરાબ પીધો અને કોઈ એ મજબૂર કર્યો ન હતો તો તેનું એમ કહેવું કે મને મજબૂર કરવામાં આવ્યો, સાંભળવામાં આવશે નહી. (બહર)

**મસ્અલા-(૧૩)** : ગવાહોમાં જો પરસ્પર મતભેદ ઉતપન્ન થયો. એક સવારનો સમય બતાવે છે બીજો સાંજનો અથવા એકે કહ્યું શરાબ પીધો બીજો કહે છે શરાબની ઉલ્ટી કરી અથવા એક શરાબ પીવાની ગવાહી આપે છે અને બીજો તેની કે મારા સામે એકરાર કર્યો છે. તો સબૂત થયો નહી. અને હદ કાયમ થશે નહી. (દુર્રે મુખ્તાર) પરંતુ આ સઘળા સ્વરૂપોમાં તેને સજા કરીશું.

**મસ્અલા-(૧૪)** : જો પોતે એકરાર(કબુલ) કરતો હોય તો એક વખત એકરાર (કબુલ કરવું) કાફી છે. હદ કાયમ કરી દઈશું જ્યારે કે એકરાર હોશમાં કરતો હોય અને નશામાં એકરાર કર્યો તો કાફી નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૫)** : કોઈ ફાસિકના ઘરમાં શરાબ જોવામાં આવી અથવા કેટલાક શખ્સો ભેગા થએલ છે અને ત્યાં શરાબ પણ મુકેલી છે અને તેમની

મજલિસ તે પ્રકારની છે જેવી શરાબ પીવાવાળા શરાબ પીવા બેસતા હોય છે, જો કે તેમને પીતા કોઈએ દેખ્યા નથી તો તેમના પર હદ નથી, પરંતુ સૌને સજા આપવામાં આવે. (રદદુલ મુહતાર)

**મસ્અલા-(૧૬)** : તેની હદ માટે ૮૦ કોરડા મારવામાં આવશે, અને ગુલામને ચાલીસ કોરડા મારવામાં આવશે. અને શરીરના જુદા જુદા ભાગ પર મારીશું. જેવી રીતે ઝિનાની હદમાં બયાન થયું. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૭)** : નશાની હાલતમાં તે તમામ અહેકામ લાગુ થશે જે હોશમાં હોય છે. દા. ત. પોતાની પત્નીને તલાક આપી લીધી તો તલાક થઈ ગઈ અથવા પોતાનો કોઈ માલ વેચી નાખ્યો તો વેચાણ થઈ ગયું. કેવળ કેટલીક વાતોમાં તેના અહકામ અલગ છે. નશાની હાલતમાં જો કોઈ કુફ્રી શબ્દો બકયો તો તેને મુરતદનો હુકમ આપીશું નહી, અર્થાત તેની ઔરત બાઈન થશે નહી. રહ્યું એ કે ઈન્દલ્લાહ (અલ્લાહની નઝદીક) પણ કાફિર થશે કે નહી. જો ઈરાદા પૂર્વક કુફ્ર બકયો છે તો ઈન્દલ્લાહ કાફિર છે. નહી તો નથી. જે હદો ખાલિસ અલ્લાહ માટે છે, તેમનો એકરાર કર્યો તો એકરાર સહીહ નથી. એજ કારણોથી જો શરાબ પીવાનો નશાની હાલતમાં એકરાર કર્યો તો હદ નથી. પોતાની શહાદત પર બીજાને ગવાહ બનાવી શકાતો નથી. પોતાના નાના બાળકનો મહરે મિસ્લથી અધિક પર નિકાહ કરી શકતો નથી. પોતાની નાબાલિગ છોકરીનું મહરેમિસ્લથી ઓછા પર નિકાહ કરી શકતો નથી. કોઈએ હોશના સમયે તેને વકીલ બનાવ્યો હતો કે, મારો આ સામાન વેચીદે અને નશામાં વેચ્યો તો વેચાણ થયું નહી. કોઈએ હોશમાં વકીલ બનાવ્યો હતો કે, તુ મારી પત્ની ને તલાક આ દે અને નશામાં તેની સ્ત્રીને તલાક આપી તો તલાક થઈ નહી.

(દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા-(૧૮)** : ભાંગ અને અફીણ પીવાથી નશો થયો તો હદ કાયમ કરી શકીશું નહી. પરંતુ સજા આપવામાં આવે. અને તેમનાથી નશાની હાલતમાં તલાક આપી દીધી તો થઈ જશે. જ્યારે કે નશા માટે ઉપયોગ કર્યો હોય અને ઈલાજ ની રીતે ઉપયોગ કર્યો હોય તો તલાક નથી.

(રદદુલ મુહતાર)

**મસ્અલા-(૧૯)** : હદ મારવામાં આવી રહી હતી અને નાસી ગયો, ફરી પકડીને લાવવામાં આવ્યો. જો તમાદી (અંત સુધી પહોંચી ગયું) આવી ગઈ છે તો છોડી દઈશું. નહી તો બાકીની હદ પૂરી કરો. અને જો ફરીથી પી લીધો અને હદ કાયમ કરવા પછી છે તો બીજા વખત ફરીથી હદ કાયમ કરો. અને જો પહેલા હદ બિલકુલ મારવામાં આવી નથી અથવા કેટલાક કોરડા માર્યા હતા કેટલાક બાકી હતા તો હવે બીજા વખત માટે હદ મારો, પ્રથમ તેમાં સંમેલિત થઈ ગઈ.

(દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

# હદે કઝફનું બયાન

અલ્લાહ અઝવ જલ્લ ફરમાવે છે **વલ્લઝીના યૂઝુનલ્મુ'મેનીના વલ-મુમેનાતે બેગૈરે મકતસબૂ ફકદેહતમલૂ બુહતા નંવ વ ઈસ્મામ મુબીના...** "અને જે લોકો મુસલમાન પુરૂષ અને સ્ત્રીઓને બેકસૂર વાતોથી ઈઝા આપે છે તેમણે આરોપ અને ખુલ્લો ગુનોહ કર્યો. અને ફરમાવે છે. **વલ્લઝીના યરમૂનલ મુહસનાતે સુમ્મા લમ યાઅરતુ...** "અને જે લોકો પારસા સ્ત્રીઓ ને તોહમત લગાવે છે પછી ચાર ગવાહ ન લાવે તેમને ૮૦ કોરડા મારો અને તેમની ગવાહી કયારે ય કબૂલ કરો નહી. અને તે લોકો ફાસિક છે, પરંતુ તેના પછી તૌબા કરે અને પોતાની હાલત દુરસ્ત કરી લે તો બેશક અલ્લાહ બક્ષનાર મહેરબાન છે." **સહીહ મુસ્લિમ શરીફ**માં અબૂ હુરૈરહ રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે કે હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે

ફરમાવ્યું : જે શખ્સ પોતાના ગુલામ પર ઝિનાની તોહમત લગાવે કિયામતના દિવસે તેના પર હદ લગાવવામાં આવશે. પરંતુ જ્યારે કે વાસ્તવમાં તે ગુલામ એવો જ છે જેવો તેણે કહ્યો. હઝરત અબ્દુર્રઝાક, હઝરત અકરમાથી રિવાયત કરે છે, તેઓ કહે છે કે : એક ઔરતે પોતાની દાસીને વ્યભિચારીણી કહી. હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર રદિયલ્લાહો અન્હોમાએ ફરમાવ્યું :"તેં ઝિના કરતા દેખી છે." તેણે કહ્યું : નહી. આપે ફરમાવ્યું : "સોગંદ છે તેના જેના કબજામાં મારો પ્રાણ છે કિયામતના દિવસે તેના કારણે લોખંડના ૮૦ કોરડા તને મારવામાં આવશે.

**મસ્અલા-(૧)** : કોઈને ઝિનાની તોહમત લગાવવાને **કઝફ** કહે છે. અને આ કબીરો ગુનો છે, એવી જ રીતે લોંડાબાઝીની તોહમત પણ કબીરા ગુનોહ છે પરંતુ લોંડાબાઝીની તોહમત લગાવી તો હદ નથી. બલ્કે દંડ છે. અને ઝિના ની તોહમત લગાવનાર પર હદ છે. કઝફની હદ આઝાદ પર ૮૦ કોરડા છે અને ગુલામ પર ૪૦. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૨)** : ઝિના સિવાય બીજા કોઈ ગુનાહના તોહમતને કઝફ કહશું નહી. ન તેના પર હદ છે. અલબત કેટલાક સ્વરૂપોમાં દંડ છે જેનું બયાન ઈન્શા અલ્લાહ આગળ આવશે. (બહર)

**મસ્અલા-(૩)** : કઝફની સાબિતી બે પુરૂષોની ગવાહી થી થશે. અથવા તે તોહમત લગાવવા વાળાના એકરારથી અને તે સ્થળે સ્ત્રીઓની ગવાહી અથવા શહાદત કાફી નથી, બલ્કે એક કાઝી (ન્યાયાધિશ) એ જો બીજા કાઝી પાસે લખી મોકલ્યું કે મારી નજરોમાં કઝફની સાબિતી થઈ ગઈ છે. અને કિતાબુલ કાઝીની શરતો પણ જોવામાં આવે તો પણ આ બીજો કાઝી કઝફની હદ કાયમ કરી શકતો નથી. એવી જ રીતે જો કાઝિફે કઝફથી ઈન્કાર કર્યો અને ગવાહોથી સાબિતી થઈ નહી તો તેનાથી સોગંદ લઈશું નહિ. અને જો તેના પર સપથ (સોગંદ) મુકવા માં આવ્યો અને તેણે સોગંદ ખાવાનો ઈન્કાર કરી દીધો તો હદ કાયમ કરીશું નહી. અને જો ગવાહોમાં પરસ્પર મતભેદ થયો અને ગવાહ એક કઝફનો કોઈ સમય બતાવે છે અને બીજો ગવાહ બીજો સમય બતાવે છે તો આ મતભેદ વિશ્વાસપાત્ર નથી અર્થાત હદ લાગુ કરીશું અને જો એકે કઝફની સાક્ષી આપી અને બીજાએ એકરાર ની અથવા એક કહે છે, દા.ત. ફારસી ભાષામાં તોહમત લગાવી અને બીજો એવું બયાન કરે છે કે ઉર્દુમાં, તો હદ નથી. (રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૪)** : જ્યારે આવા પ્રકારનો દાવો કાઝીના ત્યાં થયો અને ગવાહ હજુ લાવ્યો નથી. તો ત્રણ દિવસ સુધી કાઝિફને કેદ રાખીશું અને તે શખ્સથી ગવાહોની માંગણી થશે. જો ત્રણ દિવસની અંદર ગવાહ લાવ્યો તો ઠીક. નહી તો તેને મુકત કરી દઈશું. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૫)** : તોહમત લગાવનાર પર હદ વાજિબ થવા માટે કેટલીક શરતો છે. જેના પર તોહમત લગાવી તે મુસલમાન, આકિલ, બાલિગ, આઝાદ, પારસા હોય અને તોહમત લગાવનારાનો ન છોકરો હોય ન પોત્રો હોય અને ન ગુંગો હોય ન ખસ્સી, ન તેનું ગુપ્તાંગ જડમાંથી કપાયેલું હોય, ન તેણે ફાસિદ નિકાહ સાથે વતી કરી હોય અને જો સ્ત્રીને તોહમત લગાવી તો તેણી એવી ન હોય જેનાથી વતી કરી શકાય નહી. અને હદના સમય સુધી તે શખ્સ મુહષિન હોય, માટે મઆઝઅલ્લાહ કઝફ પછી મુરતદ થઈ ગયો અથવા પાગલ અથવા બોહરો થઈ ગયો અથવા હરામ વતી કરી અથવાં મુંગો થઈ ગયો તો હદ નથી.

(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર, આલમગીરી)

**મસ્અલા-(૬)** : જે સ્ત્રીને તેણે ત્રણ તલાકો અથવા બાઈન તલાક આપી અને ઈદ્દતના સમયમાં તેનાથી વતી કરી અથવા કોઈ દાસીથી વતી કરી પછી તેને ખરીદવા અથવા તેનાથી નિકાહ કરવાનો દાવો કર્યો અથવા સંયુક્ત દાસી હતી તેનાથી વતી

કરી અથવા કોઈ સ્ત્રીથી બળજબરીએ ઝિના કર્યો અથવા ભૂલથી પત્નીના બદલે બીજી સ્ત્રી તેના ત્યાં વિદાય કરી દેવામાં આવી અને તેણે તેનાથી વતી કરી અથવા કુફ્રના સમયમાં ઝિના કર્યો હતો પછી મુસલમાન થયો અથવા ગાંડપણની હાલતમાં ઝિના કર્યો અથવા જે દાસી તેના પર હમેશા માટે હરામ હતી તેનાથી વતી કરી અથવા જે દાસી તેના બાપની વતીશાળી હતી તેને તેણે ખરીદી અને વતી કરી અથવા તેની માં થી તેણે પોતે વતી કરી હતી હવે તેની છોકરી ને ખરીદી અને વતી કરી આ સઘળા સ્વરૂપોમાં જો કોઈએ તે શખ્સ પર ઝિના ની તોહમત લગાવી તો તેના પર હદ નથી.

(આલમગીરી)

**મસ્અલા-(૭)** : હુર્રા (આઝાદ સ્ત્રી) તેના નિકાહમાં છે, તેની ઉપસ્થિતિમાં દાસી થી નિકાહ કર્યો, અથવા એવી બે સ્ત્રીઓ ને નિકાહમાં ભેગી કરી જેમનું ભેગા કરવું હરામ હતું દા.ત. બે બહેનો અથવા ફોઈ-ભત્રીજી અને વતી કતી કરી અથવા તેના નિકાહમાં ચાર સ્ત્રીઓ મોજૂદ છે અને પાંચમી થી નિકાહ કરીને સંભોગ કર્યો અથવા કોઈ સ્ત્રીથી નિકાહ કરીને વતી કરી પાછળથી ખબર પડી કે આ સ્ત્રી મુસાહેરત (જમાઈપણા)ના કારણે તેના પર હરામ હતી, પછી કોઈ એ ઝિનાની તોહમત લગાવી તો તોહમત લગાવનારા પર હદ નથી. (આલમગીરી)

**મસ્અલા-(૮)** : કોઈ સ્ત્રીથી ગવાહો વગર નિકાહ કર્યો અથવા પતિ વાળી સ્ત્રી થી જાણી જોઈને નિકાહ કર્યો અથવા જાણી જોઈને ઈદ્દતની અંદર અથવા તે ઔરત થી નિકાહ કર્યો જેનાથી નિકાહ હરામ છે અને આ સઘળા સ્વરૂપો માં વતી પણ કરી તો તોહમત લગાવનાર પર હદ નથી.

(આલમગીરી)

**મસ્અલા (૯)** : જે સ્ત્રી પર ઝિનાની હદ કાયમ થઈ ગઈ છે તેને કોઈ એ તોહમત લગાવી અથવા એવી સ્ત્રી પર તોહમત લગાવી જેનામાં ઝિનાનું ચિન્હ મોજૂદ છે દા.ત. પતિ-પત્નિમાં કઝાએ લેઆન કરાવ્યું અને બાળક નો નસબ બાપથી વિચ્છેદ કરીને સ્ત્રી તરફ સંબંધિત કરી દીધો અથવા સ્ત્રી ને બાળક છે જેનો બાપ ખબર નથી તો આ સઘળા સ્વરૂપોમાં તોહમત લગાવનારા પર હદ નથી અને જો લેઆન બાળક વગર થયું અથવા બાળક મોજૂદ હતું પરંતુ તેનો નસબ (વંશ) બાપ થી વિચ્છેદ કર્યો નહી અથવા વંશ પણ વિચ્છેદ કરી દિધો પરંતુ પાછળ થી પતિએ પોતાનું જુઠા હોવું બયાન કર્યુ અને બાળકની તરફ સંબંધિત કરી દીધું તો આ સ્વરૂપોમાં સ્ત્રી પર તોહમત લગાવવાથી હદ છે. (આલમગીરી)

**મસ્અલા-(૧૦)** : જે સ્ત્રીને તેણે સહવત (કામવાસના) સાથે સ્પર્શ કર્યો અથવા ગુપ્તાંગ તરફ શહવત (વાસના) સાથે દષ્ટિ કરી હવે તેનીમાં અથવા પુત્રીને ખરીદી ને અથવા નિકાહ કરીને વતી કરી અથવા જે સ્ત્રીને તેના બાપે અથવા પુત્રે એવી જ રીતે સ્પર્શ કર્યો અથવા દષ્ટિ કરી હતી તેને તેણે ખરીદીને અથવા નિકાહ કરીને વતી કરી અને કોઈ એ ઝિનાની તોહમત લગાવી તો તેના પર હદ છે. (આલમગીરી)

**મસ્અલા-(૧૧)** : પોતાની પત્નીથી હૈઝમાં સંભોગ કર્યો અથવા પત્નીથી ઝિહાર કર્યો હતો અને કફફારો આપ્યા વગર સંભોગ કર્યો અથવા પત્ની રોઝાદાર હતી અને પતિને ખબર પણ હતી અને સંભોગ કર્યો તો આ સ્વરૂપોમાં તોહમત લગાવનારા પર હદ છે. (આલમગીરી)

**મસ્અલા-(૧૨)** : ઝિનાની તોહમત લગાવી અને હદ કાયમ થવાથી પેહલા તે શખ્સે જેના પર તોહમત લગાવ્યો તેનાથી ઝિના કર્યો અથવા કોઈ એવી સ્ત્રીથી વતી કરી જેનાથી વતી હરામ હતી અથવા મઆઝઅલ્લાહ (અલ્લાહની પનાહ) મુરતદ થઈ ગયો જો કે ફરીથી મુસલમાન થઈ ગયો. તો આ સઘળા સ્વરૂપોમાં હદ રદ થઈ ગઈ.

(બહર)

**મસ્અલા-(૧૩)** : કઝફ ની હદ તે સમયે કાયમ થશે જ્યારે સ્પષ્ટ શબ્દ ઝિનાથી તોહમત લગાવી દા.ત. તુ ઝાની (વ્યભિચારીણી) છે અથવા તેં ઝિના કર્યો અથવા ઝિનાકાર છે અને જો સ્પષ્ટ શબ્દ ન હોય દા.ત. એ કે તેં વતી હરામ કરી અથવા તેં હરામ રીતે સંભોગ કર્યો તો હદ નથી અને જો એમ કહ્યું કે મને ખબર મળી છે કે તું વ્યભિચારીણી છે અથવા મને ફલાણાએ પોતાની સાક્ષી પર ગવાહ બનાવ્યો છે કે તુઝાની છે. અથવા કહ્યું તુ ફલાણા પાસે જઈ ને તેને કહે કે તુઝાની છે અને કાસિદે જઈને એમજ કહી દીધું તો હદ નથી.
(દુર્રે મુખ્તાર, રદ્દુલમુહતાર)

**મસ્અલા-(૧૪)** : જો કહ્યું કે તુ પોતાના બાપનો નથી અથવા તેના બાપનું નામ લઈને કહ્યું કે ફલાણાનો પુત્ર નથી જો કે તેની માં પાક દામન સ્ત્રી છે. જો કે આ શખ્સ જેને કહેવામાં આવ્યું કે વોય હોય તો હદ છે. જ્યારે કે આ શબ્દ ગુસ્સા માં કહ્યા હોય અને રજા મંદીમાં કહ્યા તો હદ નથી કેમકે તેનો એ અર્થ થઈ શકે છે કે તુ પોતાના બાપથી અનુરૂપ નથી પરંતુ પ્રથમ સ્વરૂપમાં શરત એ છે કે જેના પર તોહમત લગાવી તે હદનો તલબગાર હોય, જોકે તોહમત લગાવવાના સમયે ત્યાં હાજર ન હતો અને જો કહ્યું કે તુ પોતાના માં-બાપનો નથી અથવા તું પોતાની માંનો નથી તો હદ નથી.
(દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૫)** : જો દાદા અથવા કાકા અથવા મામા અથવા મુરબ્બી (વડીલ)નું નામ લઈને કહ્યું કે તુ તેનો બેટો છે તો હદ નથી, કેમ કે તે લોકો ને પણ મજાઝન (સ્વભાવિક) બાપ કહીએ છીએ.
(દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૬)** : કોઈ શખ્સને તેની કૌમ સિવાય બીજી કોમ તરફ સંબંધિત કરવું અથવા કહેવું કે તુ તે કોમનો નથી હદના કારણ રૂપ નથી પછી જો કોઈ તિરસ્કૃત કોમ તરફ સંબંધિત કર્યો તો દંડના પાત્ર છે. જ્યારે કે ગુસ્સાની હાલતમાં કહ્યું હોય કે આ ગાળ છે. અને ગાળમાં સજા છે. (દુર્રે મુખ્તાર, રદ્દુલમુહતાર) જો કોઈ શખ્સે બહાદુરીનું કામ કર્યું તે વાત પર કહ્યું કે આ પઠાણ છે તો તે માં કાંઈ નથી કે તે ન તોહમત છે ન ગાળ.

**મસ્અલા-(૧૭)** : કોઈ પવિત્ર સ્ત્રીને રંડી અથવા કસબી (કસબણ) કહ્યું તો આ કઝફ (જૂઠ) છે અને હદનો હકદાર છે કે આ શબ્દ તેમના માટે જ છે જેમણે ઝિના ને ધંધો બનાવી લીધો છે.

**મસ્અલા-(૧૮)** : હરામની ઔલાદ અથવા ઝિના નું બાળક કહ્યું અથવા સ્ત્રીને ઝાની કહી તો હદ છે અને જો કોઈ ને હરામઝાદો કહ્યું તો હદ નથી કેમ કે તેનો એ અર્થ છે કે હરામ વતી થી પૈદા થયો અને હરામ વતી માટે ઝિના થવું જરૂરી નથી. એટલા માટે કે હૈઝમાં વતી હરામ છે અને જ્યારે પોતાની પત્ની થી છે તો ઝિના નથી. (દુર્રે મુખ્તાર, વિગેરે) અને હરામઝાદામાં હદ ન હોવાનું એ કારણ પણ છે કે ઉર્ફે આમ માં કેટલાક લોકો શરીર (દુષ્ટ) માટે આ શબ્દ નો ઉપયોગ કરે છે. એવી જ રીતે હરામી અથવા હૈઝી બાળક અથવા હરામીની ઔલાદ કહેવા પર પણ હદ નથી.

**મસ્અલા-(૧૯)** : સ્ત્રી ને જો જાનવર, બળદ, ઘોડા ગર્ધભ થી ફેલ (કુકર્મ) કરાવવાની ગાળ દીધી તો તેમાં સજા આપવામાં આવશે.

**મસ્અલા-(૨૦)** : જેને તોહમત લગાવ્યું તે જો તે માંગણી કરે તો હદ કાયમ થશે નહી. તેની ઝિન્દગી માં બીજાને માંગણીનો હક નથી જો કે તે હાજર ન હોય, કયાંક ચાલ્યો ગયો હોય અથવા તોહમત પછી મરી ગયો બલ્કે માંગણી પછી બલ્કે કેટલાક કોરડા માર્યા પછી ઈન્તેકાલ થયો તો બાકી ના રદ છે. હા જો તેનો ઈન્તેકાલ થઈ ગયો અને તેના વારસામાં તે શખ્સ માંગણી કરે જેના નસબ પર તે તોહમત ના કારણે વાંધો આવતો હોય તો તેની માંગણી પર પણ હદ કાયમ કરી દેવામા આવશે દા.ત. તેના દાદા અથવા દાદી અથવા બાપ અથવા માં અથવા બેટા અથવા બેટી પર

તોહમત લગાવી અને જેને તોહમત લગાવી મરી ગયો છે તો તેને માંગણી નો હક છે. વારસથી ભાવાર્થ એ જ નથી જેને તર્કો પહોંચે છે બલ્કે મહેરૂબ અથવા મહેજૂબ પણ માંગણી કરી શકે છે. દા.ત. મૈયિત નો પુત્ર જો માંગણી ન કરે તો પોત્રો માંગણી કરી શકે છે જો કે મહજૂબ (ગુપ્ત) છે અથવા તે વારસદારે પોતાના મૂરિસ (જેનો તે વારસદાર છે) ને મારી નાખ્યો છે અથવા ગુલામ અથવા કાફિર છે તો તેમને માંગણી નો હક છે જોકે મહરૂમ છે. એવી જ રીતે નવાસા અને નવાસીને પણ માંગણી નો હક છે. (દુર્રે મુખ્તાર, આલમગીરી)

**મસ્અલા-(૨૧)** : નિકટના સગાએ માંગણી નકરી અથવા માફ કરી દીધો તો દૂરના સગાનો હક રદ થશે નહી બલ્કે તે માંગણી કરી શકે છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૨૨)** : કોઈ ના બાપ-માં બન્ને પર તોહમત લગાવી અને બન્ને મરી ગયા છે તો તેની માંગણી પર હદ કાયમ થશે, પરંતુ એકજ હદ થશે, બે નહી. એવી જ રીતે જો તે બન્ને જીવંત છે તો પણ બન્નેની માંગણી પર એકજ હદ લાગશે કે જ્યારે કેટલીક હદો ભેગી થાય તો એકજ કાયમ કરવામાં આવશે. (દુર્રે મુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા-(૨૩)** : કોઈના પર એકે તોહમત લગાવી અને હદ કાયમ થઈ પછી બીજા એ તોહમત લગાવી તો બીજા પર પણ હદ કાયમ કરીશું. (આલમગીરી)

**મસ્અલા-(૨૪)** : જો કેટલીક હદો વિવિધ પ્રકારની ભેગી થઈ દા.ત. તેણે તોહમત પણ લગાવી છે અને શરાબ પણ પીધી અને ચોરી પણ કરી અને ઝિના પણ કર્યો તો સૌ હદો કાયમ કરવામાં આવશે, પરંતુ એક સાથે સૌ કાયમ કરો નહી કે તેમાં હલાક થઈ જવાનો ડર છે બલ્કે એક હદ કાયમ કરવા પછી એટલા દિવસો તેને કેદમાં રાખો કે સારો થઈ જાય. પછી બીજી હદ કાયમ કરો અને સૌથી પહેલા હદે કઝફ લાગુ કરો તેના પછી ઈમામ ને અખ્ત્યાર છે કે, પહેલાં ઝિનાની હદ કાયમ કરે અથવા ચોરીની બિના પર હાથ કાપે અથવા આ બન્ને માં અગ્રેસરતા તથા વિલંબનો અખ્ત્યાર છે. પછી સૌના પછી શરાબ પીવાની હદ લગવો. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૨૫)** : જો તેણે કોઈ ની આંખ પણ ફોડી છે અને તે (ઉપરોકત) ચારે વસ્તુ ઓ પણ કરી છે તો પ્રથમ આંખ ફોડવાની સજા આપવામાં આવે અર્થાત તેની પણ આંખ ફોડી નાખવામાં આવે પછી હદે કઝફ કાયમ કરવામાં આવે તેના પછી રજમ કરી દેવામાં આવે. જો મુહસિન હોય અને બાકીની હદો રદ અને મુહસિન ન હોય તો એવીજ રીતે અમલ કરે અને જો એક જ પ્રકારની કેટલીક હદો હોય દા.ત. કેટલાક શખ્સો પર તોહમત લગાવી અથવા એક શખ્સ પર કેટલીક વખત તો એક હદ છે. હા જો પુરી હદ કાયમ કરવા પછી ફરી બીજા શખ્સ પર તોહમત લગાવી તો હવે ફરીથી હદ કાયમ થશે અને જો તેના ઉપર જ ફરીથી તોહમત હોય તો હદ નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૨૬)** : બાપે બેટા ઉપર ઝિનાની તોહમત લગાવી અથવા મૌલા એ ગુલામ પર તો પુત્ર અથવા ગુલામ ને માંગણી નો હક નથી, એવી જ રીતે માં અથવા દાદા અથવા દાદી એ તોહમત લગાવી અર્થાત પોતાના અસલથી માંગ કરી શકતો નથી, એવીજ રીતે મૃતક પત્ની પર તોહમત લગાવી તો પુત્ર માંગણી કરી શકતો નથી. હા જો તે સ્ત્રી નો બીજા પતિ થી પુત્ર છે તો તે પુત્ર અથવા સ્ત્રીનો બાપ છે તો તે માંગણી કરી શકે છે. (આલમગીરી)

**મસ્અલા-(૨૭)** : તોહમત લગાવવાળાએ પ્રથમ એકરાર કર્યો કે, હા તોહમત લગાવી છે પછી પોતાના એકરાર થી અર્થાત હવે ઈન્કાર કરે છે તો હવે વિમુખતા પ્રમાણિત નથી અર્થાત માંગણી થાય તો હદ કાયમ કરીશું. એવી જ રીતે જો પરસ્પર સુલેહ કરી લે અને કાંઈ બદલો લઈને

માફ કરી દે અથવા બદલા વગર માફ કરી દે તો હદ માફ થશે નહી ફરી માંગણી કરે તો કરી શકે છે અને માંગણી પર હદ કાયમ થશે. (ફતહુલકદીર વિગેરે)

**મસ્અલા-(૨૮)** : એક શખ્સે બીજા ને કહ્યું તુ ઝાની (વ્યભિચારી) છે, તેણે જવાબ માં કહ્યું કે નહી, તુ ઝાની છે તો બન્ને પર હદ છે, કે દરેકે બીજા પર તોહમત લગાવી અને જો એ કે બીજાને ખબીશ કહ્યો, બીજાએ કહ્યું તુ ખબીશ છે તો કોઈ પર સજા નથી કે તેમાં બન્ને સમાન થઈ ગયા અને તોહમત માં જો કે હક ઉલ્લાહ ગાલિબ છે માટે હદ રદ થશે નહી કે તે પોતાના હક ને રદ કરી શકે છે, અલ્લાહના હક ને રદ કરવું તેમના અખ્ત્યાર માં નથી. (બહર વિગેરે)

**મસ્અલા-(૨૯)** : પતિએ પત્નીને વ્યભિચારીણી કહી, પત્ની એ જવાબમાં કહ્યું, હું વ્યભિચારીણી નથી, તુ વ્યભિચારી છે, તો પત્ની પર હદ છે, પતિ પર નહી અને લેઆન પણ થશે નહી, કે કઝફની હદ પછી પત્ની લેઆન ના કાબેલ રહી નહી. અને જો પત્ની એ જવાબમાં કહ્યું કે, મેં તારા સાથે ઝિના કર્યો છે તો હદ તથા લઆન કાંઈ નથી કે, આ શબ્દની બે સંભાવના છે, એક એકે નિકાહ થી પહેલા તારા સાથે ઝિના કર્યો બીજું એકે નિકાહ પછી તારા સાથે સહશયન થયું અને તેને ઝીનાથી ગણના કરી તો જ્યારે શબ્દો શંકાશીલ છે તો હદ રદ, હા જો જવાબ માં પત્ની એ સ્પષ્ટતા કરી દીધી કે નિકાહથી પહેલાં મેં તારા સાથે ઝિના કર્યો તો પત્ની પર હદ છે. અને જો અજાણ સ્ત્રીથી પુરૂષે આ વાત કરી અને તે સ્ત્રી એ એજ જવાબ આપ્યો તો સ્ત્રી પર હદ છે કે, તે ઝિના નો એકરાર કરે છે. અને પુરૂષ પર કાંઈ નથી.

(દુર્રે મુખ્તાર, રદદુલહતાર)

**મસ્અલા-(૩૦)** : ઝિનાની તોહમત લગાવી અને ઝિનાના ચાર ગવાહ રજુ કરી દીધા અથવા મકઝૂફે ઝિનાનો ચાર વખત એકરાર કરી લીધો તો જેના પર તોહમત લગાવી છે તેના પર ઝિનાની હદ કાયમ કરવામાં આવશે, અને તોહમત લગાવનાર મુકત છે. અને જો અત્યારે ગવાહ લાવવાથી વિવશ છે અને મહેતલ માંગે છે કે સમય આપવામાં આવે, તો શહેરથી ગવાહ શોધી ને લાવું તો તેને કચેરીના સમય સુધી મોહલત આપવામાં આવશે. અને તેને પોતાને જવા દઈશું નહી બલ્કે કેહવામાં આવશે કે, કોઈને મોકલીને ગવાહો ને બોલાવી લે અને જો ચાર ફાસિક ગવાહ રજુ કરી દીધા તો સૌથી હદ સાકિત છે. ન કાઝિફ પર હદ છે ન મકઝૂફ (જેના પર તોહમત લગાવી છે) પર ન ગવાહો પર. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૩૧)** : કોઈ એ દાવો કર્યો કે મારા પર ફલાણાં એ ઝિના ની તોહમત લગાવી અને સાબિતી માં બે ગવાહ રજુ કર્યા પરંતુ ગવાહોના વિભિન્ન બયાન થયા, એક કહે છે ફલાણાં સ્થળે બીજા સ્થળનું નામ લે છે તો કઝફ ની હદ કાયમ કરીશું. (આલમગીરી)

**મસ્અલા-(૩૨)** : હદે કઝફમાં પોસ્તીન અને રૂ ભરેલા કપડા સિવાય કાંઈ ઉતારો નહી. (બહર)

**મસ્અલા-(૩૩)** : જે શખ્સ પર કઝફની હદ કાયમ કરવામાં આવી તેની ગવાહી કોઈ મામલામાં સ્વીકાર્ય નથી, હા, ઈબાદતો માં કબૂલ કરી લઈશું. એવી જ રીતે જો કાફિર પર કઝફની હદ જારી થઈ તો કાફિરના વિરૂધ પણ તેની ગવાહી સ્વીકાર્ય નથી. હા, જો ઈસ્લામ સ્વીકારે તો તેની ગવાહી સ્વીકાર્ય છે અને જો કુફ્રના સમયમાં તોહમત લગાવી અને મુસલમાન થવા પછી હદ કાયમ થઈ તો તેની ગવાહી પણ કયારેય કોઈ મામલામાં સ્વીકાર્ય નથી. એવી જ રીતે ગુલામ પર કઝફની હદ લાગુ થઈ પછી આઝાદ થઈ ગયો તો ગવાહી સ્વીકાર્ય નથી. અને જો કોઈ પર હદ કાયમ કરવામાં આવી રહી હતી અને દરમિયાનમાં નાસી ગયો તો પછી થી બાકીની હદ પુરી કરી લેવામાં આવી તો હવે ગવાહી સ્વીકાર્ય નથી. અને પુરી કરવામાં આવી નહી, તો સ્વીકાર્ય છે. હદ કાયમ

થવા પછી પોતાની સચ્ચાઈ પર ચાર ગવાહ રજુ કર્યો જેમણે ઝિનાની સાક્ષી આપી તો હવે તે તોહમત લગાવનારની ગવાહી ભવિષ્યમાં સ્વીકાર્ય થશે. (આલમગીરી)

**મસ્અલા-(૩૪)** : બહેતર એ છે કે જેના પર તોહમત લગાવવામાં આવી, માંગણી ન કરે, અને જો દાવો કરી દીધો તો કાઝી માટે મુસ્તહબ છે કે જ્યાં સુધી પુરાવા રજુ ન થાય, વાદીને દર ગુજર કરવાનું કેવળ ધ્યાન દેવડાવે. (આલમગીરી)

## તઅઝીર નું બયાન

અલ્લાહ અઝવ જલ્લ ફરમાવે છે : **યા ઐયાહલ્લઝીના આમનૂ લા યસખર કૌમુન મિન કૌમિન અસા અંય યકૂનૂ ખૈરમ-મિન્હુમ વલાનિસાઉમ મિન નિસાઈન અસા અંય-યકુન્ન ખરૈમ-મિન્હુન્ન વલા તલ્મેઝૂ અન્ફોસકુમ વલા તના બઝૂ બિલ્અલ્કાબે બે.'સલ્ઈસ્મુલ ફુસૂકો, બઅદલ-ઈમાને વમન લય યતૂબ ફઊલાઈકા હુમુઝ્ઝાલેમુન** (કુરઆન)

(તરજુમો : અય ઈમાનવાળાઓ ન પુરૂષ-પુરૂપથી મસ્ખરા પણું (હાસ્ય વિનોદ) કરે. તઅજ્જુબ નથી તે હસવાવાળાઓથી બહેતર હોય, અને પરસ્પર મેણું મારો નહી, અને ખરાબ શબ્દોથી પોકારો નહી, કે ઈમાન પછી ફાસિક કહેવડાવવું ખરાબ નામ છે અને જે તૌબા ન કરે એજ ઝાલિમ છે.)

**તિરમિઝીએ**, અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદિયલ્લાહો અન્હોમા થી રિવાયંત કરી કે હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે ફરમાવ્યું : "જ્યારે એક શખ્સ બીજાને યહુદી કહીને બોલાવે તો તેને વીસ (૨૦) કોરડા મારો અને મુખન્નસ (હીજડા) કહીને બોલાવે તો વીસ કોરડા મારો અને જો કોઈ પોતાના મહેરમથી ઝિના કરે તો તેને કતલ કરી નાખો.

**બયહકીએ** રિવાયત કરી કે હઝરત અમીરૂલ મોઅમીનિન અલી (રદિયલ્લાહો અન્હો) એ ફરમાવ્યું કે જો એક શખ્સ બીજા શખ્સને કહે અય કાફિર, અય ખબીસ (દુષ્ટ) અય ફાસિક, અય ગધા, તો તેમાં કોઈ હદ મુકરર્ર નથી. હાકિમ ને અખ્ત્યાર છે જે ઉચિત સમજે તે સજા આપે.

બયહકી નોસમાન બિનબંશીરરદિયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે હુઝૂરે **અકદસ** સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું જે શખ્સ ગેરહદને હદ સુધી પહોંચાડી દે (અર્થાત તે સજા આપે જે હદમાં છે.) તે હદથી વધી જનારામાં છે.

**મસ્અલા-(૧)** : કોઈ ગુનાહ પર શિક્ષાત્મક (તાદીબ) ની ગરજ થી જે સજા આપવામાં આવે છે, તેને **"તઅઝીર"** (સજા) કહે છે. શારેએ (શરીઅત બનાવનારે) તેના માટે કોઈ માત્રા નિશ્ચિત કરી નથી, બલ્કે તેને કાઝી (ન્યાયધિશ) ના અભિપ્રાય પર આધારિત કરી છે. જેવો પ્રસંગ હોય તેના અનુસાર અમલ કરે. **"તઅઝીર"** નો અખત્યાર કેવળ ઈસ્લામી બાદશાહ નેજનથી બલ્કે પતિ પત્નીને, આકા ગુલામને, માં બાપ પોતાની ઔલાદને, ઉસ્તાદ શાર્ગિદ ને તઅઝીર (શિક્ષા) કરી શકે છે, **(રદદુલ મુહતાર વિગેરે)** આજમાનામાં કે હિન્દુસ્તાનમાં ઈસ્લામી રાજ્ય નથી અને લોકો બેધડક, નિડરતાથી અપરાધ કરે છે. અને તેના પર ઈસરાર (આગ્રહ) કરે છે અને કોઈ મના કરે તો અટકતા નથી જો મુસલમાનો સહમત થઈને એવી સજાઓ પ્રસ્તાવીત કરે જેનાથી ઈબ્રત થાય અને બેબાકી અને ધ્રુષ્ટતા નો સિલસિલો બંધ થઈ જાય તે બહુ જ ઉચિત તથા યર્થાથ થશે. કેટલીક કોમોમાં કેટલાક પાપો પર એવી સજાઓ આપવામાં આવે છે. દા. ત. તેનું હુક્કા પાણી બંધ કરી દેતા અને તેના ત્યાં ન જમતા ના તેને પોતાના ત્યાં દાવત આપે છે. જ્યાં સુધી તૌબા કરી લે. નહી. અને તેના કારણે તે લોકોમાં એવી વાતો ઓછી જોવામાં આવે છે. જેના પર તેમના ત્યાં સજા થતી રહે છે. પરંતુ કદાચ તે તમામ ગુનાહો ના નષેધમાં એવી જ કોશિશ કરતા અને પોતાના પંચાયતી કાનૂન

ત્યજીને પાક શરીઅત અનુસાર ફેસલા આપતા અને હુકમો સંભળાવતા તો બહુજ બહેતર થતું. તદઉપરાંત બીજી કોમો પણ જો તે લોકોથી પાઠ ગ્રહણ કરે અને તેઓ પણ પોત પોતાના અધિકાર પ્રસંગોમાં એવું જ કરે તો બહુ જ શકય છે કે મુસલમાનોની હાલત દુરુસ્ત થઈ જાય બલ્કે એક એજ શું જો પોતાના બીજા મામલાઓ તથા કજીયાઓ માં પણ પવિત્ર શરીઅત નો પાલવ પકડી લે અને પ્રતિદિનના વિનાશ કારક મુકદમા બાઝીઓથી પરિત્યાગ કરે તો ધાર્મિક ફાયદા ઉપરાંત તેમના સાંસારીક હાલત પણ સુધરી જાય અને મોટા મોટા ફાયદાઓ પ્રાપ્ત કરે. મુકદમા બાઝી (કોર્ટ-કચેરી) ના ખર્ચાથી ભારિતપણ થાય નહી અને આ કમના લાંબા થવાથી અદાવત-દુશ્મની જે દિલોમાં ઘર કરી જાય છે. તેનાથી પણ સુરક્ષિત રહે.

**મસ્અલા-(૨)** : ગુનાહો ના જુદા-જુદા પ્રકાર છે. કોઈ મોટો ગુનોહ, કોઈ નાનો ગુનોહ, અને માણસો પણ વિવિધ પ્રકારના છે. કોઈ હયાદાર, ઈઝઝતદાર અને ગૈરતવાળો હોય છે. કેટલાક બેબાક દિલેર(ધૃષ્ટ) હોય છે, માટે કાઝી જે પ્રસંગે જે તઅઝીર (શિક્ષા) ઉચિત સમજે તેને અમલમાં લાવે કે જ્યારે થોડાથી કામ નીકળે તો અધિકની શું જરૂર. (રદ્દુલ મુહતાર, બહર)

**મસ્અલા-(૩)** : સાદાત તથા ઉલ્મા જો વજાહત (બુઝુર્ગવાળા) તથા ઈજ્જતવાળા હોય કે કબીરા તો કબીરા, સગ્રીરા પણ નાદિર (દુર્લભ) પણ તેમનાથી લપસણ (ભૂલ) ની રીતે સાદર થાય તો તેમની શિક્ષાઅલ્પ દરજ્જાની થશે, કે કાઝી જો તેમનાથી એટલું જ કહી દે છે, આપે આવું કર્યુ ? એવાઓ માટે એટલું કહી દેવું જ અટકી જવા માટે કાફી છે. અને જો તે લોકો એ ગુણ પર ન હોય બલ્કે તેમની ટેવો ખરાબ થઈ ગઈ હોય, દા.ત. કોઈને એટલો પ્રમાણમાં માર્યો કે લોહી લોહાણ થઈ ગયો અથવા કેટલીક વખત ગુનાહનું કૃત્ય કર્યુ અથવા શરાબ ખોરીના જલ્સામાં બેસે છે અથવા લોંડાબાઝીમાં ગ્રસ્ત છે તો હવે ગુનાહના યોગ્ય સજા આપવામાં આવશે. એવી સુરતોમાં કોરડા મારવામાં આવે, અથવા કેદ કરવામાં આવે, તે ઉલ્મા તથા સાદાતો પછી બીજો મરતબો જમીનદાર અને માલદારોનો છે કે, તેમના પર દાઅવો કરવામાં આવશે અને કાઝીના દરબારમાં બોલાવવામાં આવશે પછી કાઝી તેમને ચેતવણી આપશે કે શું તમે આવું કર્યુ છે ? એવું ન કરો. ત્રીજો દરજ્જો મધ્યમ લોકોનો છે અર્થાત બાજારી લોકો કે એવા લોકો માટે કેદ છે. ચોથા દરજ્જો તિરસ્કૃતો અને દુષ્ટોનો છે કે તેમને મારવામાં પણ આવે, પરંતુ અપરાધ જ્યારે તેના યોગ્ય હોય ત્યારે જ આ સજા છે. (રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૪)** : શિક્ષા ના કેટલાક સ્વરૂપો છે. કેદ કરવું, કોરડા મારવું, (ગોસમાલી) કરવું (કાન અમળવું) ધમકી આપવું કટુતાથી તેના પ્રત્યે ક્રોધની દ્રષ્ટિ કરવું. (ઝૈલઈ)

**મસ્અલા-(૫)** : જો શિક્ષા ફટકાની હોય તો ઓછામાં ઓછા ત્રણ કોરડા અને વધુમાં વધુ૪૮ કોરડા લગાવામાં આવે, તેનાથી વધારેની પરવાનગી નથી. અર્થાત કાઝીના અભિપ્રાય માં જો દસ કોરડા ઓની જરૂરત માલૂમ પડે તો દસ-વીસની હોય તો વીસ, ત્રીસની હોય તો ત્રીસ લગાવે અર્થાત જેટલાની જરૂર મહેસૂસ કરતો હોય તેના થી કમી (ઉણપ) ન કરે. હા, જો ચાલીસ અથવા અધિકની જરૂરત માલૂમ થાય છે તો જુલ્મથી અધિકના મારે. બાકીના બદલે બીજી સજા કરે. દા. ત. કેદ કરી દે, ઓછામાં ઓછા ત્રણ કોરડા આ કેટલાક "મોતુન" નો કોલ છે. અને ઈમામ ઈબ્ને હુમામ વિગેરે ફરમાવે છે કે જો એક કોરડો મારવાથી કામ ચાલે તો ત્રણની કોઈ હાજત નથી અને એજ કરીને કેયાસ (બુધ્ધિગમ્ય) પણ છે. (રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૬)** : જો કેટલાક કોરડા મારવામાં આવે તો શરીર પર એક જ જગ્યાએ મારો અને જો વધારે મારવાના હોય તો અનેક જગ્યાએ મારવામાં આવે કે, અવયવ (અંગ) બેકાર ન થઈ જાય. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૭)** : "તાઝીર બિલ-માલ (માલરૂપે સજા) અર્થાત દંડ લેવો જાયઝ નથી. હા જો સમજે કે લીધા વગર અટકશે નહી તો વસૂલ કરી લો પછી જ્યારે તે કામથી તૌબા કરી લે તો પાછો આપી દો (બહર વિગેરે) પંચાયતમાં પણ કેટલીક કોમો કેટલાક સ્થળે દંડ લે છે તેમણે આનાથી અટકવું જોઈએ.

**મસ્અલા-(૮)** : જે મુસલમાને શરાબ વેચ્યો તેને સજા આપવામાં આવે એવી જ રીતે ગવૈયા અને નાચનાર અને હિજડા અને વિલાપ કરનારી પણ સજા ના પાત્ર છે. મુકીમ, (જે શરઈ મુસાફીરના હોય તે) શરઈ ઉઝરવગર રમઝાનનો રોઝો રાખે નહી તો શિક્ષાને પાત્ર છે, અને જો એ આશંકા હોય કે હવે પણ રોઝો રાખશે નહી, તો કેદ કરવામાં આવે. (આલમગીરી)

**મસ્અલા-(૯)** : કોઈ શખ્સ કોઈની સ્ત્રી અથવા નાની છોકરીને ભગાડી લઈ ગયો અને તેનો કોઈની સાથે નિકાહ કરી દીધો તો તેના પર સજા છે. ઈમામ મોહમ્મદ રહમતુલ્લાહે અલયહે ફરમાવે છે કે, તેને કેદ કરવામાં આવે, ત્યાં સુધી કે મરી જાય. અથવા તેને પાછી સોંપે. (આલમગીરી)

**મસ્અલા-(૧૦)** : એક શખ્સે કોઈ પુરૂષને અજાણ સ્ત્રી સાથે એકાંતમાં નિહાળ્યો જો કે દુષ્કર્મ માં વ્યસ્ત જોયો નહી, તો શોર મચાવવો જોઈએ અથવા મારપીટ કરવાથી ભાગી જશે તો એવું જ કરે. અને જો આ વાતોની તેના પર અસર પડે નહી તો જો કતલ કરી શકે તે કતલ કરી નાખે અને સ્ત્રી તેની સાથે રાજી છે તો સ્ત્રીને પણ મારી નાખે અર્થાત તેને મારી નાખવામાં કિસાસ નથી એવી જ રીતે જો સ્ત્રીને કોઈએ બળજબરીએ પકડી અને કોઈ રીતે તેને છોડતો નથી અને આબરૂ જવાનું ગુમાન (ધારણા) છે તો સ્ત્રી થી જો થઈ શકે તો તેને મારી નાંખે. (બહર, દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૧)** : ચોરને ચોરી કરતાં દેખ્યો અને બુમો પાડવા અથવા શોર કરવા અથવા મારપીટ કરવા પર પણ અટકતો નથી કતલ કરવાનો અખત્યાર છે. એ જ હુકમ ડાકૂ અને આશાર અને દરેક ઝાલિમ અને કબીરા (મોટા) ગુનાહ કરનારાનો છે અને જે ઘરમાં નાચ રંગ, શરાબ ખોરીની મહેફિલ થાય તેનો ઘેરો ઘાલીને ઘરમાં ઘૂસી જાવ અને મદીરાપાત્ર તોડી નાખો અને તેમને બહાર કાઢી મુકો અને મકાન પાડી નાખો. (દુર્રે મુખ્તાર, બહર)

**મસ્અલા-(૧૨)** : આ અહકામ જે બયાન કરવવામાં આવ્યા તેના પર તે સમયે અમલ કરી શકે છો જ્યારે આ ગુનાહો માં ગ્રસ્ત દેખો. અને ગુનોહ કરી લીધા પછી હવે તેને સજા આપવાનો અખત્યાર નથી બલ્કે ઈસ્લામી બાદશાહ ઈચ્છે તો કતલ કરીશકે છે. (દુર્રે મુખ્તાર) કતલ વિગેરે સંબંધે જે કાંઈ બયાન થયું તે ઈસ્લામી અહકામ છે. જેઈસ્લામી રાજ્યમાંથઈ શકેછે. પરંતુહવેહિન્દુસ્તાનમાં ઈસ્લામી રાજ્ય બાકી નથી. જો કોઈને કતલ કરે તો પોતે કતલ કરી દેવામાં આવે માટે વર્તમાન સમયમાં તેના પર કેવી રીતે અમલ થઈ શકે ? અત્યારે આપણે જે કાંઈ કરી શકીએ છીએ તે એ છે કે એવા લોકોનો બહીષ્કાર કરવામાં આવે અને તેમનાથી મેળ મિલાપ, ઉઠવું બેસવું વિગેરે ત્યજી દો.

**મસ્અલા-(૧૩)** : જો ગુનોહ એવો છે જેમાં હદ વાજિબ નથી પરંતુ કોઈ કારણોસર રદ થઈ ગઈ તો સખ્ત દરજ્જાની સજા થશે. દા.ત. બીજાની દાસીને વ્યભિચારણી કહ્યું તો તે સ્વરૂપ કઝફની કદનું હતું પરંતુ કેમકે મુહસેના નથી માટે સખત પ્રકારની તઅઝીર (સજા) થશે અને જો તેમાં હદ વાજિબ નથી દા.ત. કોઈને ખબીશ (દુષ્ટ) કહયો તો તેમાં સજાની માંત્રા કાઝીના અભિપ્રાય પર છે. (આલમગીરી)

**મસ્અલા-(૧૪)** : બે શખ્સોએ પરસપર માર પીટ કરી તો બંને સજાના હકદાર છે અને પ્રથમ તેને સજા આપીશું જેણે આરંભ કર્યો. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૫)** : જાનવર સાથે ભુંડુ કામ કર્યુ અથવા કોઈ મુસલમાનને થપ્પડ મારી અથવા બજારમાં તેના માથા પરથી પાઘડી ઉતારી લીધી તો સજાના યોગ્ય છે. (આલમગીરી)

**મસ્અલા-(૧૬)** : સજાના કોરડા સખતીથી મારવામાં આવે અને ઝિનાની હદમાં તેનાથી નરમ અને શરાબની હદમાં વધુ નરમ અને કઝફની હદમાં સૌથી નરમ. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૭)** : જે શખ્સ મુસલમાનને કોઈ ફેલ અથવા કોલથી ઈઝા પહોંચાડે જો કે હાથ અથવા આંખના ઈશારાથી હોય તો સજાના યોગ્ય છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૮)** : કોઈ મુસલમાનને ફાસિક, ફાજિર, ખબીશ, લુતી, (લોંડાબાજ), વ્યાજખોર, શરાબખોર, ખાઈન, દય્યુસ, મુખન્નસ, ભડવા, ચોર, હરામઝાદા, હરામની ઔલાદ, પલીદ, કમીન, જુગારી કહેવા પર સજા કરવામાં આવે અર્થાત જ્યારે કે તે શખ્સ એવો ન હોય જેવો તેણે કહયો અને જો ખરેખર તે એબો તેનામાં જોવામાં આવે છે અને કોઈએ કહ્યું તો સજા નથી. કે તેણે ખૂદ પોતાને એવો બનાવી રાખ્યો છે. તેના કહેવાથી તેને શું ઐબ લાગ્યો ? (બહર વિગેરે)

**મસ્અલા-(૧૯)** : કોઈ મુસલમાનને ફાસિક કહ્યું અને કાઝીના ત્યાં જ્યારે દાવો થયો તેણે જવાબ આપ્યો કે મેં તેને ફાસિક કહયો છે કેમકે તે ફાસિક છે. તો તેનું ફાસિક હોવું, ગવાહોથી સાબિત કરવું પડશે અને કાઝી તેને પૂછે કે તેનામાં ફાસિકપણાની શું વાત છે. જો કોઈ ખાસ વાતની સાબિતી આપે અને ગવાહોએ પણ ગવાહી માં તે ખાસ ફિસ્ક (ફાસિકપણા)ને બયાન કર્યુ તો સજા છે અને જો ખાસ ફિસ્ક બયાન કરે નહી અને કેવળ એમ કહે કે ફાસિક છે તો કોલ પ્રમાણિત નથી અને જો ગવાહોએ બયાન કર્યુ કે તે ફરજોને તર્ક કરે છે તો કાઝી તે શખ્સને ઈસ્લામી ફરજો પૂછશે. જો બતાવી શકે નહી તો ફાસિક છે અર્થાત તે ફરજો જેનું શીખવું તેના પર ફરજ હતું અને શીખ્યો નહી તો ફાસિક હોવા માટે એજ પુરતું છે અને જો એવા મુસલમાનને ફાસિક કહયો જે જાહેર રીતે ફિસક કરે છે. દા.ત. નાજાઈઝ નોકરી કરે છે અથવા ઉઘાડે છોગે વ્યાજ લે છે વિગેરે વિગેરે તો કહેવાવાળા પર કોઈ આક્ષેપ નથી. (દુર્રે મુખ્તાર વિગેરે)

**મસ્અલા-(૨૦)** : કોઈ મુસલમાનને કાફિર કહયો તો શિક્ષા છે, હવે એ વાત કે તે કાફિર કહેનાર પોતે કાફિર થઈ ગયો કે નહી તેમાં બે સ્વરૂપો છે જો તેને મુસલમાન સમજે છે તો કાફિર થયો નહી. અને જો તેને કાફિર માને છે તો પોતે કાફિર છે કે મુસલમાનને કાફિર સમજવું ઈસ્લામ મઝહબને કુફ્ર સમઝવું છે અને ઈસ્લામ મઝહબને કુફ્ર સમજવું કુફ્ર છે. હા જો તે શખ્સમાં કોઈ એવી વાત જોવામાં આવે છે જેના આધારે તકફીર થઈ શકે અને તેણે તેને કાફિર કહયો અને કાફિર સમજ્યો તો કાફિર થશે નહી (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)આ તે સ્વરૂપમાં છે કે તે કારણ જેના આધારે તેણે કાફિર કહયો જેનું અર્થ ઘટન થઈ શકે તો મુસલમાન જ કહેવામાં આવશે. પરંતુ જેણે તેને કાફિર કહયો તે પણ કાફિર થયો નહી અને જો તેમાં સર્વથા કુફ્ર જોવામાં આવે છે જે કાંઈ રીતે અર્થ ઘટન ની ગુંજાઈશ ધરાવતું નથી તો તે મુસલમાન જ નથી અને બેશક તે કાફિર છે અને તેને કાફિર કહેવું મુસલમાનને કાફિર કહેવું નથી બલ્કે કાફિરને કાફિર કહેવું છે બલ્કે એવાને મુસલમાન સમજવો અથવા તેના કુફ્રમાં શંકા કરવું પણ કુફ્ર છે.

**મસ્અલા-(૨૧)** : કોઈ શખ્સ પર હાકિમના ત્યાં દાવો કર્યો કે તેણે ચોરી કરી અથવા તેણે કુફ્ર કર્યુ અને સાબિતી આપી શકે નહી તો શિક્ષાનો હકદાર નથી અર્થાત જ્યારે કે તેનો હેતુ ગાળ દેવું અથવા અપમાન કરવું ન હોય. (રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૨૨)** : રાફઝી, બદ મઝહબ, મુનાફિક, ઝન્દીક, યહુદી, નસરાનીના બચ્ચા. કાફિરના બચ્ચા કહેવા પર પણ શિક્ષા છે (દુર્રે મુખ્તાર, બહર) અર્થાત જ્યારે કે સુન્નીને રાફઝી અથવા બદમઝહબ અથવા બિદઅતી કહયો અને રાફઝીને કહ્યું તો કાંઈ નથી કે તેને તો રાફઝી જ કહીશું, એવી જ રીતે સુન્ની ને વહાબી અથવા ખારજી કહેવું પણ શિક્ષાના કારણરૂપ છે.

**મસ્અલા-(૨૩)** : હરામીનો શબ્દ પણ બહુ જ સખત ગાળ છે અને હરામઝાદા કહેવાના અર્થમાં છે. તેનો પણ શિક્ષાનો હુકમ થવો જોઈએ કોઈને બેઈમાન કહ્યો તો શિક્ષા થશે જોકે ઉર્ફ આમમાં આ શબ્દ કાફિરના અર્થમાં નથી બલકે, ખાઈન ના (ખયાનત કરનાર)ના અર્થમાં છે અને ખાઈન શબ્દમાં શિક્ષા છે.

**મસ્અલા-(૨૪)** : સુવ્વર, કુત્તરા, ગધેડા, બકરા, બળદ, બંદર, ઉલ્લૂ કહેવા પર પણ શિક્ષા છે, જ્યારે કે એવા શબ્દો ઉલ્મા સાદાત અથવા સારા લોકોની શાનમાં ઉપયોગ કર્યા (હિદાયા વિગેરે) આ કેટલાક શબ્દો જેના કહેવા પર શિક્ષા થાય છે બયાન કરી દીધા બાકી હિન્દુસ્તાનમાં ખાસ કરીને લોકોમાં આજ કાલ અધિકતાથી બહુજ નિર્લજ શબ્દો ગાળમાં બોલવામાં આવે છે અથવા કેટલાક બેબાક લોકો મશ્કરી અને દિલ્લગીમાં કહે છે એવા શબ્દો ઈરાદા પૂર્વક લખ્યા નથી અને તેમનો હુકમ જાહેર છે કે ઈજ્જતદારને કહ્યા જેમની તે શબ્દોથી બેઈજ્જતી થાય છે તો શિક્ષા છે અથવા તે શબ્દોથી દરેક શખ્સની બેઈજ્જતી છે તો પણ શિક્ષા છે.

**મસ્અલા-(૨૫)** : જેને ગાળ દીધી અને કોઈ એવો શબ્દ કહયો, જેમાં શિક્ષા છે અને તેણે માફ કરી દીધુ તો શિક્ષા રદ થઈ જશે અને તેની શાનમાં કેટલાક શબ્દો કહ્યા તો દરેક પર શિક્ષા છે એવું થશે નહી કે એકની શિક્ષા સૌના સ્થાને હોય. એવી જ રીતે જો કેટલાક શખ્સો સંબંધે કહયું. દા. ત. "તમે સૌ ફાસિક છો" તો દરેક શખ્સના તરફથી અલગ અલગ શિક્ષા થશે. (રદદુલ મુહતાર)

**મસ્અલા-(૨૬)** : જેને ગાળ દીધી જો તે સાબિતી રજુ ન કરી શકયો તો ગાળ દેવાવાળા થી સપથ (સોગંદ) લઈશું. જો સોગંદ ખાવાથી ઈન્કાર કરે તો શિક્ષા થશે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૨૭)** : જ્યાં શિક્ષામાં કોઈ બંદાનો હક્ક સંબંધિત ન હોય દા.ત. એક શખ્સ ફાસિકો ના ટોળામાં બેસે છે અથવા તેણે કોઈ સ્ત્રીને ચુંબન કર્યુ અને કોઈ દેખવાવાળા એ કાઝી પાસે તેની ખબર આપી તો આ શખ્સ જો કે જાહેરમાં વાદીના રૂપમાં છે પરંતુ ગવાહ બની શકે છે માટે જો તેના સાથે એક બીજો શખ્સ ગવાહી આપે તો શિક્ષાનો હુકમ થશે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૨૮)** : પતિ પોતાની પત્નીને આ બાબતો પર મારી શકે છે (૧) સ્ત્રી જો શકિત હોવા છતાં બનાવ-શણગાર ન કરે અર્થાત જે શણગાર શરઅ નાજાઈઝ છે તેના ન કરવા પર મારી શકે છે અને જો પતિ પુરૂષનો લિબાસ પહેરવાનું અથવા છુંદણા છુંદવાનું કહે છે અને કરતીનથી તો મારવાનો હક નથી, એવી જ રીતે જો સ્ત્રી બીમાર છે. અથવા એહરામ બાંધે છે અથવા જે પ્રકારના શણગારનું કહે છે. તે તેના પાસે નથી તો મારી શકતો નથી.

(૧) જનાબત (સંભોગ) નું ગુસ્લ કરતી નથી.

(૨) ઈજાઝત વગર ઘેરથી ચાલી ગઈ. જે પ્રસંગે તેણે ઈજાઝત લેવાની જરૂરત હતી.

(૩) પોતાના પાસે બોલાવી અને તે આવી નહી જ્યારે કે હૈઝ તથા નિફાસથી પાક હતી અને ફરઝ રોઝો પણ રાખેલો ન હતો.

(૪) નાના નાસમજ બાળકને મારવા પર

(૫) પતિને ગાળ દીધી ગધેડા વિગેરે કહ્યું. અથવા

(૬) તેના કપડાં ફાડી નાંખ્યા.

(૭) ગેર મહરમ સામે ચહેરો ખોલી દીધો.

(૮) અજાણ્યા પુરૂપ થી વાત કરી.

(૯) પતિથી વાત કરી અથવા ઝઘડો કર્યો, એ ગરજથી કે અજાણ્યો શખ્સ તેનો અવાઝ સાંભળે

અથવા પતિની કોઈ વસ્તુ ઈજાઝત વગર કોઈને આપી દીધી. અને તે એવી વસ્તુ હોય કે સ્ત્રીઓ એવી વસ્તુ ન આપવાની ટેવ ધરાવતી હોય. અને જો એવી વસ્તુ આપી જેને આપવાની આદત છે તો મારી શકતા નથી (બહર)

**મસ્અલા-(૨૯) :** સ્ત્રી જો નમાઝ પઢતી નથી તો અકસર ફુકહાની નઝદીક પતિને મારવાનો અખત્યાર છે અને માં બાપ જો નમાઝ ન પઢે અથવા બીજો કોઈ ગુનોહ કરે તો ઔલાદે તેમને સમજાવવા જોઈએ. જો માની જાય તોઠીક નહી તો મૌન ધારણ કરે અને તેમના માટે દુઆ તથા ઈસ્તીગફાર કરે. અને કોઈની માં જો કયાંક શાદી વિગેરેમાં જવા ઈચ્છે તો ઔલાદને મના કરવાનો હક નથી. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૩૦) :** નાના બાળકને પણ શિક્ષા કરી શકો છો અને તેને સજા તેનો બાપ અથવા દાદો અથવા તેમનો (વાલી) અથવા ઉસ્તાદ આપશે અને માં ને પણ સજા આપવાનો અખત્યાર છે. કુરઆન પઢવા અને અદબ પ્રાપ્ત કરવા અને ઈલમ શીખવા માટે બાળકને તેના બાપ, માં મજબૂર કરી શકે છે. યતીમ બાળક જે તેની પરવરીશમાં છે તેને પણ તે વાતો પર મારી શકે છે જે વાત પર પોતાના છોકરાઓને મારતો. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૩૧) :** સ્ત્રીને એટલી બધી મારી શકતા નથી કે હાડકું તુટી જાય અથવા ચામડી ફાટી જાય અથવા નીલા ડાઘ (ચાઠા) પડી જાય અને જો એટલું મારી અને સ્ત્રીએ દાવો કરી દીધો અને ગવાહોથી સાબિત કરી દીધું તો પતિ પર આ મારવાની શિક્ષા છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૩૨) :** પત્નીએ એ હેતુથી કુફ્ર કર્યુ કે પતિથી જુદાઈ થઈ જાય તો તેને સજા આપવામાં આવે અને ઈસ્લામ લાવવા અને એ જ પતિથી નિકાહ કરવા માટે મજબૂર કરવામાં આવે. બીજા થી નિકાહ કરી શકતી નથી. (દુર્રે મુખ્તાર)

## ચોરીની હદ (સજા) નું બયાન

અલ્લાહ અઝવ જલ્લ ફરમાવે છે : **"અસ્સારે કુસ્સારેકતો ફકતઊ અયદેહુમા જઝાઅમ બિમા કસબા નકાલમ મિનલ્લાહે. વલ્લાહો અઝીઝુન હકીમ ફ મન તાબ મિમ્બઅદે ઝુલ્મેહિ"**

**તરજુમો :** ચોરી કરનાર પુરૂષ અને ચોરી કરનાર સ્ત્રી આ બંનેના હાથ કાપી નાખો, આ સજા છે તેમના ફેલની અલ્લાહ તરફથી સરઝનિશ છે. અને અલ્લાહ ગાલિબ હિકમતવાળો છે અને જો ઝુલ્મ પછી તૌબા કરે અને પોતાની હાલત દુરસ્ત કરી લેતો બેશક અલ્લાહ તેની તૌબા કબૂલ કરશે, બેશક અલ્લાહ બખ્શનાર મહેરબાન છે.

**હદીસ-(૧) :** ઈમામ બુખારી તથા મુસ્લિમ અબૂ હુરૈરહ રદિયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું-ચોર પર અલ્લાહની લઅનત છે કે ઈંડુ (પોતે)ચોરી છે જેના પર તેનો હાથ કાપવામા આવે છે. અને દોરડું (રસ્સી) ચોર છે તેના પર હાથકાવામાં આવે છે.

**હદીસ-(૨) :** અબૂ દાઉદ તથા તિરમિઝી તથા નસાઈ તથા ઈબ્ને માજા ફોઝાલા બિન ઉબૈદ રદિયલ્લાહો અન્હોથી રાવી કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની પાસે એક ચોરને લાવવામાં આવ્યો તેનો હાથ કાપવામાં આવ્યો. પછી હુઝૂરે ફરમાવ્યું તે કાપેલો હાથ તેની ગરદનમાં લટકાવી દેવામાં આવે.

**હદીસ-(૩) :** ઈબ્ને માજા સફવાન બિન ઉમૈયાથી અને દારોમી ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહો અન્હા માંથી રાવી કે, સફવાન ઈબ્ને મૈયા મદીનામાં આવ્યા અને પોતાની ચાદરનો તકીયો લગાવીને મસજીદમાં સુઈ ગયા. ચોર આવ્યો અને તેમની ચાદર લઈને ભાગ્યો. તેમણે તેને પકડયો અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ની ખિદમતમાં હાજર કર્યો. હુઝૂરે હાથ કાપવાનો

હુકમ ફરમાવ્યો, સફવાને અરજ કરી મારો આ મતલબ ન હતો, આ ચાદર તેના પર સદકો છે. આપે ફરમાવ્યુ-મારી પાસે હાજર કરવાથી પહેલા તમોએ એવું કેમ ન કર્યુ ?

**હદીસ-(૪)** : ઈમામ માલિકે અબ્દુલ્લાહ બિન ઉમર રદિયલ્લાહો અન્હો માંથી રિવાયત કરી કે એક શખ્સ પોતાના ગુલામ ને હઝરત ઉમર રદિયલ્લાહો અન્હોની ખિદમતમાં હાજર કર્યો અને કહ્યું કે તેનો હાથ કાપો કે તેણે મારી પત્નીનો આઈનો ચોર્યો છે. અમીરૂલ મોમીનીને ફરમાવ્યું તેનો હાથ કાપવામાં આવશે નહી કે તમારો ગુલામ છે. જેણે તમારો માલ લીધો છે.

**હદીસ(૫)** : તિરમિઝી તથા નસાઈ તથા ઈબ્ને માજા દારોમી જાબિર રદિયલ્લાહો અન્હોથી રાવી છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું ખાઈન (ખયાનત કરનાર) અને લૂટનારા અને ઉપાડી જનારના હાથ કાપવામાં આવશે નહી.

**હદીસ-(૬)** : ઈમામ માલિક, તિરમિઝી, અબૂ દાઉદ, નસાઈ, ઈબ્ને માજા તથા દારામી રાફેઅ બિન હઝબજ રદિયલ્લાહો અન્હોથી રાવી કે હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું-ફળ અને ગાભાની ચોરીમાં હાથ કાપવાવું નથી અર્થાત જ્યારે કે વૃક્ષ પર લાગેલા હોય અને કોઈ ચોરે.

**હદીસ-(૭)** : ઈમામ માલિકે, રિવાયત કરી કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું વૃક્ષો પર જે ફળ લાગેલા હોય તેમનામાં કાપવું નથી અને ન તે બકરીઓ ની ચોરીમાં જે પહાડ (પર્વત) પર હોય, હા જ્યારે મકાન પર આવી જાય અને ફળ ખળીમાં ભેગા કરી લેવામાં આવે અને સપરની કીમતે પહોંચે તો કાપવું છે.

**હદીસ-(૮)** : અબ્દુલ્લાહ બિન ઉમર તથા બીજા સહાબા રદિયલ્લાહો અન્હુમાથી રિવાયત છે કે હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે **સપર** (ઢાળ) ની કીમતમાં હાથ કાપવા નો હુકમ આપ્યો છે. સપરની કીમતમાં રિવાયતો બહુ જ વિભિન્ન છે. કેટલાકમાં ત્રણ ચાંદીના **દિરહમ**, કેટલાકમાં ચાર દીનાર, કેટલાક **દસ દિરહમ**, અમારા ઈમામેઆઝમ રદિયલ્લાહો અન્હોએ લગભગ દસ દિરહમવાળી રિવાયત પર અમલ કર્યો છે.

## ફિકહી અહકામો

ચોરી એ છે કે બીજાનો માલ છુપાવીને ના હક લઈ લેવામાં આવે અને તેની સજા હાથ કાપવું છે. પરંતુ હાથ કાપવા માટે કેટલીક શરતો છે.

(૧) ચોરી કરનાર મુકલ્લફ હોય **અર્થાત** બાળક અથવા ગાંડો ન હોય, હવે તે ભલે **પુરૂષ** હોય કે સ્ત્રી, આઝાદ હોય કે ગુલામ, મુસલમાન હોય કે કાફિર, અને જો ચોરી કરવાના સમયે ગાંડો ન હતો પછી ગાંડો થઈ ગયો તો હાથ કાપવામાં આવે નહી.

(૨) મુંગો ન હોય (૩) આંખો વાળો હોય અને જો મુંગો છે તો હાથ કાપવો નહી કે, શકય છે કે પોતાનો માલ સમજી ને લીધો હોય એવી જ રીતે આંધળાનો હાથ કાપવામાં આવે નહી કે કદાચ તેણે પોતાનો માલ સમજી ને લીધો હોય.

(૪) દસ દિરહમ ચોર્યો અથવા તેટલી કીમત નું સોનું અથવા બીજી કોઈ વસ્તુ ચોરી કરે, તેનાથી ઓછા માં હાથ કાપવામાં આવશે નહી.

(૫) દસ દિરહમની કીમત ચોરતા સમયે પણ હોય અને હાથ કાપવાના સમયે પણ હોય.

(૬) અને એટલી કીમત તે સ્થળે હોય જ્યાં હાથ કાપવામાં આવશે. માટે જો ચોરી કરતા સમયે તે વસ્તુ દસ દિરહમ ની કીમત ની હતી પરંતુ હાથ કાપવાના સમયે તેનાથી ઓછાની થઈ ગઈ અથવા જ્યાં ચોરી કરી છે ત્યાં તો હજુ પણ દસ દિરહમ કીમતની છે પરંતુ જ્યાં હાથ કાપવામાં આવશે ત્યાં ઓછાની છે તો હાથ કાપવામાં આવે નહી, હા જો કોઈ ખામીના કારણે કીમત ઓછી થઈ ગઈ અથવા તેમાંથી થોડુક નષ્ટ થઈ ગયું કે દસ દિરહમની રહી નહી તો બન્ને સ્વરૂપોમાં હાથ કાપવામાં આવશે.

(૭) અને ચોરી કરવામાં સ્વયં તે વસ્તુ નું ચોરવું ઉદ્દશ્ય હોય માટે જો અચકન વિગેરે કોઈ કપડું ચોર્યું અને કપડાંની કીમત દસ દિરહમ થી ઓછી છે પરંતુ તેમાં દીનારે નીકળ્યો તો જેને ઈરાદા પૂર્વક ચોર્યો તે દસ દીરહમ નો નથી માટે હાથ કાપવામાં આવશે નહી. હા, જો તે કપડું આ દિરહમોના પાત્ર હોય તો કાપવું છે કે હેતુ, કપડું ચોરવું નથી બલ્કે તે વસ્તુનું ચોરવું છે અથવા કપડું ચોર્યું અને જાણ તો હતો કે તેમાં રૂપિયા પણ છે તો બન્નેને ઈરાદા પૂર્વક ચોરવું ઠેરવવામાં આવશે. જો કે કહે તો હોય કે મારો હેતુ કેવળ કપડું ચોરવું હતો. એવી જ રીતે જો રૂપિયાની થેલી ચોરી તો જો કે કહેજો મને ખબર ન હતી કે તેમાં રૂપિયા છે અને ન મેં રૂપિયા ના વિચારથી ચોરી બલ્કે મારો હેતું કેવળ થેલી ચોરવાનો હતો તો હાથ કાપવામાં આવશે અને તેના કોલનો વિશ્વાસ કરવામાં આવશે નહી.

(૮) તે માલને એવી રીતે લઈ ગયો હોય કે તેનું કાઢવું જાહેર હોય માટે જો મકાનના અંદર જ્યાંથી લીધું ત્યાં અશરફી ગળી ગયો તો કાપવું નથી બલ્કે તાવાન (દંડ) લાઝિમ છે.

(૯) ગુપ્ત લીધું હોય અર્થાત જો દિવસમાં ચોરી કરી તો મકાનમાં જવું અને ત્યાંથી માલ લેવો બન્ને સંતાઈને હોય અને જો ગયો સંતાઈને પરંતુ માલનું લેવું એલાનયા હોય. જેવું કે ડાકુ કરે છે. તો તેમાં હાથ કાપવું નથી મગરિબ તથા ઈશા દરમિયાન નો સમય દિવસના હુકમમાં છે અને જો રાત માં ચોરી કરી અને જવું ગુપ્ત રીતે થયું જો કે માલ લેવું એલાનીયા અથવા લડાઈ કરીને હોય તો હાથ કાપવામાં આવે.

(૧૦) જેના ત્યાંથી ચોરી કરી તેનો કબજો સહીહ હોય ભલે તે માલનો માલિક હોય કે અમીન અને જો ચોરના ત્યાંથી ચોરી લીધો તો કાપવાનું નથી અર્થાત જ્યારે કે પ્રથમ ચોરનો હાથ કાપવામાં આવ્યો હોય, નહી તો કાપવામાં આવશે.

(૧૧) એવી વસ્તુ ન ચોરી હોય જે જલ્દી ખરાબ થઈ જાય છે, જેવું કે માંસ અને સબજીઓ.

(૧૨) તે ચોરી દારૂલ હર્બમાં ન હોય.

(૧૩) માલ સુરક્ષિત હોય અને રક્ષણના બે સ્વરૂપો છે એક એ કે તે માલ એવા સ્થળે હોય જે રક્ષણ માટે બનાવવામાં આવ્યું હોય, જેવું કે મકાન, દુકાન, તંબુ, ખઝાનો, સંદૂક, બીજું એકે તે સ્થળ એવું નથી પરંતુ ત્યાં કોઈ રક્ષક નિયુકત હોય જેવું કે મસ્જિદ, રસ્તો, મેદાન.

(૧૪) દસ દિરહમ જેટલું એક વખત મકાનથી બહાર લઈ ગયો હોય અને જો કેટલા એ વખત લઈ ગયો કે સૌનું સંચય દસ દિરહમ અથવા અધિક છે પરંતુ દરેક વખત દસથી ઓછું. ઓછું લોઈ ગયો તો કાપવું નથી કે આ એક વખત નથી બલ્કે અનેક છે. હવે જો દસ દિરહમ એક વખત લઈ ગયો અને તે સૌ એક જ શખ્સના હોય અથવા કેટલાએ શખ્સોના. દા.ત. એક મકાનમાં કેટલાંક શખ્સો રહે છે અને થોડુંક થોડુંક દરેક નું ચોર્યું જેની સંખ્યા દસ દિરહમ અથવા અધિક છે જો કે દરેક નું દસથી ઓછું છે. બન્ને સ્વરૂપોમાં કાપવું છે.

(૧૫) શંકા અથવા અર્થઘટન ની ગુંજાઈશ ન હોય, માટે જો બાપ નો માલ ચોર્યો અથવા કુરઆન મજીદ ની ચોરી કરી તો કાપવું નથી કે પ્રથમમાં શંકા છે અને બીજામાં એ અર્થ ઘટન છે કે વાંચવા માટે લીધું છે.(દુર્રે મુખ્તાર, બહર, આલમગીરી)

**મસ્અલા-(૧)** : કેટલાક શખ્સોએ ભેગા મળીને ચોરી કરી. જો દરેક ને દસ દિરહમ જેટલો ભાગ મળ્યો તો સૌના હાથ કાપવામાં આવે, ભલે સૌએ માલ લીધો હોય અથવા કેટલાકોએ લીધો અને કેટલાક નિગેહબાની કરતા રહ્યા. (આલમગીરી, બહર)

**મસ્અલા-(૨)** : ચોરીની સાબિતી માટે બે પ્રકાર છે એક એ કે ચોર પોતે એકરાર કરે અને તેમાં કેટલાંક વખતની હાજત નથી. કેવળ એક વખત કાફી છે. બીજું એકલા પુરૂષો ગવાહી આપે અને જો એક પુરૂષ અને બે સ્ત્રીઓએ ગવાહી આપી તો

કાપવુ નથી. પરંતુ માલનું તાવાન આપવામાં આવે અને ગવાહોએ એ ગવાહી આપી કે અમારા સામે (રૂબરૂ) એકરાર કર્યો છે તો આ ગવાહી વિશ્વાસ પાત્ર નથી. ગવાહનું આઝાદ હોવું શરત નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૩)** : કાઝી ગવાહોથી કેટલીક વાતોના સવાલ કરે, કેવી રીતે ચોરી કરી અને કયાં ચોરી કરી અને કેટલાની કરી અને કોની વસ્તુ ચોરી. જ્યારે ગવાહ આ વાતોનો જવાબ આપે અને હાથ કાપવાની તમામ શરતો જોવામાં આવે તો કાપવાનો હુકમ છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૪)** : પ્રથમ એકરાર કર્યો પછી ફરી ગયો અથવા કેટલાક શખ્સો એ ચોરીનો એકરાર કર્યો હતો, તે પૈકી એક પોતાના એકરાર થી ફરી ગયો અથવા ગવાહોએ તેની ગવાહી આપી કે અમારા રૂબરૂ એકરાર કર્યો છે અને ચોર ઈન્કાર કરે છે, કહે છે મેં એકરાર કર્યો નથી અથવા કાંઈ જવાબ આપતો નથી તો તે સઘળી સુરતોમાં કાપવું નથી પરંતુ એકરાર થી રજૂઅ કર્યું તો તાવાન લાઝમી છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૫)** : એકરાર કરીને નાસી ગયો તો કાપવું નથી કે નાસવું રજૂઅ ના સ્થાને છે. હા તાવાન લાઝિમ છે અને ગવાહો થી સાબિત થાય તો કાપવું છે. જો કે નાસી જાય, જો કે હુકમ સંભળાવવાથી પહેલા નાઠો હોય અલબત જો બહુજ દિવસો પછી ગિરફતાર થયો તો તમાદી (સમય) લાગુ થઈ ગયો પરંતુ તાવાન લાઝિમ છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૬)** : વાદી ગવાહ રજુ કરી શકયો નહી, ચોર પર સપથ રાખ્યો, તેણે સપથ લેવાનો ઈન્કાર કર્યો તો તાવાન આપવામાં આવે, પરંતુ કાપવું નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૭)** : ચોરને મારી ઝુડીને એકરાર કરાવવું જાયઝ છે કે આ સુરત ન હોય તો ગવાહો થી ચોરીની સાબિતી બહુ મુશ્કેલ છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૮)** : હાથ કાપવાનો કાઝી એ હુકમ આપી દીધો હવે તે વાદી કહે છે કે આ માલ તેના જ છે અથવા મેં તેના પાસે અમાનત મુકયો હતો અથવા કહે છે કે ગવાહો એ જુઠી ગવાહી આપી અથવા તેણે ગલત એકરાર કર્યો તો હવે હાથ કાપવામાં આવી શકતો નથી. (દુર્રે મુખતાર)

**મસ્અલા-(૯)** : ગવાહોના બયાન માં મતભેદ હોય, એક કહે છે કે ફલાંણા પ્રકારનું કપડું હતું બીજો કહે છે ફલાણાં પ્રકારનું હતું તો કાપવું નથી (બહર) એકરાર તથા ગવાહી ના જુઝઈય્યાત બહુ જ છે. કેમકે અહીયા હદો પ્રચલિત નથી માટે બયાન કરવાની જરૂરત નથી.

**મસ્અલા-(૧૦)** : હાથ કાપતા સમયે વાદી અને ગવાહોનું હાજર હોવું જરૂરી નથી બલ્કે જો ગાયબ હોય અથવા મરી ગયા હોય તો પણ હાથ કાપી નાખવામાં આવશે. (દુર્રે મુખ્તાર)

## કઈ વસ્તુઓમાં હાથ કાપવામાં આવશે ને કઈ માં નહી ?

**મસ્અલા-(૧)** : સાખૂ, આબનૂસ, અગરનું લાકડું, સંદલ નેઝહ, મુશ્ક, ઝઅફરાન, અંબર અને દરેક પ્રકારના તેલ, ઝમર્રૂદ, યાકૂત, ઝબરજદ, ફીરોઝા, મોતી અને દરેક પ્રકાર ના જવાહિર (મોતીઓ) લાકડાની દરેક પ્રકારની કીમતી વસ્તુઓ, જેવું કે ખુરસી, મેઝ, પાટ, દરવાઝો જે હજુફીટ ન કરવામાં આવ્યા હોય, લાકડાના વાસણ, એવી જ રીતે તાંબા, પીતળ, લોખંડ ચામડા વિગેરેના વાસણ, છરી, ચાકુ, કાતર અને દરેક પ્રકારના અનાજ ઘઉં, જવ, ચોખા અને સત્તૂ, લોટ, મોરસ, ઘી, સિરકો, મધ, ખજૂર, ખારેક, દ્રાક્ષ, કપાસ, ઉન, કંતાન, પહેરવાના કાપડાં, પથારી અને દરેક પ્રકારના ઉમદા અને સુંદર માલમાં હાથ કાપવામાં આવશે.

**મસ્અલા-(૨)** : તુચ્છ વસ્તુઓ જેને સુરક્ષિત રાખવાની આદત ન હોય અને અસલની ગણના

એ ઉચિત હોય અને હજુ તેમનામાં કોઈ એવી કારીગરી પણ થઈ ન હોય જેના કારણે કીમતી થઈ જાય, તેમનામાં હાથ કાપવામાં આવશે નહી, જેવું કે દા.ત. સાધારણ લાકડું, ઘાસ, નરકલ, માછલી, પક્ષી, ગેરૂ, ચુનો, કોલસા, મીઠું, માટીના વાસણ પાકી ઈંટો, એવી જ રીતે કાચ જો કે કીમતી હોય કે જલ્દી તુટી જાય છે અને તુટી જવાથી કીમતી રહેતો નથી. એવીજ રીતે તે વસ્તુઓ જે જલ્દી ખરાબ થઈ જાય છે, દા.ત. કે દૂધ, માંસ તૈયાર ભોજન દા.ત. રોટી, બલ્કે દુકાળના સમયમાં અનાજ ઘઉં ચોખા, જવ વિગેરે પણ અને લીલા મેવા જેવા કે દ્રાક્ષ, નાશપતી, સફરજન, બિહી, અનાર, અને સૂકા મેવામાં હાથ કાપવામાં આવશે. દા.ત. અખરોટ, બદામ વિગેરે જ્યારે કે સુરક્ષિત હોય. જો વૃક્ષ પરથી ફળ તોડે અથવા ખેતી કાપી લઈ ગયો તો કાપવું નથી. જો કે વૃક્ષ મકાન ના અંદર હોય કે ખેતી નું રક્ષણ થતું હોય અને ફળ તોડીને અથવા ખેતી ને કાપીને રક્ષણ માં રાખી, હવે ચોરસે તો હાથ કાપવું છે.

**મસ્અલા-(૩)** : શરાબની ચોરી કરી તો કાપવું નથી. હા જો શરાબ કીમતી વાસણમાં હતી કે તે વાસણની કીમત દસ દિરહમ છે અને કેવળ શરાબ નહી બલ્કે વાસણની ચોરી કરવું ધ્યેય હતો. દા.ત. જાહેરી રીતે જોવાથી દેખવાથી એમ જણાય છે કે તે વાસણ મુલ્યવાન છે તો કાપવું છે. (રદદુલ મુહતાર)

**મસ્અલા-(૪)** : લહવો-લઈબ (આમોદ પ્રમોદ)ની વસ્તુઓ જેવું કે ઢોલ, તબલા, સારંગી વિગેરે દરેક પ્રકારના વાજીંત્ર તબલેજંગ (યુધ્ધિક નગારૂં) ચોર્યું હાથ કાપવામાં આવશે નહી, એવી જ રીતે સોના ચાંદીની સલીબ (ક્રોસ) અથવા મૂર્તિ અને શતરંજના પ્યાદા ચોરવામાં કાપવું નથી. અને રૂપિયા અશરફી પર તસ્વીર હોય જેવું કે આજ કાલ હિન્દુસ્તાન વિગેરે ના રૂપિયા વિગેરે તો કાપવું નથી. (દુર્રે મુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા-(૫)** : ઘાસ અને નરકલની મોંઘી ચટાઈ ઓ કે કારીગરી ના કારણે મુલ્યવાન બની ગઈ, જેવું કે આજકાલ મુંબઈ, કલકત્તા થી આવે છે તેમાં કાપવું છે. (રદદુલ મુહતાર)

**મસ્અલા-(૬)** : મકાનનો બહારનો દરવાજો અને મસ્જિદનો દરવાજો બલ્કે મસ્જિદની બીજી વસ્તુ ઓ ઝાડ ફાનૂસ (ઝુમ્મર), હાંડીયો, કુમકુમા, ઘડિયાળ, જાનમાઝ વિગેરે અને નમાઝી ઓના બુટ-ચંપલ ચોરવામાં કાપવું નથી, પરંતુ જે આ પ્રકારની ચોરી કરતો હોય તેને પૂરી સજા કરવામાં આવે અને કેદ કરે ત્યાં સુધી કે સાચી તૌબા કરી લે બલ્કે દરેક એવા ચોરને જેમાં કોઈ શંકાના અધારે કાપવું ન હોય. શિક્ષા કરવામાં આવે. (રદદુલ મુહતાર)

**મસ્અલા-(૭)** : હાથી દાંત અથવા તેની બનેલી વસ્તુ ચોરવામાં કાપવું નથી જો કે કારીગરીના કારણે મુલ્યવાન બની હોય અને ઉંટના હાડકાની મુલ્યવાન વસ્તુ બની હોય તો કાપવું છે. (આલમગીરી)

**મસ્અલા-(૮)** : સિંહ, ચિત્તા વિગેરે પશુને ઝુબહ કરીને તેમના ચામડાને પથારી અથવા જાનમાઝ (મુસલ્લો) બનાવી લીધો છે તો કાપવું છે નહી તો નથી. અને બાઝ, શકરા, શ્વાન, ચિત્તા વિગેરે જાનવરોને ચોર્યા તો કાપવું નથી. (આલમગીરી)

**મસ્અલા-(૯)** : કુરઆન શરીફની ચોરી કરી તો કાપવું નથી, જો કે સોના ચાંદીનું તેના પર કામ હોય એવી જ રીતે તફસીર તથા હદીસ તથા ફિકહ તથા નહવ તથા લુગત તથા અશઆર (કાવ્યો) ના પુસ્તકોમાં પણ કાપવું નથી. (આલમગીરી)

**મસ્અલા-(૧૦)** : ખાતાવહીઓ જોકે બેકાર થઈ ગઈ અને તે કાગળો દસ દિરહમની કીમત ના છે તો કાપવું છે, નહી તો નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૧)** : આઝાદ બાળકની ઉઠાંતરી કરી જો કે ઘરેણા પહેરેલ છે, હાથ કાપવામાં આવશે નહી. એવી જ રીતે જ મોટા ગુલામ ને જે પોતાને બતાવી શકે છે ચોર્યું તો કાપવું નથી જો કે નિંદ્રા અથવા બેહોશી અથવા ગાંડપણ ની હાલતમાં

તેની ઉઠાંતરી કરી હોય અને જો ના સમજ ગુલામની ચોરી કરી તો કાપવું છે. (આલમગીરી)

**મસ્અલા-(૧૨)** : એક શખ્સના બીજા શખ્સ પર દસ દિરહમ લેણા હતા. કરજ ખ્વાહે કરજદાર ના ત્યાંથી રૂપિયા અથવા અશરફીઓની ચોરી કરી લીધી તો કાપવું નથી. અને જો સામાન ચોર્યો અને કહે છે કે મેં પોતાના રૂપિયા ના બદલામાં લીધો અથવા ગરવી તરીકે પોતાના પાસે રાખવા માટે લાવ્યો તો કાપવું નથી. (આલમગીરી)

**મસ્અલા-(૧૩)** : અમાનતમાં ખયાનત કરી અથવા માલ લૂટી લીધો અથવા ઝૂંટવી લીધો તો કાપવું નથી. એવી જ રીતે કબ્રમાંથી કફન ચોરવામાં કાપવું નથી. જો કે કબ્ર તાળાબંધ મકાનમાં હોય બલ્કે જે મકાનમાં કબ્ર છે તેમાંથી કફન ઉપરાંત કોઈ બીજું કપડુ ચોર્યું તો પણ કાપવું નથી બલ્કે જે ઘરમાં મૈયિત હોય ત્યાંથી કોઈ વસ્તુની ચોરી કરી તો કાપવું નથી. હા, જો તે ફેલ (કાર્યો) નો આદી (રીઢા) હોય ચોરી કરી તો શિક્ષાની રીતે હાથ કાપી નાખીશું. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૪)** : ઝીરહમ (ગર્ભાશયના સબંધવાળી) મહરમના ત્યાંથી ચોરી કરી તો કાપવું નથી જો કે તે માલ બીજા કોઈનો હોય અને ઝીરહમ મુહરમ નો માલ બીજાના ત્યાં હતો ત્યાંથી ચોર્યો તો કતઅ (કાપવું) છે. પતિએ પત્નીના ત્યાંથી અથવા પત્નીએ પતિના ત્યાંથી અથવા ગુલામે પોતાના માલિક અથવા માલિકની પત્નીના ત્યાંથી અથવા પત્નીના ગુલામે તેના પતિના ત્યાંથી ચોરી કરી તો કતઅ (કાપવું) નથી. એવી જ રીતે વેપારીઓની દુકાનેથી ચોરી કરવામાં પણ કતઅ નથી બલ્કે એવા સમયે ચોરી કરી કે તે સમયે લોકો ને ત્યાં જવાની છૂટ છે (કતઅ નથી). (દુર્રે મુહતાર)

**મસ્અલા-(૧૫)** : મકાન જ્યારે સુરક્ષિત છે તો હવે તેની જરૂરત નથી કે ત્યાં કોઈ રક્ષક નિયુકત હોય અને મકાન સુરક્ષિત ન હોય તો રક્ષક વગર હિફાઝત નથી. દા.ત. મસ્જિદ માંથી કોઈની કોઈ વસ્તુ ચોરી તો કતઅ નથી. પરંતુ જ્યારે કે તેનો માલિક ત્યાં હાજર હોય જો કે સુઈ રહ્યો હોય અર્થાત માલિક એવી જગ્યા એ હોય કે માલ ને ત્યાં થી દેખી શકે, એવી જ રીતે મેદાન અથવા રસ્તામાં જો માલ છે અને રક્ષક ત્યાં નજીકમાં છે તો કતઅ છે. નહી તો નથી. (દુર્રે મુખ્તાર, આલમગીરી)

**મસ્અલા-(૧૬)** : જે જગ્યા એક વસ્તુના રક્ષણ માટે છે તે બીજી વસ્તુના રક્ષણ માટે પણ ઠરશે. દા.ત. તબેલામાંથી જો રૂપિયા ચોરવામાં આવ્યા તો કતઅ છે જો કે તબેલો રૂપિયાના રક્ષણની જગ્યા નથી. (આલમગીરી)

**મસ્અલા-(૧૭)** : જો કોઈ એ કેટલાક વખત ચોરી કરી તો ઈસ્લામી બાદશાહ તેને સજાની રીતે કતલ કરી શકે છે. (દુર્રે દુખ્તાર)

## હાથ કાપવાનું બયાન

**મસ્અલા-(૧)** : ચોરનો જમણો હાથ કાંડાથી કાપીને ઉકળતા તેલમાં ડામી દઈશું. અને જો સખત ગરમી અથવા સખત શર્દીની મોસમ હોય હોય તો હમણાં કાપો નહી બલ્કે તેને કેદમાં રાખો. ગરમી અથવા શર્દીની તિવ્રતા ઘટવા પર કાપો. તેલની કીમત અને કાપનાર અને ડામવા વળાનું મહેનતાણું અને તેલ ઉકાળવાના ખર્ચા સૌ ચોરના માથે છે. અને તેના પછી જો ફરી ચોરી કરે તો હવે ડાબો પગ ઘુંટી થી કાપી નાખીશું. તે પછી ફરીથી જો ચોરી કરે તો હવે કાપીશું નહી બલ્કે શિક્ષાની રીતે મારીશું અને કેદમાં રાખીશું ત્યાં સુધી કે તૌબા કરી લે. અર્થાત તેના ચહેરાથી એ જાહેર થવા લાગે કે સાચા દિલથી તૌબા કરી અને નેકીના ચિન્હ પ્રકટ થાય. (દુર્રે મુખ્તાર વિગેરે)

**મસ્અલા-(૨)** : જો જમણો હાથ તેનો શલ (અકકડ) થઈ ગયો છે, અથવા તેમાં અંગૂઠો અથવા આંગળી ઓ કપોઅલી હોય તો પણ કાપી નાખીશું અને ડાબો હાથ શલ થઈ ગયો હોય અથવા તેનો અંગુઠો અથવા બે આંગણીઓ

કપાએલી હોય તો હવે જમણો કાપીશું નહી. એવી જ રીતે જો જમણો પગ બેકાર હોય અથવા કપાએલો હોય તો ડાબો પગ કાપીશું નહી બલ્કે કેદ કરીશું. (આલમગીરી, દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૩)** : હાથ કાપવાની શરત એ છે કે જેનો માલ ચોરાયો છે તે પોતાના માલની માંગણી કરે ભલે ગવાહો થી ચોરી ની સાબિત થાય અથવા ચોરે પોતે એકરાર કર્યો હોય અને એ પણ શરત છે કે જ્યારે ગવાહ ગવાહી આપે તે સમયે તે હાજર હોય અને જે સમયે હાથ કાપવામાં આવે તે સમયે પણ હાજર હોય, માટે જો ચોર ચોરીનો એકરાર કરે છે અને કહે છે કે મેં ફલાણો શખ્સ જે ગાયબ (ગેરહાજર) છે તેની ચોરી કરી છે અથવા કહે છે કે આ રૂપિયા મેં ચોર્યા છે પરંતુ ખબર નથી કોના છે અથવા હું એ બતાવીશ નહી કે કોના છે, તો કતઅ નથી અને પ્રથમ સ્વરૂપમાં જ્યારે કે ગેરહાજર હાજર થઈ ને માંગણી કરે તો તે સમયે કતઅ કરીશું. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૪)** : જે શખ્સનો માલ પર કબ્જો છે તે માંગણી કરી શકે છે દા.ત. અમીન તથા ગાસિબ તથા ગિરો લેનાર તથા મુતવલ્લી અને બાપ અને વસીઅ અને વ્યાજખોર જેણે વ્યાજુમાલ પર કબ્જો કરી લીધો છે અને વ્યાજ આપનાર જેણે વ્યાજના રૂપિયા અદા કરી દીધા અને રૂપિયા ચોરાઈ ગયા તો તેની માંગણી પર કતઅ નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૫)** : તે વસ્તુ જેના ચોર્યા પર હાથ કાપવામાં આવ્યો છે જો ચોરની પાસે મોજૂદ છે તો માલિક ને પાછો અપાવીશું અને ચાલી ગઈ તો તાવાન નથી. જો કે તેણે પોતે નષ્ટ કરી દીધી હોય અને જો વેચી નાંખી અથવા ભેટ આપી દીધી અને ખરીદનાર અથવા બક્ષીસ લેનારે નષ્ટ કરી નાંખી તો તે તાવાન આપશે અને ખરીદનાર ચોર થી સમન (કિંમત) પાછો લે અને જો હાથ કાપવામાં આવ્યો ન હોય તો ચોરથી જમાન લેશે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૬)** : કપડું ચોર્યુ અને ફાડી ને બે ટુકડા કરી દીધા. જો તે ટુકડાઓની કીમત દસ દિરહમ છે તો કતઅ છે અને જો ટુકડા કરવાના કારણે કીમત ઘટીને અર્ધી થઈ ગઈ તો પૂરી કીમત નું ઝમાન લાઝિમ છે અને કતઅ નથી.

## લુટ-ફાટનું બયાન
## (ધાડ પાડવાનું બયાન)

અલ્લાહ અઝવ જલ્લ ફરમાવે છે : **ઈન્નમા જઝાઉલ્લઝીના યોહારેબૂનલ્લાહા**......... (થી) **અન્નલ્લાહા ગફુરૂર્રહીમ :**

તરજુમો : "જે લોકો અલ્લાહ તથા રસૂલ થી લડે છે અને જમીનમાં ફસાદ કરવાની કોશીશ કરે છે, તેમની સજા એજ છે કે કતલ કરી નાખવામાં આવે અથવા તેમને સુળી આપી દેવામાં આવે અથવા તેમના હાથ પગ મુકાબલના કાપી દેવામાં આવે (અર્થાત એક બાજુનો હાથ અને બીજી બાજુનો પગ કાપવામાં આવે) અથવા દેશ નિકાલ કરી દેવામાં આવે. આ તેમના માટે દુનિયામાં બદનામી છે અને આખેરતમાં તેમના માટે મોટો અઝાબ છે, પરંતુ તેઓ કે તમારો કાબુ પામવાથી પહેલા તૌબા કરી લે તો જાણી લો કે અલ્લાહ બક્ષનાર મહેરબાન છે.

અબૂ દાઉદ, ઉમ્મુલ મોમેનીન સિદ્દીકા રદિયલ્લાહોઅન્હાથી રિવાયત કરે છે કે, રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે ફરમાવ્યું, જે મર્દ મુસલમાન એ વાતની શહાદત આપે કે અલ્લાહ એક છે અને મોહમ્મદ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ અલ્લાહના રસૂલ છે તેનું ખૂન હલાલ નથી પરંતુ ત્રણ કારણે : (૧) મુહસિન થઈને વિવાહિત થઈને) ઝિના કરે તો તેને રઝમ (સંગસાર) કરવામાં આવશે અને (૨) જે શખ્સ અલ્લાહ તથા રસૂલ (અર્થાત મુસલમાનો) થી લડવા નિકળ્યો તો તેને કતલ કરવામાં આવશે અથવા તેને શૂળી એ ચઢાવવામાં આવશે અથવા દેશ નિકાલ કરી દેવામાં આવશે અને જે શખ્સ કોઈ ને કતલ કરશે તો તેના

બદલામાં કતલ કરવામાં આવશે, હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ ના ઝમાના માં કબીલએ ઉકુલ તથા ઉરૈના ના કેટલાક લોકોએ એવું જ કર્યું હતું હુઝૂરે તેમના હાથ પગ કપાવી ને પથરાળી ઝમીનમાં નંખાવી દીધા ત્યાં જ તડપી તડપી મરી ગયા.

**મસ્અલા-(૧)** : લુંટારાઓ (ડાકુઓ) જેના માટે શરીઅત તરફથી સજા મુકર્રર છે તેમાં કેટલીક શરતો છે (૧) તેમનામાં એટલી તાકત હોય કે વાટેમાર્ગુઓ તેમનો મુકાબલો કરી શકે નહી. હવે ભલે હથિયાર સાથે હુમ્લો કર્યો અથવા લાઠી લઈ ને અથવા પત્થર વિગેરે થી (૨) શહેરની બહાર લુંટ-ફાટ કરી હોય કે શહેરમાં રાતના સમયે હથિયાર થી ત્રાટકયા (૩) દારૂલ ઈસ્લામમાં હોય (૪) ચોરીની સૌ શરતો પામવા માં આવે (૫) તૌબા કરવા અને માલ પાછો આપવાથી પહેલા ઈસ્લામી બાદશાહે તેમને ગિરફતાર કરી લીધા હોય. (આલમગીરી)

**મસ્અલા-(૨)** : ડાકો પડયો (ધાડપાડી) પરંતુ જાનમાલ ગયો નહી અને ડાકુ ગિરફતાર થઈ ગયો તો શિક્ષા રૂપે તેને મારઝૂડ કર્યા પછી કેદ કરો ત્યાં સુધી કે તૌબા કરી લે અને તેની હાલત સંતોષ કારક થઈ જાય. હવે છોડી દો અને કેવળ મૌખીક તૌબા કાફી નથી જ્યાં સુધી હાલત દુરસ્ત ન થાય છોડો નહી અને જો હાલત દુરસ્ત ન થાય તો કેદ માં રાખો ત્યાં સુધી કે મૃત્યુ પામે. અને જો માલ લઈ લીધો હોય તો તેનો જમણો હાથ અને ડાબો પગ કાપો. એવી જ રીતે જો કેટલાક શખ્સ હોય અને માલ એટલો છે કે દરેક ના ભાગમાં દસ દિરહિમ અથવા તેટલી કિમતની વસ્તુ આવે તો સૌના એક એક હાથ અને એક એક પગ કાપી નાખવામાં આવે. અને જો ડાકુઓ એ મુસલમાન અથવા ઝિમ્મી ને કતલ કર્યો અને માલ લીધો ન હોય તો કતલ કરવામાં આવે અને જો માલ પણ લીધો અને કતલ પણ કર્યા હોય તો ઈસ્લામી બાદશાહ ને અખ્ત્યાર છે કે હાથ પગ કાપી ને કતલ કરી નાંખે અથવા કેવળ ફાંસી આપી દે. આ છ પ્રકાર છે જેવું ઈચ્છે કરે અને જો કેવળ સૂળી આપવા ઈચ્છે તો તેને જીવતા સૂળી પર ચઢાવી પેટમાં ભાલો ભોંકી દે પછી જ્યારે મરી જાય તો મરી ગયા પછી ત્રણ દિવસ સુધી તેની લાશ સુળી પર રહેવા દે પછી છોડી દે કે તેના વારસદારો દફન કરી દે. અને આ અમે પહેલા બયાન કરી ગયા છીએકે, ડાકુની જનાઝાની નમાઝ પઢવામાં આવે નહી.

(આલમગીરી, દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૩)** : ડાકુઓ પાસે જો તે માલ મોજૂદ છે તો દરેક હાલતમાં પાછો લેવામાં આવે અને હાથ પગ કાપી નાખવામાં આવ્યા અથવા કતલ કરી દેવામાં આવ્યા તો હવે તાવાન નથી, એવી જ રીતે જો તેમણે વાટમાર્ગુઓને ઝખ્મી કર્યા અથવા મારી નાખ્યા છે તેનો પણ કાંઈ મુઆવેજો અપાવવામાં આવશે નહી. (દુર્રે મુખ્તાર,રદદુલ મુહતાર)

**મસ્અલા-(૪)** : ડાકુઓમાંથી કેવળ એ કે કતલ કર્યો અથવા માલ લીધો અથવા ડરાવ્યા અથવા સઘળું જ કર્યુ તો આ હાલતમાં જે સજા થશે તે કેવળ એ જ એકની ન થશે બલ્કે સૌને પૂરી સજા આપવામાં આવશે. (આલમગીરી)

**મસ્અલા-(૫)** : ડાકુઓએ કતલ ન કર્યા પરંતુ માલ લીધો અને ઝખ્મી કર્યા તો હાથ પગ કાપવામાં આવે અને ઝખ્મનો બદલો કાંઈ નથી અને જો કેવળ ઝખ્મી કર્યા પરંતુ ન માલ લીધો ન કતલ કર્યો અથવા કતલ કરી અને માલ લીધો પરંતુ ગિરફતારીથી પહેલા તોબા કરી લીધી અને માલ પાછો આપી દીધો અથવા તેમનો કોઈ ગેર મુકલ્લફ અથવા મુંગો હોય અથવા કોઈ વટે માર્ગુ નો નિકટનો સગો હોય તો આ સૂરતોમાં હદ નથી. અને વલી મકતુલ અને કતલ ન કર્યો હોય તો ખૂદ તે શખ્સ જેને ઝખ્મી કર્યો અથવા જેનો માલ લીધો કિસાસ અથવા દીયત અથવા તાવાન લઈ શકે છે. અથવા માફ કરી દે. (દુર્રે મુખ્તાર)

## કિતાબુલ અસીર

અલ્લાહ અઝવ જલ્લ ફરમાવે છેઃ **અઝિના લિલ્લઝીના યોકાતેલૂના બે અન્નહુમ ઝ-લ-મૂ, વઈન્નલ્લાહા અલા નસ્રેહિમ લ કદીર..(થી) ... ઈન્નલ્લાહા લ કવીય્યુન અઝીઝ. (કુર્આ નશરીફ)**

**(અર્થ)** "તે લોકોને જેહાદની ઈજાઝત આપવામાં આવી જેનાથી લોકો લડે છે, એ કારણે કે તેમના પર ઝુલ્મ કરવામાં આવ્યો. અને બેશક અલ્લાહ તેમની મદદ કરવા પર કાદિર (શકિતશાળી) છે. તેઓ જેમને નાહક તેમના ઘરોમાંથી કાઢવામાં આવ્યા, કેવળ એ કારણે કે કહેતા હતા અમારો રબ્બ અલ્લાહ જ છે. અને જો અલ્લાહ લોકોને એક બીજાથી દફે ન કરતો રહે તો તો ખાનકાહો અને મદ્રસા અને ઈબાદત ખાના અને મસ્જીદો તોડી પાડવામાં આવતી, જેમનામાં અલ્લાહ તેની મદદ કરશે જે તેના દીન-મઝહબની મદદ કરે છે. બેશક અલ્લાહ શકિતશાળી ગાલિબ છે."

અને ફરમાવે છે : **"વ કાતેલૂ ફી સબીલિલ્લા હીલ્લઝીના યોકાતેલૂનકુમ વલા તઅતદૂ ઈન્નલ્લાહા લાયોહબ્બુલ મુઅતદીન..."**

**(અર્થ)** "અને અલ્લાહની રાહમાં તેમનાથી લડો જે તમારાથી લડે છે અને અતિશ્યોકિત ન કરો, બેશક અલ્લાહ અતિશ્યોકિત કરનારાને દોસ્ત રાખ્તો નથી, અને એવાઓને જ્યાં દેખો મારો અને જ્યાંથી તેમણે તમને કાઢયા તમે પણ કાઢી મુકો અને ફિત્નો-ફસાદ કતલ કરતાં અધિક સખત છે. અને તેમનાથી મસ્જિદે હરામ (કાબા) ની પાસે લડો નહી જયાં સુધી તેઓ તમારાથી ત્યાં ન લડે. જો તેઓ તમારાથી લડે તો તેમને કતલ કરો, કાફિરોની એ જ સજા છે. અને જો તેઓ અટકી જાય તો બેશક અલ્લાહ બક્ષનાર મહેરબાન છે અને તેમના થી લડો ત્યાં સુધી કે ફિત્નો રહે નહી. અને દીન અલ્લાહ માટે થઈ જાય અને જો તેઓ રોકાઈ જાય તો અધિકતા નથી પરંતુ અત્યાચારીઓ પર

**હદીસ-(૧)** : સહીહ બુખારી તથા મુસ્લિમાં અનસ રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે. હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે. અલ્લાહની રાહમાં સવારે જવું અથવા સાંજે જવું દુનિયા તથા તેના અંદરની વસ્તુઓથી બહેતર છે.

**હદીસ-(૨)** : સહીહ મુસ્લિમમાં અબૂ હુરૈરહ રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે, **અલ્લાહના** રસૂલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે-સૌથી બહેતર તેની જિંદગી છે જે અલ્લાહની રાહમાં પોતાના ઘોડાની લગામ પકડેલ છે. જ્યારે કોઈ ભયાનક અવાઝ સાંભળે છે. અથવા ભયમાં તેને કોઈ બોલાવે છે તો ઉડીને પહોંચી જાય છે. (અર્થાત બહુ જ ઝડપથી) કતલ તથા મૃત્યુ ને તેની જગ્યાઓમાં શોધે છે. (અર્થાત મૃત્યુના સ્થળથી ડરતો નથી) અથવા તેની જિંદગી બહેતર છે જે થોડીક બકરીઓ લઈને પહાડની ટોચ પર અથવા કોઈ ખીણ માં રહે છે, ત્યાં નમાઝ પઢે છે અને ઝકાત આપે છે અને મરતા દમ સુધી પોતાના રબ્બની ઈબાદત કરે છે.

**હદીસ-(૩)** :અબૂ દાઉદ, નિસાઈ તથા દારોમી અનસ રદિયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું- મુશરિકોથી જેહાદ કરો પોતાના માલ અને પ્રાણ અને જીભથી અર્થાત અલ્લાહના દીનની ઈશાઅતમાં દરેક પ્રકારની કુરબાની માટે તૈયાર થઈ જાય.

**હદીસ-(૪)** : તિરમિઝી તથા અબૂ દાઉદ ફુઝાલા બિન ઉબૈદ થી અને દારોમી ઉતબા બિન આમિર રદિયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે હુઝુર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવે છે. જે મરે છે તેના અમલ પર મહોર લગાવી દેવામાં આવે છે.અર્થાત અમલ ખતમ થઈ જાય છે પરંતુ તે જે સરહદ પર ઘોડો બાંધેલ હોય જો મરી જાય તો તેનો અમલ કિયામત સુધી વધારવામાં

આવે છે. અને કબ્રના ફિત્નાથી સુરક્ષિત રહે છે.

**હદીસ-(૫)** : સહીહ બુખારી તથા મુસ્લિમમાં સુહેલ બિન સઅદ રદિયલ્લાહો અન્હોથી મરવી છે. હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે. અલ્લાહની રાહમાં એક દિવસ સરહદ પર ઘોડો બાંધવો દુનિયા તથા માફીહા થી (દુનિયા માં જે છે તેનાથી) બહેતર છે.

**હદીસ-(૬-૭)** : સહીહ મુસ્લિમ શરીફમાં સલમાન ફારસી રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે કે હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે એક દિવસ અને રાત અલ્લાહની રાહમાં સરહદ પર ઘોડો બાંધવું એક મહિનાના રોઝા અને કયામથી બહેતર છે અને મૃત્યુ પામે તો જે અમલ કરતો હતો જારી રહેશે અને તેનું રિઝક બરાબર જારી રહેશે. અને કબ્રના ફિત્નાથી સુરક્ષિત રહેશે. તિરમિઝી તથા નિસાઈની રિવાયત ઉસ્માન રદિયલ્લાહો અન્હોથી છે કે હુઝૂરે ફરમાવ્યું એક દિવસ સરહદ પર ઘોડો બાંધવો બીજી જગ્યાના હજાર દિવસોથી બહેતર છે.

**મસ્અલા-(૧)** : મુસલમાનો પર જરૂરી છે કે કાફિરોને દીને ઈસ્લામ તરફ બોલાવે જો દીને હક્કને કબુલ કરી લે તો ભાગ્યશાળી, હદીસમાં ફરમાવ્યું જો તારા કારણે અલ્લાહ તઆલા એક શખ્સને હિદાયત આપી દે તો તે તેનાથી ઉત્તમ છે જેના પર સૂરજે ઉદય કર્યો અર્થાત જ્યાં થી જ્યાં સુધી સૂરજ ઉગે છે તે સઘળું તમને મળી જાય તેનાથી બહેતર એ છે કે તમારા કારણે કોઈને હિદાયત થઈ જાય અને જો કાફિરોએ દીને હક્કનો સ્વીકાર ન કર્યો તો ઈસ્લામી બાદશાહ તેમના પર જઝિયો મુકર્રર કરી દે કે તેઓ અદા કરતા રહે અને એવા કાફિરને ઝિમ્મી કહે છે અને જે તેનાથી પણ ઈન્કાર કરે તો જેહાદનો હુકમ છે (દુર્રે મુખ્તાર વિગેરે)

**મસ્અલા-(૨)** : (ખુદાની રાહમાં જેહાદ કરનાર) મુજાહિદ કેવળ એજ નથી જે કિતાલ કરે બલ્કે તે પણ છે જે આ રાહમાં પોતાનો માલ ખરચ કરે, અથવા નેક મશવરાથી શિરકત આપે અથવા પોતે શરીક થઈને તે મુસલમાનોની સંખ્યા વધારે અથવા ઝખમીઓનો ઈલાજ કરે અથવા ખાવા પીવાનો પ્રબંધ કરે અને તેનાજ અનુસંધાન પૈકી "રેબાત" છે. અર્થાત ઈસ્લામી શહેરોના રક્ષણના હેતુથી સરદહ પર ઘોડો બાધવું અર્થાત ત્યાં સ્થાયી રહેવું અને તેનો બહુ મોટો સવાબ છે કે તેની નમાઝ પાંચસો નમાઝ ના બરાબર છે અને તેનું એક ખરચ કરવું સાતસો દિરમથી વધીને છે અને મૃત્યુ પામશે તો દરરોજ રબાતનો સવાબ તેના અમાલનામા (કર્મપોથી)માં નોધાશે અને રિઝક બરાબર મળતું રહેશે અને કબ્રના ફિત્નાથી સુરક્ષિત રહેશે અને કયામતના દિવસે શહીદ ઉઠાવવમાં આવશે અને ફઝાએ અકબર (મહાન ડરથી) સુરક્ષિત રહેશે.

**મસ્અલા-(૩)** : જેહાદ આરંભમાં ફરજે કિફાયા છે કે એક જમાઅતે કરી લીધી તો સૌ જવાબદારી માંથી મુક્ત છે અને સૌએ છોડી દીધું તો સૌ ગુનેહગાર છે અને જો કુફ્ફાર કોઈ શહેર પર આક્રમણ કરે તો ત્યાંવાળા મુકાબલો કરે અને તેમનામાં એટલી શક્તિ ન હોય તો ત્યાંથી નિકટવાળા મુસલમાન સહાયતાકરે. અને તેમની તાકતથી પણ બહાર હોય તો જે તેનાથી નિકટ છે તે પણ શરીક થઈ જાય. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા-(૪)** : બાળકો અને ઔરતો પર અને ગુલામ પર ફરજ નથી. એવી જ રીતે બાલિગને મા-બાપ ઈજાઝત ન આપે તો જાય નહી. એવી રીતે આંધળા અને લુલા લંગડા અને જેના હાથ કાપેલા હોય તેમના પર ફરજ નથી અને કરજદારના ત્યાં માલ હોય તો દેણ અદા કરે અને જાય નહી તો વગર કરજ ખ્વાહ બલ્કે ઉત્તરદાયીની રજા વગર જઈ શકતો નથી અને જો મુદતી દેણ હોય અને જાણે છે કે મુદ્દત પૂરી થવાથી પહેલા તે પાછો આવી જશે તો જવું જાયઝ છે અને શહેરમાં જે સૌથી મોટો આલિમ હોય તે પણ જાય નહી એવી રીતે તે જો તેની પાસે લોકોની અમાનતો છે તે લોકો મોજૂદ નથી તો કોઈ

બીજા શખ્સને કહી દે કે જેની જેની અમાનત છે આપી દે જો તો હવે જઈ શકે છે. (બહર, દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૫)** : જો કુફ્ફારનું ટોળુ ચઢી આવે તો તે સમયે ફરઝે એન છે. ત્યાં સુધી કે ઔરત અને ગુલામ પર પણ ફરજ છે અને તેની કોઈ જરૂરત નથી કે ઔરત પોતાના પતિથી અને ગુલામ પોતાના માલિકથી ઈજાઝત લે બલ્કે ઈજાઝત ન આપવાની સુરતમાં પણ જાય અને પતિ તથા માલિક પર મના કરવાનો ગુનોહ થયો એવી જ રીતે મા બાપથી પણ ઈજાઝત લેવાની અને કરજદારે લેણદારથી ઈજાઝત ની હાજત નથી બલ્કે બીમાર પણ જાય હા, જુનો દર્દી કે જવા પર શક્તિમાન ન હોય તેને માફી છે. (બહર)

**મસ્અલા-(૬)** : જેહાદ વાજિબ થવા માટે શરત એ છે કે હથિયાર અને લડવા પર શક્તિ હોય અને ખાવા પીવાનો સામાન અને સવારીનો માલિક હોય અથવા તેની ધારણા ગાલિબ હોય કે મુસલમાનો ની શૌક્તમાં વધારો થશે અને જો તેની આશા ન હોય તો જાઈઝ નથી કે પોતાને હલાક્તમાં નાખવું છે. (આલમગીરી, દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૭)** : બયતુલમાલમાં માલ મોજૂદ હોય તો લોકો પર જેહાદનો સામાન ઘોડા અને શસ્ત્રો માટે માલ મુકર્રર કરવું મકરૂહે તેહરીમી છે અને બયતુલ માલમાં માલ ન હોય તો વાંધો નથી અને જો કાંઈ શખ્સ રાજી ખૂશી થી કાંઈ આપવા ઈચ્છે તો અસલન મકરૂહ નથી, બલકે બેહતર છે. ભલે બયતુલમાલમાં હોય કે ન હોય અને જેની પાસે માલ હોય પરંતુ પોતે ન જઈ શકતો હોય તો માલ આપીને બીજા કોઈને મોકલી દે પરંતુ ગાઝીથી એમ ન કહે કે માલ લે અને મારા તરફથી જેહાદ કર, કે એતો નોકરી અને મજૂરી થઈ ગઈ. અને એમ કહ્યું તો ગાઝીએ લેવું પણ જાઈઝ નથી. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર, આલમગીરી)

**મસ્અલા-(૮)** : જે લોકોને ઈસ્લામની દઅવત પહોંચી નથી તેમને પ્રથમ ઈસ્લામની દઅવત આપવામાં આવે. દઅવત વગર તેમનાથી લડવું જાયઝ નથી અને આ જમાનામાં દરેક સ્થળે દઅવત પહોંચી ગઈ છે, એવી હાલતમાં દઅવત જરૂરી નથી પરંતુ તે છતાં જો નુકસાન ની આશંકા ન હોય તો દઅવતે હક્ક કરી દેવું મુસ્તહબ છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૯)** : કુફ્ફારથી જ્યારે મુકાબલાની નોબત આવે તો તેમના ઘરોને આગ લગાડી દેવું અને માલ અને વૃક્ષો અને ખેતરોને બાળી દેવું અને તબાહ કરી દેવું સઘળુ જ જાઈઝ છે. અર્થાત જ્યારે એ ખબર હોય કે એવું કરીશું નહી તો ફતેહ કરવામાં બહુ જ તકલીફ ઉઠાવવી પડશે અને જો ફતેહનું ગુમાન ગાલિબ હોય તો માલ વિગેરે નષ્ટ ન કરે કે નિકટમાં જ મુસલમાન ને મળશે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૦)** : બંદુક, તોપ અને બોમ્બના ગોળા મારવું સૌ જાયઝ છે.

**મસ્અલા-(૧૧)** : જો કાફિરોએ થોડાક મુસલમાનો ને પોતાના આગળ કરી દીધા કે ગોળી વિગેરે તેમના પર પડે, અમે તેમના પાછળ સુરક્ષિત રહીશું તો પણ અમારે અટકી જવું જાઈઝ નથી. ગોળી ચલાવે અને નિર્ણય કાફિરો ને મારવાનો કરે. જો કોઈ મુસલમાન મુસલમાનોની ગોળી થી મરી જાય તો પણ કફ્ફારો વિગેરે લાઝિમ નથી જ્યારે કે ગોળી ચલાવનારે કાફિર પર ગોળી ચલાવવાનો ઈરાદો કર્યો હોય. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૨)** : કોઈ શહેરને ઈસ્લામી બાદશાહે ફતેહ કર્યુ અને તે શહેરમાં કોઈ મુસલમાન અથવા ઝિમ્મી છે તો શહેરવાળાઓની કતલ કરવું જાઈઝ નથી. હા, જો શહેરવાળાઓમાંથી કોઈ નિકળી ગયો તો હવે બાકીનાઓને કતલ કરવું જાઈઝ છે કે શકય છે કે તે જનાર મુસલમાન અથવા ઝિમ્મી હોય. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૩)** : જે વસ્તુઓ આદરણીય છે તેમને જેહાદમાં લઈને જવું જાઈઝ નથી દા.ત. કુરઆન મજીદ, ફિકહ તથા હદીસ શરીફની કિતાબો કે બે હુરમતી ની શંકા છે, એવી જ રીતે

ઓરતોને પણ લઈ જવી ન જોઈએ જો કે ઈલાજ તથા ખિદમતની ગરજથી હોય, હા જો લશ્કર મોટું હોય કે ડર ન હોય તો ઓરતોને લઈ જવામાં કોઈ વાંધો નથી અને એ સૂરતમાં વૃધ્ધો અને દાસીઓને લઈ જવું ઉત્તમ છે અને જો મુસલમાન કાફિરોના દેશમાં ઈમાન લઈને ગયો છે તો કુરઆન મજીદ લઈ જવામાં વાંધો નથી. (દુર્રે મુખ્તાર, બહર)

**મસ્અલા-(૧૪)** : વાયદો તોડવું, દા.ત. એવો કરાર કર્યો કે આટલા દિવસો સુધી યુદ્ધ થશે નહી. પછી તે વાયદાના સમયમાં યુદ્ધ કર્યુ, તે નાજાયઝ છેઅનેજોકરારનહોયઅનેખબરઆપ્યાસિવાયયુદ્ધ શરૂ કરી દીધું તો વાંધો નથી.(મજમઉલ અન્હુર)

**મસ્અલા-(૧૫)** : મુસલહ અર્થાત નાકકાન અથવા હાથ પગ કાપવું અથવા મોંઢું કાળુ કરી દેવું મના છે અર્થાત વિજય થયાં પછી મુસ્લહની ઈજાઝત નથી અને યુદ્ધ દરમિયાન જો એવું થાય, દા.ત. તલવાર મારી અને નાક કપાઈ ગયું અથવા કાન કપાઈ ગયા અથવા આંખ ફોડી નાખી અથવા હાથ પગ કાપી નાખ્યા તો વાંધો નથી. (ફતહ)

**મસ્અલા-(૧૬)** : સ્ત્રી અને બાળક અને પાગલ અને બહુજ વૃદ્ધ અને આંધળા અને ઠુંઠા અથવા લંગડા અને રાહિબ (ખ્રિસ્તી સન્યાસી) અથવા પુજારી જે લોકોથી મેલમિલાપ રાખતા ન હોય અથવા જેનો જમણોં હાથ કપાયેલો હોય અથવા સુકાઈ ગયો હોય આ સૌને કતલ કરવું મના છે. અર્થાત જ્યારે કે લડાઈમાં કોઈ પ્રકારની સહાય ન કરતા હોય અને જો તેમનાથી જ કોઈ પોતે લડતો હોય અવથા પોતાના માલ અથવા સલાહથી મદદ કરતો હોય અથવા બાદશાહ હોય તો તેને કતલ કરી દઈશું અને જો મજનૂન ને કયારેક જનૂન રહે અને કયારેક હોશ તો તેને પણ કતલ કરી દઈશું અને બાળક અને પાગલ ને યુદ્ધ દરમિયાન કતલ કરી દઈશું જ્યારે કે લડતા હોય અને બાકીનાઓને કેદ કરવા પછી પણ કતલ કરી દઈશું અને જેમને કતલ કરવું નિષેધ છે તેમને અહીંયા છોડી દઈશું નહી બલ્કે કેદ કરીને દારૂલ ઈસ્લામમાં લાવીશું. (દુર્રે મુખ્તાર, મજમઉલ અન્હુર)

**મસ્અલા-(૧૭)** : કાફિર ના માથા કાપીને લાવે અથવા તેમની કબ્રો ખોદી નાખે તેમાં વાંધો નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૮)** : પોતાના બાપદાદા ને પોતાના હાથથી કતલ કરવું નાજાયઝ છે પરંતુ તેમને છોડે પણ નહી બલકે તેનાથી લડવામાં વ્યસ્ત રહે કે કોઈ બીજો શખ્સ આવીને તેને મારી નાખે. હા જો બાપ અથવા દાદા ખૂદ તેના કતલના પ્રયત્નમાં હોય અને તેને કતલ કર્યા વગર છુટકો ન હોય તો મારી નાખે અને બીજા સંબંધીઓના કતલમાં વાંધો નથી. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા-(૧૯)** : જો સુલેહ મુસલમાનોના હકમાં બહેતર હોય તો સુલેહ કરવું જાયઝ છે. જો કે કેટલોક માલ લઈને અથવા આપીને સુલેહ કરવામાં આવે અને સુલેહ પછી જો મસલેહત સુલેહ તોડવામાં હોય તો તોડી નાખો પરંતુ એ જરૂરી છે કે પહેલાં તેમને તેની ખબર આપી દો અને ખબર આપ્યા પછી તુરત જ યુદ્ધ શરૂ ન કરો બલ્કે એટલી મોહલત આપો કે કાફિર બાદશાહ પોતાના તમામ દેશોમાં તે ખબર પહોંચાડી શકે. આ એ હાલતમાં છે કે સુલેહમાં કોઈ મુદ્દત ન હોય અને જો મુદ્દત હોય તો મુદ્દત પુરી થયા પછી ખબર આપવાની કાંઈ હાજત નથી. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા-(૨૦)** : સુલેહ પછી જો કોઈ કાફિરે લડવું શરૂ કર્યુ. અને આ તેમના બાદશાહની અનુમતિ થી છે તો હવે સુલેહ રહી નહી અને જો બાદશાહની ઈજાઝત થી ન હોય બલકે કોઈ ખાસ શખ્સ અથવા કોઈ જમાઅત બાદશાહની ઈજાઝત વગર લડવામાં વ્યસ્ત રહી તો કેવળ તેમને કતલ કરવામાં આવે, તેમના હકમાં સુલેહ રહી નહી, બાકીઓના હક્કમાં બાકી છે. (મજમઉન નહર)

**મસ્અલા-(૨૧)** : કાફિરોને હથિયાર અને ઘોડા અને ગુલામ અને લોખંડ વિગેરે જેનાથી હથિયાર

બને છે વેચવું હરામ છે જો કે સુલેહના સમયમાં હોય, એવી જ રીતે વેપારીઓ માટે હરામ છે કે આ વસ્તુઓ તેમના દેશમાં વેપાર માટે લઈ જાય બલકે જો મુસલમાનો ને હાજત હોય તો અનાજ અને કપડું પણ તેમને વેચવામાં નઆવે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૨૨)** : આઝાદ મુસલમાન મર્દ અથવા સ્ત્રીએ કાફિરોમાંથી કોઈ એકને અથવા જૂથ અથવા એક શહેરના રહેવાવાળાઓને પનાહ આપી દીધી તો અમાન સહીહ છે. હવે કતલ જાયઝ નથી. જો કે અમાન આપનાર ફાસિક અથવા આંધળો અથવા બહુ જ વૃધ્ધ હોય અને બાળક અથવા ગુલામ ની અમાન સહીહ થવા માટે શરત એ છે કે તેમને કિતાલ ની ઈજાઝત મળી ગઈ હોય નહી તો સહીહ નથી. અમાન સહીહ થવા માટે શરત એ છે કે કુફ્ફારે અમાનનો શબ્દ સાંભળ્યો હોય. જો કે કોઈ પણ ભાષામાં હોય. જો કે તે શબ્દનો અર્થ તેઓ સમજતા ન હોય અને જો એટલા છેટે હોય કે સાંભળી શકે નહી તો અમાન સહીહ નથી. (દુર્રે મુખ્તાર, આલમગીરી)

**મસ્અલા-(૨૩)** : "અમાન" માં નુકસાન ની શંકા હોય તો ઈસ્લામી બાદશાહ તેને તોડી નાંખે પરંતુ તોડવાની ખબર આપી દે. અને અમાન આપનાર જે જાણતો હતો કે આ હાલતમાં અમાન આપવું મના હતું અને પછી આપી દીધી તો તેને સજા આપવામાં આવે. (મજમઉન નહર)

**મસ્અલા-(૨૪)** : ઝિમ્મી અને વેપારી અને કેદી અને પાગલ અને જે શખ્સ દારૂલ હર્બમાં મુસલમાન થયો અને હજુ હિજરત ન કરી હોય અને તે બાળક અને ગુલામ જેમને કિતાલની ઈજાઝત ન હોય, તે લોકો અમાન આપી શકતા નથી. (દુર્રે મુખ્તાર)

## ગનીમતનું બયાન

અલ્લાહ અઝવ જલ્લ ફરમાવે છે: **"યસ્અલૂનકા અનિલ અન્ફાલે, કુલિલ-અન્ફાલો લિલ્લાહે..** "નિફલ સંબંધે તમારાથી સવાલ કરે છે (પૂછે છે), તમે ફરમાવી દો નિફલ અલ્લાહ તથા રસૂલ માટે છે. અલ્લાહથી ડરો અને પરસ્પર સુલેહ કરો અને અલ્લાહ તથા રસૂલની ઈતાઅત (તાબેદારી) કરો જો તમે ઈમાન ધરાવો છો."

**વઅલમૂ ઈન્નમા ગનિમ્તુમ મિન શૈઈન ફઈન્ન લિલ્લાહે ખોમોસહુ વલિર્રસૂલે વલેઝીલકુર્બા વલયતામા વલ મસાકીને વબ્નસ્સબીલે** અને ફરમાવે છે અર્થ : "અને જાણી લોકે જે કાંઈ તમોએ ગનીમત પ્રાપ્ત કર્યુ છે તેમાંથી પાંચમો ભાગ અલ્લાહ તથા રસૂલ માટે છે. અને કરાબતવાળા (સંબંધીઓ) અને યતીમો અને મિસ્કીનો અને મુસાફિર માટે"

**હદીસ-(૧)** : સહીહૈન માં હઝરત અબૂ હુરૈરહ રદિયલ્લાહો અન્હો થી રિવાયત છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું અમારાથી પહેલા કોઈના માટે ગનીમત હલાલ થયું નથી અલ્લાહ તઆલાએ અમારી નિર્બળતા (કમજોરી) તથા વિન્રમતા નિહાળીને તેને અમારા માટે હલાલ કરી દીધું

**હદીસ-(૨)** : સુનન તિરમિઝી માં અબૂ ઓમામા રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે. હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું: અલ્લાહે મને તમામ અંબિયાથી અફઝલ કર્યો અથવા ફરમાવ્યું- મારી ઉમ્મતને તમામ ઉમ્મતોથી અફઝલ બનાવી અને અમારા માટે ગનીમત હલાલ કર્યુ.

**હદીસ-(૩)** : સહીહૈનમાં હઝરત અબૂ હુરૈરહ રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે. રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે : એક નબી (યૂશઅબિન અલયહિસ્સલામ) ગઝવા માટે તશરીફ લઈ ગયા અને પોતાની કોમને ફરમાવ્યું કે એવો શખ્સ મારા સાથે ચાલે નહી જેણે નિકાહ કર્યો છે, અને હજુ ઝિફાફ (સમાગમ) કર્યો નથી અને કરવા ઈચ્છે છે. અને ન તે શખ્સ જેણે મકાન બનાવ્યું છે અને તેની છતો હજુ તૈયાર થઈ નથી. અને ન તે શખ્સ જેણે ગાભણ જાનવર ખરીદયા છે

અને બચ્ચું જણવાની પ્રતિક્ષામાં છે. (અર્થાત જેના દિલ કોઈ કામમાં મશગૂલ હોય તે ચાલે નહી, કેવળ તે લોકો ચાલે જેમને બીજી બાજુનો ખ્યાલ ન હોય) જ્યારે પોતાના લશ્કર ને લઈને બયતુલ મુકદસના નિકટ પહોંચ્યા, અસરનો સમય આવી ગયો (તે જુમ્આનો દિવસ હતો અને હવે શનિવારની રાત આવવાની હતી જેમાં બની ઈસરાઈલમાં કિતાલ (યુધ્ધ) હરામ હતું, તેમણે સૂરજને સંબોધિત થઈને ફરમાવ્યું: તુ મઅમુર છે. અને હું મામૂર (આજ્ઞાકિત) છું, અય અલ્લાહ સૂરજને રોકી દે. સૂરજ રોકાઈ ગયો અને અલ્લાહે ફતેહ આપી. હવે ગનીમતો એકત્રિત કરવામાં આવી તેને ખાવા માટે (ભક્ષ કરવા માટે) આગ આવી પરંતુ તેણે ભક્ષ કર્યું નહી (અર્થાત પહેલાના જમાનામાં એ હુકમ હતો કે ગનીમત એકત્રિત કરવામાં આવે પછી આકાશમાંથી આગ ઉતરતી અને સૌને બાળી દેતી, જો એવું થતું નહી તો એમ સમજવામાં આવતું કે કોઈ એ કોઈ ખયાનત (ઉચાપત) કરી છે. અને અહીંયા પણ એજ થયું) નબીએ ફરમાવ્યું કે તમાંએ ખયાનત કરી છે માટે દરેક કબીલામાંથી એક શખ્સ બયઅત કરે, બયઅત થઈ, એક શખ્સનો હાથ તેમના હાથથી ચોંટી ગયો, ફરમાવ્યું તમારા કબીલામાં કોઈએ ખયાનત (ઉચાપત) કરી છે, તે પછી તે લોકો સોનાનું એક માથું લાવ્યા જે ગાયના ના માથા બરાબર હતું. તેને તે ગનીમતમાં શામેલ કરી દીધું. પછી નિયમાનુસાર અગ્નિ આવ્યો અને ભક્ષ કરી ગયો. હુઝૂરે ઈરશાદ ફરમાવ્યો કે અમારાથી પહેલા કોઈ માટે ગનીમત હલાલ હતું નહી અલ્લાહે અમારી નિર્બળતા તથા નમ્રતા ના કારણે તેને હલાલ ઠેરવી દીધું.

**હદીસ (૪)** : અબૂ દાઉદે, અબૂ મૂસા અશઅરી રદિયલ્લાહો અન્હો થી રિવાયત કરી; કહે છે અમે હબશા થી પાછા ફર્યા, તે સમયે પહોંચ્યા કે રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે હમણાં જ ખૈબર ફતેહ કર્યું હતું. હુઝૂરે અમારા માટે ભાગ મુકર્રર કર્યો અને અમને પણ અતા કર્યો, જે લોકો ફતેહ ખૈબર માં હાજર ન હતા તેમનામાં અમારા સિવાય કોઈને ભાગ આપ્યો નહી. કેવળ અમારી કિશ્તી (નૌકા) વાળા જેટલા હતા. હઝરત જઅફર અને તેમના સાથી ઓ તેમને જ ભાગ આપ્યો.

**હદીસ (૫)** : સહીહ મુસ્લિમ માં યઝીદ બિન હરમુઝ થી રિવાયત છે કે નજદએ હર વરીએ અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદિયલ્લાહો અન્હોમા પાસે લખીને પૂછયું કે ગુલામ તથા સ્ત્રી ગનીમતમાં હાજર હોય તો શું તેમને ભાગ મળશે, યઝીદ બિન હરમુઝ ને ફરમાવ્યું કે, લખી દો કે તેમના માટે સહમ (ભાગ) નથી પરંતુ થોડુંક આપી દેવામાં આવે.

**હદીસ (૬)** : સહીહૈનમાં અબ્દુલ્લાહ બિન ઉમર રદિયલ્લાહો અન્હોમા થી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ જો લશ્કરમાંથી કેટલાક લોકોને લડવા માટે કયાંક મોકલતા તો તેમને ભાગ ઉપરાંત થોડુંક નિફલ (ઈનામ) અતા કરતા. (બુખારી-મુસ્લિમ)

**હદીસ (૭)** : સહીહૈનમાં તેમનાથી જ રિવાયત છે, કહે છે હુઝૂરે અમને ભાગ ઉપરાંત ખુમ્સ પાંચમો ભાગ ૧/૫ માંથી નિફલ આપ્યું હતું. મને એક મોટું ઊંટ મળ્યું હતં. (બુખારી-મુસ્લિમ)

**હદીસ (૮)** : ઈબ્ને માજા તથા તિરમિઝી ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહો અન્હોમા થી રિવાયત કરે છે કે, હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ ની તલવાર 'ઝુલ્ફીકાર' બદરના દિવસે નિફલમાં મળી હતી.

**હદીસ (૯)** : ઈમામ બુખારી ખૌલા અન્સારીયા રદિયલ્લાહો અન્હા થી રિવાયત કરે છે, કહે છે મૈં રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ ને ફરમાતા સાંભળ્યા છે, કેટલાક લોકો અલ્લાહના માલમાં નાહક ઘૂસી જાય છે, તેમના માટે કિયામતના દિવસે આગ છે.

**હદીસ (૧૦)** : અબૂ દાઉદ અમ્ર બિન શુઅય્યબની રિવાયત થી રિવાયત કરે છે હુઝૂરે

અકદસ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ એક ઊંટ પાસે તશરીફ લાવ્યા તેના ઢેકાથી એક વાળ લઈને ફરમાવ્યું : અય લોકો, આ ગનીમતમાંથી મારા માટે કાંઈ નથી (વાળ તરફ ઈશારો કરીને) અને આ પણ નથી સિવાય ખુમ્સ ૧/૫ પાંચમા ભાગ ના (કે આ હું લઈશ) તે પણ તમારા જ ઉપર રદ થઈ જશે, માટે સોય અને ધાગો જે કાંઈ તમે દીધું છે હાજર કરો, એક શખ્સ પોતાના હાથ માં વાળો નો ગુચ્છો લઈને ઊભો થયો અને અરજ કરી મૈં પાલાન (કાઠી) દુરપ્ત કરવા માટે આ વાળ લીધા હતા. હુઝૂરે ફરમાવ્યું મારો અને બની અબ્દુલ મુતલિબ નો જે કાંઈ ભાગ છે તે તમને આપ્યો. તે શખ્સે કહ્યું જ્યારે આનો મામલો આટલો મોટો છે તો મારે જરૂરત નથી. આમ કહીને પાછો આપી દીધો.

**હદીસ (૧૧)** : "તિરમિઝી" એ અબૂ સઈદ રદિયલ્લાહો અન્હો થી રિવાયત કરી કે હુઝૂરે વહેંચણી પહેલા ગનીમત ખરીદવાની મના કરી.

## ફિકહી મસાઈલ (ગનીમત)

ગનીમત તેને કહે છે જે લડાઈમાં કાફિરોથી કહર તથા ગલબાની રીતે લેવામાં આવે અને લડાઈ પછી જે તેમનાથી લેવામાં આવે જેવું ખિરાજ અને જઝિયો તેને ફય કહે છે. ગનીમત માં ખુમ્સ (પાંચમો ભાગ) કાઢીને બાકીના ચાર ભાગ મુજાહિદોમાં વહેંચી દેવામાં આવે. અને ફય તમામ બયતુલમાલ માં મુકવામાં આવે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧)** : દારૂલ હર્બ માં કોઈ શહેરના લોકો ખુદબખુદ (આપમેળે) મુસલમાન બની ગયા. ત્યાં મુસલમાનો નો કબ્જો થયો ન હતો તો કેવળ તેમના પર ઉશર મુકર્રર થશે. અર્થાત જે ખેતિ ઉત્પાદન થાય તેનો દસમો ભાગ બયતુલ માલને અદા કરી દે. અને જો ખૂદ ઝિમ્મીમાં દાખલ થયા તો તેમની જમીનો પર ખિરાજ મુકર્રર થશે અને તેમના પર જઝિયો અને જો ગાલિબ આવ્યા પછી મુસલમાન બન્યા તો બાદશાહને અખત્યાર છે તેમના પર અહેસાન કરે અને જમીનોના ઉત્પાદનનું ઉશર (૧૦ મો ભાગ) લે અથવા ખિરાજ મુકર્રર કરે અથવા તેમને અને તેમના માલને ખુમ્સ (પાંચમો) ભાગ લેવા પછી મુજાહીદોમાં વહેંચી દે. ફતેહ કર્યા પછી જો તેઓ મુસલમાન બન્યા નહી તો અખત્યાર છે, જો ઈચ્છે તો તેમને લોંડી. ગુલામ બનાવે અને ખુમ્સ પછી તેમને અને તેમના માલને મુજાહિદોમાં વહેંચી દે અને જમીનો પર ઉશર મુકર્રર કરી દે. અને જો ઈચ્છે તો પુરૂષોને કતલ કરીનાખે અને સ્ત્રીઓ, બાળકો અને માલને ખુમ્સ પછી વહેંચી દે અને જો ઈચ્છે તો સૌને છોડી દે અને તેમના પર જઝિયો અને જમીનો પર ખિરાજ મુકર્રર કરી દે અને ઈચ્છે તો તેમને ત્યાંથી કાઢી મૂકે અને બીજાઓને ત્યાં વસાવે અને ઈચ્છે તો તેમને છોડી દે, અને જમીન તેમને પાછી સોપી દે,અને સ્ત્રીઓ, બાળકો અને બીજા માલને વહેચીદે પરંતુ તે સ્વરૂપમાં ખેતિ જેટલું તેમને થોડોક માલ પણ આપી દે નહી તો મકરૂહ છે અને ઈચ્છે તો કેવળ માલ વહેચી દે અને તેમને અને સ્ત્રીઓ, બાળકો અને જમીનને છોડી દે પરંતુ થોડોક માલ ખેતિ જેટલો આપી દે નહી તો મકરૂહ છે અને જો તમામ માલ અને જમીનો વહેચી દીધી અને તેમને છોડી દીધા તો આ નાજાયઝ છે. (આલમગીરી)

**મસ્અલા-(૨)** : જો કોઈ શહેરને સુલેહની રીતે ફતેહ કર્યુ હોય તો જે શરતો પર સુલેહ થઈ તેમના માટે બાકી રાખો, તેના વિરુધ્ધ કરવાની ન તેમને ઈજાઝત છે ના પાછળવાળાઓને અને ત્યાંની જમીન એજ લોકોની માલિકીમાં રહેશે (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૩)** : દારૂલ હર્બના જાવનર કબ્જામાં લીધા અને તેમને દારૂલ ઈસ્લામ સુધી લાવી શકતા નથી તો ઝુબ્હ કરીને બાળી નાંખે એવી જ રીતે બીજો સામાન જેમને લાવી શકતા નથી બાળી નાખે અને વાસણોને તોડી નાંખે, રોગન વિગેરે વહેવડાવી

દે અને હથિયાર વિગેરે લોખંડની વસ્તુઓ જે બળી શકે તેમ નથી તો તેમને ગુપ્ત સ્થળે દફન કરી દે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૪)** : ગુલામ અને બાળક અને ઔરત અને મજનું માટે ભાગ નથી, હા ખુમ્સ કાઢવાથી પહેલા સમસ્ત ગનીમત માંથી તેમને કાંઈ આપી દેવામાં આવે, જે ભાગના બરાબર ન હોય, પરંતુ તે સમયે કે તેમણે કિતાલ (યુધ્ધ) કર્યુ હોય અથવા ઔરતે મુજાહિદોનું કામ કર્યુ હોય, દા.ત. ખાવા પકાવવું. બીમારો અને ઝખમીઓની સેવા કરવું, તેમને પાણી પાવું વિગેરે. (દુર્રે મુખ્તાર, આલમગીરી)

**મસ્અલા-(૫)** : ગનીમતના માલને દારૂલ હર્બમાં મુજાહિદો પોતાની જરૂરતમાં વહેચવાથી પહેલા ખરચ કરી શકે છે. દા.ત. જાનવરોનો ચારો, પોતાની ખાવાની વસ્તુઓ, રાંધવા માટે એંધણ, ઘી-તેલ, મોરસ, સુકા તથા લીલા મેવા અને તેલ ચોપડવાની જરૂરત હોય તો ખાવાનું તેલ ચોપડી શકે છે. અને ખૂશ્બુદાર તેલ દા.ત. રોગનેગુલ વિગેરે તે સમયે ઉપયોગમાં લઈ શકાય છે જ્યારે કોઈ બીમારીમાં તેના ઉપયોગની હાજત હોય અને માંસ ખાવાના જાનવર ઝુબ્હ કરી શકાય છે, પરંતુ ચામડુ ગનીમતના માલમાં પાછું આપવું અને મુહાજિદો પોતાની દાસી, ગુલામ અને પત્નીઓ, બાળકોને પણ ગનીમતના માલમાંથી ખવડાવી શકે છે અને જે શખ્સ વેપાર માટે ગયો છે, લડવા માટે ગયો નથી તે અને મુજાહિદોના નોકર ગનીમત માલને ખર્ચી શકતા નથી, હા રાંધેલું ભોજન તેઓ પણ ખાઈ શકે છે અને પહેલાથી વસ્તુઓ પોતાની પાસે રાખી લેવું કે જરૂરતના સમયે ખરચ કરીશું તે નાજાયઝ છે, એવી જ રીતે જે વસ્તુ કામ માટે લીધી હતી અને બચી ગઈ તેને વેચવું પણ નાજાયઝ છે અને વેચી નાખી તો દામ પાછું આપી દે. (આલમગીરી, દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૬)** : ગનીમતના માલને વેચવું જાયઝ નથી અને વેચ્યો તો વસ્તુ પાછી લઈ લેવામાં આવે અને તે વસ્તુ ન હોય તો કીમત ગનીમતના માલમાં દાખલ કરો. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૭)** : દારૂલ હર્બમાંથી નિકળવા પછી હવે અધિકાર જાયઝ નથી, હા જો સૌ મુજાહિદોની રજાથી હોય તો વાંધો નથી અને જે વસ્તુઓ દારૂલ હર્બમાં લીધી હતી તેમાંથી કાંઈ વધ્યું છે અને હવે દારૂલ ઈસ્લામમાં આવી ગયો તો બાકીનું પાછું આપી દે અને પાછા આપવાથી પહેલા ગનીમત વહેચાઈ ગયું છે તો ગરીબો પર તસદ્દુક (ખૈરાત) કરી દે, અને પોતે નિર્ધન હોય તો પોતે પોતાના કામમાં લે અને જો દારૂલ ઈસ્લામમાં પહોંચવા પછી બાકીનાને ખરચ કરી નાખ્યું છે તો કીમત પાછી આપે અને ગનીમત વહેચાઈ ગયું છે તો કીમત તસદ્દુક કરી દે અને પોતે નિર્ધન હોય તો કાંઈ હાજત નથી

(આલમગીરી, દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૮)** : ગનીમતના માલમાં વહેંચવાથી પહેલા ખયાનત કરવું મના છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૯)** : જે શખ્સ દારૂલ હર્બમાં મુસલમાન થઈ ગયો તે પોતે અને તેના નાના બાળકો અને જે કાંઈ તેના પાસે માલમતા છે સઘળું સુરક્ષિત છે આ જ્યારે કે ઈસ્લામ સ્વીકારવું ગિરફતાર કરવાથી પહેલા હોય અને તેના પછી કે સૈનિકોએ તેને ગિરફતાર કર્યો જો મુસલમાન થયો તો તે ગુલામ છે અને જો મુસલમાન થવાથી પહેલા તેના બાળકો અને માલ પર કબ્જો થઈ ગયો અને તે ગિરફતારીથી વહેલા મુસલમાન થઈ ગયો તો કેવળ તે આઝાદ છે અને જો હર્બી અમન લઈને દારૂલ ઈસ્લામ આવ્યો હતો અને અહીંયા મુસલમાન થઈ ગયો પછી મુસલમાનો તેના શહેર પર ગાલિબ આવ્યા તો બાલ બચ્ચાં અને માલ સૌ ફય છે.

(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૧૦)** : જે શખ્સ દારૂલ હર્બમાં મુસલમાન થયો અને તેણે અગાઉથી કેટલોક માલ કોઈ મુસલમાન અથવા ઝિમ્મી પાસે અમાનત

મુકી દીધો હતો તો આ માલ પણ તેને મળશે અને હર્બી પાસે હતો તો ફેય છે અને જો દારૂલ હર્બમાં મુસલમાન થઈને દારૂલ ઈસ્લામમમાં આવી ગયો પછી મુસલમાનોનો તે શહેર પર કબ્જો થયો તો તેના નાના બાળકો સુરક્ષિત રહેશે અને જે માલ તેણે મુસલમાન અથવા ઝિમ્મી પાસે અમાનત મુકયો છે તે પણ તેનું જ છે બાકીનું સૌ ફે છે.

(દુર્રે મુખ્તાર, ફતુહુલ કદીર)

**મસ્અલા-(૧૧)** : જે શખ્સ દારૂલ હર્બમાં મુસલમાન થયો તો તેની બાલિગ ઔલાદ અને પત્નીના પેટમાં જે બાળક છે તે અને જાયદાદ ગેર મનકુલા (જેની બીજે સ્થળે હેરાફેરી થઈ શકતી ન હોય તે) અને તેની દાસી, ગુલામ, લડવાવાળા અને તે દાસીના પેટમાં જે બાળક છે તે સઘળું ગનીમતમાં છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૨)** : જે હર્બી દારૂલ ઈસ્લામમાં અમાન લીધા વગર આવી ગયો અને તેને કોઈએ પકડી લીધો તો તે અને તેના સાથે જે કાંઈ માલ છે સૌ ફે છે. (દુર્રે મુખ્તાર)

## ગનીમતની વહેચણી

**મસ્અલા-(૧)** : ગનીમતના પાંચ ભાગ પાડવામાં આવે એક ભાગ કાઢીને બાકીના ચાર ભાગ મુજાહિદોમાં વહેંચી દેવામાં આવે અને સવાર પેદલની (પગપાળા) સરખામણીમાં ડબલ પામશે અર્થાત એક તેનો ભાગ અને એક ઘોડાનો અને ઘોડો અરબી હોય કે બીજી જાતનો સૌને એક જ હુકમ છે, લશ્કરનો સરદાર અને સૈનિક બંને સરખા છે અર્થાત જેટલું સૈનિકને મળશે એટલું જ સરદારને પણ મળશે ઉંટ અને ગર્ધભ અને ખચ્ચર કોઈના પાસે હોય તો તેના લીધે કાંઈ અધિક મળશે નહી અર્થાત તેને પણ પૈદલવાળાના બરાબર મળશે અને જો કોઈની પાસે કેટલાક ઘોડા હોય તો પણ એટલું જ મળશે જેટલું એક ઘોડા માટે મળતું હતું. (આલમગીરી)

**મસ્અલા-(૨)** : સવાર બમણા ગનીમતનો તે સમયે હકદાર થશે જ્યારે દારૂલ ઈસ્લામમાંથી જુદા થતીવેળા તેની પાસે ઘોડો હોય માટે જે શખ્સ દારૂલ હર્બમાં ઘોડા વગર આવ્યો અને ત્યાં ઘોડો ખરીદી લીધો તો પૈદલનો ભાગ પામશે અને જો ઘોડો હતો પરંતુ ત્યાં પહોચીને મરી ગયો તો સવારનો ભાગ પામશે અને સવારના બમણો ભાગ પામવા માટે એ પણ શરત છે કે તેનો ઘોડો બીમાર ન હોય અને મોટો હોય અર્થાત લડાઈના કાબેલ હોય અને જો ઘોડો બીમાર હતો અને ગનીમત થી પહેલા સારો થઈ ગયો તો સવારનો ભાગ પામશે, નહિ તો નહી પામે. અને જો વછેરો હતો અને ગનીમતના પહેલા જવાન થઈ ગયો તો નહી અને જો ઘોડો લઈને નિકળ્યો પરંતુ સરહદ પર પહોચવાથી વહેલા કોઈએ ઝુંટવી લીધો અથવા કોઈ બીજો શખ્સ તેના પર સવારી કરવા લાગ્યો અથવા ઘોડો નાસી ગયો અને આ શખ્સ દારૂલ હર્બમાં પૈદલ દાખલ થયો તો જો આ સ્વરૂપોમાં લડાઈથી પહેલા તેને તે ઘોડો મળી ગયો તો સવારનો ભાગ પામશે. નહિ તો પૈદલનો અને જો લડાઈથી પહેલા અથવા જંગના સમયે ઘોડો વેચી નાખ્યો તો પૈદલનો ભાગ પામશે. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા-(૩)** : સવાર માટે એ જરૂરી નથી કે ઘોડો તેની માલિકનો હોય બલ્કે ભાડા અથવા ઉછીનો લીધો હોય બલ્કે જો ઝુટવીને લઈ ગયો તો પણ સવારનો ભાગ પામશે અને ઝુંટવવાનો ગુનોહ તેના પર છે અને જો બે શખ્સોની ભાગીદારીમાં ઘોડો છે તો તેમનામાં કોઈ સવારનો ભાગ પામશે નહી પરંતુ જ્યારે કે દાખલ થવાથી પહેલા એકે બીજાથી તેનો ભાગ ભાડેથી લઈ લીધો. (રદદુલ મુહતાર)

**મસ્અલા-(૪)** : ગુલામ અને બાળકો અને ઔરત અને મજનું માટે ભાગ નથી હા ખુમ્સ કાઢવાથી પહેલા સમસ્ત ગનીમતમાંથી તેમને કાંઈ આપી દેવામાં આવે જે ભાગના બરાબર ન હોય પરંતુ તે સમયે કે તેમણે કિતાલ (યુધ્ધ) કર્યુ હોય

અથવા ઓરતે મુજાહિદોનું કામ કર્યુ હોય, દા.ત. ખાવા પકાવવું બીમારો અને ઝખ્મીઓની સેવા કરવું, તેમને પાણી પાવું વિગેરે

(દુર્રે મુખ્તાર, આલમગીરી)

**મસ્અલા-(૫)** : ગનીમતનો પાંચમો ભાગ જે કાઢવામાં આવ્યો છે તેના ત્રણ ભાગ કરવામાં આવે એક ભાગ યતીમો માટે અને એક મિસ્કીનો (ગરીબો) માટે અને એક મુસાફરો માટે જો આ ત્રણે ભાગ એક જ પ્રકાર દા.ત. યતીમો અથવા મિસ્કીનો પર ખરચ કરી નાખ્યા તો પણ જાયઝ છે અને મુજાહિદોને હાજત હોય તો તેમના પર ખરચ કરવું પણ જાયઝ છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૬)** : **'બની હાશિમ'** તથા **'બની મુત્તલિબ'**ના યતીમો અને મિસ્કીનો અને મુસાફિરો જો ફકીર (નિર્ધન) હોય તો તે લોકો બીજાઓની સરખામણીમાં ખુમ્સ(પાંચમો ભાગ)ના વધુ હકદાર છે. કેમકે બીજા ફકીરો તો ઝકાત પણ લઈ શકે છે અને આ લઈ શકતા નથી અને આ લોકો ગની (માલદાર) હોય તો **'ખુમ્સ'**માં તેમનો કોઈ હક નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૭)** : જે ફોજ અથવા જે શખ્સ લડવાના ઈરાદાથી દારૂલ હર્બમાં પહોચ્યો અને જે સમયે પહોચ્યો લડાઈ ખતમ થઈ ગઈ છે તો તે પણ ગનીમતમાં ભાગીદાર છે, એવી જ રીતે જે શખ્સ ગયો પરંતુ બીમારી વિગેરેના લીધે લડાઈમાં શરીક થઈ શકયો નહી તો ગનીમત મેળવશે અને જો કોઈ વેપાર માટે ગયો છે તો જ્યાં સુધી લડવામાં શરીક થાય નહી ગનીમતનો હકદાર નથી.

(દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા-(૮)** : જે શખ્સ દારૂલ હર્બમાં મરી ગયો અને ગનીમત ન હજુ વહેંચાયું છે ન દારૂલ ઈસ્લામમાં લાવવામાં આવ્યું છે ન બાદશાહે ગનીમતને વેચ્યું છે તો તેનો ભાગ નથી અર્થાત તેનો ભાગ તેના વારસોને આપવામાં આવશે નહી. અને જો વહેંચાઈ ગયું છે અથવા દારૂલ ઈસ્લામમાં લાવી દેવામાં આવ્યું છે અથવા બાદશાહે વેચી નાખ્યું છે તો તેનો ભાગ વારસદારોને મળશે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૯)** : વહેંચણી પછી એક શખ્સે દાવો કર્યો કે હું પણ જંગમાં શરીક હતો અને ગવાહોથી તે વાતને સાબિત પણ કરી દીધી તો વહેચણી બાતલ ન કરવામાં આવે બલકે તે શખ્સને તેનો ભાગ જેટલું બયતુલમાલમાંથી આપવામાં આવે.

(આલમગીરી)

**મસ્અલા-(૧૦)** : ગનીમતમાં કિતાબો મળી અને ખબર નથી કે તેમાં શું લખેલું છે તો ન વહેંચો ન કાફિરોને વેચો, બલ્કે સુરક્ષિત સ્થળે દફન કરી દો કે, કાફિરોને મળી શકે નહી અને જો ઈસ્લામી બાદશાહ મુસલમાનને વેચવા ઈચ્છે તો એવા મુસલમાનને વેચો નહી જે કાફિરોને વેચી નાખે અને વિશ્વાસ લાયક શખ્સ છે કે કાફિરોને વેચશે નહી તો તેને વેચી શકો છો. જો સોના અથવા ચાંદીના હાર મળે જેનામાં સલીબ (ક્રોસ) અથવા તસ્વીરો બનેલી છે તો વહેચવાથી પહેલા તેને તોડી નાખો અને એવા મુસલમાનને ન વેચો જે કાફિરોને વેચી નાખશે અને જો રૂપિયા અશરફીઓમાં તસ્વીરો (ફોટા) છે તો તોડયા વગર વહેચણી અથવા વેચાણ કરી શકો છો. (આલમગીરી)

**મસ્અલા-(૧૧)** : શિકારી કુતરા અને બાઝ અને શકરા ગનીમતમાં મળ્યા તો તે પણ વહેચવામાં આવે અને વહેચણીથી વહેલા તેમનાથી શિકાર મકરૂહ છે. (આલમગીરી)

**મસ્અલા-(૧૨)** : જે જમાઅત (જથ્થો) બાદશાહથી ઈજાઝત લઈને દારૂલ હર્બમાં ગઈ અથવા શક્તિશાળી જમાઅત ઈજાઝત વગર ગઈ અને રાત્રી છાપો મારીને ત્યાંથી માલ લાવી તો તે ગનીમત છે, ખુમ્સ લઈને બાકીનું વહેંચાશે અને જો આ બંને વાતો ન હોય અર્થાત તે ન ઈજાઝત લીધી ન શક્તિશાળી જમાઅત છે તો જે કાંઈ પ્રાપ્ત કર્યુ સઘળું તેમનું જ છે. ખુમ્મસ લેવામાં આવે નહી.

(દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૩)** : જો કેટલાક ઈજાઝતથી ગયા હતા અને કેટલાક ઈજાઝત વગર અને આ લોકો શક્તિશાળી પણ ન હતા તો ઈજાઝતવાળા જે કાંઈ માલ પામશે તેમાંથી ખુમ્સ લઈને બાકીનું તેમનામાં વહેંચાઈ જશે અને બીજા જુથે જે કાંઈ પ્રાપ્ત કર્યુ છે તેમાં ન ખુમ્સ છે ન વહેંચણી બલ્કે જેને જેટલું મળ્યું તે તેનું જ છે. તેનો સાથીદાર પણ તેમાં શરીક નથી અને જો ઈજાઝતવાળા અને વગર ઈજાઝત વાળા બંને મળી ગયા અને તેમના સંમેલનથી શક્તિ પૈદા થઈ ગઈ તો હવે ખુમ્સ લઈને ગનીમતની જેમ વહેચણી થશે અર્થાત એ કે પણ જે કાંઈ મેળવ્યું છે તે સૌમાં વહેંચાઈ જશે. (આલમગીરી)

**મસ્અલા-(૧૪)** : ગનીમતની વહેંચણી થઈ અને થોડીક વસ્તુ વધી ગઈ જે વહેંચવા પાત્ર નથી કે લશ્કર મોટું છે અને વસ્તુ થોડી તો બાદશાહને અખત્યાર છે કે ફકીરો પર તસદદુક કરી દે અથવા બયતુલમાલમાં જમા કરી દે કે જરૂરતના સમયે કામ આવે. (આલમગીરી)

**મસ્અલા-(૧૫)** : ઈજાઝત લઈને એક જમાઅત દારૂલ હર્બમાં ગઈ અને તેને બાદશાહે કહી દીધું કે તમે જે કાંઈ મેળવશો તે સઘળું તમારૂં છે, તેમાં ખુમ્સ લઈશ નહી તો જો તે જમાઅત શક્તિશાળી છે તો તેનું એ કહેવું જાયઝ નથી અર્થાત ખુમ્સ લેવામાં આવશે અને શક્તિશાળી ન હોય તો કહેવું જાયઝ છે અને ખુમ્સ નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૬)** : બાદશાહ અથવા સેનાપતિ જો યુધ્ધથી પહેલા અથવા જંગના સમયે કેટલાક સૈનિકોને એમ કહી દે કે તમે જે કાંઈ મેળવશો તે તમારૂં છે અથવા એમ કહે કે તમારા પૈકી જે જે કાફિરને કતલ કરે તેનો સામાન તેના માટે છે તો આ જાયઝ બલ્કે બહેતર છે કે તેના કારણે તે સૈનિકોમાં પ્રેરણા થશે અને તેને નિફલ કહે છે અને તેમાં નખુમ્સ છે ન વહેંચણી બલ્કે સઘળું તે પામનારનું છે જો એ શબ્દ કહયા હતા કે જે જે કાફિરને કતલ કરશે તે કતલ થનારનો સામાન તે લે અને ખુદ બાદશાહ અથવા સેનાપતિએ કોઈ કાફિરને કતલ કર્યો તો તે સામાન લઈ શકે છે અને એ કહેવું પણ જાઈઝ છે કે આ સો (૧૦૦) રૂપિયા લો અને ફલાણાં કાફિરને મારી નાખો અથવા એમકે જો તમોએ ફલાણા કાફિરને મારી નાખ્યો તો તમને હજાર રૂપિયા આપીશ લડાઈ ખતમ થવા અને ગનીમત એકત્ર કરવા પછી નિફલ આપવુ જાયઝ નથી. હા જો ઉચિત સમજે તો ખુમ્સમાંથી આપી શકે છે.

(આલમગીરી, દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા-(૧૭)** : તે લોકોને નિફલ (ઈનામ) આપવાનું કહ્યું છે. તેમણે સાંભળ્યું નથી બીજાઓએ સાંભળી લીધું તો પણ તે ઈનામના હકદાર છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૮)** : દારૂલ હર્બમાં લશ્કર છે તેમાંથી કેટલાક લોકોને કયાંક મોકલવામાં આવ્યા અને તેમને એમ કહી દીધું કે જે કાંઈ તમે પામશો તે સઘળું તમારૂં છે. તો જાયઝ છે અને જો દારૂલ ઈસ્લામથી એમ કહીને મોકલ્યા તો નાજાયઝ છે. (આલમગીરી)

**મસ્અલા-(૧૯)** : એવા શખ્સને કતલ કર્યો જેનું કતલ જાયઝ ન હતું દા.ત. બાળક અથવા મજનુ અથવા ઔરતને તો ઈનામનો હકદાર નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૨૦)** : નિફલનો એ અર્થ છે કે બીજા લોકો તેમાં શરીક થશે નહી, ન એ કે તે શખ્સ અત્યારથી માલિક બની ગયો બલ્કે માલિક તે સમયે થશે જ્યારે દારૂલ ઈસ્લામમાં લાવે માટે જો દાસી મળી તો જ્યાં સુધી દારૂલ ઈસ્લામાં લાવવા પછી "ઈસ્તિબરા" (હૈઝ આવી જવું અથવા હમલથી મુક્તિ મેળવવી) ન કરે, વતી કરી શકતો નથી ન તેને વેચી શકે છે. (આમ્મતુલ કુતુબ)

## ઈસ્તીલાએ કુફ્ફારનું બયાન

**મસ્અલા-(૧)** : દારૂલ હર્બમાં એક કાફિરે બીજા કાફિરને કેદ કરી લીધો અર્થાત જંગમાં પકડી લીધો, તે તેનો માલિક બની ગયો, માટે જો આપણે તેમનાથી ખરીદી લઈએ અથવા કેદ કરવાવાળા ઓ ઉપર મુસલમાનોએ ચઢાઈ કરી અને તે કાફિરને તેમની પાસેથી લઈ લીધો તો મુસલમાન માલિક થઈ ગયા એજ હુકમ માલનો પણ છે. (દુર્રે મુખ્તાર વિગેરે)

**મસ્અલા-(૨)** : જો હર્બી કાફિર ઝિમ્મીને દારૂલ ઈસ્લામથી પકડી લઈ ગયા તો તેના માલિક થશે નહી. (દુર્રે મુખતાર)

**મસ્અલા-(૩)** : હર્બી કાફિર જો મુસલમાનના માલ પર કબ્જો કરી દારૂલ હર્બમાં લઈ ગયા તો માલિક બની જશે પરંતુ જ્યાં સુધી દારૂલ હર્બમાં પહોંચી જાય નહી મુસલમાનો પર ફરજ છે કે તેમનો પીછો કરે અને તેમનાથી ઝુંટવી લે પછી જ્યારે કે દારૂલ હર્બમાં લઈ જવા પછી જો તે હર્બી જેમના પાસે તે માલ છે મુસલમાન બની ગયા તો હવે બિલ્કુલ તેમની માલિકી સાબિત થઈ ગઈ કે હવે તેમનાથી લઈશું નહી અને જો મુસલમાન તે હર્બીઓ પર દારૂલ હર્બમાં પહોંચવાથી વહેલા ગાલિબ આવી ગયા તો જેની વસ્તુ છે તેને આપી દઈશું અને કાંઈ બદલો લઈશું નહી અને દારૂલ હર્બમાં પહોંચવા પછી ગલ્બો થયો અને ગનીમત વહેંચવાથી પહેલા માલિકે આવીને કહયું કે આ વસ્તુ મારી છેનો તેને બદલા વગર આપી દઈશું અને ગનીમત વહેચવા પછી કહયું તો હવે કીમતથી આપીશું અને જે દિવસે ગનીમતમાં તે વસ્તુ મળી તે દિવસે જે કીમત હતી તે લેવામા આવશે (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૪)** : કાફિર "અમાન" લઈને દારૂલ ઈસ્લામમાં આવ્યો અને કોઈ મુસલમાનની વસ્તુ ચોરી કરીને દારૂલ હર્બમાં લઈ ગયો અને ત્યાંથી કોઈ મુસલમાન તે વસ્તુ ખરીદીને લાવ્યો તો તે વસ્તુ માલિકને મફત અપાવી દેવામાં આવશે. (રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૫)** : જે મુસલમાન ગુલામ નાસીને દારૂલ હર્બમાં ચાલયા ગયો અને હર્બીઓએ તેને પકડી લીધો તો માલિક બનશે નહી માટે જો મુસલમાનોને ગલબો થયો અને તે ગુલામ ગનીમતમાં મળ્યો તો માલિકને બદલા વગર આપવામાં આવશે ભલેને ગનીમત વહેંચાઈ ગયું હોય, હાં વહેંચણી પછી જો આપવામાં આવ્યો તો જેના ભાગમાં ગુલામ આવ્યો હતો તેને બયતુલમાલ થી કીમત આપો (ફતહ)

**મસ્અલા-(૬)** : મુસલમાન ગુલામ નાસીને ગયો અને તેની સાથે ઘોડો અને માલ સામાન પણ હતો અને સૌ પર કાફિરોએ કબ્જો કરી લીધો પછી તેમનાથી સૌ વસ્તુઓ અને ગુલામ કોઈ શખ્સ ખરીદી લાવ્યો તો ગુલામ બદલા વગર માલિકને આપવામાં આવે અને બાકીની વસ્તુઓ કીમતથી અને જો ગુલામ મુરતદ થઈને દારૂલ હર્બમાં ભાગી ગયો તો હર્બીઓ પકડી લિધા પછી માલિક બની ગયા. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૭)** : જે કાફિર અમાન (રક્ષણની બાંહેધરી) લઈને દારૂલ ઈસ્લામમાં આવ્યો, તેને મુસલમાન ગુલામ વેચવામાં આવે નહી અને વેચી દીધો હોય તો પાછો લેવું વાજિબ છે. અને જો પાછો પણ લીધો નહી ત્યાં સુધી કે ગુલામને લઈને દારૂલ હર્બ ચાલ્યો ગયો તો હવે તે આઝાદ છે અર્થાત તે ગુલામ જો ત્યાંથી નાસીને આવ્યો અથવા મુસલમાન નો ગલબો થયો અને તે ગુલામ ત્યાંથી પ્રાપ્ત કર્યો તો ન કોઈને આપવામાં આવે ન ગનીમતની જેમ વહેંચાય બલ્કે તે આઝાદ છે. એવી જ રીતે જો હર્બી ગુલામ મુસલમાન બની ગયો અને ત્યાંથી નાસીને દારૂલ ઈસ્લામમાં આવી ગયો અથવા તેને કોઈ મુસલમાન અથવા ઝિમ્મી અથવા દારૂલ હર્બીએ દારૂલ હર્બમાં ખરીદી લીધો અથવા તેના માલિકે વેચવા ઈચ્છયું અથવા મુસલમાનોનો

તેમના પર ગલબો થયો. દરેક હાલતમાં આઝાદ થઈ ગયો. (દુર્રે મુખ્તાર)

## મુસ્તામિનનું બયાન

મુસ્તામિન તે શખ્સ છે જે બીજા દેશમાં અમાન લઈને ગયો. બીજી દેશથી ભાવાર્થ તે દેશ છે જેમાં ગેર મુસ્લિમનું રાજ્ય હોય અર્થાત હર્બી દારૂલ ઈસ્લામમાં અથવા મુસલમાન દારૂલ હર્બમાં અમાન લઈને ગયો તો મુસ્તામિન છે.

**મસ્અલા-(૧)** : દારૂલ હર્બમાં મુસલમાન અમાન લઈને ગયો તો ત્યાંવાળાઓના જાન માલથી રોક-ટોક કરવું છેડ-છાડ કરવી તેના માટે હરામ છે, કે જ્યારે **'અમાન'** લીધી તો તેનું પુરૂં કરવું વાજિબ છે. એવી જ રીતે તે કાફિરોની ઓરતો પણ તેના પર હરામ છે. અને જો મુસલમાન કેદ થઈને ગયો છે તો કાફિરોના જાનમાલ તેના પર હરામ નથી. જો કે કાફિરોએ પોતે જ તેને છોડી દીધો હોય અર્થાત તે જો ત્યાંથી કોઈ વસ્તુ લઈને આવ્યો અથવા કોઈને મારી નાખ્યો તો ગુનેહગાર નથી કે તેણે તેમની સાથે કોઈ કરાર કર્યો નથી જેની વિરૂદ્ધતા કરવું નાજાયઝ ન હોય.

(જવહરહ, દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૨)** : મુસલમાન અમાન લઈને ગયો અને ત્યાંથી કોઈ વસ્તુ લઈને દારૂલ ઈસ્લામમાં ચાલ્યો આવ્યો તો તે વસ્તુનો હવે તે માલિક બની ગયો, પરંતુ તે વસ્તુ હરામ તથા ખબીશ છે કે તેણે એવું કરવું જાયઝ ન હતું માટે હુકમ છે કે , ફકીરોમાં વહેંચી દે અને તસદદુક ન કર્યુ અને તે વસ્તુને વેચી નાખી તો વેચાણ સહીહ છે. અને જો તેણે ત્યાં નિકાહ કર્યો હતો અને ઔરતને બળજબરીએ લાવ્યો તો દારૂલ ઈસ્લામમાં પહોંચીને નિકાહ તુટી ગયો અને ઔરત દાસી બની ગઈ.

(જવહરહ, રદદુલ મુહતાર)

**મસ્અલા-(૩)** : મુસલમાન અમાન લઈને દારૂલ હર્બ ગયો અને ત્યાંના બાદશાહે વચન ભંગ કર્યો, દા.ત. તેનો માલ લઈ લીધો અથવા કેદ કરી લીધો અથવા બીજાએ આ પ્રકારનો કોઈ મામલો કર્યો અને બાદશાહને તેની જાણકારી થઈ અને નિવારણ ન કર્યુ તો હવે તેમના જાન તથા માલથી અડચણ કરે તો ગુનેહગાર નથી કે વચનભંગ તેમના તરફથી છે, તેની તરફથી નથી અને આ સ્વરૂપમાં જે માલ વિગેરે ત્યાંથી લાવશે હલાલ છે.

(શરહે મુલતકા)

**મસ્અલા-(૪)** : મુસલમાને દારૂલ હર્બમાં કાફિર હર્બીની રજામંદીથી કોઈ માલ પ્રાપ્ત કર્યો તો તેમાં કાંઈ વાંધો નથી. દા.ત. એક રૂપિયો બેરૂપિયાના બદલામાં વેચ્યો, એવી જ રીતે જો તેને કર્જ આપ્યું અને એ ઠેરવી લીધું કે મહિના ભરમાં એક સોના સવાસો લઈશ, આ જાયઝ છે. કે કાફિર હર્બીનો માલ જેવી રીતે મળે લઈ શકે છે, પરંતુ કરાર વિરૂધ્ધ કરવું હરામ છે. (રદદુલ મુહતાર)

**મસ્અલા-(૫)** : મુસલમાન દારૂલ હર્બમાં અમાન લઈને ગયો છે તેણે કોઈ હર્બીને કર્જ આપ્યું અથવા કોઈ વસ્તુ ઉધાર આપી અથવા એક બીજાની કોઈ વસ્તુ ચોરી લીધી પછી આ બન્ને દારૂલ ઈસ્લામમાં આવ્યા તો કાઝી શરઅ તેમનામાં પરસ્પર કોઈ ફેસ્લો કરશે નહી. હા હવે અહી આવ્યા પછી જો આ પ્રકારની વાત બની ગઈ તો ફેસલો કરવામાં આવશે, એવી જ રીતે જો હર્બી અમાન લઈને આવ્યા અને દારૂલ હર્બમાં તેમના વચ્ચે આ પ્રકારનો મામલો થયો હતો તો તેમનામાં પણ ફેસ્લો કરવામાં આવશે નહી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૬)** : મુસલમાન વેપારીને એ ઈજાઝત નથી કે દાસી, ગુલામ વેચવા માટે દારૂલ હર્બ જાય. હા જો ખિદમત માટે લઈ જવા ઈચ્છતો હોય તો ઈજાઝત છે. (આલમગીરી)

**મસ્અલા-(૭)** : હર્બી અમાન લઈને દારૂલ ઈસ્લામ માં આવ્યો તો પુરા વર્ષ ભર અહીંયા રહેવા દઈશું નહી અને તેને કહી દેવામાં આવશે કે

જો તુ અહીંયા વર્ષ ભર રહીશ તો જઝિયો મુકર્રર થશે. હવે જો વર્ષ ભર રહેશે તો જઝિયો લેવા માં આવશે અને તે ઝિમ્મી બની જશે. અને હવે દારૂલ હર્બ જવા દઈશું નહી. જો કે વેપાર અથવા કાંઈ બીજા કામ માટે જવા ઈચ્છતો હોય અને ચાલ્યો ગયો તો નિયમાનુસાર હર્બી બની ગયો, તેનું ખૂન ઉચિત છે. (જવહરહ)

**મસ્અલા-(૮)** : ઈસ્લામી બાદશાહ ૩ વર્ષ થી ઓછી તેના માટે મુદ્દત મુકર્રર કરી દે અને એમ કહી દે કે જો તુ આ મુદ્દત થી વધારે થોભ્યો તો તારાથી જઝિયો લેવામાં આવશે. અને તે સમયે તે ઝિમ્મી બની જશે. (આલમગીરી)

**મસ્અલા-(૯)** : હર્બી અમાન લઈને આવ્યો અને અહીંયા ખિરાજી અથવા ઉશરી જમીન ખરીદી અને ખિરાજ તેના પર મુકર્રર થઈ ગયો તો હવે ઝિમ્મી બની ગયો અને જે સમયે ખિરાજ મુકર્રર થયો એ જ સમયે આવતા વર્ષનો જઝિયો પણ વસૂલ કરવામાં આવશે. (આલમગીરી)

**મસ્અલા-(૧૦)** : કિતાબીયા ઔરત અમાન લઈને દારૂલ ઈસ્લામમાં આવી અને તેનાથી કોઈ મુસલમાન અથવા ઝિમ્મી એ નિકાહ કરી લીધો તો હવે ઝિમ્મીયા બની ગઈ, હવે દારૂલ હર્બમાં જઈ શકતી નથી. એવી જ રીતે જો પતિ-પત્ની બન્ને આવ્યા અને પતિ અહીંયા મુસલમાન બની ગયો તો પત્ની હવે જઈ શકતી નથી અને જો હર્બી પુરૂષે કોઈ ઝિમ્મી થી નિકાહ કર્યો તો તેના કારણે ઝિમ્મી બન્યો નહી, શકય છે કે તલાક આપી ને ચાલ્યો જાય. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૧)** : હર્બીએ પોતાના ગુલામને વેપાર માટે દારૂલ ઈસ્લામમાં મોકલ્યો, ગુલામ અહીંયા આવીને મુસલમાન બની ગયો તો ગુલામ વેચી નાખવામાં આવશે અને તેનું સમન (કિંમત) હર્બી માટે સુરક્ષિત રાખવામાં આવશે. એ થઈ શકતું નથી ગુલામ પાછો આપવામાં આવે. (આલમગીરી)

**મસ્અલા-(૧૨)** : મુસ્તામિન (જેને અમાન આપ્યું હોય તે) જ્યારે દારૂલ હર્બમાં ચાલ્યો ગયો તો હવે ફરીથી હર્બી બની ગયો અને જો તેણે કોઈ મુસલમાન અથવા ઝિમ્મીના પાસે કેટલોક માલ મુકયો હતો અથવા તેમના પર તેનું દેણ હતું અને તે કાફિર ને કોઈ એ કેદ કરી લીધો અથવા તે દેશને મુસલમાનો એ જીતી લીધો અને તેને મારી નાખ્યો તો દેણ રદ થઈ ગયું અને તે અમાનત ફૈએ છે અને જો ગલબા વગર તે માર્યો ગયો અથવા મરી ગયો તો દેણ અને અમાનત તેના વારસો માટે છે. (મુલ્તકી)

**મસ્અલા-(૧૩)** : હર્બી અથવા મુરતદ અથવા તે શખ્સ જેના પર કિસાસ લાઝિમ આવ્યું, નાસીને હરમ શરીફ માં ચાલ્યો જાય તો ત્યાં કતલ ન કરી દેશું, બલ્કે તેને ત્યાં ખાણું પીણું કાંઈ આપો નહી કે નીકળવા માટે મજબૂર થાય અને ત્યાંથી નીકળ્યા પછી કતલ કરી નાખો અને જો હરમમાં કોઈ એ ખૂન કર્યુ તો તેને ત્યાં જ કતલ કરી શકો છો. તેની જરૂરત નથી કે નીકળે તો કતલ કરે. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૧૪)** : જે જગ્યા દારૂલ હર્બ છે હવે તે દારૂલ ઈસ્લામ તે સમયે થશે કે મુસલમાનો ના કબ્જામાં આવી જાય. અને ત્યાં ઈસ્લામના અહેકામ જારી થાય. અને દારૂલ ઈસ્લામ તે સમયે દારૂલ હર્બ થશે જ્યારે કે આ ત્રણ વાતો જોવામાં આવે. (૧) કુફ્રના અહકામ જારી થઈ જાય અને ઈસ્લામી અહકામ બિલકુલ રોકી દેવામાં આવે અને જો ઈસ્લામના અહેકામ પણ પ્રચલિત છે અને કુફ્રના પણ તો દારૂલ હર્બ ન થયું. (૨) દારૂલ હર્બથી જોડાએલું હોય કે તેના અને દારૂલ હર્બની વચ્ચે કોઈ ઈસ્લામી શહેર ન હોય. (૩) તેમાં કોઈ મુસલમાન અથવા ઝિમ્મી અવ્વલ અમાન પર બાકી ન હોય. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર) તેનાથી જણાયું કે, **હિન્દુસ્તાન 'બેહમ્દેહી તઆલા' અત્યાર સુધી 'દારૂલ ઈસ્લામ' છે.** કેટલાકો એ

અમસ્તાજ તેને દારૂલ હર્બ સમજી લીધું છે. અહીંયાના મુસલમાન પર લાઝિમ છે કે પરસ્પર રજા મંદી થી કોઈ કાઝી મુકર્રર કરે કે કમઅઝકમ ઈસ્લામી મામલાઓ જેના માટે મુસલમાન હાકિમ હોવું શર્ત છે, તેનાથી ફેસ્લા કરાવે અને એ મુસલમાનોની બદનસીબી છે કે હાલના શાસકો તેમને તેનાથી રોકતા ન હોવા છતાં, તે છતાં તેમને શરઈ અહકામના પ્રચલનની બિલકુલ પરવા નથી.

## ઉશર તથા ખિરાજ નું બયાન

અરબ અને બસરાની અને તે જમીન જ્યાંના લોકો સ્વયં મુસલમાન બની ગયા અને જે શહેર બળ-જબરી એ ફતેહ કરવામાં આવ્યું અને ત્યાંની જમીન મુજાહિદો માં વહેંચી દેવામાં આવી તે સઘળી ઉશરી છે. બીજી પણ ઉશરી હોવાની કેટલીક સુરતો છે જેને અમે ઝકાત પ્રકરણમાં બયાન કરી દીધું છે અને જે શહેર સુલેહની રીતે ફતેહ થાય અથવા જે લડીને ફતેહ કરવામાં આવ્યું, પરંતુ મુજાહિદો માં વહેંચવામાં આવ્યું નહી, બલ્કે ત્યાં ના લોકો યથાવત રાખવામાં આવ્યા અથવા બીજી જગ્યાના કાફિરો ને ત્યાં વસાવી દેવામાં આવ્યા તે સૌ ખિરાજી છે. બન્ઝર (પડતર), જમીનમાં મુસલમાને વાવેતર કર્યું, જો તેના આસપાસની જમીનો ઉશરી છે તો આપણ ઉશરી અને ખિરાજી છે તો ખિરાજી છે.

**મસ્અલા-(૧)** : જમીન વકફ કરી દીધી તો જો પહેલા ઉશરી હતી તો હવે પણ ઉશરી છે અને ખિરાજી હતી તો હવે પણ ખિરાજી છે અને જો બયતુલમાલથી ખરીદીને વકફ કરી તો હવે ખિરાજ નથી અને ઉશરી હતી તો ઉશર છે (દુર્રે મુખ્તાર) ઉશર તથા ખિરાજના મસાઈલ જરૂરત પ્રમાણે કિતાબુઝ ઝકાતમાં બયાન કરી દેવામાં આવ્યા છે ત્યાં વાંચીલો, તેનાથી વધારે અંશોની હાજત નથી જણાતી માટે તેટલા પર જ સંતોપ માનો.

**ચેતવણી** : આ જમાનાના મુસલમાનો એ ઉશર તથા ખિરાજને સામાન્ય રીતો ત્યજી દીધો છે. બલ્કે જ્યાં સુધી મારો ખ્યાલ છે. અધિકતમ મુસલમાન છે જેમના કાન પણ આ શબ્દોથી પરિચિત નથી. જાણતા જ નથી કે ઉત્પાદનમાં પણ શરીઅતે કેટલાંક બીજાઓનો હક રાખ્યો છે. જોકે **કુરઆન મજીદ**માં અલ્લાહ તઆલા એ ઈરશાદ ફરમાવ્યો : **"ખર્ચ કરો પોતાની પાક કમાણી માંથી અને તેનાથી કે અમોએ તમારા માટે જમીન માં કાઢયું"** જો મુસલમાન આ વાતોથી વાકેફ થઈ જાય તો અત્યારે પણ એટલાએ ખુદાના બંદા તે છે જે શરીઅતના અનુસરણનો પ્રયત્ન કરે છે. જેવી રીતે જકાત આપે છે તેમને પણ અદા કરશે.

## જઝિયાનું બયાન

અલ્લાહ અઝવ જલ્લ ફરમાવે છે. : **વમા અફાઅલ્લાહો અલા રસૂલેહિ..."**

**અર્થ** : અલ્લાહે કાફિરોથી જે કાંઈ પોતાના રસૂલને અપાવ્યું તેના પર ન તમોએ ઘોડા દોડાવ્યા ન ઊંટ પરંતુ અલ્લાહ પોતાના રસૂલોને જેના પર ઈચ્છે છે મુસલ્લત કરી દે છે અને અલ્લાહ દરેક વસ્તુ પર કાદિર છે. જે કાંઈ અલ્લાહે પોતાના રસૂલ ને વસ્તીઓવાળાઓથી અપાવ્યું તે અલ્લાહ તથા રસૂલ માટે છે, અને સગાઓ અને યતીમો અને મિસ્કીનો અને મુસાફિર માટે (આ એટલા માટે બયાન કરવામાં આવ્યું કે) તમારામાંના માલદાર લોકો લેવા-આપવા ન લાગે. અને જે કાંઈ રસૂલ તમને આપે તેને લો અને જે વસ્તુ થી મના કરે તેનાથી રોકાઈ જાવ. અને અલ્લાહથી ડરો બે શક અલ્લાહ સખ્ત અઝાબ આપવાવાળો છે." -

**હદીસ-(૧)** : અબૂ દાઉદ, મઆઝ બિન જબલ રદિયલ્લાહો અન્હોથી રાવી કે **રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે** જ્યારે તેમને યમનના ગવર્નર બનાવીને મોકલ્યા તો એ ફરમાવ્યું કે દરેક બાલીગ (પુખ્ત વયના) થી એક દીનાર વસૂલ કરે અથવા તે કીમત નું મઆફરી (આએક પ્રકારનું કપડું છે) જે યમન માં બને છે.

**હદીસ-(૨)** : ઈમામ અહમદ તથા તિરમિઝી

તથા અબૂ દાઉદ ઈબ્ને અબ્બાસ રદ્દિયલ્લાહો અન્હોમા થી રિવાયાત કરી કે હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે ફરમાવ્યું : એક જમીન માં બે કબીલા દુરસ્ત નથી અને મુસલમાન પર જઝિયો નથી.

**હદીસ-(૩)** : તિરમિઝી એ ઉકબહ બિન આમિર રદિયલ્લાહો અન્હોથી રિવાયાત કરે છે કે મેં અરજ કરી યા રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ અમે કાફિરોના દેશમાં જઈએ છીએ, તેઓ ન અમારી મહેમાની કરે છે ન અમારા હક્કો અદા કરે છે અને અમે પોતે બળ-જબરીએ લેવું સારૂં સમજતા નથી (અને તે તેના કારણે અમને બહુ નુકસાન થાય છે.) આપે ફરમાવ્યું કે, જો તમારા હક્કો રાજી ખૂશીથી ન આપે તો બળજબરી એ વસૂલ કરો.

**હદીસ-(૪)** : ઈમામ માલિક, અસલમથી રાવી કે અમીરૂલ મોઅમેનીન ફારૂકે આઝમ રદિયલ્લાહો અન્હોએ આ જઝિયો મુકર્રર કર્યો સોનાવાળાઓ પર ચાર દીનાર અને ચાંદીવાળાઓ પર ચાલીસ દિરહમ અને તદઉપરાંત મુસલમાનોની ખોરાક અને ત્રણ દિવસની મહેમાની તેમના માથે હતી.

## ફિકહી મસાઈલ

ઈસ્લામી સલતનત તરફથી ઝિમ્મી કુફ્ફાર પર જે નિયુક્ત કરવામાં આવે છે તેને જઝિયો કહે છે જઝિયાના બે પ્રકાર છે એક તે કે તેમનાથી કોઈ નિશ્ચિત માત્રા પર સુલેહ થઈ કે વાર્ષિક તેઓ અમને આટલું આપશે. તેમાં ઓછું વત્તું કાંઈ થઈ શકતુ નથી. શરીઅતે તેની કોઈ ખાસ માત્રા નિશ્ચિત કરી નથી. બલ્કે જેટલાં પ્રમાણમાં થઈ જાય તે છે. બીજું એ કે દેશને ફતેહ કર્યો અને કાફિરોની મિલ્કતો વિધીસર છોડી દીધી. તેમના પર રાજ્ય તરફથી હાલત પ્રમાણે કાંઈ નિશ્ચિત કરવામાં આવશે તેમાં તેમની ખૂશી અથવા નાખૂશીની ગણના નથી, તેની માત્રાએ છે કે માલદારો પર ૪૮ દિરહમ વાર્ષિક, મધ્યમ શખ્સ પર ૨૪ દિરહમ વાર્ષિક, ફકીર (નિર્ધન) કમાવાવાળા પર બાર દિરહમ વાર્ષિક, હવે અખત્યાર છે કે વર્ષના આરંભમાં વર્ષ ભરનું લે અથવા મહિને મહિને વસૂલ કરે. બીજી સૂરતમાં આસાની છે. માલદાર અને ફકીર અને મધ્યમ કોને કહે છે તે ત્યાંના ઉર્ફ અને બાદશાહના અભિપ્રાય પર છે. અને એક કોલ એ પણ છે કે જે શખ્સ નાદાર હોય બસો દિરહમથી ઓછાનો માલિક હોય તો તે ફકીર છે અને બસો થી દસ હજારથી ઓછાનો માલિક છે તો મધ્યમ છે અને દસહજાર અથવા વધારેનો માલિક હોય તો માલદાર છે. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર, આલમગીરી)

**મસ્અલા-(૧)** : ફકીર કમાવાવાળાથી ભાવાર્થ તે છે કે કમાવા પર શક્તિશાળી હોય અર્થાત સહી સલામત હોય અર્ધા વર્ષ અથવા બહુધામાં બીમાર રહેતો ન હોય. એવું પણ ન હોય કે તેને કોઈ હુનર આવતો ન હોય, ન એટલો મુર્ખ હોય કે કાંઈ પણ કામ ન કરી શકે. (રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૨)** : વર્ષના બહુધા ભાગમાં માલદાર છે તો માલદારોનો જઝિયો લેવામાં આવશે અને ફકીર (ગરીબ) છે તો ફકીરો નો, અને છ મહિનામાં માલદાર રહ્યો અને છ મહિનામાં ફકીર તો મધ્યમ વર્ષના આરંભમાં જ્યારે મુકર્રર કરવામાં આવશે તે સમયની હાલત જોઈને મુકર્રર કરીશું. અને જો તે સમયે કોઈ ઉઝર (શરઈ કારણ) હોય તો તેનો લહાઝ કરવામાં આવશે. પછી જો તે ઉઝર વર્ષ દરમિયાન નષ્ઠ થઈ ગયું અને વર્ષનો બહુધા ભાગ બાકી છે તો મુકર્રર કરી દઈશું.

(આલમગીરી, રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૩)** : મુરતદથી જઝિયો ન લેવામાં આવે ઈસ્લામ લાવે તો ઠીક નહી તો કતલ કરી દેવામાં આવે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૪)** : બાળક અને ઔરત અને ગુલામ તથા મકાતિબ તથા મુદબ્બીર તથા પાગલ, બુહરે, લુંજા, હાથ પગ વગરનો અપાહિજ, લકવાની

બીમારીવાળા, વૃદ્ધ વિવશ, આંધળા, નકામો ફકીર, પૂજારી, જે લોકોથી મેળ મેળાપ રાખતો નથી અને કામ પર શક્તિમાન ન હોય તે સૌથી જઝિયો લેવામાં આવશે નહી. ભલેને અપંગ વિગેરે માલદાર હોય. (દુર્રે મુખ્તાર, આલમગીરી)

**મસ્અલા-(૫) :** જે કાંઈ કમાય છે સઘળું ખરચાઈ જાય છે, કાંઈ બચતું નથી. તો તેનાથી જઝિયો લઈશું નહી. (આલમગીરી)

**મસ્અલા-(૬) :** વર્ષના આરંભમાં જઝિયો મુકર્રર કરવાથી પહેલા બાલિગ થઈ ગયો તો તેના ઉપર પણ જઝિયો મુકર્રર કરવામાં આવશે અને જો તે સમયે નાબાલિગ હતો મુકર્રર થઈ ગયા પછી બાલિગ થયો તો જઝિયો નથી. (આલમગીરી)

**મસ્અલા-(૭) :** વર્ષ દરમિયાન અથવા વર્ષ પુરૂ થયા પછી મુસલમાન થઈ ગયો તો જઝિયો લેવામાં આવશે નહી, જો કે કેટલાએ વર્ષનો તેના માથે બાકી હોય અને જો બે વર્ષનો એડવાન્સ લઈ લીધો હોય તો આવતા વર્ષનો જે લીધો છે પાછો આપી દો અને જો જઝિયો ન લીધો અને બીજું વર્ષ શરૂ થઈ ગયું તો પાછલા વર્ષનો રદ થઈ ગયો, એવી જ રીતે મરી જવા, આંધળા થઈ જવા, અપંગ થઈ જવા, ફકીર (ગરીબ) થઈ જવા, ઠુંઠો થઈ જવાથી કે કામ પર શક્તિમાન ન હોય, જઝિયો રદ થઈ જાય છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૮) :** નોકર અથવા ગુલામ અથવા કોઈ બીજાની સાથે જઝિયો મોકલી શકતો નથી. બલ્કે ખૂદ લઈને હાજર થાય અને ઉભો થઈને અદબ સાથે રજૂ કરે. અર્થાત બંને હાથોમાં મુકીને જેવું કે નજરાણું આપીએ છીએ. અને લેનાર તેના હાથમાંથી તે રકમ ઉપાડી લે. એવું નહી કે પોતે તેના હાથમાં આપી દે, જેવું કે ફકીર ને આપીએ છીએ. (આલમગીરી વિગેરે)

**મસ્અલા-(૯) :** જઝિયો તથા ખિરાજ આમ મુસલમાનના લાભાર્થે ખરચ કરવામાં આવે. દા.ત. સરહદ પર જે ફોજ રહે છે તેના પર ખરચ થાય. અને પુલ, મસ્જિદ, હોજ તથા સરાય (ધર્મશાળા)માં ખરચ થાય અને મસ્જિદોના ઈમામ તથા મોઅઝઝિન પર ખરચ કરો અને ઉલમા તથા તુલબા અને કાઝીઓ અને તેમના હાથ નીચે કામ કરનારાઓને આપો અને મુજાહિદો અને તે સૌના બાલ બચ્ચાઓના ભોજન માટે આપો.

(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૧૦) :** 'દારૂલ ઈસ્લામ' બન્યા પછી ઝિમ્મી હવે નવા ચર્ચ અને બુતખાના અને આતિશકદા (અગ્નિકુંડ) બનાવી શકાતા નથી. અને પહેલાના જે છે તે બાકી રાખવામાં આવશે. જો લડીને શહેરને ફતેહ કર્યું છે તો તે રહેવાના મકાન બનશે. અને સુલેહથી ફતેહ થયું તો નિયમાનુસાર ઈબાદતખાના (પ્રાથનાલય) રહેશે. જો તેમના પ્રાથનાલયો ધ્વંશ થઈ ગયા અને ફરીથી બનાવવા ઈચ્છે તો જેવા હતા તેવાંજ એજ સ્થળે બનાવી શકે છે, ન વધારી શકે છે ન બીજા સ્થળે તેમના બદલે બનાવી શકે છે. ન પહેલા થી અધિક દ્રઢ બનાવી શકે છે દા.ત. પહેલા કાચુ હતુ તો હવે પણ કાચુ જ બનાવી શકશે. ઈંટનું હતું તો હવે પત્થરનું બનાવી શકતા નથી અને ઈસ્લામી બાદશાહ અથવા મુસલમાનોએ તોડી પાડ્યું છે તો તેને ફરીથી બનાવી શકતા નથી અને પોતે ધ્વંશ કર્યો હોય તો બનાવી શકે છે અને અગાઉના થી હવે કાંઈક વધારેકરી દીધું હોય તો તોડી પાડવામાં આવશે. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૧૧) :** ઝિમ્મી કાફિર મુસલમાનો થી દેખાવ, લિબાસ વિગેરે દરેક વાતમાં પૃથક રાખવામાં આવશે. જે પ્રકારનો લિબાસ મુસલમાનો નો હશે તે ઝિમ્મી પહેરે નહી. તેની ઝીન પણ બીજા પ્રકારની હશે. હથિયાર બનાવવાની તેને ઈજાઝત નથી બલકે તેને હથિયાર રાખવા પણ દઈશું નહી જનોઈ વિગેરે જે તેની ખાસ ઓળખની વસ્તુઓ છે તેને જાહેર રાખે કે મુસલમાનોને ધોકો, (ભ્રમ) ન

થાય, અમામો (સાફો) ન બાંધે, રેશમની જનોઈ બાંધે નહીં, ગર્વશાળી લિબાસ જે ઉલ્મા વિગેરે આદરણીય શખ્સો માટે વિશિષ્ટ છે, પહેરે નહી મુસલમાન ઉભો હોય તો તે સમયે બોલે નહી, તેમની ઔરતો પણ મુસલમાન ઔરતોની જેમ કપડા વિગેરે પહેરે નહી, ઝિમ્મીઓના મકાનો પર પણ કોઈ ચિન્હ એવું હોય જેનાથી ઓળખી શકાય કે કયાંક ભિક્ષુક દરવજા પર ઉભો થઈને મગફેરતની દુઆ ન આપે. તાત્પર્ય કે તેની દરેક વાત મુસલમાનો થી જુદી હોય (દુર્રે મુખ્તાર, આલમગીરી વિગેરે) હવે જો કે હિન્દુસ્તાનમાં ઈસ્લામી રાજ્ય નથી માટે મુસલમાનોને આ અખત્યાર રહ્યો નહી કે, કુફફારને કોઈ દેખાવ વિગેરેનો પાબંદ કરે. અલબત મુસલમાનોના અખત્યારમાં એ જરૂર છે કે પોતે તેમનો દેખાવ અખત્યાર કરે નહી પરંતુ બહુ અફસોસ થાય છે જ્યારે કે કોઈ મુસલમાનને કાફિરોની સૂરતમાં દેખવામાં આવે છે લિબાસ તથા રંગ ઢંગમાં કુફફારથી પૃથકતા ધરાવતા નથી બલ્કે કેટલીકવેળા એવો સંજોગ બન્યો છે કે નામ પુછવા પછી ખબર પડી કે તે મુસલમાન છે મુસલમાનોની એક **વિશિષ્ટ વિશેષતા દાઢી રાખવું હતું** તેને આજકાલ લોકોએ સાવ ફુઝૂલ (વ્યર્થ) સમજી લીધું છે નસારા (અંગ્રેજો)ના અનુસરણમાં દાઢીનો સફાયો અને માથા પર વાળનો ગુચ્છો, મૂછો મોટી મોટી અથવા વચમાં નજીવી જે દેખાવથી કુત્રિમ જણાય છે. જો રાખી તો (ખ્રિસ્તીઓ) અંગ્રેજો, જેવી ઓછી કરે તો ખ્રિસ્તીઓ (અંગ્રેજો)ની જેમ. ઈસ્લામી વાત સૌ નાપસંદ, કપડાં બુટ હોય તો અંગ્રેજો જેવા, ભોજન લેતો તેમની જેમ અને હવે કેટલાક દિવસોથી અંગ્રેજો તરફથી વિમુખતા કરી છે તો ઘેર પાછા ફર્યા નહીં બલ્કે મુશરિકોનું અનુકરણ અખત્યાર કર્યુ ટોપી હિન્દુઓના નામની હિન્દુ જે કહે તેના પર દિલોજાનથી હાજર જો કે ઈસ્લામના અહકામ પીઠ પાછળ હોય. જો તે કહે અને જ્યારે તે કહે રોઝો રાખવા તૈયાર પરંતુ રમઝાનમાં પાન ખાઈને નિકળવું ન શરમ ન લજ્જા તેઓ કહે તો દિવસભર બજાર બંધ, ખરીદ વેચાણ હરામ અને ખુદા ફરમાવે છે કે જ્યારે જુમ્આની અઝાન થાય તો ખરીદ-વેચાણ છોડી દો, તેના તરફ ધ્યાન નથી. તાત્પર્ય મુસલમાનો ની જે દુષ્ટતમ હાલત છે તેનું કયાં સુધી રડવું રડવામાં આવે આ હાલત ન હોત તો આ દિવસ કેમ દેખવા પડતા અને જ્યારે તેમની નિર્લજતા એટલી મજબૂત છે અને તેમની કાર્ય શક્તિ નષ્ટ થઈ ગઈ છે તો હવે શું આશા હોઈ શકે છે કે આ મુસલમાન ક્યારેક તરક્કીની સીડી ચઢશે. ગુલામ બનીને અત્યારે પણ છે અને ત્યારે પણ રહેશે. અલ્લાહ બચાવે.

**મસ્અલા-(૧૨)** : ઈસાઈએ મુસલમાનને ચર્ચનો રસ્તો પૂછયો અથવા ગેર મુસ્લિમે તેની ઈબાદતગાહ નો, તો બતાવો નહી, કેમ કે ગુનાહ પર સહાયતા કરવું છે. જો કોઈ મુસલમાનનો બાપ અથવા મા કાફિર છે અને કહે કે તુ મને ચર્ચ દેવળ માં પહોચાડી દે તો લઈ જાય નહી અને જો ત્યાંથી આવવા ઈચ્છે છે તો લાવી શકે છે. (આલમગીરી)

**મસ્અલા-(૧૩)** : કાફિરને સલામ કરે નહી પરંતુ જરૂરત જેટલું અને તે આવતો હોય તો તેના માટે રસ્તો વિસ્તૃત ન કરે બલ્કે તેના માટે સાંકડો રસ્તો રહેવા દે. (આલમગીરી)

**મસ્અલા-(૧૪)** : કાફિર સંખ અથવા બ્યુંગલ વગાડવા ઈચ્છે તો મુસલમાન વગાડવા દે નહી જો કે પોતાના ઘરોમાં વગાડે એવી જ રીતે જો પોતાના મઅબૂદો (પૂજ્યો)ના જુલૂસ વિગેરે કાઢે તો અટકાવી દે અને કુફ તથા શિર્કની વાત એલાનીયા બકવાથી પણ રોકવામાં આવે ત્યાં સુધી કે યહુદી તથા નસારા જો આ મનઘડત તૌરેત તથા ઈન્જીલ બુલંદ અવાઝથી પઢે અને તેમાં કોઈ કુફની વાત હોય તો રોકી દેવામાં આવે અને બજારોમાં વાંચવા ઈચ્છે તો સર્વથા રોકવામાં આવે જો કુફ્ર ન બકે (આલમગીરી) હવે મુસલમાન એટલું તો કરી શકે છે કે એવા સ્થળોથી દૂર ભાગે ન એ કે ઈસાઈઓ

અને આર્યોના લેકચર અને જલસાઓમાં શરીક થાય અને ત્યાં પોતાની આંખોથી ઈસ્લામી અહકામોની બેહુરમતી નિહાળે અને કાનોથી ખુદા અને રસૂલની શાનમાં ગુસ્તાખીઓ સાંભળે અને જવું ત્યજે નહી પરંતુ ન ઈલ્મ ધરાવે છે કે જવાબ આપે અને ન લજ્જા ધરાવે છે કે બાઝ આવે.

**મસ્અલા-(૧૫)** : શહેરમાં શરાબ લાવવાથી મના કરવામાં આવશે જો કોઈ મુસલમાન શરાબ લાવ્યો અને ગિરફતાર થયો અને ઉઝર (બહાનું) એ કરે છે કે આ શરાબ મારી નથી બીજાની છે અને નામ પણ બતાવતો નથી કે કોની છે અથવા કહે છે કે સિરકો બનાવવા માટે લાવ્યો છું તો જો તેશખ્સ દીનદાર છે છોડી દઈશું, નહી તો શરાબ વહાવી દઈશું (ઢોળી દઈશું) અને તેને સજા આપીશું અને કેદ કરીશું તે સમય સુધી કે તૌબા ન કરે અને જો કાફિર દારૂ લાવ્યો હોય અને ગિરફતાર થયો અને એ ન જાણતો હોય કે લાવવું જોઈએ નહી તો તેને શહેરમાંથી કાઢી મુકે અને કહી દેવામાં આવે કે જો ફરી થી લાવ્યો તો સજા કરવામાં આવશે.

(આલમગીરી)

## મુરતદનું બયાન

અલ્લાહ અઝવ જલ્લ ફરમાવે છે : **"વમંય યરતદિલ મિન્કુમ અનદીનેહિ ફયમુત વહુવા કાફેરૂન ..."** (અર્થ) તમારામાંથી જો કોઈ પોતાના દીનથી મુરતદ થઈ જાય (ફરી જાય) અને કુફ્રની હાલતમાં મરે, તેના તમામ આમાલ દુનિયા અને આખેરતમાં નષ્ટ છે અને તે લોકો જહન્નમી છે, તેમાં હમેશા રહેશે.

અને ફરમાવે છે (અર્થ) : અય ઈમાનવાળાઓ તમારામાંથી જો કોઈ પોતાના મઝહબથી મુરતદ થઈ જાય તો નિકટમાંજ અલ્લાહ એક એવી કોમ લાવશે જે અલ્લાહને મહેબૂબ હશે અને તે અલ્લાહને મહેબૂબ રાખશે, મુસલમાનની સામે ઝલીલ અને કાફિરો પર સખત હશે, તે લોકો અલ્લાહની રાહમાં જેહાદ કરશે કોઈ મલામત (તિરસ્કાર) કરનારાની મલામતથી ડરશે નહી, આ અલ્લાહનો ફઝલ છે જેને ઈચ્છે છે આપે અને અલ્લાહ વુસઅતવાળો (વ્યાપક) ઈલ્મવાળો છે".

અને ફરમાવે છે: **"કુલ અબિલ્લાહે વ આયાતેહિ વ રસૂલોહિ કુન્તુમ તસ્તહઝેઉન લા તઅતઝેરૂ કદ કફરતુમ બઅદા ઈમાનેકુમ."** (અર્થ) : "તમે ફરમાવી દો શું અલ્લાહ અને તેની આયતો અને તેના રસૂલ સાથે તમે ઈમાન લાવ્યા પછી કાફિર થઈ ગયા"

**હદીસ-(૧)** : ઈમામ બુખારી રહમતુલ્લાહ અલયહે હઝરત અબૂહુરૈરહ રદિયલ્લાહો અન્હોથી રિવાયત કરી કે હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું "બંદો કયારેક અલ્લાહ તઆલાની ખુશનૂદી (પ્રસન્નતા)ની વાત કહે છે અને તેના તરફ ધ્યાન પણ કરતો નથી (અર્થાત પોતાના નઝદીક એક સાધારણ વાત કહે છે) અલ્લાહ તઆલા તેના કારણે તેના બહુ દરજ્જા બુલંદ કરે છે અને કયારેક અલ્લાહની નારાજીની વાત કરે છે અને તેનો ખ્યાલ પણ કરતો નથી તેના કારણે જહન્નમમાં પડે છેઅને એક રિવાયતમાં છે કે મશરિક (પૂર્વ) તથા મગરિબ (પ્રશ્ચિમ)ની વચ્ચે જે અંતર છે તેનાથી પણ છેટે જહન્નમમાં પડે છે.

**હદીસ-(૨,૩)** : સહીહ બુખારી તથા મુસ્લિમ માંહઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઉદ રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે. રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું જે મુસલમાન અલ્લાહની વહદા નિયત (અલ્લાહ પાક એક છે) અને મારી રિસાલત ની ગવાહી આપે છે તેનું લોહી હલાલ નથી પરંતુ ત્રણ કારણોથી તે કોઈને કતલ કરે અને પરણિત વ્યભિચારી અને દીનમાં નિકળી જનાર જે મુસલમાનોની જમાઅતને છોડી દે છે અને તિરીમઝી તથા નિસાઈ તથા ઈબ્ને માજાએ તેના જેવું જ હઝરત ઉસ્માન રદિયલ્લાહો અન્હોથી રિવાયત કરે.

**હદીસ-(૪)** : સહીહ બુખારી શરીફમાં અકરમા રદિયલ્લાહો અન્હોથી મરવી છે. કહે છે કે હઝરત અલી રદિયલ્લાહો અનહોની ખિદમતમાં કેટલાક ઝિંદીકો (અધર્મીઓ) રજુ કરવામાં આવ્યા. તેમણે તેમને બાળી દીધા. જ્યારે આખબર હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદિયલ્લાહો અન્હોને પહોંચી તો એમ ફરમાવ્યું કે હું હોત તો બાળતો નહી કેમકે રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે તેની મનાઈ કરી છે ફરમાવ્યું કે અલ્લાહ ના અઝાબ ની સાથે તમે અઝાબ (કોપ) આપો નહી અને હું તેમને કતલ કરતો એટલા માટે કે હુઝૂરે ઈરશાદ ફરમાવ્યો છે **"જે શખ્સ પોતાના દીનને બદલી નાખે તેને કતલ કરી નાખો."**

**મસ્અલા-(૧)** : કુફ્ર તથા શિર્કથી બદતર કોઈ ગુનોહ નથી અને તે પણ ઈરતેદાદ (ધર્મ પરિવર્તન) કે તે અસલી કુફ્રથી પણ એહકામની ગણનાએ દુષ્ટતમ છે જેવું કે તેના અહકામોથી જાણી શકાશે. મુસલમાને તેનાથી પનાહ માગતા રહેવું જોઈએ કે શયતાન પ્રત્યેક પળ ઈમાનની ઘાતમાં છે અને હદીસમાં ફરમાવ્યું કે શયતાન ઈન્સાનના શરીરમાં લોહીની જેમ ભમ્રણ કરે છે આદમીએ કયારેય પોતાના ઉપર અથવા પોતાની ફરમાબરદારી તથા આમાલ પર ભરોસો રાખવો જોઈએ નહી પ્રત્યેક પળ ખુદા પર ભરોસો કરે અને તેનાથી જ ઈમાનની વફાની દુઆ કરે ઈચ્છે કે તેના જ હાથમાં કલ્બ (હદય) છે અને કલ્બ (હદય)ને એટલા માટે જ કહે છે કે લોટ પોટ (ઉલટ પુલટ) થતું રહે છે ઈમાન પર દ્રઢ રહેવું તેની જ તૌફીક (મહેરબાની) થી છે જેના દસ્તે કુદરતમાં હદય છે. અને હદીસમાં ફરમાવ્યું કે શિર્કથી બચે કે તે કિડીની ચાલથી અધિક ગુપ્ત છે, અને તેનાથી બચવાની હદીસમાં એક દુઆ ઈરશાદ ફરમાવી તેને દરરોજ ત્રણ વખત પઢી લો. હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો ઈરશાદ છે કે શિર્કથી સુરક્ષિત રહેશો, તે દુઆ છે : **"અલ્લા હુમ્મા ઈન્ની અઊઝુબિકા મિન અન ઉશરિકા બિકા શૈઅંવ વઅના અઅલમુ વઅસ્તગ ફરુકા લેમા લા અઅલ મો ઈન્નકા અન્તા અલ્લામુલ ગુયુબ"**

મુરતદ તે શખ્સ છે કે ઈસ્લામ પછી કોઈ એવી વાતનો ઈન્કાર કરે જે જરૂરીયાતે દીન થી હોય. અર્થાત જીભથી કુફ્રનો શબ્દ બકે જેમાં સહી તાવીલ (અર્થ ઘટન)ની ગુંજાઈશ ન હોય એવી જ રીતે કેટલાક કામો પણ એવા છે જેનાથી કાફિર થઈ જાય છે. દા.ત. મુર્તિને સિજદે કરવું, કુરઆન શરીફ (પવિત્ર પુસ્તક)ને નાપાકોના સ્થળે ફેકી દેવું.

**મસ્અલા-(૨)** : જે શખ્સ ઠઠ્ઠા મઝાક ની રીતે કુફ્ર કરશે તે પણ મુરતદ છે. જો કે કહે છે કે એવો અકીદો રાખતો નથી (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૩)** : કોઈ શબ્દમાં કેટલાક અર્થ બને છે, કેટલાક કુફ્ર તરફ જાય છે, કેટલાક ઈસ્લામ તરફ તે શખ્સની તકફીર (કાફીર હોવાપણું) કરવામાં આવશે નહી, હાં જો ખબર હોય કે બોલનારે કુફ્રના અર્થનો ઈરાદો કર્યો દા.ત. તે પોતે કહે છે કે મારી મુરાદ એ જ છે તો શબ્દનું શંકાશીલ હોવું ફાયદો આપશે નહી. અહી સમજાયું કે શબ્દના કુફ્ર થવાથી બોલનારનું કાફિર થવું જરૂરી નથી (રદદુલ મુહતાર વિગેરે) આજકાલ કેટલાક લોકોએ ખ્યાલ કરી લીધો છે કે કોઈ શખ્સમાં એક વાત પણ ઈસ્લામની હોય તો તેને કાફિર કહીશું નહી આ સાવ ગલત છે, શું યહુદ તથા નસારામાં ઈસ્લામની કોઈ વાત જોવામાં આવતી નથી ? જો કે કુરઆનમાં તેમને કાફિર ફરમાવવામાં આવ્યુ, બલ્કે વાત એ જ છે કે ઉલમાએ ફરમાવ્યું હતું કે જો કોઈ મુસલમાને એવી વાત કહી જેના કેટલાક અર્થો ઈસ્લામ અનુસાર છે તો કાફિર કહીશું નહી. તેને આ લોકો એ પકડી લીધી એક એ વબા (રોગ) પણ ફેલાયેલી છે કહે છે કે **"અમે તો કાફિરને પણ કાફિર કહીશું નહી કે અમને શું ખબર કે તેનો ખાત્મો કુફ્ર પર થશે"**. આપણે ગલત છે કુરઆને કાફિરને

કાફિર કહયો અને કાફિર કહેવાનો હુકમ આપ્યો **"કુલ યા ઐયુ હલ કાફિરૂન"** અને જો એવું છે તો મુસલમાનને પણ મુસલમાન ન કહો તમને શું ખબર કે ઈસ્લામ પર મરશે, ખાતમાનો હાલ તો ખુદા જાણે પરંતુ શરીઅતે કાફિર તથા મુસલમાનમાં ભેદભાવ રાખ્યો છે જો કાફિરને કાફિર ન સમજવામાં આવે તો શું તેના સાથે એ જ મામલાઓ કરશો જે મુસ્લિમ સાથે થાય છે, જો કે કેટલાએકાર્યો એવા છે જેમાં કુફ્ફારના અહકામ મુસલમાનોથી સાવ જુદા છે. દા.ત. તેમના જનાઝાની નમાઝ ન પઢવું, તેમના માટે અસ્તિગફાર ન કરવું. તેમને મુસલમાનોની જેમ દફન ન કરવું, તેમને પોતાની પુત્રીઓ ન આપવું, તેમના પર જેહાદ કરવું તેમનાથી જઝિઓ લેવું, તેનો ઈન્કાર કરે તો કતલ કરવું વિગેરે વિગેરે, કેટલાક જાહિલો એમ કહે છે કે "અમે કોઈને કાફિર કહેતા નથી, આલિમ લોકો જાણે, તે કાફિરકહે" પરંતુ શું તે લોકો જાણતા નથી કે અવામ નો એજ અકીદા હશે જે કુરઆન તથા હદીસ વિગેરેથી ઉલ્માએ તેમને બતાવ્યા અથવા અવામ માટે કાંઈ શરીઅત જુદી ન હોય, જ્યારે એવું નથી તો પછી આલિમે દીને બતાવેલી વાતો પર કેમ ચાલતા નથી તથા એ કે જરૂરતોનો ઈન્કાર કોઈ એવું કાર્ય નથી જે ઉલ્મા જ જાણે,અવામ જે ઉલ્માની સોહબતથી લાભાંવિત થતા રહે છે તે પણ તેનાથી બે ખબર નથી હોતા, પછી એવા મામલામાં વિમુખતાનો શો અર્થ ?

**મસ્અલા-(૪)** : કાંઈ બીજું કહેવા ઈચ્છતો હતો અને જીભથી કુફ્રની વાત નીકળી ગઈ તો કાફિર થયો નહી. અર્થાત જ્યારે કે તે વાતથી નફરતનું પ્રકટીકરણ કરે કે સાંભળનારાઓને પણ માલૂમ પડી જાય કે ભૂલ થી તે શબ્દ નીકળ્યો છે અને જો વાતનો બચાવ કર્યો તો હવે કાફિર થઈ ગયો કે કુફ્રનું સમર્થન કરે છે.

**મસ્અલા-(૫)** : કુફ્રી વાતનો દિલમાં ખ્યાલ પૈદા થયો અને જીભથી બોલવું ખરાબ સમઝે છે તો તે કુફ્ર નથી બલ્કે ખાસ ઈમાનની ઓળખ છે, કે દિલમાં ઈમાન નહોતું તો તેને ખરાબ કેમ સમજતો.

**મસ્અલા-(૬)** : મુરતદ થવાની કેટલીક શરતો છે. **(૧) બુધ્ધી** : ના સમજ અને પાગલથી એવી વાત નીકળી તો કુફ્રનો હુકમ નથી.

**(૨) હોશ** : જો નશામાં બકયો તો કાફિર થયો નહી.

**(૩) અખત્યાર** : મજબૂરી અને દમનની સૂરતમાં કુફ્રનો હુકમ નથી. મજબૂરીનો એ અર્થ છે કે જીવ જવા અથવા અવયવ કપાવા અથવા તિવ્ર ફટકાનો સાચો અંદેશો હોય, તે સૂરતમાં કેવળ જીભથી શબ્દને કહેવાંની ઈજાઝત છે, એ શરતે કે દિલમાં એજ ઈમાનનો સંતોષ હોય. **"ઈલ્લા મન ઉકરેહા વકલ્બોહુ મુતમઈન્નહુમ બિલ-ઈમાને."**

**મસ્અલા-(૭)** : જે શખ્સ મઆઝ અલ્લાહ મુરતદ થઈ ગયો તો મુસ્તહબ છે કે ઈસ્લામી હાકિમ તેના પર ઈસ્લામ રજુ કરે અને જો તે કાંઈક શંકા બયાન કરે તો તેનો જવાબ આપે અને જો મહેતલ માંગે તો ત્રણ દિવસ કેદમાં રાખે, અને દરરોજ ઈસ્લામની તલકીન (ઉપદેશ) કરે. એવી જ રીતે જો તેણે મહેતલ ન માંગી પરંતુ ઉમ્મીદ છે કે, ઈસ્લામ કબૂલ કરી લેશે તો પણ ત્રણ દિવસ કેદમાં રાખવામાં આવે પછી જો મુસલમાન થઈ જાય તો ઠીક, નહિ તો કતલ કરી દેવામાં આવે, ઈસ્લામ પેશ કર્યા વગર તેને કતલ કરી નાખવો મકરૂહ છે. (દુર્રે મુખ્તાર) મુરતદને કેદ કરવો અને ઈસ્લામ કબૂલ ન કરવા પર કતલ કરી નાખવો ઈસ્લામી બાદશાહનું કામ છે અને તેનાથી હેતુ એ છે કે એવો શખ્સ જો જીવતો રહયો અને તેનાથી મુકાબલો ન કરવામાં આવ્યો તો દેશમાં જાત જાતના ફસાદ પૈદા થશે અને ફિત્નાઓનો સિલસિલો દિન પ્રતિદિન વિકાસ પામસે જેના કારણે શાન્તિમાં ખલલ પડશે માટે એવા શખ્સને ખતમ કરી દેવો જ હિકમતનો તકાદો હતો. હવે કેમકે ઈસ્લામી હકૂમત નથી કોઈ

રોકથામ કરનાર બાકી નથી રહયો, દરેક શખ્સ જે ચાહે બકે છે અને પ્રતિદિન મુસલમાનોમાં ફસાદ પૈદા થાય છે નવા નવા મઝહબ પૈદા થતા રહે છે એક કુટુંબ બલ્કે કેટલાક સ્થળે એક ઘરમાં કેટલાએ મઝહબ છે અને વાત વાત પર ઝગડા લડાઈ છે આ તમામ ખરાબીઓનું કારણ એજ નવો મઝહબ છે એવી હાલતમાં સૌથી ઉત્તમ તરકીબ તે છે જે એવા સમય માટે કુરઆન તથા હદીસમાં ઈરશાદ થઈ. જો મુસલમાન તેના ઉપર અમલ કરે તો તમામ કિસ્સાઓથી નજાત (મુકિત) પામે. દુનિયા તથા આખેરતની ભલાઈ હાથ આવે. તે એ છે કે એવા લોકોથી સાવ મેળમિલાપ છોડી દે. સલામ કલામ તર્ક કરી દે તેમની પાસે ઉઠવું બેસવુ, તેમની સાથે ખાવું પીવું, તેમના ત્યાં શાદી વિવાહ કરવો, ગરજ કે દરેક પ્રકારના સંબંધો તેમનાથી કાપી નાખે જાણે સમજે કે તે હવે રહ્યો નથી.

**મસ્અલા-(૮)** : કોઈ બાતિલ દીન(ધર્મ)ને અખત્યાર કર્યો દા.ત. યહુદી અથવા નસારા (ખ્રિસ્તી) થઈ ગયો એવો શખ્સ મુસલમાન તે સમયે થશે કે બાતિલ દીન (ધર્મ) થી બેઝારી તથા નફરત જાહેર કરે અને દીને ઈસ્લામ કબૂલ કરે. અને જો જરૂરીયાતે દીનમાંથી કોઈ વાતનો ઈન્કાર કર્યો હોય તો જ્યાં સુધી તેનો એકરાર ન કરે જેનાથી ઈન્કાર કર્યો છે, કેવળ **"કલમ એ શહાદત"** પઢવા પર તેના ઈસ્લામનો હુકમ આપવામાં આવશે નહી. કલમએ શહાદતનો તેણે જાહેરી રીતે ઈન્કાર કર્યો હતો દા.ત. નમાઝ અથવા રોઝાની ફરજીયતથી ઈન્કાર કરે અથવા શરાબ અને સુવ્વરને હરામ ન સમજે તો તેના ઈસ્લામ માટે એ શરત છે કે જ્યાં સુધી ખાસ તે વાત નો એકરાર ન કરે તેનો ઈસ્લામ સ્વીકાર્ય નથી અલ્લાહ તઆલા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની જનાબમાં ગુસ્તાખી કરવાથી કાફિર થયો તો જ્યાં સુધી તેનાથી તૌબા ન કરે મુસલમાન થઈ શકતો નથી. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા-(૯)** : સ્ત્રી અથવા નાબાલિગ સમજવાળો બાળક મુરતદ થઈ જાય તો કતલ કરીશું નહી બલ્કે કેદ કરીશું ત્યાં સુધીકે તૌબા કરે અને મુસલમાન થઈ જાય (આલમગીરી)

**મસ્અલા-(૧૦)** : મુરતદ જો મુરતદપણાથી તૌબા કરે તો તેની તૌબા મકબૂલ છે પરંતુ કેટલાક મુરતદો જેવા કે કોઈ નબીની શાનમાં ગુસ્તાખી કરનાર કે તેની તૌબા મકબૂલ નથી. તૌબા કબૂલ કરવાથી મુરાદ એ છે કે તૌબા કરવા પછી ઈસ્લામી બાદશાહ તેને કતલ કરશે નહી.

**મસ્અલા-(૧૧)** : મુરતદ જો પોતાના મુરતદ પણાથી ઈન્કાર કરે તો આ ઈન્કાર તૌબાના સ્થાને છે જો કે આદિલ ગવાહોથી તેના મુરતદ થવાની સાબિતી હોય અર્થાત તે સ્વરૂપમાં એ ઠેરવવામાં આવશે કે ઈરતેદાદ તો કર્યુ પરંતુ હવે તૌબા કરી લીધી માટે કતલ ન કરવામાં આવશે અને ઈરતેદાદ (ધર્મ પરિવર્તન)ના બાકીના અહેકામ લાગુ થશે દા.ત. તેની પત્નિ નિકાહમાંથી નીકળી જશે જે કાંઈ આમાલ (કર્મો) કર્યા હતા સઘળાં અકારત થઈ જશે હજ્જની શક્તિ ધરાવે છે તો હવે ફરીથી હજ ફરજ છે કે પ્રથમ હજ્જ જે કરી હતી બેકાર થઈ ગઈ (દુર્રે મુખતાર, બહર રાઈક) પરંતુ તે કોલથી ઈન્કાર કરતો નથી પરંતુ વ્યર્થ તકરીરોથી તે વાતને સહીહ બતાવે છે જેવું કે વર્તમાન યુગના મુરતદોનું વર્તન છે તો આ ન ઈન્કાર છે ન તૌબા દા.ત. કાદિયાની કે તે નબુવ્વત નો દાવો કરે છે અને ખાતેમુન નબીયીન નો ગલત અર્થ બયાન કરીને પોતાની નબુવ્વતને અથાવત રાખવા ઈચ્છે છે અથવા હઝરત સૈયદેના મસીહ ઈસા અલયહિસ્સલામની શાનમાં સખત હમ્લા કરે છે પછી બહાના ઘડે છે અથવા કેટલાક વહાબી આગેવાનો કે જે હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની શાનમાં ભૂંડા શબ્દોનો ઉપયોગ કરે છે અને અપ્રિય અર્થ ઘટન કરીને પોતાના ઉપરથી કુફ્ર

હઠાવવા ઈચ્છે છે. એવી વાતોથી કુફ્ર હઠી શકતું નથી કુફ્ર હઠાવવા માટેનો બહુજ સરળ તરીકો છે કદાચ તેનું વર્તન કરતા તો આ કષ્ટોમાં પડતા નહી અને અઝાબે આખેરતથી પણ ઈન્શા અલ્લાહ છુટકારાનું સ્વરૂપ નીકળતું તે કેવળ તૌબા છે કે તે કુફ્ર તથા સૌને નષ્ટ કરી દે છે પરંતુ તેમાં તેઓ પોતાની ઝિલ્લત (અપમાન) સમજે છે જો કે તે ખુદાને મહબૂબ, તેના મહબૂબોને પસંદ તમામ બુધ્ધિશાળીઓની નઝદીક તેમાં ઈઝ્ઝત છે.

**મસ્અલા-(૧૨)** : ઈસ્લામના જમાનામાં કેટલીક ઈબાદતો કઝા થઈ ગઈ અને અદા કરવાથી વહેલા મુરતદ થઈ ગયો પછી મુસલમાન થયો તો તે ઈબાદતોની કઝા કરે અને જે અદા કરી લીધી છે જો કે ધર્મ પરિવર્તનથી બાતલ થઈ ગઈ પરંતુ તેની કઝા નથી અલબત જો શક્તિમાન છે તો હજ ફરીથી ફરજ થશે (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૩)** : જો સર્વથા કુફ્ર હોય તો પત્ની નિકાહમાંથી નીકળી જશે. ફરી ઈસ્લામ લાવવા પછી જો ઔરત રાજી હોય તો ફરીથી તેનાથી નિકાહ થઈ શકે છે નહિ તો જ્યાં પસંદ કરે નિકાહ કરી શકે છે. તેનો કોઈ હુકમ નથી કે સ્ત્રીને બીજાની સાથે નિકાહ કરવાથી રોકી દે અને જો ઈસ્લામ લાવવા પછી પત્નીને નિયમાનુસાર રાખી લીધી ફરીથી નિકાહ કર્યો નહી તો સોહબત કરવી ઝિના થશે અને બાળકો હરામની ઔલાદ ગણાશે અને જો સર્વથા કુફ્ર ન હોય અર્થાત કેટલાક ઉલ્મા કાફિર કહેતા હોય અને કેટલાક નહી અર્થાત ફુકહાની નઝદીક કાફિર હોય અને મુતકલ્લમીન ના નઝદીક નહી તો તે સૂરતમાં પણ ઈસ્લામનું પુનરાવર્તન અને નિકાહના પુનરાવર્તન નો હુકમ આપવામાં આવશે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૪)** : પત્નીને ખબર મળી કે તેનો પતિ મુરતદ થઈ ગયો તો ઈદ્દત ગુજારીને નિકાહ કરી શકે છે. ખબર આપનાર બે પુરૂષો હોય અથવા એક પુરૂષ અને બે સ્ત્રીઓ. બલ્કે એક આદિલની ખબર કાફી છે.

(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૧૫)** : સ્ત્રી મુરતદ થઈ ગઈ પછી ઈસ્લામ લાવી તો પ્રથમના પતિ થી નિકાહ કરવા માટે મજબૂર કરવામાં આવશે. એવું થઈ શકતું નથી કે બીજા થી નિકાહ કરે. તેન પર જ ફતવો છે.

(દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૧૬)** : મુરતદનો નિકાહ સર્વાનુમતે બાતલ છે તે કોઈ ઓરતથી નિકાહ કરી શકતો નથી મુસ્લિમથી ન કાફિરથી ન મુરતદથી ન આઝાદથી ન દાસીથી (આલમગીરી)

**મસ્અલા-(૧૭)** : મુરતદનું ઝુબ્હ કરેલું મુરદાર છે જો કે બિસ્મિલ્લાહ કહીને ઝૂબ્હ કરે. એવી જ રીતે કુતરા અથવા બાઝ તેતરથી જે શિકાર કર્યો છે તે પણ મુરદાર છે ભલે છોડવાના સમયે બિસ્મિલ્લાહ કહી લીધું હોય (આલમગીરી)

**મસ્અલા-(૧૮)** : મુરતદ કોઈ મામલામાં ગવાહી આપી શકતો નથી અને કોઈનો વારસદાર થઈ શકતો નથી અને ધર્મ પરિવર્તનના સમયમાં જે કાંઈ કમાવ્યો છે તેમાં મુરતદનો કોઈ વારિસ નથી.

(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા-(૧૯)** : ઈરતેદાદ (ધર્મ પરિવર્તન)થી માલિકીપણું ચાલ્યું જાય છે અર્થાત જે કાંઈ તેની મિલ્કત તથા માલ હતો સૌ તેની માલિકીમાંથી ખારિજ થઈ ગયું. પરંતુ જ્યારે કે ફરી ઈસ્લામ લાવે અને કુફ્રથી તૌબા કરે તો નિયમનુસાર માલિક બની જશે અને જો કુફ્ર પર મરી ગયો અથવા દારૂલ હર્બમાં ચાલ્યો ગયો તો ઈસ્લામના સમયનો જે કાંઈ માલ છે તેમાંથી પ્રથમ તે દેણને અદા કરીશું જે ઈસ્લામના સમયમાં તેના માથે હતું, તેમાંથી જે બચે તે મુસલમાન વારસદારોને મળશે અને ધર્મ પરિવર્તન ના સમયે જે કાંઈ કમાયો છે તેમાંથી ધર્મ પરિવર્તનના જમાનાનું દેણ અદા કરીશું. તેના પછી જે વધે ફૈ છે. (હિદાયા વિગેરે)

**મસ્અલા-(૨૦)** : ઔરતને તલાક આપી હતી તે હજુ ઈદ્દતમાં જ હતી કે પતિ મુરતદ થઈને દારૂલ હર્બ ચાલ્યો ગયો અથવા ધર્મ પરિવર્તનની હાલતમાં કતલ કરવામાં આવ્યો તો તે ઔરત વારિસ થશે. (તબયીન)

**મસ્અલા-(૨૧)** : મુરતદ દારૂલ હર્બ ચાલ્યો ગયો અથવા કાઝીએ દારૂલ હર્બમાં ચાલ્યા જવાનો હુકમ આપી દીધો તો તેના મુદબ્બિર અને ઉમ્મે વલ્દ આઝાદ થઈ ગયા અને જેટલા દેણ મુદ્દતી હતા તેમની મુદ્દત પૂરી થઈ ગઈ અર્થાત જો કે હજુ મુદ્દત પુરી થવામાં કેટલોક સમય બાકી હોય પરંતુ એજ સમયે તે દેણ વાજિબુલઅદા (અદા કરવાના પાત્ર) થઈ ગયા અને ઈસ્લામના દિવસોમાં જે કાંઈ વસીયત કરી હતી તે સઘળી બાતલ છે. (ફતહુલ કદીર)

**મસ્અલા-(૨૨)** : મુરતદ ભેટનો સ્વીકાર કરી શકે છે દાસીને ઉમ્મે વલ્દ કરી શકે છે અર્થાત તેની દાસીને ગર્ભ હતો અને ધર્મ પરિવર્તનના સમયમાં બાળક પૈદા થયું તો તે બાળક ના નસબ (ગૌત્ર) નો દાવો કરી શકે છે કે આ મારૂં બાળક છે. માટે આ બાળક તેનો વારિસ થશે અને તેની મા ઉમ્મેવલદ થઈ જશે. (આલમગીરી)

**મસ્અલા-(૨૩)** : મુરતદ દારૂલ હર્બ ચાલ્યો ગયો પછી મુસલમાન બનીને પાછો આવ્યો તો જો કાઝીએ હજુ સુધી દારૂલ હર્બ જવાનો હુકમ આપ્યો ન હતો તો તમામ માલ તેને મળશે અનેજો કાઝીએ હુકમ આપી દીધો હતો તો જે કાંઈ વારસદારો પાસે મૌજૂદ છે તે મળશે અને નહિ તો જે કાંઈ ખરચ કરી નાખ્યુ અથવા વેચીને દેશ છોડી દીધો તો તેમાંથીકાંઈ મળશે નહી. (આલમગીરી)

**ચેતવણી** : વર્તમાન સમયમાં જે લોકો ઈસ્લામનો દાવો કરવા છતાં કુફ્રી શબ્દો કહે છે અથવા કુફ્રી અકીદાઓ ધરાવે છે તેમના અકવાલ તથા અફઆલ (વાણી તથા વર્તન)નું બયાન ભાગ પહેલામાં આવી ગયું છે. અહીંયા કેટલાક બીજા કુફ્રી શબ્દો જે લોકોથી સાદર થાય છે, બયાન કરવામાં આવે છે કે જેનાથી તેમની પણ જાણ કરી પ્રાપ્ત થાય અને તેવી વાતોથી તૌબા કરવામાં આવે અને ઈસ્લામી હદોની રક્ષા કરવામાં આવે.

**મસ્અલા-(૨૪)** : જે શખ્સને પોતાના ઈમાનમાં શંકા હોય અર્થાત કહે છે કે મને પોતાના મોમિન હોવાનું યકીન નથી અથવા કહે છે ખબર નથી કે હું મોમિન છું કે કાફિર, તે કાફિર છે. હાં, જો તેના મતલબ એ હોય કે ખબર નથી મારો ખાતમો ઈમાન પર થશે કે નહી તો કાફિર નથી. જે શખ્સ ઈમાન તથા કુફ્રને એક સમજે અર્થાત કહે છે કે સૌ ઠીક છે, ખુદાને સઘળું પસંદ છે તે કાફિર છે. એવી જ રીતે જે શખ્સ ઈમાન પર રાજી નથી અથવા કુફ્ર પર રાજી છે તે પણ કાફિર છે. (આલમગીરી)

**મસ્અલા-(૨૫)** : એક શખ્સ ગુનોહ કરે છે, લોકો એ તેને મના કર્યુ તો કહેવા લાગ્યો ઈસ્લામનું કામ આવી રીતે જ કરવું જોઈએ અર્થાત જે ગુનાહ તથા અપરાધોને ઈસ્લામ કહે છે તે કાફિર છે. એવી જ રીતે કાંઈ એ બીજાને કહયુ હું મુસલમાન છુ. તેણે જવાબમાં કહયું તારા પર લાનત અને તારા ઈસ્લામ પર પણ લાનત, એવું કહેનાર કાફિર છે. (આલમગીરી)

**મસ્અલા-(૨૬)** : જો એમ કહે ખુદા મને આ કામ માટે હુકમ આપતો તો પણ ન કરતો કાફિર છે, એવી જ રીતે એકે બીજાને કહયું હું અને તમે ખુદાના હુકમ અનુસાર કામ કરીએ, બીજાએ કહયું હું ખુદાનો હુકમ જાણતો નથી અથવા કહ્યું અહીયા કોઈનો હુકમ ચાલતો નથી. (આલમગીરી)

**મસ્અલા-(૨૭)** : કોઈ શખ્સ બીમાર થતો નથી અથવા બહુજ વુધ્ધ છે, મરતો નથી તેના માટે કહેવું કે તેને અલ્લાહ મિયાં ભૂલી ગયા છે અથવા કોઈ વાચાળ આદમીને એમ કહેવું કે ખુદા તમારી જીભનો મુકાબલો કરી શકતો જ નથી હું કેવી રીતે

કરૂં, આ કુફ્ર છે (ખુલાસતુલ ફતાવા) એવી જ રીતે એકે બીજાને કહ્યું પોતાની ઔરતને કાબુમાં રાખતો નથી. તેણે કહ્યું ઔરતો પર ખુદાને તો કુદરત (શક્તિ) નથી મને કયાંથી થશે ? (આવુ કેહવું કુફ્ર છે)

**મસ્અલા-(૨૮)** : ખુદા માટે મકાન સાબિત કરવું કુફ્ર છે કે તે મકાનથી પાક છે. એમ કહેવું કે ઉપર ખુદા છે નીચે તમે તે આ કલમએ કુફ્ર છે. (ખાનિયહ)

**મસ્અલા-(૨૯)** : કોઈને કહયું ગુનાહ કર નહિ ખુદા તને જહન્નમમાં નાખશે, તેણે કહ્યું હું જહન્નમથી ડરતો નથી અથવા કહ્યું ખુદાના અઝાબ ની કોઈ પરવા નથી અથવા એકે બીજાને કહ્યું તુ ખુદાથી ડરતો નથી. તેણે ગુસ્સામાં કહ્યું નહી, અથવા કહ્યું ખુદા શું કરી શકે છે તેના સિવાય શું કરી શકે છે કે દોઝખમાં નાખી દે., અથવા કહયું ખુદા થી ડર, તેણે કહ્યું ખુદા કયાં છે, આ સઘળા કુફ્રના શબ્દો છે. (આલમગીરી)

**મસ્અલા-(૩૦)** : કોઈને કહયું ઈન્શા અલ્લાહ તમે આ કામ કરશો. તેણે કહયું હું ઈન્શા અલ્લાહ વગર કરીશ અથવા એ કે બીજા પર ઝુલ્મ કર્યો, મઝલૂમે (પીડિત) કહયુ ખુદાએ એજ ભાગ્યમાં લખ્યું હતું, ઝાલિમે કહયું હું અલ્લાહ વગર નસીબ કરતો રહું છું, આ કુફ્ર છે. (આલમગીરી)

**મસ્અલા-(૩૧)** : કોઈ મિસ્કીનેપોતાની મોહતાજીને જોઈને એમ કહયું "અય ખુદા ફલાણો પણ તારો બંદો છે, તેને તે કેટલી નેઅમતો આપી છે અને હું પણ તારો બંદો છું મને કેટલા પ્રમાણમાં રંજ તથા તકલીફ આપે છે, અંતે આ શું ઈન્સાફ છે? આવું કહેવું કુફ્ર છે (આલમગીરી) હદીસમાં એવા માટે જ ફરમાવ્યું છે : **"કાદલ ફુક્રો અયયકુન કુફ્રા."** મોહતાજી કુફ્રના નિકટ છે જ્યારે મોહતાજી ના કારણે એવા અનુચિત શબ્દો સાદર થાય જે કુફ્ર છે તો જાણે ખૂદ મોહતાજી કુફ્રના નજીક છે.

**મસ્અલા-(૩૨)** : અલ્લાહ અઝઝવ જલ્લના નામ ને હલકુ તોછડાપણું કરવું કુફ્રછે કોઈનું નામ અબ્દુલ્લાહ અથવા અબ્દુલ ખાલિક અથવા અબ્દુલ રહમાન હોય તેને બોલાવવામાં અંતમાં અલેફ વિગેરે એવા શબ્દ મેળવી દે જેનાથી સંક્ષિપ્તા સમજવામાં આવે છે. દા.ત. નઉઝો બિલ્લાહે મિન ઝાલિક : રહેમાનીયા ખાલિકયા અબ્દુલ્લાહયો વિગેરે (ખુદાની પનાહ) યા બધુ કુફ્ર છે. (બહરૂલ રાઇક)

**મસ્અલા-(૩૩)** : એક શખ્સ નમાઝ પઢી રહયો છે તેનો છોકરો બાપને શોધી રહયો હતો અને રડતો હતો. કોઈએ કહયું ચુપ રહે તારો બાપ અલ્લાહ અલ્લાહ કરે છે આ કહેવું કુફ્ર નથી કેમકે તેનો અર્થ એ છે કે ખુદાની યાદ કરે છે (આલમગીરી) કેટલાક જાહિલ એમ કહે છે કે લાઈલાહા પઢે છે તો આ બહુ જ કબીહ (દુષ્ટ) છે કે કેવળ નફી (નકાર) છે જેનો અર્થ એ થયો કે કોઈ ખુદા નથી અને આ અર્થ કુફ્ર છે.

**મસ્અલા-(૩૪)** : અંબિયા અલયહિસ્સલામની તૌહીન કરવું તેમની જનાબમાં ગુસ્તાખી કરવું અથવા તેમને ફહશ તથા નિર્લજતાની તરફ સંબંધિત કરવું કુફ્ર છે. દા.ત. મઆઝ અલ્લાહ યસૂફ અલયહિસ્સલામને ઝિના પ્રત્યે સંબંધિત કરવું આ કુફ્ર છે.

**મસ્અલા-(૩૫)** : જે શખ્સ હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને તમામ અંબિયાઓમાં અંતિમ નબી ન સમજે અથવા હુઝૂરની કોઈ વસ્તુની તૌહીન (અપમાન) કરે અથવા એબ લગાવે, આપના બાલ મુબારકને તુચ્છકાર થી યાદ કરે, આપના લિબાસ મુબારકને ગંદો અને મેલો બતાવે, હુઝૂરના નખ મોટા મોટા કહે, આ સઘળું કુફ્ર છે બલ્કે જો કોઈના એવું કહેવા પર કે **હુઝૂરને દુધી પસંદ હતી** કોઈ એમ કહે કે **મને પસંદ નથી તો કેટલાક ઉલ્માની નઝદીક**

**કાફિર છે** અને હકીક્ત એ છે કે જો તે હેસિયતથી તેને નાપસંદ છે કે હુઝૂરને પસંદ હતી તો કાફિર છે એવી જ રીતે કોઈએ એમ કહયું કે હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ્ ભોજન લીધા પછી ત્રણ વખત પવિત્ર આંગળીઓ ચાટી લતા હતા, તે વાત પર કોઈએ કહયુ તે અદબના ખિલાફ છે અથવા કોઈ સુન્નતની તહકીર કરે (નફરત કરે) દા.ત. દાઢી વધારવું, મૂછો ઓછી કરવું, અમામો બાંધવો અથવા શિમલો લટકાવવું તેનો તુચ્છકાર કરવું કુફ્ર છે જ્યારે કે સુન્નત ની તોહીન મકસદ હોય.

**મસ્અલા-(૩૬)** : હવે જો પોતાને કહે હું **"પયગમ્બર"** છું અને તેનો મતલબ એ બતાવે કે હું **"પયગામ પહોંચાડું છું"** તે કાફિર છે અર્થાત આ અર્થ ઘટન સ્વીકાર્ય નથી કે ઉર્ફમાં આ શબ્દ રસૂલ તથા નબીના અર્થમાં છે. (આલમગીરી)

**મસ્અલા-(૩૭)** : હઝરત શૈખેન હઝરત અબુબક્ર સિદ્દીક તથા હઝરત ઉમર ફારૂકે આઝમ રદિયલ્લાહો અન્હોની શાને પાકમાં અત્યાચાર કરવું ગાલ-ગલોચ બકવી તબર્રા કહેવું, અથવા હઝરત સિદ્દીકે અકબર રદિયલ્લાહો અન્હોની સહાબીયત અથવા ઈમામત તથા ખિલાફતથી ઈન્કાર કરવું કુફ્ર છે. (આલમગીરી વિ.) હઝરત ઉમ્મુલ મોઅમેનીન હઝરત આયશા સિદ્દીકા રદિયલ્લાહો અન્હાની શાને પાકમાં કિઝબ (જુઠ) જેવું નાપાક તોહમત લગાવવું નિઃશંક સર્વથા કુફ્ર છે.

**મસ્અલા-(૩૮)** : દુશ્મનને જોઈને એમ કહેવું મલકુલ મૌત આવી ગયો અથવા કહયું તેને એવો જ દુશ્મન સમજું છું જેવો મલકુલ મૌતને તેમાં જો મલકુલ મૌતને બુરૂં કહેવું છે તો કુફ્ર છે અને મૌતની ના પસંદગીના આધાર પર છે તો કુફ્ર નથી એવી જ રીતે જિબ્રઈલ અથવા મીકાઈલ અથવા કોઈ ફરિશ્તા ને જે શખ્સ એબ લગાવે અથવા તૌહીન કરે કુફ્ર છે.

**મસ્અલા-(૩૯)** : કુરઆનની કોઈ આયતને એેબ લગાવવું અથવા તેની તૌહીન **કરવું અથવા** તેના સાથે ઠઠ્ઠો કરવું કુફ્ર છે. દા.ત. **દાઢી મુંડાવવાથી** મના કરવા પર અકસર દાઢી મુંડા **કહી દે છે "કલા સૌફા તઅલમૂન"** જેનો એ મતલબ બયાન કરે છે કે કલ્લા સાફ કરો. આ કુરઆન મજીદનું ફેરફાર પણ છે અને તેની સાથે મઝાક અને ઠઠ્ઠો પણ અને આ બંને વાતો કુફ્ર છે એવી જ રીતે અકસર વાતોમાં કુરઆન શરીફની આયતો મૌકા વગર પઢી દે છે અને ધ્યેય હસી મઝાક કરવું હોય છે જેવું કે કોઈને નમાઝની જમાઅત માટે બોલાવ્યો તો કહેવા લાગ્યો હું જમાઅતથી નહી બલ્કે એકલો પઢીશ કેમકે અલ્લાહ તઆલા ફરમાવે છે **ઈન્નસ સલાતા તન્હા**

**મસ્અલા-(૪૦)** : વાજીંત્ર સાથે કુરઆન પઢવું કુફ્ર છે ગ્રામોફોનમાં કુરઆન સાંભળવું મના છે જો કે તે વાજાુ નથી બલ્કે રેકર્ડમાં જે પ્રકારનો અવાજ ભરેલો હોય છે એજ એમાંથી નીકળે છે. જો વાજાનો અવાઝ ભરવામાં આવે તો વાજાનો આવાઝ સાંભળવામાં આવશે અને નહિ તો નહિ, પરંતુ ગ્રામોફોન આમ તોર પર લહવો-લઈબની મજલિસોમાં વગાડવામાં આવે છે. એવી જગ્યાએ કુરઆન મજીદ પઢવું સખ્ત નિષેધ છે.

**મસ્અલા-(૪૧)** : કોઈને નમાઝ પઢવા માટે કહયું, તેણે જવાબ આપ્યો નમાઝ પઢું છું પરંતુ તેનો કોઈ નતીજો નથી અથવા કહયું તમોએ નમાઝ પઢી શું ફાયદો થયો અથવા કહયું નમાઝ પઢીને શું કરૂં, કોના માટે પઢું, માં બાપ તો મરી ગયા અથવા કહયું બહુ પઢી લીધી હવે દિલ ભરાઈ ગયું અથવા કહયુ પઢવું ન પઢવું બંને સરખુ છે. સારાંશ કે એવા પ્રકારની વાતો કરવું જેનાથી ફરજીયતનો ઈન્કાર સમજવામાં આવતો હોય અથવા નમાઝનો તિરસકાર થતો હોય આ સઘળું કુફ્ર છે.

**મસ્અલા-(૪૨)** : કોઈ શખ્સ કેવળ રમઝાનમાં નમાઝ પઢે છે પછી પઢતો નથી અને કહે છે કે એજ બહુ છે અથવા જેટલી પઢી એજ વધુ છે કેમકે રમઝાનમાં એક નમાઝ (૭૦) સીત્તેર નમાઝના બરાબર છે. એવું કહેવું કુફ્ર છે એટલા માટે કે તેનાથી નમાઝની ફરજીયતનો ઈન્કાર સમજાયછે.

**મસ્અલા-(૪૩)** : અઝાનનો અવાઝ સાંભળીને એમ કહેવું શું શોરમચાવી રાખ્યો છે. જો આ કોલ ઈનકારના કારણે હોય તો કુફ્ર છે. (આલમગીરી)

**મસ્અલા-(૪૪)** : રમઝાનના રોઝા રાખતો નથી અને કહે છે કે રોઝો તે રાખે જેને ભોજન ન મળે અથવા કહે છે જ્યારે ખુદાએ ખાવાનું આપ્યું છે તો ભૂખ્યા કેમ મરીએ અથવા એજ પ્રકારની બીજી વાતો જેનાથી રોઝાનું અપમાન અથવા હકારત થાય એવું કહેવું કુફ્ર છે.

**મસ્અલા-(૪૫)** : ઈલ્મે દીન અને ઉલ્માની તૌહીન કારણ વગર કરવી અર્થાત કેવળ એટલા માટે કે ઈલ્મે દીનનો આલિમ છે તે કુફ્ર છે. એવી જ રીતે આલિમે દીનની નકલ કરવું દા.ત. કોઈને મિમ્બર વિગેરે કોઈ ઉંચી જગ્યા પર બેસાડે અને તેને મઝાકની રીતે મસાઈલ પૂછે પછી તેને તકીયા વિગેરેથી મારે અને મઝાક કરે, આ કુફ્ર છે (આલમગીરી) એવી જ રીતે શરીઅતની તૌહીન કરવું. દા.ત હું શરઅ વરઆ જાણતો નથી અથવા ફતવો રજુ કરવમાં આવ્યો તેણે કહયું હું ફતવા માનતો નથી અથવા ફતવાને જમીન પર પટકી દીધો (આ બધુ કૃત્ય આદરવું કુફ્ર છે)

**મસ્અલા-(૪૬)** : કોઈ શખસને શરીઅતનો હુકમ બતાવ્યો કે આ મામલામાં આ હુકમ છે તેણે કહયું અમે શરીઅત પર અમલ કરીશું નહી, અમે તો રિવાજની પાબંદી કરીશું એવું કહેવું કેટલાક મશાએખોની નઝદીક કુફ્ર છે. (આલમગીરી)

**મસ્અલા-(૪૭)** : **શરાબ પીતી વેળા અથવા ઝિના કરતી વેળા અથવા જુગાર રમતી વખતે અથવા ચોરી કરતા સમયે બિસ્મિલ્લાહ કહેવું કુફ્ર** છે. બે શખ્સ ઝઘડી રહયા હતા એકે કહ્યું **લા હૌલવલા કુવ્વત ઈલ્લા બિલ્લાહ** બીજાએ કહ્યું **"લા હૌલ"**નું શું કામ છે ? અથવા **"લા હૌલ"**ને શું કરૂં? અથવા"લા હૌલ" રોટીના સ્થાને કામ આવશે નહી. એવી જ રીતે **"સુબ્હાનલ્લાહ"** અને **"લાઈલાહા ઈલ્લલ્લાહ"** સંબંધે એજ પ્રકારના શબ્દો કહેવું કુફ્ર છે. (આલમગીરી)

**મસ્અલા-(૪૮)** : બીમારીમાં ગભરાઈને કહેવા લાગ્યો તને અખત્યાર છે ભલે કાફિર માર અથવા મુસલમાન માર, આ કુફ્ર છે. એવી જ રીતે મુસીબતોમાં ગ્રસ્ત થઈને કહેવા લાગ્યો તેં મારો માલ લીધો અને ઔલાદ લઈ લીધી, આ ગોદડી લીધી હવે શું કરશે અને શું બાકી છે જે તેં ન કર્યુ, આવી રીતે બકવું કુફ્ર છે.

**મસ્અલા-(૪૯)** : મુસલમાનને કુફ્રના શબ્દોની તાલીમ તથા ઉપદેશ આપવા કુફ્ર છે, જો કે ખેલ અને મઝાકમાં એવું કરે, એવી જ રીતે કોઈની ઔરતને કુફ્રની તાલીમ આપી અને એમ કહયું તું કાફિર થઈ જા કે જેથી પતિથી પીછો છુટે (મુક્તિ મળે) તો ઔરત કુફ્ર કરે કે ન કરે આ કહેનાર કાફિર થઈ ગયો. (ખાનિયહ)

**મસ્અલા-(૫૦)** : હોળી અને દીવાળી પુજવું કુફ્ર છે કે તે ગૈરૂલ્લાહની ઈબાદત છે. કુફ્ફારના મેળાઓ, તહેવારોમાં શરીક થઈને તેમના મેળા અને મઝહબી જાુલૂસની શાન તથા શકિત વધારવું કુફ્ર છે. ગૈર મુસ્લિમોના ધાર્મિક મેળાઓમાં શરીક થવું, એવી જ રીતે તેમના તહેવારોના દિવસે કેવળ એ કારણે વસ્તુઓ ખરીદવી કે કુફ્ફારનો તહેવાર છે, એ પણ કુફ્ર છે. એવી જ રીતે કોઈ વસ્તુ ખરીદીને તે દિવસે મુશરિકો પાસે ભેટ આપવું જ્યારે કે ધ્યેય તે દિવસની તઅઝીમ હોય તો કુફ્ર

છે (બહરૂર રાઈક) મુસલમાનો પર પોતાના દીન તથા મઝહબનું રક્ષણ લાઝિમ છે. દીની ગૌરવ અને દીની ગૈરતથી કામ લેવું જોઈએ. કાફિરોના કુફ્રી કામોથી અલગ રહો પરંતુ અફસોસ કે મુશરિકો તો મુસલમાનોથી વિમુખતા કરે અને મુસલમાન છે કે તેમનાથી મેળ મિલાપ રાખે છે, તેમાં સરાસર મુસલમાનોનું નુકશાન છે. ઈસ્લામ ખુદાની બહુ મોટી નેઅમત છે. તેની કદર કરો અને જે વાતમાં ઈમાનનું નુકશાન છે તેનાથી દૂર ભાગો નહિ તો શયતાન ગુમરાહ કરી દેશે અને આ દોલત તમારા હાથમાંથી ચાલી જશે. પછી અફસોસ ના હાથ મસળવા સિવાય કાંઈ હાથ લાગશે નહી. અય અલ્લાહ તુ અમને શિરાતે મુસ્તકીમ (સન્માર્ગ) પર કાયમ રાખ અને પોતાની નારાજીના કામોથી બચાવ અને જે વાતમાં તુ રાજી છે તેની તૌફીક આપ, તુ દરેક દુશવારીને દૂર કરનાર છે અને દરેક સખતીને આસાન કરનાર છે.

**વસલ્લાહો તઆલા અલા ખૈરે ખલકેહી મોહમ્મદીને વ આલેહી વઅસ્હા બેહિ અજમઈન. અલહમ્દો લિલ્લાહે રબ્બિલ આલમીન.**

**(ફકીર) અબૂલ ઉલા મોહમ્મદ અમજદ અલી**

આઝમી અફીઅનહો

(ચાંદ ૧૬, રમઝાનુલ મુબારક હિ. સન. ૧૩૪૮)

ગુજરાતી તરજુમો : ૭ રમઝાનુલ મુબારક હિ.સ. ૧૪૧૭

## અપીલ

બહારે શરીઅતના બાકી રહેલા બીજા ભાગો છપાવવા માટે જે ભાઈઓ પોતાના મર્હૂમોના ઈસાલે સવાબ માટે જે કાંઈ રકમ આપવા ઈચ્છતા હોય તે અમારો સંપર્ક સાધે.

આ સિવાય બીજી કિતાબો છપાવવાની ઈચ્છા ધરાવનાર ભાઈઓ પણ અમારો સંપર્ક સાધે તેમને અમારો પુરે પુરો સહકાર મળી રહેશે.

દુઆગો

**હાજી ડોસુભાઈ કે. પહોંચીયા**

(નકશબંદી, મુજદ્દિદી)


إن الله مع الذين اتقوا والذين هم محسنون
١٣٩٧